

પ્રાચીન લગ્નગીત વિશ્લેષણ

મીંઢળબંધા સૂર

• લેખન સંકલન •
બાલુભાઇ છોડવડિયા
(વરિષ્ઠ પત્રકાર)

• સૌજન્ય •
જસમતભાઇ નાનુભાઇ વીડિયા



VISIT…

LANZAROTE
Caliente.COM

આંગણીએ અવસર આનંદનો...



લગ્ન એ આનંદનો અવસર છે તેથી તો લગ્નને લોકજીવનનું આનંદલ્હાણું કહેવામાં આવ્યું છે. આખોય પ્રસંગ ગીતોથી રળિયામણો લાગે છે. લગ્નપ્રસંગે સમા સમા પ્રમાણે ગવાતાં મધુરા ગીતો કોને ગાવા કે સાંભળવા ન ગમે! આ ગીતો ભાવપ્રધાન છે, ભાવવાહિ છે, અને તે સ્ત્રી હૃદયની સીધી અભિવ્યક્તિ છે.

પેઢી દર પેઢી આ ગીતવારસો બહેનોના કંઠે સચવાતો આવ્યો છે પણ હવે આજના આધુનિક યુગમાં જ્યાં લગ્નો જ સગવડિયાં થઈ ગયાં છે ત્યાં લગ્નગીતો ગાવામાં કોને રસ પડે! આજે કોઈને ઝાઝી ફૂરસદ કે સમય નથી તેથી પેલા ગીતની જેમ : 'ગોર ઝટ કરો ઉકેલ, ગોર લટપટીયા...' સહુને વહેલા જવાની ઉતાવળ છે, તેથી લગ્નવિધિઓ પણ અલપ ઝલપ થઈ ગઈ છે. આજની યુવતીઓને લગ્નગીતો શીખવા, ગાવા કે ઝીલવામાં ઝાઝો રસ નથી પરિણામે હવે આપણા સાંસ્કૃતિક વારસારૂપ આ દુર્લભ ગીતો વિસરાઈ જવાની ભીતિ ઊભી થઈ છે!

પરંપરાગત રીતે ગવાતાં ગીતોમાં ગામડાંની નિરક્ષર બહેનોએ અદ્ભૂત કલ્પનાઓ કરી છે. ગીતોના સૂર સાંભળી સહુ કોઈના કાન બેઘડી સરવા થઈ જાય છે. આખું ગીત સાંભળ્યા પછી માણસ ભાવવિભોર બની ઝૂમી ઊઠે છે. આ તાકાત છે આપણા અસ્સલ લગ્નગીતોની.

અર્થઘટન સાર સાથેના લગ્નગીતોની મારી આ નવલી પુસ્તિકા 'મીંઢળબંધા સૂર'ના પ્રકાશનમાં શિક્ષણપ્રેમી એવા ભાઈ શ્રી જસમતભાઈ નાનુભાઈ વીડિયાનું સૌજન્ય પ્રાપ્ત થયું છે એ બદલ હું આ વીડિયા પરિવારનો ઋણી છું. ગીત વિશ્લેષણમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો વાચકવૃંદ ગુણગ્રાહી થઈ ક્ષમા કરશે તેવી પ્રતીતિ છે.



■ બાલુભાઇ સી. છોડવડિયા.
વરિષ્ઠ પત્રકાર, સુરત.
ફોન : ૦૨૬૧-૨૭૮૩૯૩૪, મો. : ૯૮૨૪૧-૧૬૧૩૮
Lagnageet Balubhai

મીંઢળબંધા સૂર

(પ્રાચીન લગ્નગીત વિશ્લેષણ)

લેખન, સંકલન :

- બાલુભાઇ સી. છોડવડિયા

સૌજન્ય :

- શ્રી જસમતભાઇ નાનુભાઇ વીડિયા
- શ્રીમતી રેખાબહેન જસમતભાઇ વીડિયા
- નિમિત્ત : ચિ. રૂચિનો લગ્ન પ્રસંગ

અવલંબન :

- યશવંત શુક્લ
- કાલીદાસ સોલંકી
- જોરાવરસિંહ જાદવ
- નાનાભાઇ જેબલીયા
- રેવાબહેન તડવી
- પ્રવિણકુમાર ગઢવી
- બોટાદકર

તસવીર સૌજન્ય :

- ખોડીદાસ પરમાર
- દેવજીભાઇ વાજા
- પંકજ દેસાઇ
- જ્યોતિ ભટ્ટ
- ગુજરાત



બાલુભાઇને હાર્દિક શુભેચ્છાઓ :

- ભગવતીકુમાર શર્મા
- ગુણવંત શાહ
- રજનીકુમાર પંડ્યા
- સુમંત રાવળ
- ડૉ. નરોત્તમ વાળંદ
- યશવંત મહેતા
- યાસીન દલાલ
- પરમાનંદ ગાંધી
- ઉજમશી પરમાર
- નરોત્તમ પલાણ
- કિરીટ પાનવાળા
- ડૉ. બળવંત જાની

પ્રાપ્તિસ્થાન :

શ્રીમતી ચંદ્રિકા રાજેશ છોડવડિયા
શ્રીમતી જીજ્ઞા વિજય છોડવડિયા
૯, લક્ષ્મીકૃપા સોસાયટી
નાગરદાસ હોલ પાસે,
અડાજણ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૭૮૩૯૩૪



મુદ્રક-ટાઇપ સેટીંગ :

ટાઇટન ડિઝાઇન એન્ડ પ્રિન્ટ
૬૧, ધનમોરા કોમ્પલેક્ષ,
અડાજણ પાટીયા, સુરત.
મો. : ૯૮૨૫૧-૦૭૭૫૦

ચિ. રૂચિ

કંકુ પગલા પાડો અમ આંગણે,
કુળ લક્ષ્મી પધારો અમ દ્વાર
સાસુજી પોંખે પ્રેમથી રે...
ઉજળો અવસર આવ્યો, મંડપ ઝળકશે
ટોડલે ટહૂકી ઉઠ્યા છે મોર,
સાસુજી પોંખે પ્રેમથી રે...
વાગે શરણાયુ, ઢોલ ત્રાંસા ધણધણે,
ડગલે પગલે અજવાળા ઝોંકાર,
સાસુજી પોંખે પ્રેમથી રે...

ચિ. રૂચિના મંગલ દામ્પત્યની શુભ કામના કરું છું. સાથો સાથ પોતાના આંગણે આવેલા વિવાહ ઉત્સવના શુભ પર્વે લગ્નગીત વિષયક માહિતી સમાજ સમક્ષ મૂકી આપણી સંસ્કૃતિને જાળવી રાખવાનું યજ્ઞ કાર્ય આત્મીય શ્રી જસમતભાઇ વીડિયા પરિવાર તરફથી થયું છે ત્યારે તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

■ *બાલુભાઇ સી. છોડવડિયા*

અર્પણ



ગૌ.વા. પૂજ્ય શાન્તા બા

કર્તવ્યપરાયણ,
કુટુંબપરાયણ,
અને જેમની લીલીછમ્મ સંવેદના
અમારો વિડીયા પરિવાર અનુભવી રહ્યો છે
તે સ્વર્ગના દ્વારેથી અહર્નિશ કરુણા વરસાવતાં
અમારાં મંગલમૂર્તિ, પ્રેમવત્સલા માતૃશ્રી
ગૌ.વા. શાન્તા બાને
આ સાહિત્યકૃતિ અર્પણ કરતાં
આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ...

શ્રી જસમતભાઇ નાનુભાઇ વીડિયા
શ્રીમતી રેખાબહેન જસમતભાઇ વીડિયા


'મીંઢળબંધા સૂર' ને વધામણાં....



લગ્ન એ ફક્ત પ્રસંગ નથી, પરંતુ વર-વહુ માટે નવજીવનની શરૂઆત છે. લગ્ન પ્રસંગને વિવિધ રીતે વધાવાય છે. જેમાં અન્ય સાંસ્કૃતિક વિધિઓ ઉપરાંત સ્થળ, જાતિ, અને કોમને અનુરૂપ ગીતો પણ ગવાતા હોય છે. આવા ગીતોમાં પ્રકૃતિથી માંડીને પશુ-પક્ષીઓ, ઋતુઓ, ફળ, ફૂલ, છોડ જેવા નૈસર્ગિક અસ્તિત્વનો પણ ગીતોના ગૂંથણમાં ભરપૂર ઉપયોગ થાય છે. આ ઉપરાંત સાસુ, સસરા, વેવાણ, દિયર, દેરાણી જેવા ઉભય પક્ષના સગપણોને પણ ગીતોમાં વણી લેવામાં આવે છે. આ કૃતિઓને ફટાણાં તરીકે ઓળખવામાં આવે છે. કેટલીકવાર વર-વહુના ઉભયપક્ષે વખાણ અને વખોડવાની તીવ્ર સ્પર્ધા ઉગ્ર સ્વરૂપે થાય છે. અને પ્રસંગ રમુજી છતાં વાતાવરણ સ્પર્ધા ઉગ્ર સ્વરૂપે બનાવે છે. સવાલ એ નથી પરંતુ પ્રસંગને અનુરૂપ ગીતોનાં ગૂંથણમાં વાપરવામાં આવતા શબ્દપ્રયોગો તેનું ગીત સ્વરૂપે આયોજન અને પ્રસંગ-ઔચિત્ય રજૂઆત કરનારી સ્ત્રીઓ મોટે ભાગે સાહિત્ય, કવિતા, સ્વરૂપ, છંદ, લય, અલંકાર વગેરેથી તદ્દન અજાણ હોય છે છતાં ગવાતી કૃતિઓ સુંદર ગીતનું સ્વરૂપ ધારણ કરે છે. આવી રચનાઓ સ્વયં સ્ફૂરિત હોવાથી હૃદય અને તેમાંથી પ્રગટ થતી ઊર્મિ આધારિત હોય છે. શ્રી બાલુભાઈએ લગ્નગીતોના વીખરાયેલા અમૂલ્ય મોતીઓનું સુંદર એક તાંતણે સંકલન અર્થઘટન સહિત કરીને પુસ્તક સ્વરૂપે ગઠિત કરી રજૂ કર્યું છે તેમનો આ પ્રયાસ ખૂબ વધાવવા લાયક છે.

■ પ્રદિપ જયવદન મહેતા

બાલુભાઈને અભિનંદન



સૌરાષ્ટ્ર પંથકના પટેલ જ્ઞાતિના લગ્નગીતોને વિશ્લેષણ સાથે ગ્રંથસ્થ કરવાના ભાઈ બાલુભાઈ છોડવડિયાના લેખનકાર્યને હું બિરદાવું છું. બાલુભાઈની આ નવલી પુસ્તિકા 'મીંઢળબંધા સૂર' સહુને ગમશે તેવી પ્રતીતિ છે. અમારા બાલુભાઈને આ અભિયાનમાં સહયોગ આપનાર જસમતભાઈ વીડિયા પરિવારને પણ ધન્યવાદ.

■ ડૉ. પ્રકાશ ગજ્જર, હરીઆ ડ્રીમ પાર્ક, મીરા રોડ, મુંબઈ (ઈસ્ટ)

ગીતોની આછેરી ઝલક

૧૯૮૪માં પ્રગટ થયેલી મારી પ્રથમ લગ્નગીત સંગ્રહ પુસ્તિકાની પ્રસ્તાવનામાં જાણીતા લોક સાહિત્યકાર નાનાભાઈ જેબલીયાએ નોંધ્યું છે કે - ગીતથી પથ્થર ગળ્યા છે. ગીતે હરણાં વિંધાણા છે. ગીતે ગાંડપણ અને 'મરજ'ને મટાડ્યાં છે. ગીતે જીવન રસને રસ્યો છે, વાંભ્યો છે, એક કાન કર્યો છે. ભાવસ્થ કરીને વિભોર કર્યો છે, તો પછી આ તો આનંદ જ મોવડ બાંધીને શણગારેલ ઘોડે ચડીને ફૂલેકે નીકળ્યો છે. એની તો વાત જ શી? એમાં સાથ આપે છે આપણાં માંગલ્યને માટે આપણે કલ્પેલાં, આપણાં શુકનો.... પંખીઓ, દેવતાઓ, પ્રાણીઓ, આપણાં અનાજો અને મેવાઓ-આપણાં કંકુ ને ગુલાલો, ફૂલના દડુલાઓ. મેંદી અને મજીઠો-આપણાં આ લગ્નગીતો એટલે આપણાં શુભ અને શ્રેયની લયબધ્ધ ભાવનો અઠીંગો લેતી આરાધના. મંગળ જીવન માટે શબ્દ, લય અને સૂરની ખોળો પાથરતી, ગાતી વાતી અમીરાત...!



ધરતીનાં ધાવણમાંથી ધરતીના પોરસ અને ધરતીના ઉલ્લસીત હૈયામાંથી કૂંપળે કૂંપળે લહેરાતું આપણું મંગળ આ સંગીત. આપણાં શૂષ્કપણાને આપણા વિષાદને, આપણાં ગાંભિર્યને અને આપણી મૂંગી પીઢતાને, એ નવા આંગલા ઝભલા અને સંતારાવાળી ટોપી પહેરાવીને ઠમકતાં કરી મૂકે છે. અને ખેંચી જાય છે, એની એક ભાવવિભોર રૂડેરી દુનિયામાં - એ દુનિયામાં, કે જ્યાં ગાગર ઉપર લીલો હંસ બેઠો છે. જ્યાં જૂનેગઢથી પારેવું ઊતર્યું છે. જ્યાં નવાગઢના જોષીઓ ટીપણાં લઈને, બાજોઠો ઢળાવીને ઈન્દ્ર, ઈન્દ્રાણીના સૌભાગ્ય વાંચે છે. જ્યાં લવિંગ, તજ, એલચી અને સાકર, સોપારીનાં વહાણો ઉતર્યા છે. જ્યાં ટોપરાં, ખારેક, અને લીલી દ્રાક્ષના માંડવા મોર્યા છે! જેની પ્રથમ પંક્તિના ઉપાડથી હૈયામાં અષાઢની શેત્રુંજી અને ભાદર ઘૂઘવે છે. જેના રાગ

આલાપે વરના બાપની કસો તૂટે છે. જેની પંક્તિઓના ભાવને કાંડામાં અને આંગળીમાં આંજીને ઢોલીડા ઢોલે રમે છે, ગાડાના હાંકેડુને ઉપર એક વેંત ઊંચો કરી દઈને બળદોને ફાળો સંધાવે છે - એ તાકાત છે આપણાં પ્રાચીન એવાં આ લગ્નગીતોમાં.

ગામ, કુટુંબ, કૂળ અને ગમનાગમનનો આખો ઈતિહાસ હોંકારા કરે છે. જેના ટહૂકાઓ વેવાઈના માંડવે પડઘાઈને શણગારોનો ખગ વાળે છે. જેના ગાનથી અજાણ્યાં ગામની પાણિયારીઓનાં ઘૂંઘટાં ઊંચા કરાવીને પાદરને ચાકળે બેઠેલા વર લાડડાનું મોં જોઈ લેવા ફરજ પાડે છે. જે ગીતો બજારો, ગલીઓ અને અગાસીઓમાં કુતૂહલના બગીચા રચે છે. એવા આપણાં આ પ્રાચીન લગ્નગીતોની આવતીકાલ વધુ ઉજળી છે - આપણે આપણાં અસ્સલ આનંદ માટે એની પાસે જવું પડશે.

બાળકને તેડ્યા પછી, આખો ખોળો જો ઘૂઘવી ન ઉઠે તો એમાં બાળપણ ક્યાં રહ્યું?

આ ગીતો સાંભળીને મરક મરક હસાઈ જવાય, ભોંઠા પડી જવાય, શરમાઈ જવાય, આનંદાઈ જવાય, ઉલ્લાસાઈ જવાય. અરે! નીસાસાય જવાય અને ક્યારેક બોરબોર જેવે આંસુડે રોવાય પણ જવાય - આ ગીતો તો આપણાં ત્રસ્ત જીવનનો ટાઢો છાંયો આપતો આસોપાલવ છે, આપણાં દૂધેભર્યા સરોવરની મોતીડે બાંધી પાળ છે, આપણાં મન આંબાનો મોર છે, આપણી લાગણીઓની ટહૂકતી કોકીલા છે. આપણું કંકુ અને કંકાવટી, હળદર અને ગુલાલ છે. સાકર અને ખારેક અને ટોપરાં છે. આપણો હજારો વર્ષનો થાક એણે નિતાર્યો છે, અબોલા તોડાવ્યા છે. આપણને હસાવ્યા છે, ભેટાવ્યા છે. આપણને ગજવે હાથ નાખીને દાનવીર બનાવ્યા છે. માનવીને માનવ્યથી જોડ્યા છે, આ ગીતોએ!

આવા આપણાં ગીતો આપણને જોશે, ખોબે ધોબે નહીં ગાંસડીઓ મોઢે જોશે, આપણે આનંદવું છે માટે જોશે, હરખવું છે માટે જોશે - એના ભાવ જગતમાં ગાગર ઉપર પેલો લીલો હંસ બેઠો છે એને આપણે રાજિયાથી જોવો છે માટે જોશે. આમ, ભાઈ નાનાભાઈ જેબલીયાએ લગ્નગીત મર્મ સુંદર રીતે વર્ણવ્યો છે.

આમ તો દરેક પ્રદેશને પોતાના આગવા ગીતો છે પણ અહીં હું જે ગીતોની આછેરી ઝલક રજૂ કરવા માગું છું તે સૌરાષ્ટ્ર પંથકમાં ગવાતાં પરંપરાગત ગીતો છે. આવા ૨૫૦ ઉપરાંત ગીતો છે જે લગ્ન પ્રસંગે સમા સમા પ્રમાણે ગવાય છે.

નાનો હતો ત્યારથી મને લગ્નગીતો સાંભળવા ખૂબ ગમતાં અને માતાનો ખોળો ખૂંદતાં આવાં સેંકડો ગીતો સાંભળ્યા હતાં, અને માતુશ્રીની પ્રેરણાથી આ ગીતો ગ્રંથસ્થ કરવા ત્યારે પ્રેરાયો હતો.

૨૦૦-૫૦૦ વર્ષ પહેલા સુરતમાં હીરા ઉદ્યોગ પાંગર્યો નહોતો આમ છતાં સૌરાષ્ટ્રવાસીઓને સુરત સાથે વર્ષોથી નાતો રહ્યો છે, તેનો લગ્નગીતો પરથી ખ્યાલ આવે છે અને માનવા કારણ મળે છે :

"દાદા ગોળ રે માળવીઓ ચોખા સૂરતી રે"



"અમદા રે વાદી ગાજે ને વીજે, સૂરતની શરણાયું રે વરરાજા"

લગ્નગીતોની રચના મોટે ભાગે આપણી નિરક્ષર અને અજ્ઞાત બહેનોએ કરી હતી. આપણા આ પ્રાચીન ગીત વારસાને ગામડાંની બહેનોએ કંઠમાં જીવતો રાખ્યો છે અને આજ લગી આપણા કાને પડઘાતો રહ્યો છે. લગ્નપ્રસંગે ગીતો સાંભળ્યા પછી દિવસો સુધી આપણા કાનમાંથી ગીતગૂંજનના ભણકારા વાગતા રહે છે. આ છે આપણા ગીતોની તાકાત!

ગીતોમાં લોકકવિએ ભવ્ય કલ્પનાઓ કરી છે. આમ જોઈએ તો આ એક પ્રકારના કલ્પનાગીતો છે. ગામડાંની અભણ બહેનોએ અગાઉ કદી મોટા શહેરો કે નગરો જોયા નહોતાં આમ છતાં સાંભળેલા નામોને આધારે લગ્નગીતોમાં કાશી, દ્વારકા, મથુરા, ગોકુળ, માળવા, આશાપર, જેતપુર, નવાગઢ, જૂનાગઢ, પાવાગઢ, ઘોઘા, પાટણ, વાળાંક, ચિતળ, ધોરાજી, સુરત અમદાવાદ અને મુંબઈ તથા દક્ષિણના મલબાર પ્રદેશને વણી લીધા છે. જોઈએ હવે આ નગરોના નામ સાથેના ગીતોની ઝલક :

"જૂનેગઢથી પારેવું ઉતર્યું છે મણરાજ
આવી ઉતર્યું વીરડિયાને ઓરડે છે મણરાજ"

●

"દાદા અમે રે ગોરા ને રાયવર શામળા
બે'ની એના નો કરજો ઓરતા
બે'ની કાશીમાં કરશનરાય શામળા"

●

"કંકુ છાંટીને લખજો કંકોતરી ભેળી લખજો બાળા પિયર વેલ્ય
મેં રાયજગ માંડીયો,
મારે દાદા આવ્યા ને માતા આવશે
મારે નો આવ્યો માડી જાયો વીર. મેં રાયજગ....
ગોરી કયો તો કાશીના બ્રાહ્મણ મોકલું
ગોરી કયો તો પંડ્યે તેડવા જાવ. મેં રાયજગ....

ભગીરથી ગંગા જ્યાં ભગવાન વિશ્વનાથના પગ પખાળે છે તે મોક્ષનગરી કાશીનો પુરાણોમાં અનેરો મહિમા ગવાયો છે. કાશી મુક્તિધામ છે. કાશી નગર ક્યાં આવ્યું તેની જાણ અભણ બહેનોને નહોતી પરંતુ કલ્પનાની પાંખે ઊડીને એ ઉત્તર ભારતમાં આવેલ કાશીનગરીમાં પહોંચી ગઈ હતી. કાશીમાં ભગવાન વિશ્વનાથ સાક્ષાત બિરાજમાન છે, છતાં ગીતની પંક્તિમાં પ્રાસ બેસાડવા માટે એમણે કાશીમાં **કરશનરાય - શ્રીકૃષ્ણ બિરાજતા હોવાનો ખોટો ઉલ્લેખ કર્યો છે.** વળી બીજા ગીતની પંક્તિમાં - "ગોરી કયો તો કાશીના બ્રાહ્મણ મોકલું." એવો શબ્દ પ્રયોગ કર્યો છે. કાશીના બ્રાહ્મણ એટલે પંડીત - આ શબ્દપ્રયોગ સાચો છે. હવે ગીતનું અર્થઘટન કરીએ તો - લગ્નમાં બહેનનો ભાઈ આવ્યો નથી તેથી વિહ્‌વળ બનેલી બહેનનો ઉચાટ વધી ગયો છે. એટલે પતિ પોતાના સાળાને તેડવા જવા માટે કાશીના બ્રાહ્મણને મોકલવાની વાત કરે છે.

●

મીંઢળ (મદનફળ) : લગ્નપ્રસંગે વર-કન્યાના હાથે મીંઢળ બાંધવામાં આવે છે. આયુર્વેદની દૃષ્ટિએ એ ઘણું ઉપયોગી છે. હાથે બંધાયેલ મીંઢળ શરીરના ઝેરી પદાર્થો ચૂસી લઈ નષ્ટ કરે છે. સંસ્કૃતમાં મીંઢળને મદનફળ કહે છે. મીંઢળ વર-કન્યાના હાથે ઉપરાંત માણેક સ્થંભ પર પણ બાંધવામાં આવે છે. મીંઢળમાં દૃષ્ટિદોષને વિકેન્દ્રિત કરવાની શક્તિ રહેલી છે.

કવિએ વાસ્તવિકતાની વાડ વંટોળી દીધી છે!

***"મારો છાયા પડછાયાનો માંડવો
મારી ઠેઠ દુવારકાની જાન
ગોકુળ ગ્યાતા પરણવાં...."***

દ્વારકા ક્યાં આવ્યું અને ગોકુળ આવ્યું? આમ તો બંને શહેર વચ્ચે કોઈ મેળ બેસતો નથી. ભગવાન પરણવા માટે જાય તો ગોકુળ શું કામ જાય? ગોકુળ, મથુરા તો એની વતન ભૂમિ છે. પરંતુ અહીં વરરાજા અને તેની જાનનું મહત્ત્વ વધારવા માટે વરપક્ષની સ્ત્રીઓએ ઉક્ત પંક્તિમાં દ્વારકાની જાન અને ગોકુળનો માંડવો કલ્પ્યો છે! આમ કૃષ્ણનગરી દ્વારકાથી જાન જોડીને પરણવા માટે ઠેઠ વ્રજભૂમિ ગોકુળમાં ગયા હતા. ગોકુળ તો કૃષ્ણના પદારવિંથી પાવન થયેલી ભોમકા છે, કૃષ્ણની લીલાભૂમિ છે.

લગ્નનો અવસર દરેક કુટુંબ પરિવાર માટે આનંદનો છે. ભલે તે ગરીબ કે શ્રીમંત હોય, પ્રસંગ એક સરખો છે, પોતાની શક્તિ મર્યાદા પ્રમાણે તે ઉજવાતો હોય છે. એટલે કવિએ 'દુવારકાની જાન અને ગોકુળ ગ્યાતા પરણવા' એવો કલ્પના ભાવ વ્યક્ત કરી વર સાથે તેની જાનનું પણ મહત્ત્વ વધારી દીધું છે.

***(નોંધ : સાચો શબ્દ દ્વારકા છે પણ અહીં
અપભ્રંશ શબ્દ દુવારકા વપરાયો છે.)***

નારી વિણ નર અધૂરો

"ધરતીના પટ પર જો સ્ત્રી અવતરી જ ના હોત તો મહોબત અને માણસાઈ, ત્યાગ અને બલિદાન, દયા અને માયા જેવા મહાન ગુણો કોના ખોળે વિરમત! નર વગરની નારી અણહોરી દીસે છે એ સાચુ પરંતુ નારી વગરનો નર તો અંધ, અપંગ અને અસહાય ભાસે છે એટલે તો સરજનહારે નર અને નારીની જોડ સરજી છે."

સુભદ્રાને મેલ્યાં સાસરે...

"રૂચિબેન રમતા'તાં સૈયરુની સાથ
એના દાદાએ બોલાવીયા રે લોલ,
બેની મોરા છોડી દ્યો સૈયરુંનો સાથ રે
તમારે જાવું સાસરે રે લોલ
દાદા મોરા નય મેલીયે સૈયરુનો સાથ રે
નય રે જાયે સાસરે રે લોલ
દીકરી મોરા જનક સરીખા રાજા
સીતાને મેલ્યા સાસરે રે લોલ
રૂચિબેન રમતા'તાં સૈયરુંની સાથ...
એના કાકાએ બોલાવીયા રે લોલ
ભત્રીજ મોરા છોડી દ્યો સૈયરુંનો સાથ
તમારે જાવું સાસરે રે લોલ
કાકા મોરા નય મેલીયે સૈયરુંનો સાથ રે
નય રે જાયે સાસરે રે લોલ
ભત્રીજ મોરા કૃષ્ણ સરીખા ભગવાન
સુભદ્રાને મેલ્યા સાસરે રે લોલ..."

દીકરીને સાસરે મોકલવાની જવાબદારી દાદા નિભાવતા હોય છે. દીકરી યુવાનીને ઉંબરે ડગ માંડે એટલે દાદાની ચિંતા વધવા માંડે છે. ઘર આંગણે સરખી સૈયરું સાથે રમતી કૂદતી દીકરીને જોઈને દાદા તેને પાસે બોલાવીને સલાહ આપે છે કે, બેન, હવે તું મોટી થઈ છે, સૈયરું અને ઘરની માયા મમતા ધીરે ધીરે છોડી દે. સમય આવ્યે તારે સાસરે જવું પડશે. ત્યારે દીકરી સાસરે જવાની ના પાડે છે એટલે દાદા સુભદ્રા અને સીતાનું ઉદાહરણ આપતા કહે છે કે, રાજા જનકે પણ સીતાને સાસરે મોકલી હતી એટલું જ નહિ ભગવાન કૃષ્ણે બહેન સુભદ્રાને પણ સાસરે વળાવી હતી. સ્ત્રી અવતાર પામ્યાથી દીકરીએ એક ને એક'દિ સાસરે સિધાવવું પડે છે. એ હકીકત સમજાવવાનો અહીં કવિનો ઉદ્દેશ છે.

ચૂંદડી ઓઢાડવાની વિધિ

સગપણ નક્કી થાય ત્યારે કન્યાને ચૂંદડી ઓઢાડવાનો પરંપરાગત રીવાજ છે. ચૂંદડી ઓઢાડવા સાથે કન્યા વરપક્ષ માટે અધિકારની વસ્તુ બની જાય છે, કન્યા તેમની બને છે. ચૂંદડી અર્ધલગ્ન સમાન ગણાય છે. અગાઉ કન્યાના વેવિશાળ (સગપણ) વેળા ચૂંદડી ઓઢાડવામાં આવતી હતી. પરંતુ હવે સમય સંજોગો અનુસાર લગ્નના એકાદ કલાક પૂર્વે ચૂંદડી ઓઢાડવાની વિધિ કરવામાં આવે છે. આમ ચૂંદડીનો પ્રસંગ પણ લગ્ન જેટલો જ મહત્ત્વનો મનાય છે.



લગ્નગીતોમાં લહેરાતી ચૂંદડીનું વર્ણન પણ આપણા લોકકવિઓએ કેવું સુંદર કર્યું છે! એ ચૂંદડી ઉખેળવામાં આવે તો તેમાંથી અબીલ ગુલાલ ઊડે છે, અને તેને સંકેલવામાં આવે તો ઘમઘમ ઘુઘરી વાગે છે અને જો તેને ધોવામાં આવે તો આખો દરીયો ડોળાઈ જાય અને જો સૂકવવામાં આવે તો સમગ્ર પૃથ્વી ઢંકાય જાય! એ ચૂંદડીનો રંગ કેવો તો કહે - લાલ! આ ચૂંદડીની બનાવટ ક્યાંની તો કહે - પાવાગઢ, નવેગઢ જેતપર, ધોરાજીની!

"આવી આવી રે પાવાગઢની ચૂંદડી કીયા ભાઈની હોરેલ ચૂંદડી
કીયા ભાઈના ખરચેલા ધન ચૂંદડી રે પાવાગઢની રે
મારી ચૂંદડીને ચારે છેડે ઘુઘરી ભરતભાઈની હોરેલ ચૂંદડી
શૈલેષભાઈના ખરચેલા ધન... ચૂંદડી રે...!
હું તો ઉખેળું ત્યાં ઘમઘમ વાગે ઘુઘરી
હું તો ઓઢાડું ત્યાં ઊડે ગુલાલ... ચૂંદડી રે...!
હું તો ધોવ ત્યાં દરીયો ડોળાય... ચૂંદડી રે...
હું તો સૂકવું ત્યાં પૃથ્વી ઢંકાય... ચૂંદડી રે..."

કંકુના ગારીયા ખૂંદાવો...

લગ્ન ઢૂંકડાં આવતા ખંતીલી નારી પતિને જે વસ્તુ લાવવાની છે તેની યાદ આપતી કહે છે :

“ગાર્ય મંગાવો, ગોરમટી મંગાવો રે
પડહારે ઓકળી પડાવો રે પિયુડાજી
આજ મારે પગરણ માંડવો રે....”

ઓળીપાની ભાતીગળ કળાથી એને ઓરડાં અજવાળવા છે, શણગારવા છે, સજાવવા છે. હથેળીના કસબથી એને આવડતી કલાને છતી કરવી છે. ગાર્યના જાડા થર કરી લેરીયા ભાતની ઓકળી ઉપસાવવી છે. ભીંતે મોર, આંબા ચીતરી સજાવટ કરવાનો એને ઉમંગ છે.

આંગણે લગ્નનો રૂડો અવસર હોય તે ઘરને સજાવવા માટે લીંપણ ગૂંપણ કરવામાં આવે છે. ગામડામાં અગાઉ મોટે ભાગે કાચા મકાનો હતાં. અને તે માટીમાંથી ચણવામાં આવતા હતાં. ઘરની ઓસરી તથા દિવાલો પર લીંપણ કે ઓળીપો કરવામાં આવતો હતો. તેના પર સ્ત્રીઓ હાથની હથેળી વડે રૂડી ભાત ઉપસાવતી હતી.

આ ઓળીપો કે લીંપણ માટે ચીકણી માટી, છાણ અને ઘઉંનું કુંવળ વગેરેનું મિશ્રણ કરવામાં આવતું હતું. તેમાં જોઈતા પ્રમાણમાં પાણી રેડી પગથી ખૂંદીને તૈયાર કરાતું. લોક બોલીમાં તેને ‘ગારીયું’ કહેવામાં આવતું હતું. ઓળીપાની આ કળા આજે નામશેષ થઈ ગઈ છે. કારણ ગામડામાં આજે માટીના કાચા મકાનો રહ્યા નથી તેથી ગાર્ય ગોરમટીની વાત જ ક્યાં કરવી! આંગણે મોંઘેરો અવસર હોય ધૂળ માટીના ગારીયા ખૂંદાવી, ગાર ગોરમટી કરી ઘરને દીપાવવામાં આવતું હતું.


પરંતુ અહીં ગોરીના આંગણે વધાવો આવ્યો છે. પોતાનો લાડકો પરણતો હોય ત્યારે એનો હરખ સમાતો નથી. ઉત્સાહઘેલી બનેલી ગોરી પિયુડાજીને (પતિ) છાણ માટીના ગારીયાં ખૂંદાવી લીંપણ કે ઓળીપો કરવો નથી પણ કંકુ મંગાવી તેના ગારીયા બનાવી ઘરને લીંપણ કરી સજાવવું છે એટલે તે વિનવણી કરતી કહે છે :

"કંકુડાના ગારીયા ખૂંદાવો,
હીંગળા પરણી ઓસરી રે
જસમતભાઈ તમારા મોભીને વારો,
ખૂંદે મારી ઓસરી રે
ખૂંદતો હોય તો ખૂંદવાને દ્યોને
મોભી મારો લાડકો રે
લાડકો હોય તો લાડડી પરણાવો
વેવાઈઓને માંડવે રે
લાડકો હોય તો લાડુ જમાડો
ખોબલે ખાંડ પીરસાવો
વેવાઈઓને માંડવે રે...."


આમ ગોરી કંકુના ગારીયાથી લીંપેલી હીંગળા વરણી ઓસરી પર રખે કોઈ બાળક રમતાં રમતાં પગલી ના પાડી દેય તેની ખાસ ખેવના રાખે છે. જો બાળક પગલી પાડી ઓસરી પર ઉપસાવેલી લહેરીયા ભાતની ઓકળી ખૂંદી નાખે તો તો ગોરીનો જીવ ઊડી જાય. આવા સૂક્ષ્મ મનોભાવનું દર્શન કરાવવાનું કવિ ચૂક્યો નથી.

ઓસરી ખૂંદનાર બાળક લાડકો છે અને એ ઘરનો મોભી છે અને તેથી તેના લગ્ન કરવા છે. માટે ભલે કંકુ પગલી પાડી ઓકળી ભૂંસી નાંખે :

"ખૂંદતો હોય તો ખૂંદવાને દ્યોને, મોભી મારો લાડકો રે
લાડકો હોય તો લાડ લડાવો, લાડડી પરણાવો
ચડાવો વીરને ઘોડલે રે, લાડકો હોય તો લાડુ જમાડો
ખોબલે ખાંડ પીરસાવો, કે આજ મારે પગરણજી."



ગણેશ સ્થાપના



આંગણે લગ્નનો રૂડો અવસર હોય તો પ્રથમ દુંદાળા દેવ ગણેશની પાટે સ્થાપના કરવામાં આવે છે. ગણપતિ વિઘ્નહર્તા છે એટલે લગ્ન જેવા શુભ કે ધાર્મિક પ્રસંગો વિના વિઘ્ને પાર પડે એ હેતુથી 'ગણેશાય નમઃ' થી મંગલમૂર્તિની પૂજા કરવામાં આવે છે. લગ્ન પ્રસંગે તો ઘરના ઓરડામાં પાટ પર ગણેશ સ્થાપન કરી વર-કન્યા પોતપોતાને ત્યાં ત્રણ દિવસ સુધી ગણેશપાટ પાસે બેસી પૂજા કરે છે, જેથી આ શુભ અવસર નિર્વિઘ્ને પાર પડે.

શ્રીકૃષ્ણ ભગવાનના લગ્ન વખતે નવે ખંડના દેવોને નોતરા દઈ તેડવામાં આવ્યા હતા. પરંતુ એમાં દેવાધિદેવ ગણપતિને જ તેડવાનું વિસરાઈ ગયું હતું અને શ્રીકૃષ્ણની જાન અડધે પહોંચી ત્યાં જ ગણેશે પરચો બતાવી દીધો હતો. આ પ્રસંગને લગ્નગીતમાં વણી લઈ તેનું તાદશ વર્ણન કરવામાં આવ્યું છે :

ગણેશ માનવંતા દેવ હોવાથી પાટે બેસાડી પ્રથમ તેમની પૂજા કરવામાં આવે છે. લોકકવિએ અહીં એવી કલ્પના કરી છે :

"સુખડ બાજોઠી ઘડાવો રે,
મારા ગણેશર દૂંદાળા, ગણેશર દૂંદાળા
ને મોટી ફાંદાળા, પ્રથમ ગણેશર બેસાડો રે,
મારા ગણેશર દૂંદાળા."

ગણેશને નિમંત્રણ આપ્યા વગર શ્રીકૃષ્ણની જાન વગડો વીંઝતી જ્યાં આગળ વધે છે, ત્યાં તો દાદાએ પરચો બતાવ્યો. ચારે બાજુ વાઝડી અને ઝપટ શરૂ થઈ. શ્રીકૃષ્ણના રથનું ઉપણિયું અને પીંજણિયું પવનના સૂસવાટાથી બેવડ વળી ગઈ. મંગળગીતો ગાતી જાનડિયું રથમાંથી ઉલળી પડી. અન્ય રથ અને ગાડાંની એ જ સ્થિતિ સર્જાઈ! સહુ ગભરાઈ ગયા અને ભગવાનની જાનમાં આવું વિઘ્ન આવવા પાછળનું કારણ શોધવા લાગ્યા. ત્યારે ખબર પડી કે, બધા જ દેવોને તેડવામાં આવ્યા હતા, પરંતુ વિઘ્નહર્તા ગણપતિદાદાને વિસારી દેવાયા હતા! જાનૈયા ગણપતિદાદાને મનાવવા તેમની પાસે જાય છે અને દાદા પાસે જઈ

હાથ જોડી વિનવણી કરે છે કે, ક્ષમા કરશો, અમારો અપરાધ માફ કરશો, અમે જાનૈયાઓ આપની મહત્તા જાણી શક્યા નહિ. સવા મણના લાડુ ધરાવી ગણપતિદાદાને મનાવી લાવ્યા, અને કહેવા લાગ્યા તમે જ ગણેશર અને તમે જ પરમેશ્વર છો, તમે જ દેવાધિદેવ છો, વિઘ્નહર્તા છો - "તમ આવ્યે રથ ચાલે રે મારા ગણેશર દુંદાળા."

શ્રીકૃષ્ણના લગ્ન પ્રસંગે નવખંડના દેવતાઓને નિમંત્રણ આપી તેડાવ્યા હતા. ગણપતિ તો દેવના દેવ હતા, પરંતુ ગણપતિને સૂંઢને કારણે કદરૂપા માની જાનમાં શોભે નહિ તેમ ગણી તેમને તેડ્યા નહોતા.

"પેટ છે મોટું ને સૂંઢ લાંબી,
ગણેશ આવે સૌ લાજે રે..."

મારા આવવાથી જાન લાજતી હોય અને શોભા ઘટતી હોય તો તમે પણ હવે લેતા જાવ તેમ જણાવી ગણેશે પરચો બતાવી પોતે કેટલા મહાન અને ઉદાર છે તે કૃષ્ણને પૂરવાર કરી બતાવ્યું.

"છેટે સીમાડે જાનું જ્યાં પહોંચ્યું,
ઈશ્વરનો રથ ભાંગ્યો રે મારા ગણેશ દૂંદાળા."

શ્રીકૃષ્ણની જાન સીમાડે પહોંચી ત્યાં તો વાવાઝોડું સર્જાયું. રથ, ગાડાં, વેલ ઉથલી પડ્યાં. શ્રીકૃષ્ણનો રથ ભાંગી ગયો!

એટલે બધા ગણેશને મનાવવા ઉઘાડે વાંસે ને અડવા પગે દોડ્યા અને કહેવા લાગ્યા - 'તમો ગણેશર ને તમો પરમેશ્વર, તમ આવ્યે રથ ચાલે રે મારા ગણેશ દૂંદાળા.'

ત્યારે ગણેશ જાનૈયાઓને કહેવા લાગ્યા કે -

"અમે દૂંદાળા ને મોટી ફાંદવાળા, અમ આવ્યે તમ લાજો રે...."

અમારા આવવાથી તમારી જાન લાજશે, અમે જાનમાં શોભીએ નહિ, એટલે અમારું શું કામ છે! અમારે તો સવા મણના લાડુ જોઈશે. ત્યારે જાનૈયા કહેવા લાગ્યા કે મણ જોઈશે તો અમે સવા મણના દેશું પણ બાપા, તમે જાનમાં પધારો, અમારું વિઘ્ન હણો. ગણેશને સહુ મનાવીને લાવ્યા અને તેમની પૂજાવિધિ પછી જાન આગળ વધી. શ્રીકૃષ્ણ રૂકિમણીને પરણીને નિર્વિઘ્ને દ્વારિકા આવ્યા હતા.

ગણેશનો વધાવો

"ઘુઘરીયાળલા ઝાપલાં રે
સાંકળીયાળલી વાડ્ય, વાજંતર વાગે છે રે
જસમતભાઈ ઘેર રાયજગ માંડીયો રે
વિનુભાઈએ તેડ્યા ગણેશર વાજંતર...
ઘનશ્યામભાઈ હર્ષા વહુને વિનવે રે
જાવ ગોરી વધાવો ગણેશર વાજંતર...
કોણ જાણે ક્યા બારના ઓરડા રે
કોણ જાણે ક્યા છે ગણેશર વાજંતર...
ઉગમણા બારના ઓરડા રે
પાછલી પસીતે ગણેશર વાજંતર...
ગોખે પારેવડા ઘૂંઘવે રે
ટોડલે ટહુંકે છે ઝીણા મોર વાજંતર વાગે છે
આંગણ મોટો માંડવો રે
ડેલીએ ધડુક્યા છે ઢોલ વાજંતર...
કેમ હાલુ ને કેમ હાંસરૂ રે
કેમ કરી વધાવું ગણેશર વાજંતર...
પગ હાલો ને હાથ હાંસરો રે
ચોખલીયે વધાવો ગણેશર વાજંતર...
કંકુના કરજો છાંટણા રે
મોતીડે વધાવો ગણેશર વાજંતર..."

લગ્નનો પ્રસંગ હોય એટલે વર સાથે ઘરનું પણ મહત્ત્વ વધી જાય છે. ઘર કે મકાન માટે કવિએ કરેલી કલ્પના પણ કેટલી ઊંચી છે! મકાનને ફરતી



સાંકળીયાળલી વાડ છે. મકાનમાં પ્રવેશવા માટે બારણાં નથી પણ ઘુઘરીવાળો જાંપો છે. કવિએ અહીં ઝાંપલો કહીને તેના પર ભાર મૂક્યો છે.

આ ઝાંપો ખોલતાની સાથે જ ઘુઘરીઓ રણઝણી ઊઠે છે. લગ્ન હોવાથી ઘરમાં ગણેશનું સ્થાપન થયું છે એટલે વહુવારુને ગણેશ વધાવવા જવાનું કહેવામાં આવે છે. પણ તે ઘરના ઓરડાં વગેરેથી હજુ સાવ અપરિચિત હોવાથી ગણેશને ક્યાં બેસાડ્યા છે તેનાથી તે અજાણ છે, માટે મૂંઝવણ અનુભવે છે. ત્યારે અન્ય સ્ત્રીઓ તેને ગણેશના ઓરડા અંગેની એંધાણી આપે છે. આ એંધાણી જ ઘર વિવાઈનું હોવાનું સૂચન કરે છે.

<u>મકાનને ઊગમણા દશના ઓરડાં છે. તેમાં પાછલી પછીતે ગણેશને એક બાજોઠ પર બેસાડ્યા છે 'પંડપીઠ બેઠી એક પૂતળી રે...' બાજોઠ સામે બરાબર, રૂપરૂપના અંબાર સમી એક કન્યા બેઠેલી છે, તે ગણેશના ગુણગાન ગાઈ રહી છે. કવિએ અહીં કન્યાને પૂતળી તરીકે વર્ણવી છે.</u>

ઓરડાની બંને બાજુની બારસાખે બે ગોખ છે તેમાં બેઠેલા પારેવાં ઘુઘવી રહ્યા છે, જ્યારે બે ટોડલા પર મોર ટહૂકા કરે છે. ઘરના આંગણામાં મોટો માંડવો રોપવામાં આવેલો છે તેમાં સાજન માજન બેઠું છે અને ઘરની ડેલીએ ઢોલ ધ્રુકી રહ્યા છે. ઘર અને ગણેશનું આ કાલ્પનિક ચિત્રણ મનને આનંદવિભોર કરી નાખે છે!



ગણેશની માનસી પૂજા

લોકવૃંદના આગેવાન ગણેશની મંગળ પ્રસંગે પ્રથમ સ્તુતિ - આરાધના કરવામાં આવે છે :



"પાછલી પછીતે લખજો ગણેશ,
કે સદ્ બદ્ લખજો પૂતળા રે,
પૂતળા તો પાંચ પચાસ,
કે પાનના આપજો બીડલા રે,
પૂતળાને ચમ્મર ઢોળાવો,
કે મુખવાસ આપજો એલચી રે."

લોકનારીઓએ ગણેશનું કેવું ઐશ્વર્યશાળી વર્ણન કર્યું છે! જો ગણપતિ દાદાની મે'ર થાય તો રીધ્ધિસિધ્ધિનો વાસ થાય છે :

"ગણેશ પાટ બેસાડીએ ભલા નીપજે પકવાન,
સગા સમરથ તેડીએ જો પૂજ્યા હોય ભગવાન;
સોનલા ગોળી ગોરસ ભરી, નેતરે વળગી નાર;
નિત નિત ગોરસ ઘુમતી, જો પૂજ્યા હોય ભગવાન."

ગણેશની કૃપા ઉતરે તો સમૃધ્ધિ છલકી ઊઠે છે.



લગ્ન મંડપનું મહત્ત્વ



લગ્નના ત્રણ દિવસ અગાઉ મંડપ રોપવામાં આવે છે. લોક બોલીમાં તેને માંડવો કહેવામાં આવે છે. વર-કન્યા બંનેને ઘરે માંડવો નાખવામાં આવે છે પણ કન્યાના મંડપને ઠાઠમાઠથી શણગારવામાં આવે છે. આ મંડપમાં જ લગ્નવિધિ થાય છે.

હરખઘેલી કન્યા દાદાએ આંગણે રોપાવેલા મંડપનું ગૌરવ વધારતા કહે છે, મારો માંડવો રળીયામણો ને મનમોહક છે તે સહુને ગમી જાય તેવો

છે પરંતુ જાન પણ કંઈ કમ નથી, તે જોવા જેવી ને ચઢીયાતી છે :

"મારો માંડવ છે રઢીયાળો, લીલુડે વાંસે જડીયા રે...."

●

"મારે માંડવ લીલી આડીને, પીળી થાંભલી રે...."

●

"મારે માંડવ હીરના ચંદરવા ચીરના ચંદરવા,
હીર ચીર ગલગોટા ચાંકળા રે...."

●

"માંડવડે કાંઈ ઢાળો ને બાજોઠી, કે ફરતી મે'લોને કંકાવટી...."

●

"મારો છાયા પડછાયાનો માંડવો, તમારી ઠેઠ દુવારકાની જાન
ગોકુળ ગ્યાતા પરણવા....'

●

"મધ બેઠું રે મોટા માંડવા હેઠ, કે મધડાં રળીયામણાં...."

●

"નાણાવટી રે સાજન બેઠું માંડવે"


●

"માંડવો નાખ્યો મલપતો, સોનીડા ઘડ્ય સોનાના ઘાટ,
મારે જાદવરાયના બેસણાં, રૂક્ષમણી ઢોળે વાય,
સોનીડા ઘડ્ય રે કરશનજીના મોળીયા, ઘડ્ય રે નવલખો હાર
કયા દેવ ઘોડ ને કયા દેવ હાથીએ, કયા દેવ તેજી અસવાર
રામ ઘોડે ને લક્ષ્મણ હાથીએ શત્રુઘ્ન તેજી અવસાર
માંડવો નાખ્યા મલપતો...."

લગ્ન ભલે સામાન્ય કુટુંબ પરિવારના મૂરતીઆના થતાં હોય પણ અહીં એની શ્રીકૃષ્ણ-રામ સાથે સરખામણી કરવામાં આવી છે. લગ્ન અહીં રામ કે કૃષ્ણના નથી પરંતુ જાણે રામ અને કૃષ્ણ પરણતા હોવાની કલ્પના કરી ગીત ગાનારી સ્ત્રીઓએ વરને ઝાઝેરા માનપાન આપી દીધા છે.

વીરાએ વાવી એલચી....

"ગણેશર આગળ બેઠા છે વીર,
વીરાએ વાવી એલચી રે
એલચીના પાન સૂકાય, કાંય ફૂલડાં કરમાય રે
પાણીડાં પાજો પ્રેમના રે....
દાદા જસમતભાઈના રાજમાં રે,
માતાના મનડાં હરખાય, કાંય દીલડા રીઝાય
પાણીડાં પાજો પ્રેમના રે
ગણેશર આગળ બેઠા છે વીર....
કાકા વિનુભાઈના રાજમાં રે
કાકીના મનડાં હરખાય, કાંય દીલડાં રીઝાય
પાણીડાં પાજો પ્રેમના રે
ગણેશર આગળ બેઠા છે વીર
વીરાએ વાવી એલચી રે..."



વીરના લગ્ન છે તેથી ઘરનાં ઉગમણા દશના ઓરડામાં ગણેશની સ્થાપના કરવામાં આવી છે. વર દુંદાળાદેવને રીઝવી રહ્યા છે. આમ તો આ ગીતનો મૂળ ઉદ્દેશ તુલસી, અમરો, ડમરો અને ફૂલ છોડને ઉછેરવા માટે પાણીની જરૂરિયાત સમજાવવાનો છે પણ અહીં તો કવિએ આંગણે એલચી વાવી છે અને તેના ફૂલ અને પાન કરમાય ન જાય તે માટે તેને પ્રેમથી પાણી પાવા માટે આહ્વાન કરે છે.

•

સ્ત્રીથી મહાપુરૂષો અમર થયા

"સ્ત્રીઓના તપ અને ત્યાગના પૂર્ણ પ્રતાપે જ મહાપુરૂષો અમર થયા છે. મહાસતી સીતાના ઉજળા ત્યાગના પૂણ્યે ભગવાન રામ મર્યાદા પુરૂષોત્તમ બન્યા. માતા પાર્વતીના તપના પ્રભાવે મસાણિયા શંકર મહાદેવ પદ પામ્યા અને રાધાના નિર્વ્યાજ પ્રેમના પ્રતાપે શ્રીકૃષ્ણ પ્રેમા અવતાર તરીકે પ્રસિદ્ધ થયા."

પનોતી-પોંખણાંનો અર્થ

"સીતાને તોરણ રામ પધાર્યા લેજે, પનોતી પે'લું પોખણું
રવાઈએ રાયવર પોંખે પનોતી, રવાઈએ ગોળી સોહામણી..."

પનોતીનો અર્થ છે સપોતી, પુત્રવતી સ્ત્રી, પુણ્યવતી સાસુ, જે વરનાં પોંખણાં લઈ કસોટી કરે છે. પોંખણાંનો અર્થ છે પોષણ કરવું અને લેજે શબ્દનો અર્થ છે કસોટી કરવી, ખાતરી કરવી 'લેજે પનોતી પે'લુ પોંખણું...' હે! પનોતી (સાસુ) વર-વહુ એકબીજાનું પોષણ કરવા કે શ્રમ કરવા સક્ષમ છે કે નહિ તેની ખાતરી કરી લે. પોંખણાનો બીજો અર્થ વધાવવું, ઓવારણાં લેવા એવો પણ થાય છે.

જ્યારે પાટીદારોના ઈતિહાસમાં ગોકળદાસ પટેલ નોંધે છે કે, પોંખણ શબ્દ સંસ્કૃતના 'પુષ્ય' શબ્દ પરથી ઉતરી આવ્યો છે. પોષણ પરથી પોખણ થયો છે પોખણ એટલે કુટુંબનું ભરણપોષણ કરવું (પુષ્ય, પુષ્યતિ, પોષણ અને પોંખણ). લગ્ન પછી દંપતિ ભરણપોષણ કરવા માટે નિભાવ કરવા માટે સક્ષમ છે કે નહિ તે દર્શાવવાનો ગીતનો મર્મ છે. સાથે વહુ માટે સાંબેલું, રવાઈ, ત્રાક મહત્ત્વના છે તેમ વર માટે ખેતી કરવા બળદ ધોંસરું, મૂશળ (હળ) અનિવાર્ય છે. છેલ્લે ઈંડી-પીંડી એટલે લોટના મુઠ્ઠી જેવડા પીંડા જેને મસળીને હાથ મજબૂત કરવાનું સૂચન કરે છે! અપના હાથ જગન્નાથ...


જાને રે કોણ સોંઢશે રે

"આવ્યા આવ્યા મલબારી વા'ણ, વા'ણે રે ફરકે વાવટા રે
મોટેરા કાંય ગયા છે પરદેશ, જાને રે કોણ સોંઢશે રે
મોટેરા મારે દેવાંગભાઈના દાદા, જસમતભાઈ જાને સોંઢશે રે
આવ્યા આવ્યા મલબારી વા'ણ, વા'ણે રે ફરકે વાવટા રે
મોટેરા કાંય ગયા છે પરદેશ, જાને રે કોણ સોંઢશે રે
મોટેરા મારે દેવાંગભાઈના કાકા, વિનુભાઈ જાને સોંઢશે રે
આવ્યા આવ્યા મલબારી વા'ણ, વા'ણે રે ફરકે વાવટા રે..."

હરિને કેમ આવે નિંદરા...

"ગણપતિ જાગો ઊઠો ને ઉડાડોને નિંદરા (૨)
ગણપતિ, લગ્ન વધાવો આજ મારે આંગણે
ગણપતિ તમે આવોને રંગ રે'શે
હરિને કેમ આવે નિંદરા

ગણપતિ, દાદા આવ્યા ને માતા આવશે (૨)
ગણપતિ તમે આવોને રંગ રે'શે
હરિને કેમ આવે નિંદરા



ગણપતિ જાગો ઊઠો ને ઉડાડોને નિંદરા (૨)
ગણપતિ, લગ્ન વધાવો આજ મારે આંગણે
ગણપતિ તમે આવોને રંગ રે'શે
હરિને કેમ આવે નિંદરા

ગણપતિ, કાકા આવ્યા ને કાકી આવશે (૨)
ગણપતિ તમે આવોને રંગ રે'શે
હરિને કેમ આવે નિંદરા

ગણપતિ જાગો ઊઠો ને ઊડાડોને નિંદરા (૨)
ગણપતિ, લગ્ન વધાવો આજ મારે આંગણે
ગણપતિ તમે આવોને રંગ રે'શે
હરિને કેમ આવે નિંદરા..."

'**જા**ગો રે અલબેલા કાના મોટા મુગટ ધારી રે' એમ જણાવી પોઢેલા નંદલાલને જશોદાજી જગાડી રહ્યાં છે. 'પ્રાતઃ થયું મનમોહન પ્યારા, પ્રીતમ રહ્યા શું પોઢીને' એમ કહીને બ્રહ્માનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણને જગાડી રહ્યા છે. જ્યારે ઉક્ત લગ્નગીતમાં જેમને ત્યાં દીકરા કે દીકરીના લગ્ન હોય તે ગૃહિણી ગણેશને જગાડી આંગણે પધારવા નિમંત્રણ પાઠવતી હોવાનો ભાવ રજૂ થયો છે. 'ગણપતિ જાગો ઊઠોને ઉડાડોને નિંદરા..' કવિનું કહેવાનું તાત્પર્ય અહીં એ છે કે, હે પ્રભુ તમે પોઢી જશો તો અમારા અવસર કોણ ઉકેલશે! જ્યારે રાધા કહે છે: ''જાગો રે જશોદાના જીવન વ્હાણેરા વાયા રે, તમારે ઓશીકે મારા ચીર ચંપાયા રે...''

રાધા, કાનને હાથનો સ્પર્શ કરી જગાડતી નથી પણ ધીરેથી બોલે છે. 'સાદ પાડું તો લોકડીયા જાગે' જો મોટેથી સાદ પાડીને પ્રભુને ઉઠાડું તો ઘરના લોકો જાગી જાય અને અંગુઠો પકડીને જગાડું તો પગમાં પહેરેલા ઘુઘરા રણકી ઊઠે. મારા સાસુ સૂતાં છે, નણંદી જાગે છે. રાધા નણંદીને વેરણ કહે છે. કારણ જાગતી નણંદ રખે પ્રભુની ઊંઘમાં ખલેલ પહોંચાડે તેવી તેને ભીતિ છે તેથી વેરણ કહે છે. બીજી બાજું પડોશણે વલોણું માંડી દીધું છે અને એના ઘમકારા સંભળાઈ રહ્યા છે. મીઠી નિદ્રામાં પોઢેલાં પ્રભુ ઘમકારે જાગી ઊઠે તો નિદ્રાભંગ થાય, નરસિંહ મહેતા છેલ્લે કહે છે : વહાણું વહાવું ન વહાવું એ તો પ્રભુના હાથની વાત છે. "નરસિંહના નાથ વિના રખે વહાણું વાય" ઈશ્વરની મરજી વગર તુચ્છ તરણું પણ તોડી શકાતું નથી એટલે વહાણું (પ્રભાત) પણ ઈશ્વરને આધિન છે. વહાણું વાયું કે તેની ઈશ્વરને જાણ હોય છે. આ જગતની તમામ ક્રિયા પણ ઈશ્વરને આધિન છે. રાત પડે છે અને દિવસ ઊગે છે એ ક્રમ પણ ઈશ્વર થકી છે. (**ગીત કંઠસ્થ :** શ્રીમતી રસીલાબેન ભનુભાઈ કોરાટ, ઈંદુબહેન રસીકભાઈ કોટડિયા તથા લીલાબેન બાવચંદભાઈ હીરપરા)

•

તોરણ આવી જાન

"તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
શણગાર સજીને તૈયાર થાઓ રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તમારી માતાને પોંખવા મે'લો રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
શણગાર સજીને તૈયાર થાઓ રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તમારા કાકીને પોંખવા મે'લો રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન...."

લગ્નનો વધાવો

આંગણે રૂડો લગ્નનો પ્રસંગ હોય એટલે ગોરી સાસુ, નણંદ અને જેઠાણીને તેડાં કરવાની વાત કરે છે. હોંશભેર નિમંત્રણ પાઠવે છે. ગોરી પોતાના પતિને કહે છે કે મારા સાસુ, જેઠાણી, દેરાણી અને નણંદીને તેડાવો એના વગર લગ્ન પ્રસંગ નહિ દીપે.

અહીં વહુએ સાસુ, નણંદ અને દેરાણી કરતા જેઠાણીની મહત્તા ઓર વધારી દીધી છે કારણ પોતાના પછી જેઠાણીના ઘરે પણ લગ્નનો વારો આવવાનો છે એટલે એ લ્હાવો લેવા માટે જેઠાણીને વિશેષ માનપાન આપે છે, એટલું જ નહિ જેઠાણીને જાતે તેડવા જવાની વાત કરે છે:

"સાસુને તેડાવો, નણંદીને તેડાવો
જેઠાણીને ઠેઠ તેડવા જાવું રે પિયુજી
આજ મારા પગલાના ચાર
સાસુને ડમણિયું, નણંદીને ગાડાં
જેઠાણીને ઘમઘમતી વેલ્યુ રે પિયુજી
આજ મારે પગલાના ચીર
સાસુને કંસાર, નણંદીને શીરો
જેઠાણીને પાંચે પકવાન પિયુજી
આજ મારે પગલાના ચીર
સાસુ તો ખાઈ જશે, નણંદી વગોવી જશે
જેઠાણીનો કાલે વારો આવશે પિયુજી
આજ મારે પગલાના ચીર"

'પગલે પગલે ચીરનું વિશ્લેષણ કરતા રેવાબહેન તડવીએ નોંધ્યું છે કે, સ્ત્રી મનમાં શંકા સેવે છેઃ સાસુ નણંદને તો બરાબર સાચવી લેવી પડશે નહિતર જરા સરખી વાતમાં એમને વાંકુ પડતાં વાર નહિ લાગે અને છેલ્લે વગોવતી જશે.

લગ્ન માંગલિક અવસર છે. પોતાના ઘરે લગ્નનો અવસર આવે એ દરેક સ્ત્રી માટે મહામૂલો લ્હાવો બની જતો હોય છે. સ્ત્રી આવા પ્રસંગે



ઉદાર બની જાય છે. સાસરીયાપક્ષની સ્ત્રીઓને આવકારવા થનગની ઊઠે છે. સ્ત્રીનો ઉમંગ ભરતીએ ચઢે છે કેમ કે તેને પોતાનું ઐશ્વર્ય, પોતાની વ્યવહારદક્ષતા દર્શાવી દેવાનો લહાવો લૂંટવો હોય છે. એટલે સાસુ-જેઠાણી નણંદી કે દેરાણીને વહેલા તેડાવવાની ઉતાવળ કરે છે.

"સાસુ તેડાવો, નણંદી તેડાવો,
જેઠાણીને હું તેડવા જાઉં રે પિયુજી
આજ મારે પગરણ માંડવો રે"

વહુ સાસુ, નણંદ અને જેઠાણીને તેડાવે છે, પણ જમાડવામાં તે વહાલા દવલોનો ભેદ રાખે છે. પણ આ તો રાખવા પૂરતો રાખે છે, બાકી સાસુ-નણંદને ઝાઝેરા માન આપવા ઈચ્છે છેઃ

"સાસુને લાપસી, નણંદીને ખીચડી,
જેઠાણીને પાંચે પકવાન રે પિયુજી
આજ મારે પગરણ માંડવો રે
સાસુને સાડલો, નણંદીને બાંધણી
જેઠાણીને દખ્ખણીનો ચીર રે પિયુજી
આજ મારે પગરણ માંડવો રે

ભાલ પંથકમાં ગવાતા આ લગ્નગીતનું અર્થઘટન કરતા શ્રી કાલીદાસ સોલંકી નોંધે છે કે, લગ્ન એ લોકજીવનનું અનન્ય આનંદ લ્હાણું છે. પ્રજાજીવનની સ્નેહઊર્મિની સંવેદનાઓનું ભાતીગળ રૂપ આપણા ગીતોમાં સુરેખપણે કંડારાયેલું જોવા મળે છે. વહુને આંગણે લગ્નનો ઉજળો અવસર આવ્યો છે એમાં સાસુ, જેઠાણી અને નણંદીને તેડા ન મોકલે તો કેમ ચાલે! આ પ્રસંગને માંડવે નિમંત્રી દોમ દોમ સાહ્યબીથી એમનાં દિલ રીઝવવાં છે. લાપસી, કંસાર ઉપરાંત પાંચ પકવાન અને ઉપરથી ખોબલે ખાંડ પીરસવી છે. બાંધણી અને દક્ષિણી ચીરની નવાજેશ- પહેરામણી કરવાની તેના અંતરમાં તમન્ના છે. અંતરના ઓરતા પૂરા કરવાનો આ મધૂરો મોકો છે.

વરને કન્યાનો પત્ર

"લગન બાજોઠીયો ને મોતીડે રે જડીયો,
કુંવારી કન્યાએ કાગળ લખી રે મોકલીયો...."

અગાઉના સમયમાં રૂઢીગત રીતરીવાજો હતા. વર-કન્યાએ એકબીજાને પસંદ કરવાનો કે કન્યાને જોવા જવાનો રીવાજ નહોતો. આવી પસંદગી ઊભય પક્ષના વડીલો જ કરતા હતાં. વર-કન્યાને વડીલો અલપ ઝલપ નિહાળીને નક્કી કરી લેતાં પણ વર-કન્યાને એક બીજાને પસંદ કરવાનો અધિકાર જ નહોતો. વડીલો નક્કી કરે તેજ સાચું.



વર-કન્યાના રૂપ ગુણ કેવા છે તેનો પરિચય પરણીને ઘરે આવ્યાં પછી જ થતો હતો. બાકી વડીલો જે પસંદગી કરતા તેને નિભાવવી પડતી. જોણમાં ક્યારેક કચાશ પણ રહી જતી. વર અને કન્યાને એકબીજાના રૂપ બાબતે નફરત પણ જાગતી છતાં વડીલોએ કરેલી પસંદગી મિથ્યા થતી નહિ. એવા પાત્ર સાથે મન મનાવીને જન્મારો કાઢી નાખવો પડતો!

જો કે, આજે શિક્ષણના વ્યાપ સાથે આવા બધા રૂઢીગત રીતરીવાજો હવે સાવ નાબુદ થયાં છે.

આપણા કેટલાક પ્રાચીન ગીત[illegible]ી બ[illegible] કન્યા લગ્ન પૂર્વે વરને પત્ર લખતી હોવાનો કાલ્પનિક ભાવ વ્યક્ત કર્યો છે :

"લાડડી લગન ઉપર લખી કાગળ મોકલે રે
રાયવર ઘડીએ લગને વેગે વેલા આવજો રે"

ઘડીયા લગ્ન લેવાયા છે તેથી ઉત્સુક બનેલી કન્યા લગ્ન પૂર્વે વરને એક પત્ર લખીને વહેલાસર જાન જોડીને આવવા અરજ કરે છે. લાડડીનાં આ પત્રનો જવાબ આપતા રાયવર જણાવે છે કે,

"લાડડી તારા દેશમાં નથી આંબા આંબલી
મારા શામળીયા રે પાતળીયા રે દેવાંગભાઈને છાયા રે જોશે"

તારો દેશ અર્થાત્ તારું ગામ સુકું ભઠ છે. તારા ગામની સીમમાં છાંયડો આપે તેવા વૃક્ષો નથી. ધોમધખતા ઉનાળામાં લાંબો પંથ કાપીને અમારી જાન તારા ગામને સીમાડે આવશે ત્યારે જાનૈયાને છાંયડો જોશે, પરંતુ તારા દેશ (ગામ)માં છાંયો આપે તેવા આંબા-આંબલીના વૃક્ષો નથી. આમ જોઈએ તો લોકકવિએ વૃક્ષોનું મહત્ત્વ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. વૃક્ષો માનવજાતને કેટલા ઉપયોગી છે તેનો ખ્યાલ વર્ષો પૂર્વે કવિએ આપીને તરૂવરનું જતન કરવા પર ભાર મૂક્યો છે.

કુંવારી કાગળ મોકલે તમે સૂતા સુબા જાગો રે,
રૂડા રાયવર એકવાર આવો હો રાજ
"હું કેમ આવું એકલો રે મારે ઘોડલીએ - હલસાણું રે
ઘોડલા મારા હલસશે તારી સીમડી લેશે ઘેરી... કુંવારી..."

લગ્ન ઢૂંકડા આવતા હરખઘેલી બનેલી કન્યા વરને એક સંદેશો લખીને વહેલા આવવા નિમંત્રે છે. અહીં વરને સૂબો કહીને નવાજ્યો છે. સંદેશાનો જવાબ વાળતા તે જણાવે છે કે, હું એમ કંઈક એકલો થોડો આવું? મારી જાડી જાનમાં તો હાથી-ઘોડા અને જાનૈયાઓની હલસ બોલશે અને તારી સીમ-માંડવો ઘેરી લેશે.

"સોનાની લેખણ ને લખવા કાગળીયા
ઝીણે ઝીણે અક્ષરે ભણો રે દેવાંગભાઈ
ઈ કન્યા છે હજુ બાળકુંવારી...."

હવે વર કન્યાને કાગળ લખે છે. વરની લેખણ સોનાની કલ્પી છે. વળી જેને પત્ર લખવાનો છે તે કન્યા બાળકુંવરી છે. અર્થાત્ બાળવયની છે, બાલીકા છે. આજે બાળલગ્ન પર પ્રતિબંધ છે અને એ અત્યંત જરૂરી છે, વર્ષો પૂર્વે બાળલગ્નો થતાં હતાં જે અનધિકૃત હતાં. આવા બાળલગ્નો કરાવનાર ઉભયપક્ષના વડીલો, મોભીઓની નરી અજ્ઞાનતા હતી. લગ્ન કરાવનાર ગોર મહારાજ પણ દોષી હતા. આવા બાળલગ્નોનો કવિએ 'ઈ કન્યા છે હજુ બાળકુંવારી' એમ કહીને મૂક વિરોધ દર્શાવ્યો હતો. પણ આપણે કવિને સમજી શક્યા નથી! આમ અહીં સૂક્ષ્મ મનોભાવનું દર્શન કરાવવાનું કવિ ચૂક્યો નથી.

પ્રભાતે પ્રભાતિયાં

લગ્ન એ હૃદયની ઊભરાતી ઊર્મિઓનું પ્રતીક છે. લગ્નના વિવિધ રીત-રિવાજો આપણે ત્યાં જોવા મળે છે. પરંતુ સૌરાષ્ટ્રના લગ્નના રીત-રીવાજમાં કંઈક વિશિષ્ટતા દૃષ્ટિગોચર થાય છે. લગ્ન આડા પાંચેક દિવસ બાકી હોય ત્યારથી દરરોજ વહેલી સવારે મંગળ પ્રભાતિયાં ગાવાનો રીવાજ છે -

"સૂરજ ઊગ્યો રે સરવરીયાની પાળે
કે વાણલા ભલા વાયા રે
ભમરા ઉડે રે કેવડીયાની ફણસે
કે વાણલા ભલા વાયા રે
સૂતા જાગો રે વસુદેવના નંદ
કે વાણલા ભલા વાયા રે
તમે જાગો રે સહુ દેવ
કે વાણલા ભલા વાયા રે
લેજો લેજો રે પિત્તળ લોટા
કે વાણલા ભલા વાયા રે
દાતણ કરજો રે તુલસી ક્યારે
કે વાણલા ભલા વાયા રે
મુખ લો'જો રે પામરીયુના છેડે
કે વાણલા ભલા વાયા રે
નામ લેજો રે શ્રીરામના
કે વાણલા ભલા વાયા રે."

(નોંધ : વસુદેવના નંદને સ્થાને રાધિકાના કંથ પણ શબ્દપ્રયોગ છે. 'સૂરજ કેવડીયાની ફણસે નહિ પણ સરોવરીયાની પાળે' આ સાચો પ્રસંગ છે. જેના લગ્ન થતાં હોય તેનું નામ લઈને આ પ્રભાતીયું ગવાય છે.)

પ્રભાતે રાધા-કૃષ્ણનું સ્મરણ થાય છે. લોકકવિએ પ્રભાતિયામાં પ્રભાત અને પ્રકૃતિનું કેવું સુંદર વર્ણન કર્યું છે! લોકસાહિત્યમાં આવા અનેક પ્રભાતિયાં મળી આવે છે.

એક સ્પષ્ટતા

લગ્નગીતોમાં અભણ ગ્રામનારીઓએ ઘણીવાર પોતાને જે સૂઝયું, જડ્યું તે તેણે ગાયું છે. પણ પોતાનો અર્થ સર્યો છે એટલો એને સંતોષ છે. બાકી નીચેના પ્રભાતિયામાં 'માતા દેવકીજીએ દાતણ માગ્યા અને સીતાજીએ વચન લોપીયા' આવો શબ્દપ્રયોગ થયો છે. આમ જોઈએ તો એ તદ્દન ખોટો છે ખરૂં જોઈએ તો અહીંયા 'માતા કૌશલ્યાએ દાતણ માગ્યાં' એવો નામોલ્લેખ હોવો જોઈએ કારણ વાત આખી રામ-સીતા સંબંધી છે. દેવકીજી તો કૃષ્ણની માતા હતાં. અને સીતાજીના સાસુ પણ નહોતાં એટલે સીતાજી પાસે દાતણ શું કામ માંગે? આમે ય રામ અવતાર પહેલો થયો હતો અને કૃષ્ણ અવતાર ત્યાર પછી થયો હતો. એટલે સીતાના સાસુ કૌશલ્યા હોઈ શકે. પણ લગ્નપ્રસંગે સ્ત્રીઓ આનંદવિભોર બની જાય છે અને ઉમંગની ભરતી ચડે છે ત્યારે ઘણીવાર આવો ખ્યાલ નથી રહેતો અથવા અજાણતાથી આમ બનવા પામ્યું હશે.

"શ્રી પ્રભાતીને પો'ર દેવકીજીએ દાતણ માગીયા
માગ્યા માગ્યા છે વાર બે વાર સીતાજીએ વચન લોપીયા
વીરને સોનલા ઝારી છે હાથ મેડીયેથા રામચંદ્ર ઉતર્યા
લખમણ તું મારો માડી જાયો વીર સીતાજીને વન મેલી આવો
સ્વામી શીયો અમારલો વાક શીયેને વાકે અમે વન જાઈ
ગોરી તું મારા હૈડાનો હાર માતાજીના વચન લોપીયા
સ્વામી હાર હોય તો હૈડે બંધાય વહુવારુ ઓરડાં વાહશે"



"સોનલીયાને બાજોઠે બેસી માતા રે દેવકીજી નાયા રે,
ચાંદા શીળી રાત રે કાનડ દેવ જલમીયા
કાનડદેવ જલ્મ્યા ત્યારે વાસુદેવને કેડ દીવો રે,
સુભદ્રા બાઈનો વીરો રે સદાયે સોહામણો રે."

(નોંધ : આ પ્રભાતિયામાં વાસુદેવની કેડ દીવો આવો શબ્દપ્રયોગ છે તે તદ્દન ખોટો છે, પરંતુ 'કેડ' નહિ પણ 'કૂળ દીવો' સાચો પ્રયોગ છે. કૃષ્ણ જ વસુદેવના કુળદીપક છે.)

કૃષ્ણ સ્મરણ



"ઊઠો કાના જાગો કાના જશોદાના જાયા,
રતને જડેલી તમારી મંગળાની આરતી
ગંગાજી જાગ્યાં વા'લા, યમુનાજી જાગ્યાં
ઘેર ઘેર વલોણાં ઘૂમવાને લાગ્યાં
આકાશદેવ જાગ્યા વા'લા પાતાળદેવ જાગ્યા
સોળે કળાના સૂર્યદેવ રે જાગ્યા
કૈલાસપુરીમાં ભોળા શંભુ રે જાગ્યા
દ્વારકાપુરીમાં રાજા રણછોડ જાગ્યા
ઊઠો કાના જાગો કાના જશોદાના જાયા....."

લગ્નપ્રસંગ હોય ત્યારે વહેલી સવારે પ્રભાતિયાં ગાવાનો એક રિવાજ છે. સવારના પહોરમાં ગીત દ્વારા કૃષ્ણનું સ્મરણ કરવામાં આવે છે, પોઢેલા પ્રભુને જગાડવામાં આવે છે અને કોણ કોણ જાગ્યું તેની યાદ અપાવવામાં આવે છે. ગોકુળના પ્રભાતનો મહિમા જ અનેરો છે. વૃંદાવનના પ્રભાતનું આહ્લાદક વાતાવરણ વ્રજવાસીઓના મન હરી લેતું હતું. પ્રભાત થતા સુંદરશ્યામ નિદ્રા ત્યાગીને ગાયો ચરાવવા માટે વનની વાટે જતા હતા. સાથે બળભદ્ર અને ગોકુળના ગોપ ગોવાળો પણ ખરા.

ગોકુળ એટલે ગૌધામ. ગોકુળમાં ગણી ગણાય નહિ એટલી ગાયો હતી. કહે છે કે, નંદરાયને ત્યાં જ નવ લાખ ગાયો હતી. આ બધી ગાયોનું ધણ લઈ કૃષ્ણ અને બળભદ્ર સવારના પહોરમાં વનમાં જતા હતાં. આ તેમનો નિત્યક્રમ હતો. ગોકુળનું પ્રભાત ત્યારે મનમોહક હોય એ સહજ હતું. આમેય ગામડાંની સંસ્કૃતિ ને પ્રભાતનું વાતાવરણ સહુ કોઈના મનને હરી લેતું હોય છે અને એમાંય ગોકુળ તો દેવકીનંદનની લીલાભૂમિ એટલે પ્રભાત વધુ રળિયામણું લાગે એ સ્વાભાવિક હતું. આપણા લોકકવિઓ, કવિઓ, સંતકવિઓઃ નરસિંહ મહેતા, મીરાંબાઈ વગેરેએ શ્રીકૃષ્ણના સ્મરણ સાથે વ્રજના પ્રભાતનું સુંદર વર્ણન કર્યું છે. રાત્રી વીતી ગઈ છે, તિમિર ટળ્યું છે ને પ્રભાત થયું છે. ફૂલછોડ પર ભમરા ગુંજારવ કરી રહ્યા છે.

ઉત્સાહને પ્રેરતો મંદ મંદ સમીર વાય રહ્યો છે. ઘમ્મર વલોણાંના નાદ સંભળાય રહ્યાં છે. 'વલોણાંની વેણ્યું વાજે રે' વ્રજાંગનાઓ ઊઠીને મહીડાં વલોવવા લાગી છે. ગોકુળના ઘરોઘરમાં વલોણાં ગૂંજે છે. ગાયો ચરવા જવા માટે ઉતાવળી થઈ છે. ગાયો ને વાછરડાંના હિંહોરા સંભળાય છે. યમુનાજીના ખળખળ વહેતાં નીરના સૂર કાને પડઘાય રહ્યાં છે. પોઢેલા નંદલાલને જશોદાજી જગાડી રહ્યા કારણ કે ગૌધન લઈને જવાનું ટાણું થયું છે. 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે.

•

સામૈયા વેળા કન્યા પક્ષની સ્ત્રીઓ ગાય છે

"સાંજ પડીને ઝાલર વાગી
રૂચિબેનના વર વે'લા આવોને
વરના દાદાને રૂપૈયા નો'તા,
તેમાં વરને વાર જ લાગી
રૂપૈયાના હોય તો મારા જસમતભાઈના લેજો
રૂચિબેનના વર વે'લા આવોને
વરના દાદાને વેલડીયું નો'તી
તેમાં વરને વાર જ લાગી
વેલડીયું નો હોય તો મારા વિનુભાઈની લેજો
રૂચિબેનના વર વે'લા આવોને
વરના દાદાને ઘોડલા નો'તા
તેમાં વરને વાર જ લાગી
ઘોડલા ના હોય તો મારા ઘનશ્યામભાઈના લેજો
રૂચિબેનના વર વે'લા આવોને
સાંજ પડીને ઝાલર વાગી
રૂચિબેનના વર વે'લા આવોને..."

(નોંધ : અગાઉ ગોરજ કે ઝાલર ટાણે લગ્ન થતાં હતાં. આ સમયને પવિત્ર માનવામાં આવ્યો છે. આજે આવું પવિત્ર ટાણું સાચવવામાં કોઈને રસ નથી!)

મીઠા રે મેવા ને સાકર શેરડી...

"સખી રે પે'લોને વધાવો અવસર આવીયો રે
સખી રે દાદાના દીધેલા માન રે
વનરાની કોયલ મીઠા રે મેવા ને સાકર શેરડી રે
સખી રે બીજો ને વધાવો અવસર આવીયો રે
સખી રે કાકાના દીધેલા માન રે
વનરાની કોયલ મીઠા રે મેવા ને સાકર શેરડી રે
સખી રે ત્રીજો ને વધાવો અવસર આવીયો રે
સખી રે મામાના દીધેલા માન રે
વનરાની કોયલ મીઠા રે મેવા ને સાકર શેરડી રે
સખી રે ચોથો ને વધાવો અવસર આવીયો રે
સખી રે વીરાના દીધેલા માન રે
વનરાની કોયલ મીઠા રે મેવા ને સાકર શેરડી રે"

●

માંડવડે કાંય ઢાળોને બાજોઠી

*"માંડવડે કાંય ઢાળોને બાજોઠી, કે ફરતી મેલોને કંકાવટી
માતા કીયા બા તે બે'નને પૂછે, કે માગો માગો તમારે શું જો'શે
માતા માંગું માગું ભવેભવનો સથવારો, કે બીજું માગુ તમ જેવી માવલડી
માંડવડે કાંય ઢાળોને બાજોઠી, કે ફરતી મેલોને કંકાવટી
કાકી કીયા બા તે બે'નને પૂછે, કે માગો માગો તમારે શું જોશે
કાકી માગુ માગુ ભવેભવનો સથવારો, કે બીજું માગું તમ જેવી કાકલડી
માંડવડે કાંય ઢાળોને બાજોઠી, કે ફરતી મેલોને કંકાવટી..."*

દીકરીને ઓશીયાળી ગણવામાં આવી છે. વિદાય થતી દીકરીને તેની માતા, કાકી વગેરે જે જોઈતું હોય તે માગી લેવા જણાવે છે ત્યારે દીકરી કહે છે : મારે જે જોઈતું હતું તે ભવોભવનો સાથી, પતિ મને મળી ગયો છે હવે મારે બીજું કંઈ જોઈતું નથી. તમારા જેવી માતા, કાકી ઓલ્યા ભવે પણ મળે તેવું ઈચ્છું છું. સાસરે જતી દીકરી કેવી નિખાલસ વાત કરે છે! બધાને આવી જ દીકરી મળે તો...!

વિવા આવ્યા ઢૂંકડા

'સામી નદીને કિનારે સાંઢ્યું જવ ચરે
ત્યાં કાંય શ્રીફળ કાંટ્યે તોળાય, વિવા આવ્યા ઢૂંકડા
દાદા આવડા શ્રીફળ આપણે શું કરશું
આપણે ઘેરે રુચિતાબે'નના વિવા શ્રીફળ જો'શે સામટા
સામી નદીને કિનારે સાંઢ્યું જવ ચરે
ત્યાં કાંય સોપારી કાંટ્યે તોળાય, વિવા આવ્યા ઢૂંકડા
કાકા આવડી સોપારી આપણે શું કરશું
આપણે ઘેરે રુચિતાબે'નના વિવા, સોપારી જો'શે સામટી
સામી નદીને કિનારે સાંઢ્યું જવ ચરે
ત્યાં કાંય કંકુડા કાંટ્યે તોળાય, વિવા આવ્યા ઢૂંકડા
વીરા આવડા કંકુડા આપણે શું કરશું
આપણે ઘેરે રુચિતાબે'નના વિવા, કંકુડા જો'શે સામટા
સામી નદીને કિનારે સાંઢ્યું જવ ચરે
ત્યાં કાંય ચોખલીયા કાંટ્યે તોળાય, વિવા આવ્યા ઢૂંકડા
મામા આવડા ચોખલીયા આપણે શું કરશું
આપણે ઘેરે રુચિતાબે'નના વિવા, ચોખલીયા જો'શે સામટા."

(નોંધ : ઘઉં સાથે થતું એક પ્રકારનું અનાજ. સ્વામીનો અર્થ છે પતિ. ચોખલીયા એટલે ચોખા અને કંકુડા એટલે કંકુ. કાંટ્યેનો અર્થ છે કાંટે તોળાય. સાંઢ્યું એટલે સાંઢડી, ઊંટડી. લગ્નમાં શ્રીફળ, સોપારી, કંકુ અને ચોખા શુકનવંતા મનાય છે.)

લુણવંતી (લુણાગરી) : લગ્ન થતાં હોય ત્યારે નાની બહેન એક વાટકી અથવા નાની ટબુડીમાં મીઠાનો ગાંગડો મૂકી તેના પર લીલા રંગનું કપડું બાંધી તેને હાથથી હલાવી પછી ભાઈના લુણ ઉતારે છે. બહેનને આથી લુણવંતી કહેવામાં આવે છે. ભાઈને કોઈની નજર ન લાગે તે માટે તેના લુણ ઉતારવામાં આવે છે. આ એક પરંપરાગત રીવાજ છે.

આવશે મોટા ઘરની જાનુ...

"આંબુ રે વડ જાંબુડાની હેઠે, કે રાયવર બેઠા રે વાતુ કરે
આવશે રે મારે મોટા ઘરની જાનુ, કે જાનમાં મોટેરા પધારશે
મોટેરા મારે રેખાબાઈના કંથ, કે જાનમાં જસમતભાઈ પધારશે
આંબુ રે વડ જાંબુડાની હેઠે, કે વેવાઈ બેઠા રે વાતુ કરે
આવશે રે મારે મોટા ઘરની જાનુ, કે જાનમાં નાણાળા પધારશે
નાણાળા મારે દર્શનાબાઈના કંથ, કે જાનમાં વિનુભાઈ પધારશે
આંબુ રે વડ જાંબુડાની હેઠે, કે વેવાઈ બેઠા રે વાતુ કરે
આવશે રે મારે મોટા ઘરની જાનુ, કે જાનમાં વેવારીયા પધારશે
વેવારીયા મારે અંકિતાબાઈના કંથ, કે જાનમાં દેવાંગભાઈ પધારશે."

(ગીત કંઠસ્થ : શ્રીમતિ કંચનબહેન દેવચંદભાઈ રૂપારેલીયા)

આપણી મેડીને પડછાયે...

"આપણી મે'ડીને પડછાયે રૂચિતાબે'ન છબે રમવા જાય
છબલીયાના ઘણા ઘણા તેજ, છબલીયાના ઘણા ઘણા તેજ
છબાને તેજે કીયા જમાઈ થંભી રીયા રાજ
આપણા શે'રમાં કોના કોના રાજ (૨)
કીયાભાઈની દેડી સોનલા છબે રમવા જાય
આપણા શે'રમાં નાનુભાઈના રાજ (૨)
જસમતભાઈની દેડી સોનલા છબે રમવા જાય
આપણી મે'ડીને પડછાયે રૂચિતાબે'ન છબે રમવા જાય
છબલીયાના ઘણા ઘણા તેજ (૨)
છબાને તેજે વિપુલ જમાઈ થંભી રીયા રાજ
આપણા શે'રમાં કોના કોના રાજ (૨)
કીયાભાઈની ભત્રીજ સોનલા છબે રમવા જાય
આપણા શે'રમાં નાનુભાઈના રાજ (૨)
વિનુભાઈની ભત્રીજ સોનલા છબે રમવા જાય"

હરખ નો માંય ઉરમાં

"બે'ની તારો સુરત ચંપાવેલ મોડીયો
ફરતી સાચા સંતારાની કોર, વિવા આવ્યા ઢૂંકડા
બે'ની તારા દાદા આવ્યા ને માતા આવશે
બે'ની તારા મોટાબાને હરખ નો માંય વિવા આવ્યા ઢૂંકડા
બે'ની તારો સુરત ચંપાવેલ મોડીયો
ફરતી સાચા સંતરાની કોર, વિવા આવ્યા ઢૂંકડા
બે'ની તારા કાકા આવ્યા ને કાકી આવશે
બે'ની તારા ફઈબાને હરખ નો માંય વિવા આવ્યા ઢૂંકડા
બે'ની તારો સુરત ચંપાવેલ મોડીયો...
બે'ની તારા મામા આવ્યા ને મામી આવશે
બે'ની તારા માસીબાને હરખ નો માંય વિવા આવ્યા ઢૂંકડા
બે'ની તારો સુરત ચંપાવેલ મોડીયો...

(નોંધ : પ્રાસ બેસાડવા માટે સતારાને બદલે અપભ્રંશ શબ્દ 'સંતારા' વપરાયો છે. એ જ રીતે છપાવેલને બદલે ચંપાવેલ શબ્દનો ઉપયોગ કરાયો છે.)

નગરીમાં વાજાં વાગીયાં

"નાનુભાઈની નગરી, નગરીમાં વાજાં વાગીયાં
જસમતભાઈની ડેલી, ડેલીએ ઢોલ ધડુકીયા
વિનુભાઈની બવળી, બવળી બજારે બાવન હાટડાં
ઘનશ્યામભાઈની હવેલી, હવેલીમાં ચૌસઠ જાળીયાં
વિનુભાઈની વાડી, વાડીમાં કળાયેલ કેવડો
દેવાંગભાઈના ઘોડા, ઘોડા વછેરા જવ ચરે
નાનુભાઈની નગરી, નગરીમાં વાજાં વાગીયાં"

(નોંધ : ઉક્ત ગીતમાં નિરક્ષ[illegible]ોએ કેવો શબ્દપ્રાસ બેસાડ્યો છે અને આ પ્રાસને કારણે ગીત મધુરું લાગે છે. ગીત કંઠસ્થ : શ્રીમતી કંચનબહેન દેવચંદભાઈ રૂપારેલીયા)

વર-કન્યાનું માન સન્માન

લગ્ન પ્રસંગે વર-કન્યાનું માન વધી જતું હોય છે. જે મુરતીઆના લગ્ન થતાં હોય તેને વરરાજા તરીકે નવાજવામાં આવે છે. વરરાજાને સાડા ત્રણ દિવસનું આનંદનું રાજ મળી જાય છે. લોકો તેને માનથી બોલાવે છે, આદરભાવ આપે છે. આમ વરરાજાના માનપાન જાળવવાની દરેક જ્ઞાતિ કોમમાં એક પરંપરા રહેલી છે.

યશવંત હ. શુકલે નોંધ્યું છે કે, જન્મથી માંડી મૃત્યુ સુધી માણસ કયું સ્થાન ભોગવશે તેનો તેને ખ્યાલ નથી હોતો, પણ લગ્ન પ્રસંગે તો લોકમાનસ તેને 'રાજાનું ગૌરવવંતુ' બિરૂદ આપી દે છે :

"માંડવે મા'લે રાણો ને મા'લે રાજવી,
માંડવે મા'લે દેવાંગભાઈ રાણો ને જયુભાઈ રાજવી."

રાણો એટલે આગેવાન અને રાજીયો એટલે રાજ, વહિવટ કરનાર રાજા. રાજવી એટલે પણ રાજા. આમ વરને રાજવી, રાજવીર, રાજીયો અને રાણો વગેરે ઉપમા આપવામાં આવી છે. વરને રાજા કે રાજીયા તરીકે કલ્પવામાં આવ્યો હોય તો પછી અસવારી માટે હાથી ઘોડા જ હોય ને!

"કીયા ગામની સીમડીએ
આંબલીયાની ડાળ્યું ઘુઘરડે હો રાજ
ઈ રે છાંયડીએ વા'લા, વીરના
હાથીડા બંધાવો હો રાજ
હાથીડાના બેસતલ રાણા માયલા રાજીયા
કીયા ગામના પટેલીયા
કીયા ભાઈના મોભી હો રાજ..."

(નોંધ : ગીતને મધુરું બનાવવા માટે કવિએ સીમને બદલે સીમડીએ, આંબાને બદલે આંબલીયા, છાયાને બદલે છાંયડીએ, હાથીને બદલે હાથીડા અને રાજાને બદલે રાજીયા શબ્દનો પ્રયોગ કર્યો છે.)

કીયા શબ્દને સ્થાને વરના ગામનું નામ, તેના સસરાના ગામનું નામ અને જેના લગ્ન થતાં હોય તે વરનું નામ લઈને આ ગીત ગવાય છે.

આ ગીત ગાવાથી શ્વાસોચ્છવાસની ક્રિયા વેગવંતી બને છે એટલે આમ આ એક પ્રકારનું 'યોગગીત' છે.

"પછવાડે પડઘી વાગશે રે
આવી પટેલોની જાન બાળા રાજવીર રે
મઝલે મઝલે દો જાન,
કયો રે નાના વરનો દેહડો
લેજો ગામડીઓના નામ બાળા રાજવીર રે...."

વર નાની વયનો હોવાને કારણે એને 'બાળા રાજવીર' કહ્યો હશે. બાળકને બાળારાજા કહેવામાં આવે છે. અગાઉ રજપૂતો અને ખુમાણોના રાજ હતાં તેથી 'ખુમાણ' શબ્દ વપરાયો છે. વર ભલે પુખ્ત વયનો હોય પણ 'નાના વર' તરીકે શબ્દપ્રયોગ થયો છે.

"ખુમાણ નાના વરનો દેહડો વડાળ ગામડીયોના નામ
કયો રે નાના વરનો દેહડો લેજો માતાજી નામ."

વરના માતા-પિતા, કાકા, કાકીના નામ લઈને ગીત ગાવામાં આવે છે. (નોંધ : દેહડો એટલે દેશ, પ્રાંત, ગામડીયો એટલે ગામ અને દાદલો એટલે વરના પિતા. આ ગીત કન્યાના ગામમાં જાન આવે ત્યારે ગવાતું ગીત છે.)

"તમે ચડો રે રુચિબેન મેડીએ
રાયવર આવ્યા દાદાજીની ડેલીએ."



"પાનસે પાળા રે, બે'ની સોળસે ચડીયાતા
ઘોડાની ઘુમણે રે વર રાજીયા...."

વર ભલે નમણો ન હોય, તે ભલે ગરીબ કે સામાન્ય ઘરનો હોય છતાં એને એક દિવસ પૂરતો 'રાયવર' કહીને એના માન વધારી દેવામાં આવ્યાં છે.

વર-કન્યા રૂપે નમણાં ન હોય, વાને ભલે શ્યામ કે ભીના હોય પણ એમના લગ્ન થતાં હોય ત્યારે બેઘડી તેમના વખાણ કરી તેમને બિરદાવવાં પડે અને આવી એક પરંપરા રહી છે.

વર-કન્યાનું મહત્ત્વ વધારવા માટે એમણે લગ્નમાં ધારણ કરેલા વસ્ત્રો કે આભૂષણોની ઊંચી કિંમત આંકવામાં આવી છે.

"વીરનો સાફો તે સવા લાખનો,
બાંધજો બાંધજો સાસરીયાના ઘેર
હોંશીલા વીરા, તમારે જાવું કન્યા પરણવા
વીરની વીંટી ને સવા લાખની..."

કન્યાએ પહેરેલા અલંકારો પણ કંઈ ઓછી કિંમતના નથી, સવા સવા લાખના છે. :

"બેનની ડોકે દોરો રે સવા લાખનો રે
બેનને સોરસી પેર્યાની ઘણી હામ
વારી જાઉં વારી જાઉં રૂચિબેન તમારા રૂપને રે
બેનને કાંડે પોંચો રે સવા લાખનો રે...."

આમ પરણતી કન્યાએ ધારણ કરેલા એક એક ઘરેણાંની કિંમત લાખ નહિ પણ સવા લાખની આંકવામાં આવી છે. કવિએ વર-કન્યાનાં વખાણ કરવામાં અતિશયોક્તિને ભારોભાર અવકાશ આપ્યો છે!



વર-કન્યાના રૂપનાં વખાણ

વર-કન્યાના રૂપને બિરદાવવામાં કવિએ કોઈ કમી રાખી નથી. અરે, એટલું જ નહિ વરને 'હેમર હાથીયો' જ્યારે, કન્યાને 'કંકુ વરણી હાથણી' કલ્પીને ગીતને વધુ આસ્વાદ્ય બનાવ્યું છે :

"હાથીડા આવે રે મલપતા
નેજા ઢળકતા મેલ્ય, નેજા ઢળકતા મેલ્ય
કંકુ વરણી રે હાથણી....'

હાથી પર બેસીને પાતળીઓ અસવાર (વર) પરણવા માટે નગરમાં આવી રહ્યો છે.

"ઝીણા ઝીણા રે મોતીનો હેમર હાથીયો
એના સોનેરી સામાન, એના પાતળીયા અસવાર,
અસવાર થાશે રે મારે કીયા વહુનો સાયબો
ઊભો વાણીડાને હાટ...."



વરનો મોભો વધારવા માટે ઝીણા ઝીણા મોતીથી ગૂંથેલો હાથી હોય એવી રૂડી કલ્પના કરવામાં આવી છે. અરે, એ હાથી પરનો સામાન પણ સોનાનો છે જ્યારે એના પર બેસનાર વરને પાતળીઓ અસવાર કહ્યો છે. આવા આ વરરાજીયાએ જાનમાં સોળસો સાંઢડી અને નવસો માફા-વેલડાં સાથે લીધા છે. આ જાડેરી જાને વેવાઈની સીમને ઘેરી લીધી છે. :

"મારા વીરને સોળસે સાંઢ્યું નવસે માફા
મારો વીરો હાથીડે બેસીને સીમડીએ આવ્યા.
મારા વીરને ગોવાળીયે વખાણ્યા રૂડા રાયવર માણારાજ
મારા વીરને માળીડે વખાણ્યા રાયવર રૂડા માણારાજ...."

વર પરણવા માટે વેવાઈને માંડવે જઈ રહ્યો છે, ત્યારે એનાં વરઘોડામાં કવિએ સૂરતની શરણાઈની કલ્પના કરી છે :

"અમદા રે વાદી ગાજે ને વીજે, સૂરતની શરણાયું રે વરરાજા

ગાજંતો વીજંતો નગરીમાં આવ્યો, નગરીમાં આવીને ધૂમ મચાવ્યો."

"મોર જાજે ઊગમણે દેશ, મોર જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુંના માંડવે હો રાજ
વેવાઈ મારા સૂતો છે કે જાગ, વેવાઈ મારા સૂતો છે કે જાગ
હોંશીલા વરરાજે સીમડી ઘેરી મણારાજ,
સીમડીએ કાંઈ ચમરો ઢાળાવ (૨)
ચમરાની હોંશે વીરો આવ્યા મણારાજ..."

કન્યા વરરાજાને વેગે વે'લા આવવા નિમંત્રણ આપે છે ત્યારે વર પોતાની સાહ્યબી વર્ણવતા કહે છે :

"હું કેમ આવું એકલો રે, મારે ઘોડલીયે હલસાણ્યું રે,
ઘોડલા મારા હલસશે, તારી સીમડી લેશે ઘેરી રે...."

વર વાજતે ગાજતે નગરી (ગામ)માં આવી પહોંચ્યો છે. આખાય નગરમાં ધૂમ મચી ગયો છે. ચારે કોર આનંદ છવાયો છે. જાનૈયા અને માંડવીયાનો હરખ ક્યાંય સમાતો નથી. વર કઈ રીતે માંડવે આવી રહ્યો છે? - 'હાથીડા આવે રે મલપતા' હાથીની જેમ મલપતો મલપતો ગજગતીએ તોરણ આવી રહ્યો છે.

તોરણ આવી રહેલો વર કેવો દીસે છે? તો -

"આવે આવે રે વાસુદેવનો નંદ
કે પૂનમ કેરો ચંદ કે વર આવે રે અજવાળા"

પૂનમના ચંદ્ર સમો ઓજસ પાથરતો, શીતળતા વેરતો વસુદેવના નંદ (કૃષ્ણ) સમો વર તોરણ આવી રહ્યો છે. એટલું જ નહિ -

"સીતાને તોરણ રામ પધાર્યા, લેજે પનોતી પેલું પોંખણું
પોખંતા રે વરની ભ્રમર ફરકી, આંખલડી રતને જડી...."

વૈદેહી-સીતાને વરવાં માટે જાણે ભગવાન રામચંદ્ર અયોધ્યાથી જાન લઈ આવ્યા હોય તેવો વર શોભી રહ્યો છે. વરનું રૂપ કેવું છે? તો -

"વીર તો ગાલે ગોરા ને મુખ શામળા
વીર તો નેણે નીરખીયા નો જાય, તોરણ આવ્યો મોરલો..."

વરનું રૂપ જ એટલું નીરાળુ છે કે, તેને નીરખ્યો જતો નથી! વરના વખાણ કરવામાં કવિ ઓછો ઉતર્યો નથી, એણે વરને મોરલા સાથે સરખાવ્યો છે, આમેય મોરનું રૂપ જ આકર્ષક હોવાથી વરને મોરની ઉપમા આપીને

લોકકવિએ ગીતની કલગીમાં નયનરમ્ય પીછું ઉમેરીને વરના મોંફાટ વખાણ કર્યા છે :

"બાગમાં છંટાવો કાજુ કેવડો રે
વાડીમાં વવરાવો નાગરવેલ
કીયા ભાઈનો કુંવર કાજુ કેવડો..."


વરને કુંવર તરીકે આલેખીને કાજુ કેવડો કહ્યો છે. કેવડાની મધુરી ફોરમ આવે છે તેમ અંતરીયો વર ફોરમ પ્રસરાવી રહ્યો છે :

"વડલાના લીલા પીળા પાન
સોનેરી બાગુમાં વડલો, ખલે રે ખલંગી મણારાજ
મારે જ્યુભાઈના હાથ રૂપાળા
રૂપાળે હાથે પોંચી ખલે રે ખલંગી મણારાજ"

વડલો, પીપળો અને આંબો કદી બાગમાં હોય નહિ છતાં અહીં સોનેરી બાગમાં ઊભેલો વડલો ઓપી રહ્યો હોવાની કલ્પના કરવામાં આવી છે. પરંતુ મૂળ ઉદ્દેશ વરના અંગ ઉપાંગના રૂપના વખાણનો છે. વરના હાથ રૂપાળા છે, વરની ડોક રૂપાળી છે અને આ રૂપાળા અંગો પર સુવર્ણના અલંકારો ઓપી રહ્યા છે.

આવા રૂપાળા નમણાં વર માટે ઉનાળામાં વીંઝણો પણ જોઈએ ને?

આ વીંઝણો કોઈ સામાન્ય વીંઝણો નથી પણ -



"લીલુડો વાંસ, ઢળુંકલે ઢળીયો
ઈ રે વાંસડીયાનો વીંઝણો ઘડીયો
હરતલો ફરતલો હીરલે જડીયો
માણુ મોતી ને પાલી પરવાળે ભરીયો
ઈ રે વીંઝલડો અંકિતાના વરસુ ઘડીયો
લાવો લોટા ને સીસો નાળીયેરી સોટા
જેમ રે નાળીયેરી સોટા લેરડે જાય રે
તેમ રે અંકિતાના વર નીંદરે ઘેરાય રે
જેમ રે અંકિતાના વર નીંદરે ઘેરાય રે
તેમ રે દાદાજીના મનડાં હરખાય રે"

લોકકવિએ વીંઝણાનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે. વીંઝણો વાંસમાંથી ઘડેલો છે, પરંતુ માણું મોતી અને પાલી પરવાળાથી તે જડેલો છે.

(નોંધ : માણું અને પાલી એ અનાજનું વજન-માપ કાઢવાના પ્રાચીન ઘરેલુ સાધનો છે. જોકે, તે માપીયાં હવે વિનિમય વ્યવહારમાંથી નાબૂદ થઈ ગયાં છે.)

વરની જાન સીમાડે આવી પૂગી છે, તંબુ તણાઈ ગયા છે. વરરાજા અણવરને લઈને ફૂલવાડીમાં ઘુમી રહ્યા છે, ફૂલડાં ચૂંટી રહ્યા છે, અને આ ચૂંટેલા ફૂલનો માળણ ગજરો ગૂંથી લાવે છે, અને એ ગજરો કેવો શોભી રહ્યો છે? તો -

"ફૂલડાની વાડી વેગળી રે કોણ ઘોડીનો અસવાર
અસવાર દેવાંગભાઈ પાતળા રે વેડે ડોલરીયાના ફૂલ
તેનો ગૂંથે રે માળણ ગજરો રે ગજરો દેવાંગભાઈને હાથ
દેવાંગભાઈ રૂડા ને ગજરો શોભતો રે જો જો
ડોલરીયાના રૂપ-ફૂલડાની વાડી...
વેડે ચંપેલીના ફૂલ તેનો ગૂંથે રે માળણ મોડીયો રે
મોડીયો અંકિતા વહુને હાથ અંકિતા વહુ રૂડા ને મોડીયો શોભતો રે
જો જો લખેણીના રૂપ"

કવિએ લગ્નગીતમાં વર કરતા કન્યાના રૂપને અધિક દર્શાવી રૂપના મોંફાટ વખાણ કર્યા છે એટલું જ નહિ કન્યાને 'લાખેણી' કહી છે. કન્યાના રૂપના વખાણ કરતા કવિ બીજા ગીતમાં ઓર ખીલી ઊઠ્યો છે અને કન્યાનાં મુખ-ચહેરોને ચંદ્રમાના તેજ સમો ગણ્યો છે.

"બેનનું તેજ ભરેલું તાલકું રે
બેનનું મુખ ચંદરમાના તેજ
વારી જાવ વારી જાવ રુચિબેન તમારા રૂપને રે
બેનને ડોકે દોરો રે, સુવા લાખનો રે,
બેનને સોરસી પેર્યાની ઘણી હામ-વારી જાવ...
બેનને કાંડે પોંચો રે સુવા લાખનો રે,
બેનને મિંઢણ બાંધ્યાની ઘણી હામ-વારી જાવ..."



"કોઈ કે' વનમાં સૂરજ ઊગીયો
કોઈ કે' ચંદરમાના તેજ રે
નથી વનમાં રે સૂરજ ઊગીયો
નથી ચંદરમાના તેજ રે
ઘેડી પરણે રે જસમતભાઈ તણી
એની નગરીના તેજ રે,
કોઈ કે' વનમાં સૂરજ ઊગીયો
કોઈ કે' ચંદરમાના તેજ રે
નથી રે વનમાં સૂરજ ઊગીયો
નથી ચંદરમાના તેજ રે
ભત્રીજ પરણે ઘનશ્યામભાઈ તણી
એની નગરીના તેજ રે"

ઘર આંગણે દીકરીના લગ્ન થતાં હોય ત્યારે ચારે કોર ઓજસ પથરાઈ જતો હોય છે, પરંતુ કવિ એથીયે આગળ વધીને કહે છે કે, કન્યાના વિવાહ પ્રસંગે આખી નગરી (ગામ)માં તેજ પથરાઈ ગયાં છે અને તે તેજ સૂરજ-ચંદ્રમા જેટલા વર્તાઈ રહ્યાં છે. નગરી ઝાકમઝોળ થઈ ઊઠી છે. લગ્નનું ટાણું રાતનું છે છતાં જાણે સૂરજ ઊગ્યો હોય એમ દીસે છે : નગરીનો અર્થ અહીં ગામ થાય છે. કન્યા ભલે નાના સરખા ગામમાં રહેતી હોય પણ એના લગ્ન લેવાયા હોવાથી કવિએ નાના અમથા ગામને નગર કે નગરી કલ્પીને કન્યાના ગામનું મહત્ત્વ વધારી દીધું છે.

(નોંધ : ઘેડી એટલે પુત્રી, કન્યા, દિકરી એવો અર્થ થાય છે. દિકરીને લગ્નપ્રસંગે ગીતમાં ઘેડી કહેવામાં આવે છે.)

કન્યાનું માગું

કન્યા-દીકરી યુવાનીમાં ડગ માંડે એટલે તેના 'માગા' આવવા લાગે છે. એકબીજાને પસંદ પડી જાય તો આગળ સગપણ કરવાની વાત ચાલે છે અને સગાઈ નક્કી કરવામાં આવે છે, તે વખતે વરપક્ષવાળા શુકનમાં રૂપિયો અને નાળીયેર- શ્રીફળ આપી સગાઈ પાકી કરે છે. જો ઉભયપક્ષની અનુકૂળતા હોય તો સાથે ચૂંદડી પણ ઓઢાડી દેવામાં આવે છે.

દોરા ધાગાનો મહિમા

રૂપથી નીતરતી કેળના થંભ જેવી નમણી ને નાજુક કન્યા હોય અને તેના લગ્ન થતાં હોય ત્યારે એનું રૂપ નીરખીને કોઈની નજર લાગી જવાની ભીતિ એની સૈયરૂએ વ્યક્ત કરી છે, અને તેથી તેઓ કન્યાના દાદાને, કાકાને તથા વીરાને દોરો મંતરાવીને બે'નીના હાથે બાંધવાની શાણી સલાહ આપે છે :

"મારો લાલ જાંબુડા રંગનો વાટક્યો (૨)
વાટક્યો મેલ્યો છે માંડવા હેઠ વાટકડે રતન જડ્યા (૨)
બેનના દાદા જસમતભાઈ તમને વિનવું (૨)
બેનને દોરડીયો મંતરાવી બાંધો હાથ બેનીને નજરૂં લાગશે (૨)"

(નોંધ : દોરડીયો એટલે દોરો, મંતરાવી એટલે કોઈ તાંત્રિક કે બ્રાહ્મણ પાસે વિધિ કરાવીને)



વરનું સ્વાગત

"આઠસો કળશા નવસો ઝારીયું
આવા રૂડા રાયવર કેશરભીના સાજન આવશે
રૂચિબા બેની દાદાને વિનવે
દાદા મોરા મોટો માંડવ રોપે સાજન આવશે"

વર વાજતે ગાજતે તોરણ આવે ત્યારે માંડવા પક્ષની સ્ત્રીઓ વરના સામૈયા કરે છે. કન્યા લગ્ન માટે મોટો મંડપ રોપાવવાની દાદાને વિનવણી કરે છે. (સામૈયા વેળા ગવાતું આ ગીત છે. દાદા પછી કાકા, વીરા વગેરેના નામ લઈ ગીતને લંબાવી શકાય છે.)

"મારો માન સરીખો માંડવો
તમારી જોયા સરીખી જાન... પધારો પટેલીયા
તમને કીયા ભાઈ તે તેડા મોકલે
તમને કઈ બાઈ દેશે માન... પધારો પટેલીયા
તમને જસમતભાઈ તે તેડા મોકલે
તમને રેખાબાઈ દેશે માન... પધારો પટેલીયા

કન્યાના મનનું સમાધાન

જાનનું આગમન થાય તે પૂર્વે સહુ તેની રૂડી પરોણાગત કરવાની તૈયારીમાં લાગી જતા હોય છે. જ્યારે વરની પસંદગીમાં દાદાએ કોઈ ભૂલ તો નથી કરીને તેની ચોક્કસાઈ કરી લેવા ઉત્સાહઘેલી કન્યા ગઢના કાંગરા ઉપર ચઢીને હાથના નેજવા માંડી જાનની રાહ જોઈ રહી છે. એટલામાં વરના ગાડાંના બળદોની ઘુઘરમાળનો રણકાર કન્યાના કાને પડઘાય છે. વિહ્‌વળ બનેલી કન્યાએ નજીક આવતા વરને નિહાળ્યો તો તે થોડો ભીને વાન લાગ્યો! ચિંતામાં પડેલી કન્યા એના દાદાને પૂછે છે :

"ઊંચા ઊંચા રે દાદે ગઢડા ચણાવીયા
તીપે ઊંચેરા ગઢના કાંગરા
કાંગરે બેસીને બેની હંસાબા બોલીયા
કેટલેક આવે રે વર રાજીયા
પાનસે પાળા રે બેની સોળસે ચડીયાતા
ઘોડાની ઘુમણે રે વર રાજીયા
કેમ રે દાદા વર વાને શામળીયો
કેમ કરી મનડાં મનાવીએ
છેટે થો આવ્યો બેની રજે ભરાણો
રજનો ભરેલો રાયવર શામળો
કાહુડા ઘઉં રે બેની તારી જાને ખૂટવાડ્યા
તોયે નો રીઝયો વર રાજીયો
કંકુ ને કન્યા દાદે હંસાબેન દીધા
ઘમકે ને રીઝયો વર રાજીયો"

કન્યાના મનનું સમાધન કરતા દાદા જણાવે છે -

"છેટેથો આવ્યો બે'ની રજે ભરાણો
રજનો ભરેલા રાયવર શામળો...."

વર ગાડામાં બેસી દૂર ગામડેથી આવ્યો છે અને કાચા રસ્તામાં ગાડાના વેગથી ઊડતી રજથી તે આખો ભરાઈ ગયો હોવાથી શામળો લાગે છે

પણ દાદાના જવાબથી કન્યાને સંતોષ થતો નથી તેથી તે પોતાના ઘરની મેડીએ ચઢીને નિરીક્ષણ કરે છે અને કન્યાની ધારણાં મુજબ ખરેખર વર શ્યામવર્ણો છે એટલે તે દાદાને મીઠો ઠપકો આપતા કહે છે :

"તમે ચડો રે રૂચિબેન મેડીએ
રાયવર આવ્યા દાદાજીની ડેલીએ
દાદા અમે રે ગોરા ને રાયવર શામળા

ત્યારે દાદા દીકરીને સમજાવતાં કહે છે :

"બે'ની એના નો કરજો ઓરતા
બે'ની કાશીમાં કરશનરાય શામળા...."

બહેન એકલું રૂપ જ જોવાનું નથી પણ સાથે ગુણ પણ જોવા પડે. વર રૂપાળો જોઈને પસંદ કર્યો હોય પણ એનામાં સંસ્કાર કે ગુણ જ ન હોય તો શું કામનું? એટલે શામળો હોવાની ચિંતા ન કર પણ ગુણને મૂલવતા શીખો. કવિ અહીં કાળા અને ગોરા વચ્ચેનો ભેદ વર્ણવી શ્યામને પ્રાધાન્ય આપ્યું છે કારણ શ્યામવર્ણો એટલે શ્રીકૃષ્ણ, શ્યામ એટલે રણછોડરાય.

(નોંધ : આ ગીતમાં કાશીમાં કરશનરાય-કૃષ્ણ બિરાજતા હોવાનો ઉલ્લેખ થયો છે. પરંતુ કાશીમાં ભગવાન વિશ્વનાથ વિદ્યમાન છે. અહીં કાશી સાથેનો પ્રાસ બેસાડવા અભણ બહેનોએ કાશી સાથે કરશનરાયને સાંકળી લીધા છે, અને એ રીતે એનો અર્થ સારવ્યો છે.)

"ઊંચા ઊંચા રે દાદા ગઢડા ચણાવો
ગઢથી ઊંચેરા ગઢના કાંગરા
ગઢડે ચડીને મારા રૂચિ બહેને જોયું
આવતા દીઠા રે વર રાજીયા..."

લગ્નની જાન આવવાની તૈયારી છે એટલે જાનને જોવા હરખઘેલી બનેલી કન્યા દાદાએ ચણાવેલા ગઢના કાંગરા પર ચઢી ગઈ છે. જાનની રાહ જુએ છે એટલામાં દૂરથી આવતા વર રાજીયા જણાય છે. એટલે દીકરી ગઢથી ઉતરીને સીધી દાદા પાસે દોડી જાય છે અને જાનનો ઊતારો જાનૈયાને શોભે તે રીતે ઘર ઓરડે કરવા જ્યારે વરનો ઉતારો તો મેડીના મો'લે કરવા ભલામણ કહે છે :

"વરના જાનૈયા દાદા ઓરડે ઉતારો

મેડીના મો'લે રે વર રાજીયા...."

જાનૈયા કરતા વરનું મહત્ત્વ વિશેષ હોવાથી કન્યા જાનૈયાને સ્નાન કરવા માટે પાણીની સગવડ કરવા જ્યારે જેની સાથે હથેવાળો કરીને ભવ કાઢવાનો છે તે વરને નહાવા માટે પાણી નહિ પણ દૂધની વ્યવસ્થા કરવાની ભલામણ કરે છે :

"વરના જાનૈયા દાદા પાણીડે નવરાવો
દૂધડે નવરાવો રે વર રાજીયા...."



ગોર લટપટીયાં નહિ પણ ચટપટીયાં

"ગોર કરોને ઉકેલ ગોર લટપટીયાં
ગોરને નળીયા જેવું નાક ગોર લટપટીયાં
ગોરને સુપડાં જેવા કાન ગોર લટપટીયાં
ગોરને ફળીયા જેવી ફાંદ ગોર લટપટીયાં"

લગ્નવિધિ કરાવનાર ગોર મહારાજને ઉદ્દેશીને આલેખાયેલા ઉપરોક્ત ફટાણાં ગીતમાં "ગોર કરોને ઉકેલ ગોર લટપટીયાં..." એમ ગવાયું છે પરંતુ લટપટીયા શબ્દ પ્રયોગ ખોટો છે. ખરો શબ્દ છેઃ ચટપટીયાં અને એનો અર્થ છે કોઈને ચૂંટલી ખણવી, ચીપટી ભરવી. જો ગોર લગ્નમાં ઉતાવળ ન કરે તો માંડવામાં બેઠેલ સ્ત્રીઓ તેમને ચીપટી ભરીને ઉતાવળ કરવા માર્મિક ધમકી આપે છે એવું થાય છે અર્થઘટન.

પરંતુ ગોર મહારાજ કંઈ અણઘડ નથી. તે વિદ્વાન છે, શાસ્ત્રના જાણકાર છે કારણ બહેનોએ તેમના કાન, નાક તથા પેટ ગણપતિ જેવા કલ્પ્યાં છે. ફળીયા જેવી ફાંદ એટલે વિશાળ પેટ (લંબોદરાય) ગણપતિ સારી નરસી વાતો, ગુણ અવગુણ બધુ જ પેટમાં સમાવી દે છે. નળીયા જેવું નાક એટલે સૂંઢ જેવું નાક. સૂપડાં જેવા કાન એટલે હાથી જેવા કાન. ગણપતિ બધાના દુઃખ કાને ધરે છે અને વિઘ્ન હરે છે. ગોર જ્ઞાની હોવાથી લગ્નવિધિ એમની રીતે જ કરે એમાં 'ગોર કરોને ઉકેલ...' કહેવાની જરૂર નથી.

વર ચંદ્રવદન સોહામણો

લગ્ન વખતે સ્ત્રી હૃદયમાં ઘોળાતા મનોભાવ ગીતરૂપે વ્યકત થતાં હોય છે, એટલું નહિ ગીતમાં ગૂંથાતી કલ્પનાઓ તો વાસ્તવિકતાની વાડ ઓળંગી જતી હોય છે. 'વરને કોણ વખાણે તો કહેઃ વરની મા. વર ગમે તેવો હોય પણ માતાએ તો એના વખાણ કરવા જ ઘટે કારણ એ એની જનેતા છે. દીકરાના લગ્ન છે તેથી તેના વખાણ કરવામાં માતા ઓછી થોડી ઉતરે! હરખાતી માતા વરને કૃષ્ણ સાથે સરખાવીને ગીત ઉપાડે છેઃ

"આવે આવે વાસુદેવનો નંદ, પુનમ કેરો ચંદ, કે વર આવે રે અજવાળા..."

વરને જોઈને પ્રભાવિત બનેલી કન્યા શું કહે છેઃ

"ઈશ્વર સરખો રૂપે રૂડો, ભીમ સરખો બળે ભલો,
સૂરજ સરખો તેજે તપીઓ, ચંદ્ર સરખો નિર્મળો રે."

વરનું નખશીખ વર્ણન કરતા કન્યા ગીતમાં આગળ વધે છેઃ

"ચંદ્રવદન સોહામણો, એને કાને કરડા કેવડા, શીશમુગટ સોહામણો,
ભમરડી રે એની ભમ્મર ફરકે, આંખલડી રતનાવળી"

કન્યા આગળ કહે છે કે, દાદાએ તો મારા માટે રતન હીરલા જેવા વરની પસંદગી કરી છે! દાદા તો ખરેખર 'રતન પારખું' છે તેથી ગમે તેવો વર થોડા શોધે! ત્રિભૂવન મોહી પડે તેવો દેવ સમો વર શોધ્યો છે, એટલે હરખઘેલી કન્યા કહે છેઃ

"રતન પારખું મારો દાદો રે, એહ દાદે ઈ વર જોયો રે,
ઈ વર લાડીને સોયો રે, તેજે વર ત્રિભૂવન મોહે રે"

દાદાએ શોધેલો વર વાડીમાં ગહેંકતા રૂડા મોરલા જેવો છેઃ "દાદે વર જોયો વાડી માહ્યલો મોર રે..." એટલે દીકરી (કન્યા) સંપૂર્ણ સંતોષ અનુભવતા દાદાનો આભાર માનતી કહે છેઃ

"ધન્ય ધન્ય રે દાદા મારા, એણે એહ વર આણીયો,
તેડો તેડો જોશીનો બેટો રે સાજન મળી લગ્ન નિહાળે રે..."

ઘડીયા લગ્ન લેવાયાં છે એટલે ઉતાવળી બનેલી કન્યા ફોઈને અરજ કરતી કહે છેઃ **"ઊઠ ઊઠ ફઈ મુજ બાંધ કંકણ, જાન આવી ઢૂંકડી...."**

ગીત સાંભળીને મન બેઘડી પ્રભાવિત થઈ જાય તેવી અદ્‌ભૂત રચના છે આપણા લોકકવિની...!!

'મારો મા મારા વીર....!'

"ઝીણા મોતીની હાંસડી ને મોટા મોતીનો હાર,
ગોરા રેખાવોવ સજો શણગાર વિવા આવ્યાં ઢૂંકડા
શણગાર સજંતા ગોરી સૂઈ ગયાંને નો રાખી ઘરડાંની લાજ
ગોરા જસમતભાઈને ચડીયેલ રીસ, કાઢી છે ખાટલાની ઈસ,
ગોરીએ નાંખી છે ચીસ, માણસ જાગ્યા વીસ
મારો મા મારા વીર વિવા આવ્યા ઢૂંકડા
ઝીણા મોતીની હાંસડીને મોટા મોતીનો હાર
ગોરા દર્શનાવોવ સજો શણગાર વિવા આવ્યા ઢૂંકડા,
શણગાર સજંતા ગોરી સૂઈ ગયાંને નો રાખી ઘરડાંની લાજ
ગોરા વિનુભાઈને ચડીયેલ રીસ, કાઢી છે ખાટલાની ઈસ,
ગોરીએ નાખી છે ચીસ, માણસ જાગ્યા વીસ
મારો મા મારા વીર વિવા આવ્યા ઢૂંકડા....
ઝીણા મોતીની હાંસડીને મોટા મોતીનો હાર..."

દામ્પત્યજીવનમાં પતિ-પત્નીના ઝઘડા, રીસામણાં મનામણાં સહજ ઘટના છે. આંગણે લગ્નનો પ્રસંગ આવી રહ્યો હોય પતિ, પત્નીને ઝીણા મોટા મોતીમાંથી ઘડાવેલ હાર તથા હાંસડી પહેરી શણગાર સજવા જણાવે છે. શણગાર સજતા સજતા ગોરી (પત્ની)ને નિંદર આવી જાય છે. પતિનું કહ્યું ન કરવાથી પતિ તેના પર ગુસ્સે ભરાય છે અને તેને પાંસરી કરવા (મારવા) ખાટલાની ઈસ કાઢે છે. ઈસ જોતાં જ ગભરાઈ ગયેલી ગોરી મોટેથી ચીસ પાડી ઉઠે છે. સ્ત્રીની અચાનક ચીસ સાંભળીને પડોશીઓ સફાળા જાગી જાય છે. છેલ્લે નણંદ, ભોજાઈની વહારે દોડી આવે છે અને ભાઈને વારી, ભાભીને મારથી બચાવે છે. આ દ્વિરાગી ગીતમાં લોકકવિએ કેવી સુંદર શબ્દ ગૂંથણી કરી છે! કવિની આ લાગણીસભર રચના આપણને પણ ગોરીની વહારે દોડી જવા પ્રેરે છે....! ખરેખર આ ગીત પણ એક યોગગીત છે. એકબીજા શબ્દના પ્રાસના કારણે શ્વાસ સળંગ, અતૂટ ઘૂંટવો પડે છે.



પતિવ્રતા નારીનો મહિમા

"સતી રે સાવતરી રાણી અનસોયા જેવા,
સતીયુંના ધર્મ તમે પાળો રે
સતી રે સાવતરી રાણી અનસોયા જેવા

●

"સતી રે સાવિત્રી બે'ની અનસોયા જેવા
પતિના ધર્મ તમે પાળો રે...હંસાબહેન
ધર્મે મનુભાઈ સસરા પામ્યા..... સતી રે...."

સ્ત્રી ભલે અભણ હોય પણ એના વિચારો ને કલ્પનાશક્તિ કેટલી ઊંચી છે! અરે, પુરાણ પાત્રો સાવિત્રી અને અનસૂયા જેવી સતી આર્યનારીઓથી તે પૂર્ણ પરિચિત હોય તેમ તે આ ગીત પર જણાય છે. લગ્નમંડપમાં હથેવાળો મેળવી રહેલી કન્યાને આ બે મહાન પતિવ્રતા નારીઓની તેમના પતિ પ્રત્યેની અડગ ભક્તિ અને પતિધર્મનું અનુસરણ કરવાં લગ્નગીત દ્વારા શીખ આપવામાં આવી છે.



આર્યવર્તની પતિવ્રતા નારી સતી સાવિત્રી એવી હતી કે તેણીએ તપના બળે યમરાજનો પીછો કરી પતિ સત્યવાનને મુક્ત કરાવ્યો હતો. પતિ પરાયણ અને પતિવ્રતા નારીના દૃઢ મનોબળ, પરમ ધ્યેય અને પ્રભુ પરત્વેના ભવ્ય શ્રદ્ધેય ભાવની આ ભવ્ય કથા છે. સાવિત્રી રાજા અશ્વપતિ અને માતા માલતીની રાજકન્યા હતી. સાવિત્રીએ પોતાના સતીત્વના પ્રભાવના બળે પતિના આયુષ્યની રક્ષા કરી હતી. આ મહાન સતીને યાદ કરીને આજે પણ સ્ત્રીઓ વટ સાવિત્રીનું વ્રત કરીને પતિનું દીર્ઘાયુષ્ય ઈચ્છે છે. જ્યારે સતી અનસૂયા બ્રહ્માના માનસપુત્ર અત્રિની પત્ની હતી. આ મહાસતીની ખ્યાતિ ત્રિલોકમાં વ્યાપી ગઈ હતી. પતિવ્રતા સ્ત્રીને દેવ, દાનવ કે કાળ અધર્મયુક્ત કરવાને સમર્થ થતો નથી. જ્યાં શીલ અને ચારિત્ર્ય છે ત્યાં જ ધર્મ છે. અત્રિનું તપોબળ અને અનસૂયાના પતિવ્રત ધર્મના બળની તોલે કોઈ ના આવે!

(નોંધ : સાસરે સિધાવતી કન્યાને સાવિત્રી કે અનસૂયા જેવું નિર્મળ અને પવિત્ર જીવન જીવવા તથા પતિધર્મ પાળવા શીખ આપવામાં આવી છે.)

સુભદ્રાના વિવાહ

"નિંદર જાજો રે સરીકૃષ્ણને સેજ, નિંદરડી નેણ સોયામણી...."

ગામડાંની બહેનોએ શ્રીકૃષ્ણના સંસારી જીવનની કલ્પના કરી તેને પોતાના કુટુંબ પરિવાર સાથે વણી લઈ તે સંબંધી કેટલાક ગીતો રચ્યાં છે. રાધા આમ તો શ્રીકૃષ્ણની પ્રિયા હોવા છતાં એક પત્ની તરીકેનું માન સન્માન રૂક્ષ્મણિને આપી દઈ પોતાની આગવી સૂઝ છતી કરવાનો પ્રયાસ બહેનોએ કર્યો છે. 'રાધે બિન કૃષ્ણ આધે.' રાધા વિના કૃષ્ણને અધૂરા માનવામાં આવે છે. રાધા તો કૃષ્ણની પૂર્ણતાની પૂરક છે. તેથી 'રાધેશ્યામ' એમ કહેવાય છે. આ હકીકત ગામનારીઓ સારી પેઠે સમજે છે છતાં પત્ની તરકેનું સ્થાન તો રૂક્ષ્મણિને જ અર્પે છે. તેથી અહીં રાધાને નહિ પણ રૂક્ષ્મણિને વધાવી તેના રૂપના વખાણ કર્યા છે.

સુભદ્રા, શ્રીકૃષ્ણની બહેન છે અને તેના વિવાહ શ્રીકૃષ્ણના આંગણે થઈ રહ્યા હોવાનો મનોભાવ ઉપરોક્ત ગીતમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. આમ કોઈપણ પરિવારની દીકરીના લગ્ન થતાં હોય ત્યારે તે કન્યાને 'સુભદ્રા' કલ્પીને ગીત ગાવામાં આવે છે.

'તમને શીયે સુખે આવે છે નિંદરા,
આપણે ઘેર રે સુભદ્રાબેનના વિવા...."

સુભદ્રાબહેનના વિવાહ કરવાનો શ્રીકૃષ્ણને મન અતિ આનંદ છે, અને એ આનંદસુખે કૃષ્ણ ગાઢ નિંદરા માણી રહ્યા છે. રોજ પ્રભાતે નિંદરા પરહરી સ્વયં જાગી ઊઠતા કૃષ્ણ આજે રૂક્ષ્મણિના જગાડ્યા પણ જાગતા નથી. કેવો સુંદર ભાવ છે! રૂક્ષ્મણિને અહીં 'ગોરા' કહીને તેની સુંદરતા વધારવામાં આવી છે, માન વધારવામાં આવ્યું છે. પ્રભુ ભલે ભીને વાન રહ્યા પણ રૂક્ષ્મણિ તો ગોરા છે. :

"ગોરા રૂક્ષ્મણિ જગાડ્યા જાગે નય,
તમે સૂતા જાગો રે સુભદ્રાબેનના વીર..."

કૃષ્ણ રાધિકાના પતિ નહિ પણ પરમેશ્વર છે આમ છતાં, લોકકવિએ ક્યારેક 'સૂતા જોગા રે રાધિકાના કંથ' એમ કહીને રાધાનું મહત્ત્વ વધાર્યું છે!

અમદાવાદી બાજોઠ

લગ્નપ્રસંગે વપરાતો બાજોઠ લોક સંસ્કૃતિનું પ્રતિક છે. લગ્નમાં બાજોઠ વિના ન ચાલે. એટલે ગોરી અમદાવાદી બાજોઠ મંગાવવાની વાત કરે છે.

"અમદાવાદી સુતારી તેડાવો કે
રઢીયા બાજઠ લાવશે રે
બાજઠિયાને મેલો માંડવા હેઠ કે
આવતા સાજન પોઢશે રે
સાજનિયા તો કીયા બહેનના વીર કે
ચઢ્યા ઘોડે આવશે રે
ઘોડલિયાને બાંધો ઘોડાહાર્ય કે
બળદુને બાંધો ઓરડે રે
ઘોડલિયાને પાજો નિર્મળ નીર રે
બળદુને પાજો તેલડાં રે"



ઉક્તગીતને સમજાવતા કાલીદાસ સોલંકી નોંધે છે કે, માંડવે મલપતા સાજન માજનની રૂડી પરોણાગત કરવાની-સાચવવાની ભાવનાનું સુરેખ દર્શન કવિએ કરાવ્યું છે. અંતરના ઉમળકાથી અતિથિ સત્કાર કરવાના સંસ્કાર લોહીમાં ઉતર્યા છે એને અહીં વાચા મળે છે. મહેમાનોને દિલ ભરીને માનપાન મળે છે. મુંગા પ્રાણીઓ ઘોડા અને બળદોની ચાકરી કરવામાં કોઈ મણા રાખવામાં આવતી નથી.

જ્યારે બાજોઠ-બાજોઠીનું વર્ણન કરતા જાણીતા લોક સાહિત્યકાર જોરાવરસિંહ જાદવ 'લોક સંસ્કૃતિ'ના પ્રતિકોમાં નોંધે છે કે, લગ્ન સંસ્કારના આગવા પ્રતિક બાજોઠ-બાજોઠીથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. લગ્નપ્રસંગે વરકન્યા ઊંચા આસને બેસીને પરણે તે હેતુથી વરમાચી અને બાજોઠનો ઉપયોગ શરૂ થયો હોવાની કલ્પના કરી શકાય. પાછળથી લોક કલાકારોમાં તેના

આંગળા, ઘાટ, ઘડતર અને જડતર કર્યા છે. વર વિના જાન જાય તો બાજોઠી વિના લગ્ન થાય. કન્યાના માંડવે બાજોઠીની જરૂર પડે જ. વરરાજા માટે સાંગામાચી વપરાતી.

માંડવા હેઠ વરમાંચી અને બાજોઠીની જરૂર પડે જ. માંડવા હેઠ વરમાંચી અને બાજોઠી ઢળાતી એના પર રજાઈ પાથરવામાં આવતી. વર, કન્યાને પીઠી પણ બાજોઠે બેસાડી ચોળવામાં આવે છે. લગ્નપ્રસંગે ગણેશનું સ્થાપન પણ બાજોઠ પર કરવામાં આવે છે. વર-કન્યા બાજોઠ પાસે બેસે છે.



છપ્પન પાયાળો બાજોઠ

"વીરા છપ્પના પાયાળો બાજોઠ રંગત ઢોલણી રે
વીરા બાજોઠે બેસીને નાય ઝુજણ ધોતીયા રે
વીરા તમારા સસરા તરજાત કેમ કરી પરણશો રે
વીરા જસમતભાઈ દાદા લેશું સાથ ભલી ભાતે પરણશું રે
વીરા છપ્પન પાયાળો બાજોઠ રંગત ઢોલણી રે...
વીરા તમારા કાકાજી તરજાત કેમ કરી પરણશો રે
વીરા વિનુભાઈ કાકા લેશું સાથ ભલી ભાતે પરણશું રે
વીરા છપ્પન પાયાળો બાજોઠ રંગત ઢોલણી રે...
વીરા તમારા સાળા તરજાત કેમ કરી પરણશો રે,
વીરા રૂપૈયા લેશું સાથ ભલી ભાતે પરણશું રે
વીરા છપ્પન પાયાળો બાજોઠ રંગત ઢોલણી રે..."

લગ્ન તો આપણું આનંદ લ્હાણું છે. લગ્ન વેળા લગ્ન પ્રતીકોની જરૂર પડે, અને તેના વિના લગ્ન અધૂરા ગણાય. વર જે બાજોઠ પર બેસીને અંઘોળ કરી રહ્યા છે તે બાજોઠ છપ્પન પાયાવાળો હોવાની કવિએ કલ્પના કરી છે. 'વીરા છપ્પન પાયાળો બાજોઠ....' આ બાજોઠે બેસીને વીરા નાવણ કરી રહ્યાં છે. અહીં વીરાના લગ્ન થઈ રહ્યા છે, પીઠી પછી તે અંઘોળ કરી રહ્યો છે.

દૂધે ભરી તલાવડી

"દૂધે ભરી તળાવડી રે
મોતીડે બાંધી પાળ, ઈશ્વર વીવા આદર્યા...
ઈશ્વર ધૂએ ધોતીયા
પાર્વતી પાણીની હાર-ઈશ્વર વીવા આદર્યા...
હળવા ધૂઓ રે સ્વામી ધોતીયા,
ભીંજાય મારા સોળેરા ચીર ઈશ્વર, વીવા આદર્યા...
દેવાંગભાઈ ધૂએ ધોતીયા
અંકિતા વહુ પાણીની હાર, ઈશ્વર વીવા આદર્યા...
હળવા ધૂઓ રે સ્વામિ ધોતીયા,
ભીંજાય મારા સોળેરા ચીર, ઈશ્વર વીવા આદર્યા..."

આંગણે લગ્ન લીધા હોય ત્યારે પ્રથમ ગણેશ, ઈશ્વર-પાર્વતી, રામ-સીતા તથા રાધા-કૃષ્ણને સમરવામાં આવે છે. ઉપરોક્ત ધોળગીતમાં લોકકવિએ ઈશ્વર-પાર્વતીના વિવાહની અદ્દભૂત કલ્પના કરી છે! કોઈ પરિવારનું યુગલ પરણતું હોય ત્યારે જાણે ઈશ્વર-પાર્વતીના લગ્ન થતાં હોય તેવી કલ્પના ગીત દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.



ઈશ્વર-પાર્વતીના લગ્ન થઈ રહ્યાં છે. લગ્ન પૂર્વે મિંઢળબંધી પાર્વતી બેડાં લઈને પાણી ભરવા માટે તલાવડીના તીરે જાય છે. પાણી ભરવા જવાનું તો પાર્વતીનું આ એક માત્ર બહાનું હતું પણ વાસ્તવમાં તે પોતાના થનાર પ્રિયતમ શિવને મળવા જવા માટે ઉત્સુક બની હતી તેથી પાણી ભરવા જવાને બહાને પ્રભુના દર્શન થઈ જાય!

યોગાનુયોગ ઈશ્વર (શિવ) ત્યારે તલાવડીની પાળે બેસીને ધોતીઆં-કપડાં ધોઈ રહ્યા હતા. કપડાં છબછબાવતા તેમાંથી પાણીના છાંટા ઊડે છે અને તે પાર્વતીજીના સોળેરા ચીર પર પડે છે તેથી તે ભીંજાય

જાય છે. એટલે કહે છે :

"હળવા ધૂઓને સ્વામી ધોતીયા, ભીંજાય મારા સોળેરા ચીર..."

ભગવાન ભોળાનાથ જયાં કપડાં ધૂએ છે તે તલાવડી કંઇ પાણીથી ભરેલી નથી પણ દૂધે ભરેલી છે. જો તલાવડી દૂધથી ભરેલ હોય તો તેની પાળ પણ કંઇ ધૂળ-ઢેફાં કે પથ્થરથી બાંધેલ ન હોય, પણ 'મોતીડે' બાંધેલ છે! "દૂધે ભરી તલાવડી રે મોતીડે બાંધી છે પાળ" (નોંધ : ઉપરોક્ત ગીતના રસાસ્વાદથી આપણને કેટલો આનંદ ઉપજે છે!)

(વિશ્લેષણ : શ્રીમતિ રેખાબહેન જસમતભાઈ વીરડિયા)

●

રાજારામની વાડીના લીલા લવીંગ

"રાજા રામની વાડીમાં લીલા રે લવીંગડા,
તીખા લવીંગ ને ટાઢી એળશી
જસમતભાઈના મોભી ચાવી રે બતાવો,
તીખા લવીંગ ને ટાઢી એળશી
રાજા રામની વાડીમાં..
વિનુભાઈના ભત્રીજ ચાવી રે બતાવો,
તીખાં લવીંગ ને ટાઢી એળશી,
રાજા રામની વાડીમાં..."

વાડી ભલે આપણી હોય પણ લગ્ન પ્રસંગે ગવાતા ઉપરોક્ત ગીતમાં વાડી ભગવાન રામચંદ્રની હોવાની કલ્પના કરવામાં આવી છે. એ રાજારામની વાડીમાં લીલી લવીંગ અને એલચી પાકી છે- ફાલીફૂલી છે. ઘરના મોભી સમાન દીકરાના લગ્ન છે. તેથી રાજારામની વાડીના લવીંગ-એલચી મુખવાસરૂપે ખાવા-ચાવવા વરરાજાને કહેવામાં આવે છે. ભાઈ, ઘરનાં મોભીના લગ્ન છે માટે લવીંગ, એલચી સામાન્ય હાટના નહિ પણ રાજારામની વાડીના જ હોય ને ! લગ્ન પ્રસંગે વરનું મહત્ત્વ વધારવા માટે રામની વાડીના લવીંગની કલ્પના કરવામાં આવી છે.

(વિશ્લેષણ : શ્રીમતિ અંકિતાબહેન દેવાંગભાઈ વીરડિયા)

સસરા આણે આવ્યા મારી ઓછી ઉંમરમાં...

"વાછરું શોભે વાડીના વડ હેઠ જો, દીકરી શોભે સૈયર સાસરે...
દાદા ચાલ્યા બવળી બજાર જો, ત્યાંથી લઈ આવ્યા નવરંગ ચૂંદડી
દાદા મોરા ચૂંદડીયું ના હોરો જો, ઓછી ઉંમરમાં નય જાવ સાસરે
ઘેલી દીકરી ઘેલડિયા શું બોલો જો, મોટાના છોરું શોભે સાસરે
મંડપ સુધી માતાજીનો સાથ જો, ડેલીએ વળાવા દાદા આવશે
ડેલી સુધી દાદાનો સાથ જો, શેરી વળાવા સૈયર આવશે
શેરી સુધી સૈયરુંનો સાથ જો, પાદર વળાવા ભોજાઈ આવશે
પાદર સુધી ભોજાયુંનો સાથ જો, સીમડી વળાવા વીરો આવશે
ત્યાંથી દેખ્યો બે'નીબાનો દેશ જો, દેશ દેખીને વીરો રડી પડ્યો
રોમા રોમા માડી જાયા વીર જો, સાસરીયાના તેડાં પાછા નય વળે
તૂટી તૂટી નણંદ ભોજાયની જોડ જો, તૂટી ઈંઢોણી ફૂટયાં બેડલાં
વાછરું શોભે વાડીના વડ હેઠ જો, દીકરી શોભે રે સૈયર સાસરે..."

એક જમાનામાં બાળલગ્નનો રીવાજ પ્રચલિત હતો. વયમાં પરીપક્વ ન હોય તેવા અણસમજું દીકરા-દીકરીને પરણાવી દેવામાં આવતા હતા. પરિણામે આવા બાળલગ્નોથી કેટલીક સામાજિક સમસ્યાઓ સર્જાતી હતી અને સ્વાર્થી માતા-પિતા તથા દીકરા-દીકરીએ તેના ફળ ભોગવવા પડતા. આમ તો આ એક દેખીતો કુરીવાજ હતો. છતાં અજ્ઞાનતાને કારણે આવા લગ્નો થતા.

"દાદા મોરા ચૂંદડીયું ના હોરો જો, ઓછી ઉંમરમાં નય જાવ સાસરે..."

દીકરીને તેના દાદા સાસરે વળાવવાની તૈયારી કરે છે, ત્યારે દીકરી પોતે હજુ નાની હોવાથી સાસરે જવાની ના પાડે છે. જો કે દીકરી બાળ વયની હોવા છતાં શાણી છે, સમજુ છે તેથી આડકતરી રીતે આવા બાળલગ્નનો અહીં મૂક વિરોધ દર્શાવે છે. લોકકવિની આ ઉક્તિ સમાજ માટે કેટલી સૂચક છે! (નોંધ : ગીત કંથસ્થ : શ્રીમતી ભારતીબેન અશ્વિનભાઈ સાવલિયા)

આપણા એક લોકગીતમાં પણ આવો જ એક ભાવ કવિએ હૈયાવેદના

રૂપે રજૂ કર્યો છે :

"સસરો આણે આવ્યો મારી ઓછી ઉંમરમાં
સસરા ભેળી નય જાવ, ઘેરે સાસુડી છે ભૂંડી
મને દળણું મેલે સૂંડી, મારી ઓછી ઉમરમાં."

દીકરી ઓછી ઉંમરની છે એટલે તે સાસરે જવાની ના પાડે છે પરંતુ તે ઉંમર લાયક થતાં પટ દઈને પતિ ભેળી સાસરે જવા તૈયાર થઈ જાય છે :

"પરણ્યો આણે આવ્યો મારી પૂરી ઉંમરમાં
પરણ્યા ભેળી ઝટ જાઉં મારી પૂરી ઉમરમાં.."

લોકગીતો કે લગ્નગીતો સમાજજીવનની ખરેખર આરસી છે. આ ગીતોને ઊંડાણથી સમજવામાં આવે તો તેમાં લોકજીવનનો પ્રાણ, આશા અપેક્ષા, ઉલ્લાસ, વેદના-કરુણતાને ધબકતાં અનુભવી શકાય છે.

"ઘણાં ભર્યા પિયરીયાના પાણી રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું
દાદાના લાડકવાયા, માતાના લાડકવાયા,
મોટાબાએ ખોળે શ્રીફળ નાખ્યા રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું...
ઘણાં ભર્યા પિયરીયાના પાણી રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું...
કાકાના લાડકવાયા, કાકીના લાડકવાયા,
ફઈબાએ ખોળે શ્રીફળ નાખ્યા રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું...
ઘણાં ભર્યા પિયરીયાના પાણી રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું...
ભાઈના લાડકવાયા, ભાભીના લાડકવાયા,
મોટાબેને ખોળે શ્રીફળ નાખ્યા રે રૂચિબેન સાસરું સાવ અજાણ્યું...

●

"પિયરીયું અત વહાલુ કે નૈ જાઉં સાસરીએ રે,
સાસરીયે જાઉં તો મારા સસરાજી ભૂંડા,
ઘડી ઘડી ઘૂંઘટા કઢાવે કે નૈ જાઉં સાસરીએ
સાસરીએ જાઉં તો મારા સાસુજી ભૂંડા
ઘડી ઘડી દળણાં દળાવે કે નૈ જાઉં સાસરીએ"

પિયર દરેક દીકરીને વહાલુ લાગે એ સહજ છે પરંતુ સંસારી જીવનમાં

એવી વહાલપનું કશું મૂલ્ય નથી. 'પિયરીયું અતિ વહાલુ કે નૈ જાઉં સાસરીએ' ઉંમરલાયક થયે એક ને એક'દિ દીકરીએ સાસરે જવું પડે છે.

લાજ કાઢવાનો રીવાજ આજે નીકળી ગયો છે. વહુવારુ હવે સ્વતંત્ર બની છે. કેટલીક મર્યાદાઓ ઓછી થઇ છે. એક સમય એવો હતો કે લગ્ન બાદ વહુએ ઘુંઘટમાં જ ઢંકાઇને રહેવું પડતું હતું.

સ્ત્રીને મનગમતું સાસરું મળી જાય પછી તો કહેવાનું જ શું રહે! સાસરામાં પૂર્વ ભવના માત-પિતા સમાન સાસુ-સસરા હોય, અષાઢી મેઘ જેવો માનવંતો જેઠ હોય અને એમાંય જેઠાણી પણ વાદળ વીજળી જેવી હોય, ઘરનું તમામ કામકાજ વીજળીવેગે કરી દેતી હોય અને જ્યાં વાદને કોઇ અવકાશ ન હોય પછી એ ઘર નહિ પણ એક મંદિર બની રહે છે. કવિએ અહીં સાસરીયાનું કેવું સુરેખ વર્ણન કર્યુ છે :



"આસો માસો શરદ પુનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં
સસરો મારો ઓલ્યા જનમનો બાપ જો
સાસુડી રે ઓલ્યા જનમની માવડી
જેઠ મારો અષાઢીલો મેઘ જો,
જેઠાણી ઝબૂકે રે વાદળ વીજળી"

આદર્શ સાસરામાં જ્યાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી સારા હોય ત્યાં પતિ પણ સંબંધે ચઢીયાતો જ હોય.

"પરણ્યો મારો સગી નણંદનો વીર જો,
તાણીને બાંધે રે નવરંગ પાઘડી."

એટલે ગોરી વરના વખાણ કરતા થાકતી નથી.

કવિએ અહીં પતિની એક 'રંગભર રસિયા' તરીકે કલ્પના કરી છે, જ્યારે વહુને 'રાણી રાજવણ' કહી છે. કવિ અહીં પિયરીયા વા'લા કે સાસરીયા વહાલા એવો પ્રશ્ન ગોરીને પૂછે અને ગોરી પણ એનો ઉત્તર નિખાલસ રીતે વાળે છે.

"એક રંગભર રસિયે પૂછિયું
રાણી રાજવણ રે તને વા'લુ કોણ
રાતી રંગ ચૂડી લ્યો
સાસરીયામાં વા'લો મારો સસરો
મહિયરીએ રે મને વા'લો બાપ
રાતી રંગ ચૂડી લ્યો
સાસરીયામાં વા'લી મારી સાસુડી
મહિયરીએ રે મને વા'લી મા
રાતી રંગ ચૂડી લ્યો"

જે વહુવારુ સાસુ-સસરા અને માતા-પિતા પ્રત્યે કોઈપણ બાબતે ભેદ ન રાખે અને સમાન ગણે તો એનો સંસાર સોળે કળાએ ખીલી ઊઠે છે.





"સાવ રે સોનાની મારી પાલખી
આવી છે વીડિયા કૂળમાં ભેટ રે, ઘેરે અંકિતાવોવે ઝઘડો માંડીયો
એના સ્વામી પાલખડી મૂલવાવો રે, હિંચોળે આવે નિંદરા
ચાર પાયે પૂતળીયું કોરાવો રે, વાતુએ આવે નિંદરા
ઓશિકે આભલા ટંકાવો રે, ઝબકારે આવે નિંદરા
પાલખીમાં પુત્ર સૂવડાવો રે, નિરાંતે આવે નિંદરા
ઓશરીયે ઊભા કીયાબે'ન બોલીયા
નથી આપણા કૂળમાં રીવાજ રે, વીરા પાછી વાળો પાલખી રે
ઓરડે ઊભા અંકિતાવોવ બોલીયા
નય દવ કાપડાંની કસ રે, નય તેડું નણદલ આંગણે
મેડીએ ઊભા કીયાભાઈ બોલીયા
હાર ને હાંસડી પે'રે મારી બે'ન રે નય મળે ચૂડલીની ચીપ
વહુવારું વારો તમારી જીભને રે."

વરણાંના વખાણ

"એક સોનલા થાળી સોને ભરી
મારી રૂપલા થાળીનો મેમાસ વરણું રે સવા લાખનું
વેવાણ કરો મારા વરણાંના વખાણ
વરણું રે સવા લાખનું....
મારે જસમતભાઈનું હોરેલ વરણું, મારે નાનુભાઈના ખરચેલ ધન
વરણું રે સવા લાખનું...
વેવાણ કરો મારા વરણાંના વખાણ
વરણું રે સવા લાખનું...
મારે વિનુભાઈનું હોરેલ વરણું, મારે નાનુભાઈના ખરચેલ ધન
વરણું રે સવા લાખનું...
વેવાણ કરો મારા વરણાં વખાણ
વરણું રે સવા લાખનું..."

કન્યા માટે વરપક્ષ તરફથી ચાર જોડી કપડાં, દરદાગીના સૌંદર્ય પ્રસાધનો વગેરે ભેટ આપવામાં આવે છે. આ ચઢાવાને વરણું કહેવામાં આવે છે લગ્નવિધિના આરંભે લગ્નમંડપમાં એક મોટા થાળમાં કન્યા માટેના વસ્ત્રો ગોઠવવામાં આવે છે, તેને છાબ ભરી તેમ કહેવાય છે. આ વિધિ આમ તો સાવ નાની છે પણ તેનું મહત્ત્વ વિશેષ છે. કન્યાના માતા, કાકી, ભાભી વગેરે વારાફરતી છાબને વધાવે છે.



"વેવાણ કરો મારા વરણાંના વખાણ,
વરણું રે સવા લાખનું"

આ વરણું કંઈ સામાન્ય નથી પણ કિંમતી છે, તે સવાયું છે સવા લાખનું છે તેવો ભાવ વરની માતા તરફથી ઉક્ત ગીતમાં વ્યક્ત કરાયો છે.

સોનીડા તારું સોનુ છે સવા લાખનું...

દીકરી દાદાને ખૂબ વહાલી હોય છે. દાદા દીકરીને નાનપણમાં અતિ લાડ લડાવે છે, લાડકોડથી ઉછેરે છે. દાદા દીકરીની આશા પૂરી કરે છે અને દીકરી જે માંગે તે તેને અપાવે છે. દીકરી દાદાને ખોળે બેસી જાય એટલે દાદા તેના મનોભાવ સમજી જાય છે કે એને કંઈ જોઈએ છીએ. દીકરી પર દાદાનો અદકેરો ભાવ હોય છે. દાદા તેના પર સદા વહાલ વરસાવતાં રહે છે. દીકરીને ક્યારેક મનગમતી વસ્તુ જોઈતી હોય તો તે માટે તે હઠ પણ કરે છે અને દાદા હસતા હસતા તેની માંગણી સંતોષે છે.

દીકરીને અહીં ઘુઘરી ખૂબ વહાલી છે એ ઘુઘરી કોઈ સામાન્ય નથી પણ સોનાની છે. આવી ઘુઘરી રમવાના દીકરીને કોડ જાગ્યા છે તેથી દીકરી ઘુઘરી ઘડાવી દેવા દાદાને વિનવે છે. દીકરી લાડકી છે :

"લાડકી હોય તો લાડ લડાવો, કાંઈ ઘાટ ઘડાવો
વળાવો બહેનને સાસરે રે..."

પ્રસ્તુત ગીતમાં દીકરી પ્રત્યેનો દાદાનો લાગણીભાવ વ્યક્ત થતો જણાય છે :

"મારી સાવ રે સોનાની ઘડાવો ઘુઘરી
અમને ઘુઘરી રમવાની ઘણી હોંશ, ઘડાવો અમને ઘુઘરી....
રુચિબેન દાદાને ખોળે જઈ બેઠા
દાદા ઘુઘરી રમવાની અમને હોંશ, ઘડાવો દાદા ઘુઘરી....
દાદાએ સૂતા સોનીડા જગાડીયા,
સોનીડા તારું સોનું છે સવા લાખનું, તેની ઘડ્યે સારી એક ઘુઘરી
રુચિબેન ઘુઘરી લઈને રમવા નીસર્યા
ઘુઘરી પડી છે વિપુલ જમાઈને હાથ, ઘડાવો દાદા ઘુઘરી....
વિપુલ જમાઈ એના દાદાને ખોળે જઈ બેઠા
દાદા ઘુઘરી રમવાની અમને હોંશ, ઘડાવો દાદા ઘુઘરી...
દીકરી મોટાના છોરું રમે ઘુઘરી
દીકરા નાનાના છોરું ઝોલા ખાય, નય ઘડાવું તમને ઘુઘરી
મારી સાવ રે સોનાની ઘડાવો ઘુઘરી..."

આવ્યા આવ્યા મલબારી વા'ણ....

"આવ્યા આવ્યા મલબારી વા'ણ, ભેળા આવ્યા ખારવા રે
ખારવાને ખીર ને ખાંડ, મલબારીને લાડવા રે
મોટેરા તો ગયા છે પરદેશ, માંડવ કોને તેડશું રે
મોટેરા છે રેખાબાઈના કંથ, જસમતભાઈને તેડશું રે
આવ્યા આવ્યા મલબારી વા'ણ.....
નાણાળા તો ગયા છે પરદેશ માંડવ, કોને તેડશું રે
નાણાળા છે હર્ષાબાઈના કંથ, ઘનશ્યામભાઈને તેડશું રે
આવ્યા આવ્યા મલબારી વા'ણ....
અંતરીયા તો ગયા છે પરદેશ, માંડવ કોને તેડશું રે
અંતરીયા છે અંકિતાવોવના કંથ, દેવાંગભાઈને તેડશું રે
આવ્યા આવ્યા મલબારી વા'ણ...."

દેશના બંદરીય શહેરો પરદેશ ગણાતાં હતાં. તે જમાનામાં આજના જેવો ઝડપી વાહન વ્યવહાર જ નહોતો. ત્યાં જવા આવવા માટે મોટે ભાગે વહાણનો ઉપયોગ થતો હતો. કેટલાક લોકો કમાવા માટે મોટા શહેરોની ખેપ મારતા હતા. માંડવો નાખે ત્યારે ગવાતાં ઉપરોક્ત લગ્નગીતમાં મલબારના વહાણની કલ્પના કરવામાં આવી છે. ઘરનો મોભી કમાવા માટે વહાણે બેસીને મલબાર ગયો છે. તેના લગ્ન લેવાયા હોવાથી તે મલબારી વહાણમાં ઘરે પાછો આવે છે. તેની ભેળા મલબારી માલમ છે અને સાથે મલબારી ખારવા પણ છે. આ મલબારી માલમ અને ખારવા મોભીને મૂકવા માટે આવ્યા હોવાથી તે લગ્ન પ્રસંગમાં અતિથિ બન્યા છે તેથી હરખાઈ ગયેલી વરની



માતા જેને જે છાજતું તે રીતે ખારવા કે જે શ્રમજીવી છે તેને ખીર ને ખાંડ પીરસે છે જ્યારે વહાણવટી કે જે વહાણનો માલિક છે તેને લાડવા જમાડે છે! છતાં અહીં 'એકને ગોળ ને બીજાને ખોળ'નો કોઈ ભેદભાવ કે વેરો આંતરો નથી. સહુને સરખા ગણવામાં આવ્યા છે. જેના લગ્ન થતા હોય તે યુવાનને અંતરીયા અથવા ડોલરીયા તરીકે નવાજવામાં આવે છે, કારણ લગ્નમાં

એ સુગંધ પ્રસરાવતો હોય છે. આ યુવાન કમાવા માટે પરદેશ ગયો છે અર્થાત્ તે મલબાર ગયો છે અને ત્યાંથી ધન કમાઈને પાછો વળે છે અને તેના ઘડીયા લગ્ન લેવાયા છે, તે દર્શાવવાનો કવિનો ભાવ છે.

નોંધ : ગીતની રચના કરનાર બહેને કદી મલબાર પ્રદેશ જોયો નહોતો. માત્ર નામ સાંભળ્યું હશે પણ એ કલ્પનાની પાંખે ઊડીને દક્ષિણના મલબાર સુધી પહોંચી ગઈ છે! **(ગીત કંઠસ્થઃ શ્રીમતિ ઈલાબહેન ભરતભાઈ સુતરીયા)**



કોડ કોણ પૂરે રે લોલ....

"મા તે જીવીને જન્મ મને દીધો
કે દીકરી કોણે કીધી રે લોલ
મા હું તો વીરડિયા કૂળમાં રહેતી
માંગુકિયા કેમ રહું રે, લોલ
મા મને દાદાના લાડ યાદ આવે
કે કોડ મારા કોણ પૂરે રે લોલ
મા તે જીવીને જન્મ મને દીધો
કે કોડ મારા કોણ પૂરે રે લોલ
મા મને વીરાના લાડ યાદ આવે
કે કોડ મારા કોણ પૂરે રે લોલ
મા તે જીવીને જન્મ મને દીધો..."

દીકરી પારકી થાપણ છે. પરણ્યા પછી તે બીજાના અધિકારની વસ્તુ બની જતી હોય છે. સાસરે ગયા પછી એની નવી દુનિયા ઊભી થાય છે. દીકરી સાસરે જાય એટલે તેની આખી અટક બદલાય જાય છે! દીકરી મીઠેરી મૂંઝવણ અનુભવતી કહે છેઃ હું તો 'વીરડિયા' કૂળની છું પણ સાસરે 'માગુંકિયા' અટકનો સ્વીકાર મારે કઈ રીતે કરવો! શાણી દીકરી આ બધુ જાણે છે, સમજે છે. આ તો માત્ર કહેવા ખાતર કહે છે. સાસરે જવામાં દીકરીનો મહાન ત્યાગ રહેલો છે તે દર્શાવવા માટેનો ઉદેશ છે. કવિએ 'અટક' બાબતે કેવો મનોભાવ વ્યકત કર્યો છે!

રસીયા કેમ આવું મંડપ હેઠ...

"રસીયા મંડપ હેઠ સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ,
દેર ઝાલે દીવડો નણંદી સિંચે તેલ
દાદા રે ઊભા છે મારી માતા રે ઊભા છે
સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ
સાડી ઉપર સેલા ગોરી તમે પાનેતર પે'રીને આવો
રસીયા મંડપ હેઠ
રસીયા મંડપ હેઠ સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ
દેર ઝાલે દીવડો નણંદી સિંચે તેલ....
કાકા રે ઊભા છે મારી કાકી રે ઊભા છે
સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ
હાર ઉપર હાંસડી ગોરી તમે મોડીયો બાંધીને આવો
રસીયા મંડપ હેઠ
રસીયા મંડપ હેઠ સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ,
દેર ઝાલે દીવડો નણંદી સિંચે તેલ...
મામા રે ઊભા છે મારી મામી રે ઊભા છે
સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ
પોંચા ઉપર પોંચી ગોરી તમે મીંઢળ બાંધીને આવો
રસીયા મંડપ હેઠ
રસીયા મંડપ હેઠ સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ,
દેર ઝાલે દીવડો નણંદી સિંચે તેલ...
વીરા રે ઊભા છે મારી ભાભી રે ઊભા છે
સ્વામીનાથ કેમ આવું મંડપ હેઠ,
સડા ઉપર ઝાંઝરી ગોરી તમે ચંપલ પે'રીને આવો
રસીયા મંડપ હેઠ
રસીયા મંડપ હેઠ સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ
દેર ઝાલે દીવડો નણંદી સિંચે તેલ...

ઘરના વડીલોની મલાજા, મર્યાદા જાળવવાના સંસ્કાર દીકરીને નાનપણથી જ અપાતા હોય છે, અને લજ્જા એ તો સ્ત્રીનું આભુષણ છે. એક જમાનો એવો હતો કે વડીલો ઘરની બહાર બેઠા હોય ત્યારે દીકરી શરમને કારણે ઉંબરા બહાર પગ ન મૂકતી, એ વડીલોને જોઈને શરમ અનુભવતી હતી. આ રીતે તે માતા, પિતા, કાકા-કાકી અને ભાઈ-ભોજાઈ વગેરેનું માન જાળવતી હતી. ઉપરોક્ત ગીતમાં બે વસ્તુઓનો કવિએ ખાસ ઉલ્લેખ કર્યો છે : એક તો આપણાં પરંપરાગત જૂનાવાણી ઘરેણાં અને બીજી છે મર્યાદા. દીકરી ઘરની મર્યાદા જાળવતી હતી. એ જ રીતે આ ગીતમાં વડીલોની મર્યાદા જાળવવા પર ભાર મૂકાયો છે.

'દાદા રે ઊભા છે મારી માતા રે ઊભા છે
સ્વામી નાથ કેમ આવું મંડપ હેઠ..."

દીકરીના લગ્ન છે છતાં પણ તે દાદા, માતા, કાકા, કાકી વગેરે બહાર બેઠેલા હોવાથી શરમને કારણે મંડપમાં આવવાની ના પાડે છે! દીકરીએ અહીં લગ્ન કરતાં લજ્જા, મર્યાદા, ઈજ્જત અને આબરુને મોટી ગણી છે. આવા ઉજ્જવળ સંસ્કારને આજ શિક્ષિત દીકરી જો અનુસરે તો અનેક અનર્થો નિવારી શકાય.

•

સૂર્યદેવ ઝબકીને જાગ્યા

"નાગદેવ પાતાળે જઈ પોઢ્યા,
સૂર્યદેવ ઝબકીને જાગ્યા, કાલે સવારે રૂચિબેનનો માંડવો
એના દાદાને તેડાવો, દાદા લગનીયા લખાવે,
માતા મોતીડે વધાવે, કાલે સવારે રૂચિબેનનો માંડવો
નાગદેવ પાતાળે જઈ પોઢ્યા...
એના કાકાને તેડાવો, કાકા કુટુંબડા તેડાવે,
કાકી કુટુંબડા જમાડે કાલે સવારે રૂચિબેનનો માંડવો
નાગદેવ પાતાળે જઈ પોઢ્યા..."

(**નોંધ :** નાગદેવ એટલે શેષનાગ, ભગવાન શેષનારાયણ.)

મારે માંડવ હીરના ચંદરવા....

"મારે આંગણ હીરના ચંદરવા ચીરના ચંદરવા
અગર ઉલેચ મોટા માંડવે
મારે માંડવ મોટેરાના કામ જો મોટેરાના કામ જો
મોટેરા આવે રે સાજન શોભશે
મોટેરા છે કાંય કીયાબાઈના કંથ જો કીયા બાઈના કંથ જો
કીયા ભાઈ આવે રે સાજન શોભશે
મારે આંગણ હીરના ચંદરવા ચીરના ચંદરવા....
મારે આંગણ નાણાળાના કામ જો નાણાળાના કામ જો
નાણાબા આવે રે સાજન શોભશે
નાણાબા છે કાંય કીયાબાઈના કંથ જો કીયા બાઈના કંથ જો
કીયા ભાઈ આવે રે સાજન શોભશે
મારે આંગણ હીરના ચંદરવા ચીરના ચંદરવા....
મારે આંગણ વેવારીયાના કામ જો વેવારીયાના કામજો
વેવારીયા આવે રે સાજન શોભશે
વેવારીયા છે કાંય કીયાબાઈના કંથ જો કીયાબાઈના કંથ જો
કીયા ભાઈ આવે રે સાજન શોભશે
મારે આંગણ હીરના ચંદરવા ચીરના ચંદરવા....
મારે આંગણ અંતરીયાના કામ જો અંતરીયાના કામ જો
અંતરીયા આવે રે સાજન શોભશે
અંતરીયા છે કાંય કીયાબાઈના કંથ જો કીયાબાઈના કંથ જો
કીયાભાઈ આવે રે સાજન શોભશે
મારે આંગણ હીરના ચંદરવા ચીરના ચંદરવા..."

લગ્નનો માંડવો નંખાય તે વેળા અચુક ગવાતું આ ગીત પ્રમાણમાં લાંબુ અને આપણી શ્વાસોચ્છ્વાસની ક્રિયા સાથે જોડાયેલું છે એટલે તેને 'યોગગીત' પણ કહી શકાય! ગીત ખૂબ મધુર હોય તેને ગાવાથી મંડપનો પ્રસંગ પણ દીપી ઊઠે છે. કોણ કોણ આંગણે આવવાથી સાજન શોભશે? તો કહેઃ મોટેરા, મોટા માણસ, નાણાળા,

નાણાવાળા અને ઘરનો વહેવાર કરનાર વેવારીયા. જેનું સમાજમાં માન છે, પ્રભાવ છે તે મોટા છે. જે ધન વાપરી જાણે છે જે ઉદાર છે તે નાણાળા છે અને જે ક્યારેય સમાજનું ખોટું કરતા નથી અહિત કરતા નથી તે વેવારીયા અને કર્તાહર્તા છે તે હકીકત ગીત દ્વારા દર્શાવવાનો કવિનો મુખ્ય ઉદેશ છે. છેલ્લે વર અંતરીયા હોવાથી આખું સાજન શોભી ઊઠે છે! ઉપરોક્ત ગીત ગાવાથી શ્વાસ વેગવંતો બને છે અને ગાનનો નાદ નાભીમાંથી ઊઠતો હોવાનું અનુભવી શકાય છે.

(**ગીત કંઠસ્થ :** શ્રીમતી રમાબહેન લાલજીભાઈ મોરડિયા)

•

વાદલડી વરસે રે

"વાદલડી રે વરસે મેરામણ રેલે સેલે
મેરામણની રેલે કંકુ નીપજે રે
આવડા તે કંકુ શું કરશો રે જસમતભાઈ દાદા
લાડેકોડે રંગેચંગે રૂચિબે'ન પરણાવશું
વાદલડી રે વરસે મેરામણ રેલે સેલે
મેરામણની રેલે ચોખા નીપજે
આવડા તે ચોખા શું કરશો રે વિનુભાઈ કાકા
લાડેકોડે રંગેચંગે ભત્રીજને પરણાવશું
વાદલડી રે વરસે મેરામણ રેલે સેલે
મેરામણની રેલે શ્રીફળ નીપજે
આવડા તે શ્રીફળ શું કરશો રે દેવાંગભાઈ વીરા
લાડેકોડે રંગેચંગે બે'નીને પરણાવશું
વાદલડી રે વરસે મેરામણ રેલે સેલે
મેરામણની રેલે સોપારી નીપજે
આવડી તે સોપારી શું કરશો રે નરેશભાઈ મામા
લાડેકોડે રંગેચંગે ભાણેજને પરણાવશું
વાદલડી રે વરસે મેરામણ રેલે સેલે...

ગોરજ ટાણે લગ્ન

ગામડામાં અગાઉ સાંજના સમયે જાન આવતી અને ગોરજટાણે લગ્નવિધિ થતી. ગોરજટાણું લગ્ન માટે ઉત્તમ ગણવામાં આવ્યું છે. એમાં ચોઘડિયા જોવાની જરૂર નથી પડતી. આ ઝાલર ટાણાનો સમય પવિત્ર માનવામાં આવ્યો છે.

"સાંજ પડી ને ઝાલર વાગી
રૂચિબેનના વર વહેલા આવોને,
વરના દાદાને રૂપૈયા નહોતા
તેમાં વરને વાર જ લાગી..."

જાન થોડી મોડે પડે એટલે સહુની ચિંતા વધી જાય છે. જાન મોડી આવવાના કારણમાં વરના દાદાને પૈસાની સગવડ નહોતી તેથી તેની વ્યવસ્થા કરવામાં વાર લાગી હતી. ત્યારે માંડવા પક્ષની સ્ત્રીઓ ગીતમાં કહે છે : વરના દાદાને જે જે વસ્તુઓની સગવડતા ન હોય તો તે પોતાના કુટુંબના મોભીઓ પાસેથી માગીને કરી લેવા માટે સૂચન કરે છે.

"રૂપૈયા ન હોય તો મારા જસમતભાઈના લેજો
રૂચિબેનના વર વે'લા આવોને...."

સામૈયા વેળા ગવાતાં ફટાણાં પ્રકારના આ ગીતમાં વરના દાદાને રૂપૈયા, ઘોડા, વેલડાં વગેરેની સગવડ નહોતી તેથી જાન મોડી પડી હોવાનો ભાવ વ્યક્ત થયો છે. વળી સગવડતા માટે ઉપાય પણ દર્શાવ્યો છે.

વાજતે ગાજતે જાન આવી પહોંચે એટલે તેના ઉતારાની વ્યવસ્થા કરવામાં આવે છે ત્યારબાદ વરઘોડો નીકળે અને તે તોરણ (માંડવે) જાય. વર માંડવે આવે એટલે તેની સાસુ પોંખણાં કરે - વરને વધાવે ત્યારે વરપક્ષની સ્ત્રીઓ પ્રસંગને અનુરૂપ ગીત ઉપાડે :

"બારે પધારો સોળે હો સુંદરી, આંગણે અલબેલો આવી ઊભા રીયા..."

કવિએ મીંઢળબંધી કન્યાને 'સોળે સુંદરી' કહી છે કારણ તેણે સોળ શણગાર સજર્યાં છે. જ્યારે વરને અલબેલો કહ્યો છે. ગીતમાં વર-કન્યાના સંવાદનો ભાવ છે. લાડડી (કન્યા) વરને ઉત્તર આપતા કહે છે કે, દાદા, કાકા તથા અન્ય વડીલો અને સાજન મહાજન માંડવામાં બેઠું છે, ત્યારે તેમના દેખતાં હું કઈ રીતે ઓરડા બહાર આવું? જ્યાં સંયમ અને મર્યાદા છે

ત્યાં સંસ્કાર છે. કન્યા વડીલોની મર્યાદા લોપવા માગતી નથી. એટલે ઓરડા બહાર મંડપમાં પધારવાની ના પાડે છે.

"હું કેમ આવું એસા હો લાડડા, અમને અમારો દાદો દેખશે રે...."

ત્યારે વર કન્યાને કહે છે :

"તમારા દાદાને દેશ રે દેવરાવું, એક ઓતર ને બીજો માળવે...."

સંસ્કારનું નિરૂપણ કરતા આ ગીતમાં કવિએ આપણી કેટલીક સામાજિક મર્યાદાઓ છે, તેનું ઉલ્લંઘન ન કરવા પર ભાર મૂક્યો છે.

●

સાસરીયા વખાણ

"જમુનાજીને કાંઠે કદમ ઝાડવું રે
તેને થડ મારે રુચિબેનના બેસણાં
બેની કરો રે સાસરીયા વખાણ હરિરસ મીઠડા (૨)
સવપે સવાયું દાદા મારું સાસરૂ
તોય ન આવે રે જસમતભાઈને તોલ રે હરિરસ મીઠડા (૨)

યમુનાજીમાં સ્નાન કરી રહેલી મગ્ન ગોપીઓના કાંઠે પડેલ વસ્ત્રો કૃષ્ણે ઊંચકી લઈ ગોપીઓને ખબર ન પડે તે રીતે કદમવૃક્ષ પર ચઢી ગયા હતા. આ વસ્ત્રાહરણ તો ભગવાનની લીલાના એક ભાગરૂપે હતું! કદમ કૃષ્ણને ખૂબ પ્રિય હતું. તેના પર ચઢવું-ઉતરવું એ કૃષ્ણની બાળ સહજવૃત્તિ હતી. શ્રીકૃષ્ણ સાથે કદમવૃક્ષ જોડાઈ ગયું છે. તેથી તેને પવિત્ર માનવામાં આવ્યું છે. ગામડાંની સ્ત્રીઓએ અગાઉ કદી



કદમવૃક્ષ જોયું નહોતું કે યમુનાજીમાં સ્નાન કર્યું નહોતું. માત્ર નામ સાંભળ્યા હતાં. કદમ યમુનાજીને કાંઠે જ ઉગતું હોવાની તેમની એક સરખી સામાન્ય માન્યતા હતી તેથી કદમ ઝાડને ગીતમાં વણી લઈ કવિએ વૃક્ષ સાથે કન્યાની સાસરવેલના વખાણ કર્યા છે. એટલું જ નહિ પોતાના પિયરને પણ સવાયું ગણ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણના બેસણાં જ્યારે કદમવૃક્ષ પર હોય તો મીંઢણબંધી કન્યાના બેસણાં પણ કદમ ઝાડના થડ નીચે જ હોવાની કલ્પના કંઈ નાની સૂની નથી!

વાલીડો વરસે મોતીએ

***"વીરા ભર્યો'રે ભાદરવો ગાજીયો
વીરા નદીએ નર્મળ નીર, વાલીડો વરસે મોતીએ..."***

આપણો દેશ ખેતીપ્રધાન છે. તેનો મુખ્ય આધાર વરસાદ છે. આભમાંથી અમૃતધારા વહેવડાવનારા વર્ષાઋતુનો મહિમા નાનો સૂનો નથી. ગામનારીઓએ વરસાદનો મહિમા વધારવા માટે તેને "વાલીડો" કહ્યો છે. મેઘ સહુને વહાલો લાગે તે સ્વાભાવિક છે. વરસાદ વરસતો હોય ત્યારે જાણે મોતીએ વરસતો હોય, મોતીનો વરસાદ હોય તેમ મીઠો લાગે. આ મોતી શબ્દપ્રયોગ સમૃદ્ધિનું પ્રતીક છે. આમ આપણી સમૃદ્ધિ પણ વરસાદને આભારી છે, તેથી વાલીડો કોને વહાલો ન લાગે! કવિએ લગ્નગીતમાં વરસાદને વધાવ્યો છે, બિરદાવ્યો છે. ગામડાંની નારીઓ ભલે નિરક્ષર હોય પણ એની બુદ્ધિશક્તિ કેટલી અગાધ છે, તે આવા બધા કલ્પનાગીતો પરથી જાણી શકાય છે. જળ તો જીવન છે અને જળ વિના જીવનની કલ્પના અશક્ય છે. આભમાંથી અમૃતધારા વહેવડાવનાર વર્ષાઋતુના મહિમાને કાવ્યોમાં બિરદાવવામાં આવ્યો છે:

***"વનમાં બોલે ઝીણા મોર, કોયલરાણી કિલોલ કરે રે લોલ
ઝીણા ઝરમર વરસે મેઘ, વાદલડી વાયે વળે રે લોલ"***

●

"કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકે, મેવલો કરે ઘનઘોર, જોને કળાયેલ બોલે છે મોર...."

આપણા લોકજીવનના દરેક ઘટનાક્રમમાં શ્રીકૃષ્ણને વણી લેવામાં આવ્યા છે. પ્રભાતના પો'રથી ઠેઠ રાત્રી સુધી કૃષ્ણના નામનું રટણ દરેક ક્રિયાઓ સાથે કરાતું હોય છે. મેઘ કૃષ્ણને અતિ પ્રિય છે. રાધા-કૃષ્ણને વર્ષાઋતુ સાથે વણી લઈ કવિએ કેવો કાલ્પનિક મનોભાવ વ્યકત કર્યો છે.



દરિયાનો બેટ (લંકા)

"દરીયાના બેટમાં સાંઢડી જૂકારો મણારાજ
ઈ રે સાંઢડીએ સોનુ મંગાવો મણારાજ
ઈ રે સોનાની વીરને પોંચી ઘડાવો મણારાજ
વધે એટલું વીમુ વહુને ઝમરી ઘડાવો મણારાજ"

ઉક્ત લગ્નગીતમાં પ્રયોજાયેલો 'દરીયાના બેટ' શબ્દ પ્રયોગ લંકાગઢનું સૂચન નિષ્પન્ન કરતો હોય તેવું અનુમાન કરી શકાય. લોકકવિએ કદાચ લંકા શબ્દને ગીતમાં અધહાર રાખીને વિકલ્પે 'દરિયાના બેટમાં એવો શબ્દ મૂકી દીધો હોય તેમ લાગે છે. પણ તેનો ભાવાર્થ તો ગીત ગાનારી સ્ત્રીઓને કાઢવાનો છે.



ગીતમાં દરિયાના બેટમાંથી સોનું મંગાવવાની વાત કરવામાં આવી છે. ત્યારે સોનું લંકા સિવાય અન્ય કોઈ બેટમાંથી પ્રાપ્ત થતું ન હોવાની વાતને અહીં પૃષ્ટી મળે છે. અહીં દરિયાનો બેટ એટલે લંકા એવું સમજવાથી અર્થ સરે છે.

પુરાણકાળમાં લંકા એક રમણીય નગરી હતી. તેને બાવન બજાર ને ચોરાસી ચૌટા હતાં. લંકા એક કાળે સમૃદ્ધિથી છલકાતું નગર હતું. લંકા સોનાની હતી તેમ કહેવાતું હતું. લંકામાં સોનુ સાવ સસ્તા ભાવે મળતું તેવી માન્યતા હતી. લંકામાં સોનાની રેલમછેલ હશે એમ પુરાણમાં મળતાં ઉલ્લેખો પરથી માની શકાય. વળી રાવણની લંકા સોનાની હતી તેવું પુરાણકથામાં દર્શાવાયું છે.

(નોંધ : ગીતમાં દરિયાના બેટમાં સાંઢડી ઝૂકારવાની વાત કરી છે. પણ દરિયાની વચ્ચે આવેલા આ બેટ પર સાંઢડીને લઈને અસવાર જઈ પણ કઈ રીતે શકે? આ વાત શક્ય નથી પણ 'વીર'ના લગ્ન છે. તેથી સોનું તો દરિયાના બેટમાંથી મંગાવવાની કવિની કલ્પના અદ્‌ભૂત છે.)

●

પતિનો વિયોગ



"ઊંચા ઊંચા ઈંદરગઢના ઓરડાં રે
તીપે ઊંચેરા મેડી કેરા મોલ રે
મોલુમાં ઈંદરાણી એકલા રે..."

સંસારના વ્યવહારો નિભાવવા માટે અર્થ ઉપાજના જરૂરી છે અને એને માટે પુરૂષે નોકરી, ચાકરી કે વ્યવસાયમાં જોતરાવું પડતું હોય છે. અહીં આ ગીતમાં કવિએ પતિ વિયોગની વાત રજૂ કરી છે. લગ્ન પછી પતિ ચાકરી અર્થે પરગામ સિધાવી જાય છે. એ કંઈ તરત પાછો આવતો નથી પણ દિવસો વિતી જાય છે, વરસ વિતી જાય છે. કારણ તે જમાનામાં આજના જેવા ઝડપી વેગીલા વાહનો નહોતાં.

પતિ પરદેશમાં છે અને પત્ની તેના વિયોગને કારણે ઝૂરે છે. તેને ગળે ધાન (અન્ન) પણ ઊતરતું નથી. આમેય પતિને મૂકીને પત્ની એકલી કેમ ખાય? પતિનો વિજોગ વસમો લાગતા ગોરી પતિને વહેલા ગામ આવવા માટે સાસરીયાને ખબર ન પડે તે રીતે એક છાનો કાગળ લખીને પતિને મોકલે છે.

"વીરા દેવાંગભાઈ તે ગામ સિધાવીયા રે
ઘેરે અંકિતા વહુ તે ધાન નો ખાય
મોલું માં ઈંદરાણી એકલા રે...
ગોરા અંકિતા વહુ તે છાના કાગળ મોકલે રે
વેલા વળજો રૂચિબેન વીરા
મોલુંમાં ઈંદરાણી એકલાં રે

પ્રિયતમાનો પત્ર મળતાં જ પ્રિયતમ હરખાઈ જાય છે. આ પ્રેમ સંદેશો પ્રિયતમ કઈ રીતે વાંચે છે -

વીરે ચંદરમાને તેજે કાગળ વાંચીયા રે
કાગળ વાંચીને થીયા છે રવાણ રે
મોલુંમાં ઈંદરાણી એકલા રે

ચંદ્રમા તેજે-ચંદ્રમાના અજવાળે પ્રિયતમ પત્ર વાંચે છે અને તેનું હૃદય વલોવાઈ જાય છે. એક બાજુ આનંદ છે તો બીજી બાજુ ચિંતા. પત્ર વાંચીને પતિ વતનની વાટ પકડે છે. આ પત્રમાં સ્ત્રી હૃદયની વેદના પ્રગટ થઈ છે. પત્રમાં પ્રિયતમાએ શું લખ્યું છે તે વાત અધાહાર છે.

વીરા આવ્યા ને લાવ્યા ખારેક ટોપરા રે
તમે ચાવો નાનકડી નાર, મોલુંમાં ઈંદરાણી એકલાં રે"

આ પત્રની ઉક્તિ બહેનની છે તેથી "વીરો આવ્યો" એમ શબ્દપ્રયોગ થયો છે.

પરદેશ કમાવા માટે ગયેલો પતિ ગોરી (પત્ની) માટે ખારેક કોપરાં લેતો આવે છે. અને તે ખાવા માટે પત્નીને પ્રેમપૂર્વક આગ્રહ કરે છે. પરંતુ નણંદીની ભાભી કંઈ એકલપટ્ટી નથી, તે એકલી ખાય. એ કહે છે :

"હું તો કેમ ચાવું સ્વામી એકલી રે
મારી નણંદી રૃચિ પરદેશ, મોલુંમાં ઈંદરાણી એકલાં રે"

પતિ ભલે કોપરા ખારેક ખાવાનું કહે પણ નણંદને મેલીને તે એકલી થોડી ખાય? કારણ નાની નણંદી ખૂબ વહાલી છે અને તે હાજર નથી, તે તો પરદેશ છે, તેને સાસરે છે. ઉક્ત ગીતમાં કવિએ પ્રસંગને દીપાવવા નાના અમસ્થા ઘરને ઈન્દ્રના મહેલ તરીકે કલ્પ્યું છે જ્યારે નવોઢાને ઈંદ્રાણી કલ્પી છે. દાંપત્યજીવનનું આ કલ્પનાચિત્ર પ્રત્યેક ભાવુકના હૃદયને વલોવી નાખે તેવું છે.





ગીતોથી પરિચય

લગ્નની જાન કોઈ અજાણ્યા ગામ પંથકમાંથી પસાર થાય ત્યારે અથવા જાન કન્યાના ગામમાં આવે ત્યારે ગામને પાદરે, ગામને ચોરે કે ગામની ઊભી બજારના ઓટલે બેઠેલા લોકોને જાન વિશે કંઈ પૂછવાનું ન રહે તે માટે ગામડાંની બહેનોએ એવા કેટલાક ગીતોની રચના કરી છે કે, જેના થકી જાન ક્યાં ગામની છે, કોને ત્યાં જવાની છે. કન્યાનું તથા તેના માત-પિતાનું નામ શું છે વગેરે માહિતી ગીતમાંથી જ મળી રહે છે. જાનને ગાડે બેઠેલી જાનડીયું, એક પછી એક આવા ગીતો ઉપાડે છે ત્યારે વગડામાં કે ગામના પાદરમાં ગીતોનો સૂર સાંભળવા આપણા પગ બે ઘડી થંભી જાય છે.

"સોસો બંધુકિયા સાબદા રે લાડે કોડે વીરની જાન
ગામને પટેલીયે પૂછ્યું રે અસૂરી જાન કોની જાય

આ અર્થસભર ગીતની ખૂબી એ છે કે ગીતની ત્રીજી કડીમાં વરના દાદા (પિતા) કોણ છે તેનું નામ છે.

"જાનમાં જસમતભાઈ રાજીયા રે જાન એના મોભીની જાય
સોસો બંધુકિયા સાબદા રે લાડે કોડે વીરની જાન"

જ્યારે ગીતની છઠ્ઠી પંક્તિમાં વરના કાકા કોણ છે તેનું નામ છે.

"ગામને ગરાશિયે પૂછ્યું રે અસૂરી જાન કોની જાય
જાનમાં ઘનશ્યામભાઈ રાજીયા રે જાન એના ભત્રીજની જાય."



"મોર બેઠો ગઢડાને ગોખ્ય,
કોયલડી બેઠી રે ગઢને કાંગરે હો રાજ,
કાનજીભાઈ વેવાઈ સૂતો છો કે જાગ (૨)
છાયાનાં હોંશીલા દેવાંગભાઈ આવ્યા હો રાજ"

આ ગીતમાં વેવાઈ કોણ છે અને તેના જમાઈ કોણ છે તેના નામ જાણી શકાય છે.

પછવાડે પડઘી વાગશે રે
આવી વીરડિયોની જાન બાળા રાજવીર રે
મઝલે મઝલે હો જાન
કયો રે નાના વરનો દેહડો
લેજો ગામડીયોના નામ રાજવીર રે
મઝલે મઝલે હો જાન
ખુમાણ નાના વરનો દેહડો સૂરત ગામડીયોના નામ
કયો રે નાના વરનો દાદલો લેજો માતાજીના નામ
જસમતભાઈ નાના વરનો દાદલો રેખાબાઈ માતાજીના નામ
મઝલે મઝલે હો જાન...

ઉક્ત ગીત કડીમાં વરના જિલ્લા પ્રાંતનું, ગામનું નામ તથા માતા-પિતા કોણ છે તેનું નામ વગેરે જાણી શકાય છે.

"ઝીણા ઝીણા રે મોતીનો હેમર હાથીયો
એના સોનેરી સામાન, એના પાતળિયા અસવાર,
અસવાર થાશે રે મારે ગ્રીષ્મા વહુનો
સાયબો, ઊભો વાણીડાને હાટ
હોરો હોરો રે નીરદભાઈ નવરંગ ચૂંદડી મોકલે સાસરીયાને ઘેર
ઓઢો ઓઢો રે ગ્રીષ્મા વહુ નવરંગ ચૂંદડી પધારો અંતરીયાને મોલ

આ ગીતમાં વર તથા વહુના નામનો ઉલ્લેખ થયેલો છે.

"મારો માન સરીખો માંડવો
તમારી જોયા સરીખી જાન... પધારો પટેલીયા
તમને કીયો ભાઈ તે તેડા મોકલે
તમને કઈ બાઈ દેશે માન... પધારો પટેલીયા
તમને જસમતભાઈ તે તેડા મોકલે
તેમને રેખાબાઈ દેશે માન... પધારો પટેલીયા
મારો માન સરીખો માંડવો...
તમને ઘનશ્યામભાઈ તે તેડા મોકલે
તમને હર્ષાબાઈ દેશે માન... પધારો પટેલીયા
મારો માન સરીખો માંડવો..."

આ ગીતમાં કન્યાના સાસુ-સસરા, કાકા સસરા- કાકી સાસુ કોણ છે તેનો નામ સાથે ઉલ્લેખ થયેલો છે.

"કિયા ગામના પટેલીયા આવ્યા રાયજાજા મોહનવાજા વાગીયા
કિયા ભાઈના કુંવરીયા આવ્યા રાયજાજા મોહનવાજા વાગીયા
કિયા બાઈના જલમ્યા આવ્યા રાયરાજા મોહનવાજા વાગીયા
કનુભાઈના કુંવરીયા આવ્યા રાયરાજા મોહનવાજા વાગીયા
ચંપાબાઈના જલમ્યા આવ્યા રાયજાજા, મોહનવાજા વાગીયા
સેજલબાઈના મામેરીયા આવ્યા રાયજાજા, મોહનવાજા વાગીયા
ચીર ચૂંદડી સોળેરા લાવ્યા રાયજાજા, મોહનવાજા વાગીયા"

બહેન-દીકરીને ત્યાં લગ્નનો પ્રસંગ હોય ત્યારે માંડવાના દિવસે સાંજના સમયે મોસાળીયા મામેરું લઈને આવતાં. તે સમયે ગવાતા ઉક્ત ગીતમાંથી કયા ગામથી મામેરીયા આવ્યા છે, તે કોના પુત્ર છે, કોના ઘરે મામેરૂં લઈને આવ્યા છે એટલું જ નહિ મામેરામાં શું શું લાવ્યા છે વગેરેની માહિતી મળી રહે છે. લગ્ન મંડપ પાસે મામેરા ભરવાનો રીવાજ હતો. મામેરીયા એક પંગતે હારબંધ બેસતા અને યથાશક્તિ પ્રમાણે લાવેલ ચીજ-વસ્તુ એક થાળમાં મૂકતા અને બહેન દરેકના થાળને વારાફરતી વધાવતી હતી. આમ તો આ પ્રસંગ મહત્ત્વનો મનાતો હતો. હવે મામેરા ભરવાનો રીવાજ ઓછો થઈ ગયો છે. ભાગ્યે જ હવે કોઈ મામેરા પૂરે છે. એક સમય એવો હતો કે આ બધી વિધિઓથી વાતાવરણ ભર્યું ભર્યું લાગતું હતું અને આનંદ આવતો. ખરું પૂછો તો લગ્ન આનંદ હવે વિલાઈ ગયો છે. બધુ સગવડિયા થઈ ગયું છે.

"સાહોલે તે નાખો વીરને ચાકળા
જી હો ઊઠંતા છાંટો તે તંબોળ રે
કીયો તે નાના વરનો દાદલો
જી હો કોણ છે વરનું મોસાળ
જસમતભાઈ તે નાના વરનો દાદલો
જી હો ગુજરાતી તે વરનું મોસાળ..."

આ ગીતમાં વરના પિતા કોણ છે, વરનું મોસાળ કોણ છે તેમની અટક કઈ છે તેનો ઉલ્લેખ છે.

"જૂનેગઢથી પારેવું ઉતર્યું છે માણારાજ
આવી ઉતર્યું વીરડિયોને ઓરડે છે માણારાજ
મજીઠે રંગ્યો હાથીદાંતનો ચૂડલો છે માણારાજ
તમે પહેરો રે અંકિતા વહુ ચૂડલો છે માણારાજ
તમારા સસરા જસમતભાઈએ મોકલ્યો

વરપક્ષની સ્ત્રીઓ વેવાઈને ત્યાં જમવા જાય ત્યારે ગવાતાં આ ગીતમાં કન્યાના સસરા, કાકા સસરા તથા જેઠ કોણ છે તેનો ખ્યાલ આવે છે. જૂનાગઢથી આવેલું પારેવું હસ્તીદંતનો ચૂડો લેતું આવ્યું છે અને એ ચૂડલો નવોઢા માટે લાવ્યું છે. કેવી સુંદર કલ્પના કરવામાં આવી છે. ચૂડલો લાવવા માટે કબૂતર અહીં વાહક બન્યું છે. આ કલ્પનાગીત વારેવારે સાંભળવાનું મન થઈ આવે તેવું રળીયામણું છે.

•

હિંચકે નાના બાલુડા

લીલો લીલો રે લીલો આંબો ને લીલી આંબલી
તીયા હિંચકે ભાઈ ને બે'ન નાના બાલુડા
છેટુ છેટુ રે રુચિતાબે'નનું સાસરું
તીયા કોણ તે તેડવા જાય નાના બાલુડા
જાશે જાશે રે જસમતભાઈ દાદા રે
સાથે જાશે દેવાંગભાઈ વીર નાના બાલુડા
લીલો લીલો રે લીલો આંબો ને લીલી આંબલી
તીયા હિંચકે ભાઈ ને બે'ન નાના બાલુડા...

(નોંધ : આંબા, આંબલીની ડાળે દોરડું બાંધીને હિંચકવાનું કોને ન ગમે! અગાઉ ગામડામાં હિંચકો આનંદ પ્રમોદનું સાધન મનાતું હતું પણ હવે તે ભૂલાઇ ગયું છે)

વર પસંદગી-કન્યાનો મનોભાવ

લગ્નગીતોનો હું નાનપણથી રસિયો રહ્યો છું. માતા અંબાબહેનનો ખોળો ખૂંદતાં કેટલાય ગીતો સાંભળ્યા હતાં. તેમને આવા સેંકડો ગીતો કંઠસ્થ હતાં. મધુરા ગીતો હલકથી ગવાતાં હોય ત્યારે બે-ઘડી ત્યાંથી ખસવાનું પણ મન ન થાય. આપણી ગામડાંની અજ્ઞાત બહેનોએ ગીતો રચીને તેમાં ભવ્ય કલ્પના કરી છે :

"દાદે વર જોયો છે વાડી માયલો મોર રે
બેની રંજનબેન કાચ કેરી પૂતળી રે

કળાયેલ મોર જોઈને ઢેલનું મન મહેંકી ઊઠે તેમ ઘણીવાર કોઈ યુવાનને જોઈને કુંવરી કન્યાના હૃદયમાં તેને વરવાના ભાવ જાગે છે, પરંતુ સમાજ અને વડીલોની મર્યાદા આ ભાવને પ્રગટ કરતાં મૂંઝવે છે. પરંતુ એકવાર જો મનનો માનેલો યુવાન એને મળી જાય તો એના આનંદનો કોઈ પાર રહેતો નથી. આમ વરની પસંદગી અંગે વડીલો અને કન્યા વચ્ચે જે મનોભાવ ઘોળાય છે તેની સૌરાષ્ટ્રના ભાતીગળ લોકજીવનમાં વણાયેલા લગ્નગીતોમાં સુંદર ઝાંખી થાય છે. -

"દાદે મોટા મોટા ઘર જોઈને દીધા રે
બે'ની રે'જો સાસરિયાની રીત રે
બેની રૂચિબેન કાચ કેરી પૂતળી રે"

ગીતની આ પંક્તિઓમાં કેવો ભાવ વ્યક્ત થતા જોવા મળે છે! લગ્નગીત ગાનારી સ્ત્રીઓ આ પ્રસંગને વણી લેતા કહે છે કે દાદાએ દીકરી માટે જે વર પસંદ કર્યો છે તે તો વાડીમાં ગહેંકતા રૂડા મોરલા જેવો છે. પરંતુ અમારી રંજનબા કન્યા પણ કમ નથી એ તો કાચની પૂતળી જેવી છે. દાદાએ મોટું ખમતીધર ઘર જોઈને પોતાની દીકરી દીધી છે. અને એને આ મોટા ઘરના આચાર-વિચાર અને રીતભાત પ્રમાણે વર્તવા રૂડી શિખામણ અપાય છે.

પહેલાના વખતમાં વરની પસંદગી વડીલો જ કરતાં કન્યાને વર પસંદગીનો કોઈ અધિકાર ન હતો. આમ છતાં લગ્નગીતોમાં કન્યા વરની પસંદગી કરતી હોય એવો મનોભાવ વ્યક્ત કર્યો છે :

"કુંવારી ચડી રે કમાડ સુંદર વર નીરખવા
દાદા મોરા ઈ વર પરણાવ કે ઈ વર છે વેવારીયો"

કન્યા જેને પરણવા ઈચ્છે છે તે માટે દાદાને કહે છે કે, મને મારા મનગમતા વર સાથે પરણાવો કારણ કે તે ખૂબ વહેવારું અને ગુણીયલ છે.

"એક ભર્યા રે જોબનિયામાં બેઠા બેનીબા, દાદાએ હસીને બોલાવીયાં
કો'ને બેની તમારી દેહ્યું કાં દુબળી, કોણે રે તમને દુભાવીયાં
નથી રે દાદા અમારી દેહ્યું રે દુબળી, નથી રે કોઈએ દુભાવીયાં"

દાદા કહે છે કે, બેની તારે કોઈ દુઃખ કે ચિંતા નથી આમ છતાં તારી કાયા આવી કૃશ ક્લેવર જેવી કેમ દેખાય છે? પણ કન્યાને ચિંતા વર પસંદગી અંગે છે, તેથી દાદાને ચેતવણી આપતા જણાવે છે :

"એક ઊંચો તે વર નો જોજો હો દાદા
ઊંચો તે નીત્ય નેવા ભાંગશે
એક નીચો તે વર નો જો જો હો દાદા
નીચો તે નીત્ય ઠેબે આવશે."
એક કાળો તે વર નો જોજો હો દાદા
કાળો તે કુટુંબ લજાવશે રે
એક ધોળો તે વર નો જોજો હો દાદા
ધોળાને નીત્ય નઝરું લાગશે રે..."

કવિએ અહીં ઊંચા, નીચા, કાળા અને ધોળા શબ્દનો કેવો સરસ ભાવ કાઢ્યો છે! કવિએ અહીં દ્વિઅર્થી શબ્દપ્રયોગ કર્યો છે! ઊંચો એટલે અભિમાની, અહંકારી નીચો એટલે હલકો, છીછરો, અછકલો, કાળો એટલે કપટી, કુટીલ, પેટમેલો અને ધોળો એટલે રૂપાળો, નખરાળો પણ આવા રૂડા રૂપાળા વરને પસંદ નહિ કરવાનું કારણ આગળ ધરતી કન્યા જણાવે છે કે, વર રૂપાળો હશે તો લટીયા પટીયા પાડવામાં કે સાજ સજવામાંથી ઊંચો નહિ આવે તે માટે તે ના પાડે છે! સમય વર્તે તે સાવધાન.

જે વ્યક્તિ સમયને પારખીને ચાલે તે કદી દુઃખી થતી નથી. સમયને ઠાલો વેડફી નાંખવાને બદલે સદ્ઉપયોગ કરી જાણે તે વ્યક્તિ જ વ્યવહારમાં આગળ વધી શકે છે.

ત્યારે કન્યા કેવો વર પસંદ કરવાનું કહે છે? કન્યા કહે છે -

"દાદા કેડ રે પાતળિયો ને મુખ રે શામળીયો
ઈ વરને મારી સૈયરે વખાણ્યો"

કેડે પાતળો અને મુખે શામળો હોય એ પુરૂષ સુંદર ગણાય છે. કેડે પાતળા અને મુખે શામળા એવા વર પર કન્યા પોતાની પસંદગી ઉતારે છે અને દાદાને કહે છે કે આવા વરને મારી સૈયરે પણ વખાણ્યો છે. કન્યાને એના દાદા પૂછે છે -

"બેની મોરી કીયાથલો દીઠો, કે કીયા તારા મન મોયા"

દાદા મરકતા મરકતા કન્યાના મનોભાવ સમજી જાય છે અને પૂછે છે કે દીકરી એ વરને તેં ક્યાં જોયો હતો અને તે કેવો છે કે તારું એના પર મન મોહી પડ્યું? કન્યા કેવી ભાવવાહિ શૈલીમાં આનો જવાબ આપે છે તે જુઓ -

"ભણતો'તો ભટ્ટની નિશાળે, કે અક્ષરે મારા મન મોયા"

દીકરી કહે છે કે, દાદા એ તો ભટ્ટની નિશાળે મારી સાથે ભણતો હતો ત્યારે એના સુંદર અક્ષરથી હું મોહી પડી છું.


સહિયર (સખી) કન્યા પ્રત્યે ઊંડી લાગણી ધરાવે છે, પોતાની બહેનપણીનું હિત તેના હૈયે છે તેથી તે પોતાની સખીને સમૃધ્ધ વર ને ઘર મળે તેવું તે ઈચ્છે છે. એટલે સખી કહે છે :

"તાંબા કૂંડી નવગજ ઊંડી તે ઘેર બે'ની પરણજો
માતા જેવા સાસુ હોય તે ઘર બે'ની પરણજો
પિતા જેવા સસરા હોય તે ઘેર બે'ની પરણજો
બે'ની જેવી નણંદી હોય તે ઘેર બે'ની પરણજો."

ત્રાંબા કુંડીના જળ જેમ ખૂટતાં નથી તેમ જેની સમૃધ્ધિ ને વૈભવ કદી ખૂટતાં નથી તેવા સમૃદ્ધ પરિવારના આંગણે બે'ની તારા વીવા થાય! બહેનપણીની કેવી ઉચ્ચ ભાવનાનું દર્શન આ ગીતમાં થાય છે.

લોકસાહિત્યમાં લગ્નગીતો વિપુલ પ્રમાણમાં પડેલાં છે. માનવ મનમાં વિલસતા અનેકવિધ ભાવોનું એમાં મનોહારી પ્રતિબિંબ ઝીલાયેલું છે. લગ્નગીતોમાં લોકકવિની કલ્પનાઓ પણ કેવી મહોરી ઊઠી છે!

પતિદેવનું મહત્ત્વ



સ્ત્રીને મન એના સૌભાગ્યથી કે પતિથી વધારે ઈશ્વર પણ નથી. સ્ત્રીને મન તો એનો પતિ જ સર્વસ્વ હોય છે. સ્ત્રીના સૌભાગ્યમાં જ જીવનનું સુખ સમાયેલું છે.

"ટીલડી ઘોડીના પિતળીયા,
પલાણ શીતળીયો ચાબખો
રોજી ઘોડીના દેવાંગભાઈ,
અસવાર ઘોડીને મેલો ઘોડતી
ઊભી રાખો સુરત શે'રને
ચોક્ય વીવા આવ્યા ઢૂંકડા
સુરત શે'રમાં રૂચિબાબેનડી
બેની સોળે સજ્જો શણગાર વીવા.....
વીરા હું કેમ આવું એકલી
મારે ઈશવર સરખો ભરથાર વીવા...
તમારા ઈશવરને ચઢાણ ઘોડલા
મારી બેનીને માફાળી વેલ્ય
માફા રે આવે મલપતા"

પતિવ્રતા નારી પતિને જ પરમેશ્વર માનતી હોય છે. ઉક્ત ગીતમાં પતિદેવનું સ્ત્રીને મન કેટલું મહત્ત્વ છે તે સમજાવવાનો કવિએ યત્ન કર્યો છે. પતિવ્રતા સ્ત્રી પતિની મરજી વિના ડગલું ય આગળ વધતી નથી, એની આજ્ઞાને કદી લોપતી નથી. લગ્ન મહાલવા બહેનને તેડવા આવેલા ભાઈને બહેન કહે છે કે ભાઈ, હું એકલી લગ્ન મહાલવા કેમ આવું? મારે તો ઈશ્વર સરખા ભરથાર છે, એને એકલા મૂકીને મારાથી લગ્નમાં કેમ અવાય? ત્યારે ભાઈ, બહેનને આશ્વાસન આપતા કહે છે કે, તમારા પતિ માટે બેસવા હું ઘોડાની વ્યવસ્થા કરાવીશ અને બહેન, તને તો વેલમાં બેસાડીને પિયર લઈ જઈશ. લોકકવિએ ગીતમાં કેવો સુંદર મનોભાવ વ્યક્ત કર્યો છે! "તમારા ઈશવરને ચઢાણ ઘોડલા, મારી બે'નીને માફાળી વેલ્ય, માફા આવે મલપતા"

ગીતમાં શુકન અપશુકન



આપણી અજ્ઞાત અને અભણ બહેનોએ શુકન-અપશુકનને પણ લગ્નગીતોમાં વણી લીધા છે. સ્ત્રીનું દાબુ અંગ ફરકે તો શુકન થાય તેવી એક લોક માન્યતા છે.

"મારી આંખલડી ભીંજાય રે, મારો નખ નમે રે
મારો ફરુકે છે દાબા પગનો લાંક રે
મેં જાણ્યું સાજન આવશે રે....."

ઘરે લગ્નનો પ્રસંગ હોવાથી સગા-સંબંધીઓને તેડાં મોકલ્યાં છે. લગ્ન ઢૂંકડા આવતાં ગોરીનું દાબુ અંગ ફરકવા લાગ્યું છે એટલે લગ્નમાં કોણ કોણ સગાવહાલાં આવશે તેની આગોતરી કલ્પના કરવા લાગી છે.

"મારે કનુભાઈ આવ્યા ને વિનુભાઈ આવશે રે
હું તો ઝાઝી જોઉં છું જમુભાઈની વાટ રે
અમુભાઈ આવે રે અજવાળા..."

(**નોંધ :** કુટુંબના ચાર ભાઈઓને ઉદ્દેશીને ગવાતું આ ગીત છે અને તે જ રીતે ચાર બાઈઓ....અર્થાત દેરાણી, જેઠાણી અને નવી આવનાર વહુવારુનું નામ દઈને ગાવામાં આવે છે ત્યારે સહુ કોઈને સાંભળવાનો આનંદ આવે છે.)

લગ્નના દિવસે જ્યાં જાનનો ઉતારો હોય ત્યાંથી માંડવે પરણવા જવા માટે વરઘોડો નીકળે છે. વરપક્ષની સ્ત્રીઓ વરરાજાને શુકન જોઈને ઘોડા પર બેસવાની સલાહ આપે છે. આમ લગ્નમાં શુકન, અપશુકન જોવાનો પણ રીવાજ છે.

"સકન જોય ઘોડલે ચડો રે વરરાજા
સકને દિવડો હોય રે વરરાજા
સકને સોનીડો મળ્યો રે વરરાજા
ઝુમણા વસાવીને ઘેર આવો રે વરરાજા

ઝુમણા વીમળા વહુને સોયી રે વરરાજા

ઉપર સોયી શણગાર રે વરરાજા

સકને વાણીડો મળ્યો રે વરરાજા

ચૂંદડી વસાવીને ઘેર આવો રે વરરાજા"

લોકસંસ્કૃતિના ઘડવૈયા સોનીડો, વાણીડો, દોશીડો, માળીડો વગેરેને ગીતમાં વણી લઈ ગીત લંબાવી શકાય છે.

(**નોંધ :** ગીતમાં વપરાયેલો 'સકન' શબ્દ અપભ્રંશ છે. સાચો શબ્દ 'શુકન' છે.)

●

બેનની આશિષ

"ઊંચલો આંબલીયો ઘેર્યો ગંભીર જો

ફૂલડે ને દીઠે રે રળીયામણો

ઊઠો દેવાંગભાઈ ડાળ ઝંઝેરો

પાતળા અંકિતા વહુ વીણે ફૂલડા

વીણી ચૂંટીને છાબ ભરાવો

મોકલો મારે રુચિબા ઘેર સાસરે

ઊઠો રુચિબા છાબ વધાવો

માડીને જાયે ભેટ મોકલી!!

લગ્ન હોય ત્યારે સાંજના સમયે ગવાતું આ સાંજીગીત છે. ગીતમાં આમ્રવૃક્ષ (આંબા)નું વર્ણન છે. આંબાને કદી ફૂલ આવતા નથી પણ મોર આવે છે છતાં અહીં આપણા અજ્ઞાત કવિએ ફૂલડાં વીણીને તેની છાબ ભરાવવાની વાત કરી છે. આંબો જાણે પુષ્પવૃક્ષ હોય તેવી કલ્પના કરી છે.

ગીતમાં ભલે આંબો ફૂલડાંથી રળીયામણો લાગતો હોય, ભલે આંબાને ફૂલ આવતાં ન હોય પરંતુ કવિની ઉક્તિ થકી ગીત જરૂર રળીયામણું બન્યું છે.

"દૂધે નાજો રે વીરા પુત્ર પરણજો, વાડી વવજો રે મારા વીરની

ઘણું ઘણું જીવે મારો માડીનો જાયો, ભવના મેણા રે વીરે ભાંગીયા."

દરેક બહેનને પોતાનો ભાઈ વહાલો હોય છે તેથી બહેન હંમેશા ભાઈનું

શ્રેય જુએ છે. ભાઈ સદા નિરોગી રહી સુખ સાહ્યબી ભોગવે તેમ બહેન ઈચ્છતી હોય છે. એટલું જ નહિ ભાઈને ત્યાં પુત્ર અવતરે અને એ રીતે ઉત્તરોત્તર ભાઈની વાડી-વંશવેલો વધતો રહે તેવી આશિષ ઉક્તગીત પંક્તિમાં વ્યકત થઈ છે. બહેનના ઉજળા અવસરે દાદા તો દીકરી હોવાથી મામેરું આપે એ એમની ફરજ છે પરંતુ અહીં ભાઈએ તો દાદા કરતા અધિક આપ્યું છે. ભાઈની ભારોભાર ઉદારતાથી સંતોષ અનુભવતી બહેન, 'ભવના મેણાં' ભાંગનાર ભાઈને **'ઘણું ઘણું જીવે મારો માડીનો જાયો'** એમ કહી ભાઈનું દીર્ઘાયુષ્ય ઈચ્છયું છે.



ખાસડું ખંખેરું તો બીજી લઈ આવું...

"ખાહડું ખંખેરું તો બીજી લઈ આવું, નાણે નો મળે મારી મા જણી..."

સ્ત્રી *હંમેશા પતિના ગુણગાન ગાતી રહી છે, એના માટે ગૌરવ લેતી રહી છે. પણ પતિ માટે આટ આટલું કરવા છતાં પતિએ કદી પત્નીને બિરદાવી છે ખરી, પ્રોત્સાહિત કરી છે ખરી, એનું માન સન્માન જાળવ્યું છે ખરું? આ પ્રશ્ને એ હંમેશા નિરૂત્તર રહ્યો છે! એટલું નહિ છાશવારે પત્નીને એ ધમકાવતો રહ્યો છે. આમેય પુરૂષ પ્રધાન પ્રથાને કારણે સ્ત્રીએ હંમેશા દબાઈને રહેવું પડ્યું છે. એ ગરીબ રાંક થઈને રહી છે. દુઃખડાં સહન કરતી આવી છે તેથી તો સ્ત્રીને સહિષ્ણુતાની મૂર્તિ કહેવામાં આવી છે. પરિણીત સ્ત્રીએ ક્યારેય બીજા પતિની કલ્પના કરી નથી અને કરી પણ ના શકે. એવો વિચાર કરવો એ પણ મોટો અપરાધ છે, મોટું પાપ છે. જ્યારે પુરૂષ આવી વાત કરી શકે છે. અણગમતી સ્ત્રીને એ પિયર વળાવી શકે છે, લગ્નવિચ્છેદ કરી શકે છે, ખાંસડું ખંખેરું તો બીજી લઈ આવું, એવી ધમકી ઉચ્ચારી શકે છે અને એનો અમલ પણ કરી શકે છે!*

(નોંધ : ઉપરોક્ત ગીત પંક્તિમાં આવો બીજી સ્ત્રી લઈ આવવાનો કાલ્પનિક ભાવ વ્યક્ત કરાયો છે. આ ભાવને પણ એક સ્ત્રીએ જ રજૂ કર્યો છે!)

ભાઈ - બહેનનો પ્રેમ

"ઊંચી ઊંચી મેડી મારા ઘર રે વીવાઈતા
તીયા ઢળાવો ભમ્મર ઢોલીયો
ઢોલીયે પોઢશે રે માડીના નીરદભાઈ વીરા
ઊભલા વહુવારૂ ઢોળે વાહોલીયા
વાહોલીયા ઢોળે ને વાત વિચારે
પ્રાંજલબા નણંદ નો તેડજો
ઓસારે પિયરના ગોરી ઓસા શું બોલો
ઓસું બોલે અવગણ ઉપજે
ખાંસડું ખંખેરું તો બીજી પરણીયાવું
નાણે નો મળે મારી માજણી
ચીર રે ચૂંદડી પેરે મારા ઘર રે વહુવારું
પટોળા પેરે મારી માજણી
તાંત ટીલડી ચોડે મારા ઘર રે વહુવારું
કાંબી કડલા પેરે મારી માજણી
રાંધણ ને ચિંધણ મારા ઘર રે વહુવારું
પિરસણે સોયી મારી માજણી
હાલણ ને ચાલણ મારા ઘર રે વહુ વારું
માંડવડે મહાલે મારી માજણી

ઉપરોક્ત ગીતમાં નણંદ પ્રત્યેની ભાભીની અદેખાઈ સૂચવે છે. અદેખી ભાભીને નણંદ પ્રત્યે ચીડ હોવાથી તેને લગ્નમાં ન તેડવાની પોતાના પતિને સલાહ આપે છે પરંતુ પોતાની વહાલસોયી બહેનને ન તેડવાની વાતથી ભાઈ ગુસ્સે ભરાય છે અને તેણીને ધમકાવી નાખતા કહે છે કે 'તું તો સાવ હલકા પિયરની લાગે છે, વારે વારે બહેનની અવગણના કરતી રહે છે. તારો આ મોટામાં મોટો અવગુણ છે. જો હું ધારું તો ખાંસડું (જોડું) ખંખેરું તેમ તને ઘરમાંથી ખંખેરી નાખી બીજી લઈ આવું તેમ છું. તારા જેવી અનેક મળી રહેશે પણ નાણું ખર્ચતા કંઈ બહેન થોડી મળવાની

છે, એ તો માતાની કૂખે જ જન્મે!

"સ્ત્રી તો ધનથી સાંપડે, પુત્ર સંયોગે હોય,
માડી જાયો નહિ મળે લાખો ખરચે મૂલ'

બહેનનો પણ ભાઈ પ્રત્યે અદકેરો ભાવ છે. એ તો એનો માડી જાયો વીર છે.

"હાલણ ને ચાલણ મારા ઘરે રે વહુવારું
માંડવડે મહાલે મારી મા જણી...."

એટલે ભાઈ લગ્નની બધી જ વિધિ પ્રસંગમાં પત્ની કરતા બહેનને વિશેષ દરજ્જો આપે છે. આમ લોકકવિએ ભોજાઈ કરતાં નણંદીને વિશેષ પ્રાધાન્ય આપીને કેવો સુંદર મનોભાવ વ્યકત કર્યો છે! આ જગતમાં ઘણા સંબંધો છે પણ તેમાં ભાઈ-બહેનની તોલે કોઈ ના આવે. ભાઈ-બહેનના નિર્મળ પ્રેમની વાત જ નિરાળી છે.



છોરુડે સરવાણી

એક સમય એવો હતો કે સ્ત્રીઓએ ઘરના કામકાજ જાતે કરવા પડતાં હતાં. આજના જેવા ત્યારે ઘરેલું યાંત્રિક ઉપકરણો નહોતાં. ઘરના દળણાં કરવા, દળવું, ભરડવું, રાંધવું, ચિંધવું, ઘરના વાસીદાંપાણી કરવા, પાણીશેરડે હેલ લઈને પાણી ભરવા જેવું વગેરે કામો કરવા પડતાં હતાં.

તે જમાનામાં નોકર ચાકરની પ્રથા નહોતી. એટલે બધા જ કામ જાતે કરવા પડતાં. આખો દિવસ ઘરના કામકાજમાં જ જોતરાયેલું રહેવું પડતું. ઘરે લગ્ન જેવો આનંદનો પ્રસંગ હોય તો પણ પૂરતી ફૂરસદ મળતી નહિ. રાત ને દિવસ બસ, કામ ને કામ.

એમાંય વળી કોક વાગડ પંથકની વઢીયારી સાસુ જેવી સાસુ ભટકાઈ ગઈ હોય તો પછી પૂછવાનું શું બાકી રહે!

"દિ'એ દળાવે મુને રાતલડી કંતાવે રે સઈ
પાછલી રાત્યુના પાણી મોકલે રે સઈ"

ઉપરથી પાછી યાદ પણ અપાવે કે 'ઓશીકે ઈંઢોણી વહુ પાંગથીએ સિંચણીયું રે સઈ."

તે જમાનામાં સંતતીનિયમનના સાધનો નહોતો અને એ માટે કોઈ પ્રચાર પણ નહોતો તેથી ચાર પાંચ કે તેથી બધુ સવા સુરીયા બાળકો હોય એની ઘરમાં રીડીયારમણ બોલતી હોય એ બધુ ત્યારે સહજ હતું. આ નાના અણસમજુ બાળકોને ખવડાવવા, પીવડાવવા, નવરાવવા, ધોવરાવવા અને સૂવડાવવામાંથી સ્ત્રીઓ ઊંચી આવતી જ નહિ.

ઘરના ઘસરડાને કારણે ઘણીવાર સ્ત્રી સાનભાન ભૂલી જતી. આવી હતી તેની દશા. લોકકવિએ લગ્નનો માંડવો નંખાય તે વેળા ગવાતાં એક ગીતમાં ઘરકામમાં રત રહેતી એક બહેનની વિસ્મૃતિનો ઉલ્લેખ કરી ગામ્યજીવનનું દર્શન કરાવી રમુજ ઉપજાવવાનો પ્રયાસ કર્યો છે.

"બેની તમે સૂતા છો કે જાગો
કે તમારા પિયર પગરણ આદર્યાં"

વધુ પડતાં કામકાજ અને ઘરની ઉપાધીથી ઘેરાયેલી બહેન લગ્નનું તેડું કરવા આંગણે આવીને ઊભેલા પોતાના માડી જાયા વીરને પણ થોડીવાર ન ઓળખી શકી!

"વીરા તમે કીયા ગામથી આવ્યાં
કે કીયા ગામના તમે ગરાશીયા"

ભાઈને ન ઓળખી શકનાર બહેનને કવિએ "ગડથોલીયા ઘેલી" કહીને નવાજી છે :

"બે'ની મારી ગડથોલીયાની ઘેલી
કે આંગણે આવ્યો વીર નો ઓળખ્યો"

ભૂલ બદલ સંકોચ અનુભવતી બહેન, ભાઈને પાસે બેસાડી પોતાના દોહ્યલા સંસારની કથની વર્ણવતા કહે છે :

"વીરા મને છોરુડે સરવાણી
કે વાછરું વાળતાં વીરને ઓળખ્યો"

ઉક્ત ગીત કડીમાં કવિએ વધારે પડતાં બાળકોને કારણે સર્જાતી સમસ્યા પરત્વે અંગુલિ નિર્દેશ કર્યો હોય તેમ જણાય છે. આપણે ત્યાં કહેવત છે કે "ઝાઝે છોકરે ઝાઝી લ્હાય"



ફટાણાંનો ફાગ



લગ્ન પ્રસંગે ફટાણાં ગાવાનો એક રિવાજ છે. જો કે હવે ધીરે ધીરે આ પ્રથા વિસરાતી જાય છે. લગ્નને માંડવે વર-કન્યા પક્ષની યુવતીઓ સામસામે ફટાણાં ગાઈને વાતાવરણને હળવુ ફૂલ બનાવી દે છે. લગ્ન જેવો રૂડો અવસર હોય ને એમાં મીઠી મજાક ન હોય તો રંગત કેમ જામે? ફટાણામાં એક પ્રકારની મજાક કે હસીખુશીનો ભાવ સમાયેલો છે.

કેટલાક સાંજીના ગીતો પણ ફટાણાંના પ્રકારના છે:

"કોરી રે ગાગરડીમાં સોપારીનો કટકો
જોજો રે બે'નીબા તમારી સાસુજીનો લટકો,
માગી સાડલો પહેર્યો છે ને કુંવર
પરણાવવા આવ્યાં છે.
હશે એનો લઈ જાશે પછી ચડશે ચટકો"

ફટાણામાં મોટે ભાગ્યે વેવાઈ અને વેવાણને વણી લેવામાં આવ્યાં છે :

જાનડીયું વેવાઈને માંડવે જમવા જાય તે વખતે વેવાઈને ઉદ્દેશીને ફટાણું ગાય છે:

"વેવાઈઓને માંડવે જમવાને ગ્યા'તા (૨)
ચપટી ચોખા ને કળશી કાંકરા રે
અમને હોંશે જમાડ્યા
હોંશે જમાડ્યા અમને પરાણે પીરસાવ્યા
કાચા ચોખા ને કળશી કાંકરા રે
અમને હોંશે જમાડ્યા...."

આમ જાનડીયું જમ્યા પછી વેવાઈને વગોવે છે. લગ્ન જેવા આનંદનો અનન્ય પ્રસંગ હોય ત્યારે વેવાઈ કે વેવાણની મીઠી મજાક કે હાંસી ઊડાવવામાં ન આવે તો આનંદ ક્યાંથી આવે?

"વાતવે પહોળી વેવાણ ડાપણે ડોળી
માથું ગૂંથ્યું ને સેંથો ભૂલી રે, વેવાણ વાતવે પહોળી..."

લગ્ન મંડપમાં ફરી પાછી વરપક્ષની કન્યાઓ વેવાઈને ઝપટમાં લે છેઃ

"ઘરમાં નો'તું નાણું
ત્યારે શીદ માંડ્યું'તું ટાણું
મારા નવલા વેવાઈ
ઘરમાં નો'તી ખાંડ
ત્યારે શીદ તેડાવી'તી જાન
મારા નવલા વેવાઈ"

લગ્ન પ્રસંગે કન્યાના સસરા, કાકા સસરા અને જેઠ મુખવાસ માટે તજ અને લવીંગ મોકલાવે છે આમ છતાં કન્યાપક્ષની સ્ત્રીઓ હસતાં હસતાં કહે છે કે "એ શું મોકલાવે એ તો બધા ધૂતારા છે" એટલું જ નહિ પણ જગના ધૂતારા તરીકે નવાજે છે.

કહે છે કે, લગ્ને ગાળ ભલી. લગ્ન પ્રસંગમાં વાત વાતમાં કોઈને ગાળ દેવામાં આવે તો પણ તે ભલી લાગે છે એમાં કોઈને રીસ ચઢતી નથી. અહીં સંબંધો બગાડવાના નથી પણ સુધારવાના છે.

"તજીયા લવીંગડા તમે ચાવો રે રૂચિબેન
તમારા સસરાજીએ મોકલ્યા રે
ઈ શું મોકલશે જગનો ધૂતારો
અમારે જસમતભાઈએ મોકલ્યા રે
તજીયા લવીંગડા તમે ચાવો રે રૂચિબેન
તમારા કાકાજીએ મોકલ્યા રે
ઈ શું મોકલશે જગનો ધૂતારો
અમારે ઘનશ્યામભાઈએ મોકલ્યા રે...."

(તજીયા એટલે તજ અને લવીંગડાં એટલે લવીંગ. લગ્ન પ્રસંગમાં મુખવાસ તરીકે તજ, લવીંગ, એલચી, સોપારી, તલ વગેરે વપરાય છે.)

●

લગ્નમાં મહાલતી જેઠાણી પણ કેમ રહી જાય? દેરાણી પોતાની જેઠાણીના ભાઈઓની અદેખાઈ કરતી ગીત ગાય છે:

"ચોકમાં ચાંપલીયો રોપાવો રે જેઠાણી
ઊંચી ચડું ને નીચી ઊતરું રે
જોઉં મારા માડી જાયા વીરની વાટું
મારે માડીનો જાયો એકલો રે
મારા જેઠાણીને સાત સાત ભાઈયું
સાતેય થઈને સાડલો રે લાવ્યા
સાતેય થઈને સાતશેર ઘી ખાઈ ગીયા
સાડલાનું સાટું વાળી રે ગીયા
મારે માડીનો જાયો એકલો રે...."

(ઉક્ત ગીતમાં ચાંપલીયાનો ઉલ્લેખ થયો છે. ચાંપલીયો એટલે ચંપાનું વૃક્ષ. ચંપાના વૃક્ષ પર ચડીને દેરાણી પોતાનું મામેરું લઈને આવતા ભાઈની વાટ જુએ છે. સાથે જેઠાણીના સાત ભાઈઓની મજાક પણ કરે છે પણ આ ગીતથી જેઠાણીને માઠું નથી લાગતું. આ તો ગાવા ખાતર દેરાણીએ ગાયું છે. ભાઈની મહત્તા વધારવા દેરાણી પ્રયાસ કરે છે. જ્યારે અન્ય ગીતમાં આંગણે આંબો રોપાવવાની કલ્પના કરી છે.

"આંગણે આંબલિયો રોપાવો હો જેઠાણી
હમણા માડી જાયો આવશે રે,
હું તો ઊંચી ચડું ને નીચી ઉતરું રે
જોઉં મારા માડી જાયા વીરની વાટું"

મામેરાનો પ્રસંગ છે, મામેરીયા સહેજ પણ મોડા થાય તો બે'નનો ઉચાટ વધી જાય છે. મામેરાની વેળા ચૂકી જાય તે કેમ પાલવે? આથી બહેન પોતાના વીરને નિરખવા માટે ચોકમાં ચંપો કે આંબો રોપાવવા માટે પોતાની જેઠાણીને વિનવણી કરે છે. આ ચંપા કે આંબાના વૃક્ષ પર ચઢીને પોતાના ભાઈની વાટ જુએ છે. આમ આ ગીતમાં ભાઈની પ્રતિક્ષા કરતી બહેનનો તલસાટ વ્યકત થયો છે.

દાદા દરેક દીકરીને વહાલા હોય છે. દાદા દીકરીની આશા અપેક્ષા પૂરી કરતા હોય છે અને પોતાની વહાલસોય દીકરીને ત્યાં તેને સાસરે લગ્નનો અવસર હોય દોહીત્ર પરણતો હોય તો દાદા મામેરામાં જરા પણ મણા રાખતા નથી. આમ છતાં વાતાવરણને વધુ હળવું બનાવવા માટે દીકરી, દાદાને લોભી કહે છે!

મામેરું કે મોસાળુ લઈને આવતા થોડું મોડું થાય તો દીકરીની વિહ્‌વળતા વધી જાય છે અને પોતાના દાદા (પિતા)ને પણ સંભળાવી દે છે:

"મારો માંડવ છે રઢીયાળો
લીલીડે વાંસે જડિયો
મારે માંડવ સૌ લોક આવે
દાદા લોભી ના આવે"

મારે માંડવડે સૌ લોક આવે દાદા લોભી નો આવે' એમ કહીને દીકરીએ દાદાનું મહત્ત્વ વધારી દીધું છે.

સાસરે સિધાવતી કન્યાને કરીયાવરમાં વીંઝણો આપવાનો રીવાજ હતો. જો કે હવે લુપ્ત થયો છે. વરપક્ષની સ્ત્રીઓ વહુને ઉદ્દેશીને ગાતી :

"તારા દેશમાં ઝાઝા વેશ કે
લાડી વીંઝણો શું નો લાવી
આવા ઉનાળાના તડકા કે
લાડી વીંઝણો શું નો લાવી
તારા બાપને અડાણે મેલ કે
લાડી વીંઝણો શું નો લાવી"

(ઉક્ત ગીત પણ ફટાણા પ્રકારનું ગણાવી શકાય.)

લગ્નગીતોમાં ટીખળવૃત્તિ પણ છલોછલ ભરી છે. ફટાણાંનાં ફાગથી એમાં હાસ્યરસની છોળો ઉડે છે. અલ્લડ યુવતીઓ ફટાણાં ગાઈને વાતાવરણને હળવું બનાવી દે છે. લોકકવિએ લગ્નપ્રસંગમાં મજાક કરવાના પાત્રો પણ કેવા ખોળી કાઢ્યા છે!

જમાઈ, વેવાઈ, વેવાણ, સાળી, વર અણવર અને છેલ્લે લગ્નવિધિ કરાવનાર

ગોર મહારાજને પણ છોડ્યા નથી.

"ગોરને ફળીયા જેવી ફાંદ ગોર લટપટીયા"
ગોરને નળિયા જેવું નાક ગોર લટપટીયા"

કન્યા પક્ષની યુવતીઓ વર અને અણવરની મીઠી મશ્કરી કરવાનું પણ ચૂકતી નથી.

"સૈયરનાં આણલા આવ્યા રે
બેની, મારાં માથડાં દુખ્યાં રે
સૈયરનો ચોટલો મોટો રે
જમાઈડો સાગનો સોટો રે
વચાળે નદીયું આવી રે
બે કાંઠે પૂરની હેલી રે
સૈયર ને તારવી લેજો રે
જમાઈડાને જાવા દેજો રે"

નદી માતાને વિનંતી કે મોટા ચોટલાવાળી સૈયરને પાર ઉતારી લેજો અને સાગના સોટા જેવા ઓલ્યા જમાઈડાને જાવા દેજો.

લગ્નગીતોમાં આમ ફટાણાંનો ફાગ લહેરાઈ ઊઠયો છે, ભાભીને ખૂબ ફટાણાં ગાયાં છે. હવે નણંદ શું કામ બાકી રહી જાય?

"કોરી ગાગરડીમાં સોપારીનો ચટકો
પારકે માંડવે બેની આટલો શો મલકો,
વિવા વિતશે, કાઢી મેલશે પછી ચડશે લટકો...."

હવે આવે છે અણવરનો વારો એટલે માંડવા પક્ષની યુવતીઓ થોડી ઝાલી રહે? એ અણવરને મોટે સાદે ઉપાડે છે:

"તું થોડું થોડું જમજે રે કે અણવર અધરાયો
તારા પેટડામાં દુઃખશે રે, કે અણવર અધરાયો
એક લસણ કળી માંય તેલ પળી
કે માંય મરચું મેલો રે, કે અણવર અધરાયો"

●

"દેવાંગભાઈ અમદાવાદ ગ્યા'તા ગોરીના રૂસણાં
અંકિતા વહુ ચોટલો મંગાવે ગોરીના રૂસણાં
આખી અમદાવાદ જોય ગોરીના રૂસણાં
ચોટલો નજરે નો દીઠો ગોરીના રૂસણાં
ભાઈબંધ કેમ ભાંગુ રે ગોરીના રૂસણાં
લીલો વાંસ રે વઢાવો એની સોટી ઘડાવો
સોટી સબ સબ વાગે ચોટલો કોઈ'દિ ના માગે
ગોરીના રૂસણાં...."

•

"બે'નીએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીયાં
બે'નીએ મેલ્યો છે સૈયરુંનો સાથ, મેલીને હાલ્યા સાસરે...
બે'ની મેં રે તમને વા'લ કરી વારીયાં,
બે'ની નો કરજો હારલાની હઠ રે વેવાઈ ઘર છે દુબળા
બે'નીએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીયાં...
બે'ની મેં રે તમને વા'લ કરી વારીયાં
બે'ની નો રમજો માંડવા હેઠ રે, ધૂતારો ધૂતી જાશે."

•

"મધ બેઠું રે મોટા માંડવા હેઠ કે મધડા રળીયામણા
મધ વેડશે રે ઓલ્યો વિનોદ પારાધિ કે મધડા રળીયામણા..."

•

તાંબાકુંડી : 'તાંબાકુંડી નવ ગજ ઊંડી તે ઘેર બે'ની પરણજો' ખરા અર્થમાં નવ ગજ ઊંડી નહિ પણ સવા ગજ ઊંડી. સવા ગજ એટલે અઢી ફૂટ. અગાઉ પાણી સંઘરવાના સાધનો નહોતા ત્યારે આવી સવા ગજ ઊંડી તાંબાકુંડી વસાવાતી હતી. ઊંડી તાંબાકુંડીના પાણી ખૂટે નહિ તેમ જે ઘરની સમૃદ્ધિ કદી ખૂટે નહિ તેવા ઘરે બે'ની તારા વિવાહ થાય!'



કન્યાની વસમી વિદાય

સંસારીજીવનમાં દીકરીને સાસરે વળામણાનો પ્રસંગ ખરેખર દુઃખદ અને કરૂણ છે. મોટી થયે દિકરીને પરણાવી વળાવવી એમાં માતા પિતાનો મહાન ત્યાગ રહેલો છે. પોતાની વહાલસોયી દીકરીને સાસરે વળાવતા વડીલો કેવી વ્યથા અનુભવતા હશે! પાષાણ હૃદયને પણ પીગળાવે તેવો કરૂણાસભર આ પ્રસંગ છે. સૌ કોઈને આ લાગણીના પ્રસંગપૂરમાં બે ઘડી તણાવું પડે છે. આપણા લોકકવિએ આ આખા ય પ્રસંગને ગીતોમાં વણી લીધો છે અને કેવા શબ્દો ગ્રામનારીઓના હૈયામાંથી સરી પડ્યાં છે:

"ઢોલીડા તો ધ્રુડુક્યા લાડી હાલો આપણે ઘેર રે
પરણ્યા એટલા પ્યારા લાડી હાલો આપણે ઘેર રે"

દીકરીએ સ્ત્રી અવતાર પામ્યાથી પારકે ઘેરે જવું પડે છે. એ પારકી થાપણ છે. પરણ્યા પછી કન્યા બીજાના અધિકારની વસ્તુ બની જતી હોય છે. સાસરે ગયા પછી એની નવી દુનિયા ઊભી થાય છે આમે ય શાણી દીકરી આ બધું જાણે અને તેથી કહે છે -

"અમે રે લીલા વનની ચરકલડી ઊડી જાશું પરદેશ જો
આજ રે દાદાજીના દેશમાં કાલે જાશું પરદેશ જો
દાદાને વા'લા દીકરા અમને દીધા પરદેશ જો"

'અમારા કયા અપરાધે દાદાએ અમને દૂર કર્યા; અમને પરદેશ દીધા.' આ તો દાદાને ફરિયાદ કરવા ખાતર કરી છે બાકી પોતે જાણે છે કે દીકરી તો પારકા ઘરની શોભા છે. "આજ દાદાજીના દેશમાં અને કાલે ઊડી જાશું પરદેશ."

ઘરની મમતા છોડી હવે બે'નીએ સાસરે જવાનું છે. એમાં જ એની સાચી શોભા અને સુખ સમાયેલા છે ત્યારે જતી વેળા નમ્રભાવે એ વડીલોના

આશિષ લેવા માંગે છે:

"ઊભા રો તો માગું મારા દાદા પાસે શીખ રે
હવે કેવી શીખ રે લાડી હવે કેવા બોલ રે"

પરણીને પતિગૃહે જતી કન્યા પોતાના વડીલો પાસે વિદાય અને આશિષ માગે છે. કન્યા ધ્રુસકે ધ્રુસકે રડે છે. એના રુદનથી વાતાવરણ ભારેખમ બને છે અને પ્રસંગ કારુણ્યની પરાકાષ્ટએ પહોંચે છે:

"રોય રોય વહુની આંખ રાતી શું છે વહુને દુઃખ રે
હસુભાઈ જેવા સસરા તમારા શું છે વહુને દુઃખ રે
સજુબાઈ જેવા સાસુ તમારા શું છે વહુને દુઃખ રે"



'બે'નીએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીઆ
બે'નીએ મેલ્યો સૈયરૂનો સાથ બે'ની હાલ્યા સાસરે
એક આવ્યો'તો પરદેશી પોપટો
બે'ની તો રમતા'તા માંડવા હેઠ ધૂતારો ધૂતી ગીયો"

જે ઘરમાં રહીને પોતાનું બાળપણ વિતાવ્યું, જે ઘરમાં ઉછરીને મોટી થઈ, સરખી સૈયરું સાથે માયા બાંધી અને યુવાનીમાં પગ મૂકતાંની સાથે જ ઘરની મમતા અને સૈયરૂનો સાથ છોડી પારકે ઘર જવાનો અવસર આવ્યો આ બધુ એને કેવું વસમું લાગતું હશે! આમ વિદાય ગીતોમાં વેદનાનો પ્રવાહ ધીર ગંભીરપણે આલેખાયેલો જોવા મળે છે.

એટલું જ નહિ ગીતોમાં સાસરે જતી દીકરીને સાસુ-સસરા, જેઠ-જેઠાણી અને તેનાં પ્રિયતમ સાથે કેવું વર્તન રાખવું એની રૂડી પેરે શીખામણ અપાય છે :

"સસરા દેખીને લાંબા ઘૂંઘટા, સાસુજીને પાયલે પડજો
જેઠ દેખીને ઝીણું બોલજો, જેઠાણીના વાદ ન વદજો"

શ્વસુરગૃહે સસરા દેખીને લાંબા ઘૂંઘટા તાણજો, ઘરમાં જેઠ હોય ત્યારે ઝીણું ઝીણું બોલજો, મોટેથી વાત ન કરવી, એમની આમાન્ય જાળવવી. જેઠાણી ઘરમાં મોટા છે એટલે એ જે કાંઈ કામ સોંપે તે હરખભેર કરવું. એમની સાથે કોઈ વાદમાં ન ઉતરશો અને નાના દિયર-નણંદને સાચવજો

એ તમારી ફરજ છે. આમ કન્યા વિદાય વેળા આવી શીખામણોનું સિંચન થાય છે.

"દાદે મોટા મોટા ઘર જોઈ દીધા રે
બે'ની રે'જો સાસરિયાની રીત"

આમે ય દાદાએ ખમતીધર ઘર જોઈને તમને દીધાં છે. આવા સાસરિયાની રીતભાતને અપનાવજો. એ ઘરની રહેણી-કરણીને અનુરૂપ થઈને રહેજો અને સાસુ-સસરા, જેઠ-જેઠાણી સાથે સારી રીતે વર્તજો, તમારા શ્વસૂરગૃહને દીપાવજો.

"ઊંચી રે પડથારે થા કેસર ઉમટયાં
રથવેલ્યું હાલે રે ઉતાવળા (૨)
રથવેલ્યે બેસી બેનીબા હાલ્યા
દાદો તે કીયાભાઈ વળામણે (૨)
વળો વળો રે મારા સમરથ દાદા
અમને દીધા રે બહુ વેગળા (૨)
દેશ રે ન જોયો દાદે પરદેશ જોયો
એક રે જોયો રે દખણ માળવો (૨)"

શ્વસુરગૃહે વિદાય થતી દીકરીની દાદાને આ છેલ્લી મીઠી ફરિયાદ છે. દીકરી કહે છે કે, દાદાએ અમારે માટે નજીકમાં કંઈ સાસરું ન શોધ્યું પણ અમને તો દૂરના દેશમાં-પંથકમાં દઈ દીધાં! (દખણ માળવો એટલે દૂરનો મુલક દૂરનું ગામ એવો અર્થ થાય છે.)

"બે'ની મારી સાસરે જાશે ગાડામાં એકલી જાશે"

યાંત્રિક વાહનો નહોતાં ત્યારે ગાડાં, રથ, વેલ વગેરેમાં જાન આવતી હતી. એને અનુલક્ષીને ગામ નારીઓએ કેવી કલ્પના વ્યકત કરી છે!: 'બે'ની ગાડામાં એકલી માશે....' અર્થાત અમારી બહેન સાસરે જશે ત્યારે સાસરાનું ઘર ભરી દેશે. ગુણીયલ વહુવારૂને કારણે ઘર ભર્યું ભર્યું લાગતું હોય છે. એટલે અહીં અર્થ એ કાઢવાનો છે કે બની સાસરે જશે ત્યારે અમારા સંસ્કારો સાથે લેતી જશે અને ત્યાં તેનું વાવેતર કરશે. આમ આપણી સંસ્કૃતિમાં સંસ્કારની સૌરભ મહેંકે છે.

કન્યા વિદાયે સહુ ઉતાવળા

"હાલુ હાલુ કરજો વરના હો દાદા
જાનુ ઉઘલશે ને તડકોલા પડશે
ધોરીડાના પગડા રે તળવાશે
જાનડિયુંના ચીર રે ચોળાશે
જાનૈયાના મુખ શામળા થાશે...."

લગ્ન પ્રસંગ ઉકેલાઈ ગયો હોવાથી બધાને ઘરે જવાની ઉતાવળ છે :

"રથ વેલ્યુ હાલે રે ઉતાવળા..."

જાન ઉઘલાવવાની તૈયારી થવા લાગી છે, સહુ ઉતાવળા થયા છે, ત્યારે...

"સાજનીયા તો હાલુ હાલુ થઈ રીયા રે
સાજનીયાને રોકો બીજી રાત રે, સાજનીયા વાળી રોકશું રે...
ઘનશ્યામભાઈએ આડા ટોડા બાંધીયા રે
વિનુભાઈએ ઝાલી ઘોડાવેલ્ય રે, સાજનીયા વાળી રોકશું રે..."



મહિયરને પરહરી શ્વસૂરગૃહ સિધાવતી કન્યા માત-પિતાને ભેટીને રહ રહ આંસુડે રડે છે, એના કલ્પાંત સાથે વાતાવરણ ધીર ગંભીર બની જાય છે. વિદાય થઈ રહેલી જાનના સહુ સાજનીયાને વધુ એક રાત રહી (રોકાઈ) જવા માટે ગીત દ્વારા જે વિવેકનો ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે - તે આખુ ગીત સાંભળતા સહુ કોઈનું હૃદય બેઘડી ભરાઈ ઊઠે છે, આંખલડી ભીંજાવા લાગે છે. આ મનોભવ તો સૌરાષ્ટ્રની બહેન, દીકરી કે વહુવારું જ વ્યક્ત કરી શકે, ગાય શકે કે ઝીલી શકે!



●

કન્યા માટે વિધાતાના લેખ

"મારે આંગણ આશોપાલવના ઝાડ, કે બગલા બેસી ગયા રે લોલ
બગલા ઊડી ગયા આકાશ, પગલા પડી રીયા રે લોલ
દાદાએ જોયા ન જોયા પરદેશ, કે દીકરી દય દીધા રે લોલ
દીકરી એવા નો કરીએ અફસોસ, કે લેખ તારા લઈ ગીયા રે લોલ..."

જીવનમાં સુખી કે દુઃખી હોવું એ ભાગ્યની વાત માનવામાં આવી છે. વિધાતાએ જે લેખ લખ્યા હોય તે કદી મીથ્યા થતાં નથી. 'દીકરી ને ગાય, દોરે ત્યાં જાય' એ ન્યાયે દીકરીને જ્યાં વરાવવામાં આવે ત્યાં તેણે જવું પડે છે. સાસરું સારું હોય કે નરસું એ ભાગ્યની વાત છે. ઉપરોક્ત ગીતમાં દાદાએ ગામ જોયા વગર દીકરીને દઈ દીધી હોવાનો ભાવ એક કલ્પનારૂપે છે. દીકરી સાસરે જઈને સુખી થાય તેવી લાગણી દરેક માત-પિતાની હોય છે.



બાળપણમાં ખેલતી કૂદતી દીકરી સોડસી થતાં તેના માગા આવવા લાગે છે, અને સારો મૂરતીયો જોઈ તેની સગાઈ થાય છે. યુવાનીમાં ડગ મૂકતા તેના હાથ પીળા કરી દેવામાં આવે છે. દીકરી પિયરની માયા, મમતા મૂકીને સાસરે જાય છે ત્યારે પાછળ ઘણી બધી સ્મૃતિ મૂકતી જાય છે. એટલે કવિએ અહીં કહ્યું છે કે -

"બગલા ઊડી ગયા આકાશ કે પગલા એના પડી રીયા રે લોલ...."

બગલા ઊડી જશે પણ તેના પગની છાપ - યાદ મૂકતા જશે તેમ દીકરી સાસરે સિધાવશે ત્યારે પાછળ અનેક છાપ-યાદ મૂકતી જશે!

(ગીત કંઠસ્થ : શ્રીમતી ભારતીબેન મૂળજીભાઇ ગોપાણી)



દાદા દેવું હોય તે દેજો...

"આવી રૂડી આંબલીયાની ડાળ, હીંચકો રે બાંધ્યો હીરનો રે માણારાજ
દાદા મોરા દેવું હોય તે દેજો, છેટાની વાટે મારે હાલવું રે માણારાજ..."

દીકરી ઉમરલાયક થતાં સારો મૂરતીયો જોઈ તેના હાથ પીળા કરી દેવામાં આવે છે. સાસરે જતી દીકરી કરીયાવરમાં પોતાને જે જે જોઈતું હોય તે દાદા પાસે હક્કથી માગી લે છે, એ એનો અધિકાર છે. દીકરીને જેટલું આપો એટલુ ઓછું.

'દાદા દેવું હોય તે દેજો, છેટાની વાટે મારે હાલવું...' છેટાની વાટ એટલે દૂરનો મુલક, પંથ કે ગામ. હાલવું એટલે અહીં સાસરે જવું એવો અર્થ સમાયેલો છે. દીકરી કહે છે : દાદા તમારે જે દેવું હોય તે દઈ દો, મારે હવે સાસરે જવાની વેળા આવી છે, વેળા વિતે તે પહેલા જે દાન કરવું હોય તે કરી દેવા દીકરી દાદા-ભાઇ વગેરેને જણાવે છે. મહિયરની માયા છોડીને દીકરી સાસરે જતી હોય ત્યારે દાદા શું કામ ન આપે?

એક સમય એવો હતો કે દીકરી જીવે ત્યાં સુધી તેને ચૂંદડી, સાડલો તથા અન્ય કપડાં પિયરીયા તરફથી પૂરા પડાતાં હતાં! એટલે તો દીકરીને ઓશિયાળી ગણવામાં આવી છે - ચૂંદડી હોજો રે મારા મહિયરની...

દીકરીને સાસરે વળાવી ત્યારથી તે કદી પાછી પિયર આવી નથી. વર્ષોના વાણાં વીતી ગયાં છે. બે'નના કપડાં પણ હવે તો ચિંથરે હાલ થયાં છે. અંગ ઉઘાડું ભાસે છે, એમાં સાસરાની નહિ પણ મહિયરની આબરૂં જઈ રહી છે, લોકો મે'ણા બોલે છે. નવા કપડાંનો જોગ દાદા કે ભાઈ વગર બીજું કોણ કરી આપે? એટલે દુઃખીયારી બહેન એક સાડલા માટે ભાઈની આશા કરે છે!

એવો સાડલો રે ફાટ્યો વીરા મારો ઘુંઘટે
એમાં જાય છે મારા મૈયરીયાની લાજ
માડી મારા વીરને કેજો, વીરને કેજો કે આણા મારા મોકલે..."



લગ્નગીતમાં ગાંધીજીનો ઉલ્લેખ

"રેશમની સાડી ભરતે ભરી, સાડી પેરીને કીયાબે'ન નિસર્યા
જોય રયા છે નગરીના લોક રે, આ સાડી ક્યાંથી વાપરી
અમારે કીયાબે'નના દાદા, મુંબઈમાં મોજડીદાર રે
અમદાવાદમાં અમલદાર રે, રાજકોટમાં રજવાડી રે
સુરતમાં છડીદાર રે, ભારતના ભાગીદાર રે
ગાંધીએ ભેટ મોકલી રે
રેશમની સાડી ભરતે ભરી..."

મહાત્મા ગાંધીજીએ આપણને ગુલામીમાંથી મુક્ત કરાવી મહામૂલી આઝાદી અપાવી હતી એ સુવિદિત છે. આજથી પોણી સદી પૂર્વે રાષ્ટ્રપિતા ગાંધીજી દેશના એક અગ્રીમ હરોળના નેતા તરીકે જ્યારે ઊંડાણના ગ્રામ્ય વિસ્તારોમાં તો ભારતના રાજવી કે ભાગીદાર તરીકે લોકહૃદયમાં ઊભરી આવ્યા હતા. એ જમાનામાં 'બાપુ'ની કેટલી લોકપ્રિયતા હતી તેનો ઉલ્લેખ કેટલાક વિસરાતાં લગ્નગીતો પરથી જાણવા મળે છે. ગામડાંની નિરક્ષર બહેનોએ લગ્ન પ્રસંગે કન્યા માટેની સાડી કોઈ સામાન્ય વ્યક્તિએ નહિ પણ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભેટ મોકલ્યા અંગેની અદ્‌ભૂત કલ્પના કરી છે! હવે આવા ગીતો નામશેષ થઈ રહ્યાં છે ત્યારે અમને ઉપરોક્ત દુર્લભ મનાતું ગીત કમળાબહેન બાબુભાઈ નેસડીયા પાસેથી પ્રાપ્ત થયું છે. આ માટે અમે કમળાબહેન ઉપરાંત શ્રીમતી કંચનબહેન દેવચંદભાઈ રૂપારેલીયાનો આભાર વ્યક્ત કરીએ છીએ.



(નોંધ : કાકા, વીરા, મામા વગેરેનો ઉલ્લેખ કરી ગીતને લંબાવી શકાય છે. દીકરીના લગ્નનું મહત્ત્વ વધારવા માટે કન્યાના દાદાને જુદા જુદા નગરના હોદેદાર તરીકે કલ્પવામાં આવ્યા છે!)

બાપુ અમર તમારું નામ છે



"બાર ચણાવો બંગલા ત્યાં કરો ખાદીના ઢગલા
માત્મા ગાંધી અમર તમારું નામ છે
સૂકલડી છે કાયા ભલભલાને પાણી પાયા
માત્મા ગાંધી અમર તમારું નામ છે
ભરી સભાના રાજા એવા રૂચિતાબે'નના દાદા
માત્મા ગાંધી અમર તમારું નામ છે
બાર ચણાવો બંગલા ત્યાં કરો ખાદીના ઢગલા
માત્મા ગાંધી અમર તમારું નામ છે
સરોવર પાળે આંબા એવા રૂચિતાબે'નના મામા
માત્મા ગાંધી અમર તમારું નામ છે
બાર ચણાવો બંગલા ત્યાં કરો ખાદીના ઢગલા
માત્મા ગાંધી અમર તમારું નામ છે..."

મહાત્મા ગાંધીજીએ વસ્ત્રો માટે હાથ વણાટની ખાદી વાપરવા પર ખાસ ભાર મૂક્યો હતો. એક જમાનામાં ઘરે ઘરે રેંટીયા ગુંજતા હતા. ગાંધીજીએ ઉપાડેલી ચળવળમાં રેંટીયો કેન્દ્રસ્થાને રહ્યો હતો. ખાદીને પ્રોત્સાહન આપવા માટે અને લોકોને રોજી મળે તે માટે ખાદી કાર્યાલયો શરૂ થયાં હતાં. પંચોતર વર્ષ પૂર્વે રચાયેલા લગ્નગીતમાં અભણ બહેનોએ 'બાપુ'ના અપ્રતિમ પરાક્રમ સાથે ખાદીનો ખાસ ઉલ્લેખ કર્યો છે! 'બાર ચણાવો બંગલા ત્યાં કરો ખાદીના ઢગલા...' આવા દુર્લભ ગીતો હવે નામશેષ થઈ રહ્યાં છે. ગાંધી બાપુનું નામ તો અમર થઈ ગયું છે પણ આવા ગીતોની રચના કરનાર કવિએ અજ્ઞાત રહીને સાહિત્ય સેવા બજાવી છે. આવા બે'એક અપ્રગટ ગીતો અમને ગં.સ્વ. કમળાબેન બાબુભાઈ નેસડિયા પાસેથી પ્રાપ્ત થયાં છે.



ઢોલીડા ઢોલ ઘડી રોકજે તારો...

"ઢોલીડા ઢોલ ઢબુકતો રે ઘડી રોકજે તારો
ઘાવ ઊંડા ઘટમાં પડે રે નથી વેઠવા વારો
લાજ ભરી મારી લાડડી રે એને મોઢડે તાળાં
કોણ પળે પળ પૂછશે રે દુ:ખી જોઈ દયાળા?
ઊડતી વાટે વસુમતી રે! તારી રોકજે રેણું
કમળકળી થકી કોમળું રે બે'ની અંગ છે એનું
વનવન વીંઝતા વાયરા રે! એને સાચવીને વાજો.
ઘામ વળે એને ઘૂમટે રે, ઝીણા વીંઝણા દેજો
વહાલભરી વનદેવીઓ રે! ઊંડા આદર દેજો
જતન કરી એના જીવનું રે મીઠા મીઠડા લેજો..."



દીકરીની વિદાયનો પ્રસંગ ખરેખર કરૂણ અને લાગણીસભર છે. લાડકવાયી દીકરી સાસરે જતી હોય, સહુ આંસુડાં સારવા સાથે તેને વિદાય આપતાં હોય ત્યારે ત્યાનું વાતાવરણ કેવું ધીર ગંભીર બની જાય છે! જનેતાની વેદના અને વિદાય થતી દીકરીના કલ્પાંતનું શબ્દશ: વર્ણન કરવું ખરેખર અઘરું છે. અરે, વર્ણન કરનારનું હૈયું પણ બેઘડી વલોવાઈ જાય! માતાને ભેટીને ધ્રુસકે ધ્રુસકે કલ્પાંત કરતી દીકરીની વસમી વિદાયનો પ્રસંગ સહુ કોઈ માટે કરૂણાસભર છે.

"ઢોલીડા તો ધ્રુડુક્યા લાડી હાલો
આપણે ઘેર રે..."

માંડવો નાંખે ત્યારે ધ્રુડુકતો ઢોલ કેવો વહાલો લાગે અને છેલ્લે દીકરી વિદાય થતી હોય ત્યારે વાગતો તે જ ઢોલ કેવો વસમો લાગે!

ઢોલ, ઢોલી એક પણ એના તાલ જુદા.

એટલે કહે છે : "ઢોલીડા ઢોલ ઢબૂકતો રે ઘડી રોકજે તારો..."

વર્ષો પહેલા આપણી જૂની રૂઢી અને રીતરિવાજોને કારણે યુવક-યુવતીનો પરિચય લગ્ન પૂર્વે થતો નહિ એટલે પતિ, સાસરુ અને ગામ બધું જ અજાણ્યું લાગતું. આવા અજાણ્યા માનવીઓ વચ્ચે કેમ જીવાશે એમ દીકરી વિચારતી અને મૂંઝવણ અનુભવતી. કવિની કલ્પના આગળ વધે છે, માતા વતી ચિંતાની લાગણી વ્યક્ત કરતાં કહે છે :

"સાયર સાચલ સાસરું રે એના નીર તો ઊંડા
દેખી દેખી કરે ડોકિયા રે માંહિ જળચર ભૂંડા
મીઠા સરોવરની માછલી રે ખારા નીર કેમ પીશે
ઘેરા એનાં ઘુંઘવાટથી મારી બાળકી બીશે!"

સાસરું ખરેખર સાગર જેવું છે. સાગર ઉદાર છે તેમ ગહન પણ છે, તેની ઊંડાઈનો તાગ કાઢવો મુશ્કેલ છે. એ જ રીતે સાસરીયાના માનવીના મનના ઊંડાણ કળવા અઘરા છે, એટલે તો લોકગીતમાં દુઃખીયારી દીકરીએ વેદના વ્યક્ત કરતા ગાયું છે : **'સુખના દા'ડા તો માડી વહી ગયા રે લોલ, દુઃખના ઊગ્યા છે ઝાઝા ઝાડ જો, આ કવળા સાસરીયામાં જીવવું રે લોલ...'**

(**નોંધ** : આજે શિક્ષણના વ્યાપના કારણે આ પરિસ્થિતિ રહી નથી. કહેવું હોય તો કહી શકાય કે આજે દીકરીની વિદાય વસમી નહિ પણ હળવી બની છે!) ગીત પંક્તિઓ સૌજન્યઃ 'સાહિત્યસોપાન'.



સુમધુર સંવાદિતા એટલે સ્ત્રી

"પત્ની જ પતિના જીવતરને હર્યું ભર્યું બનાવે છે, બનાવી શકે છે. પતિની ઉન્નતિ ખાતર સ્ત્રી સર્વસ્વનો ત્યાગ કરતાય અચકાતી નથી. આત્મભોગનો અમર ગુણ સ્ત્રીજાતે અખિયાતો જ રાખ્યો છે. સ્ત્રી એટલે સુમધુર સંવાદિતા. સ્ત્રી એટલે અદ્‌ભુત આસ્થા. મીઠા પિયરની માયા છોડીને સાસરે પરવરતી કન્યાના મનમાં કોડ સાથે અપાર શ્રદ્ધા પણ સમાઈ હોય છે."

શરણાઇના સૂર

"નવીયું હવેલીમાં ઉતર્યા વરરાજા,
પાવઠડે પગ દઈ દઈ ચડો રે વરરાજા શરણાયું વાગે...
ક્યો રે નાના વરના દાદા વરરાજા,
લેજો માતાજીના નામ રે વરરાજા શરણાયું વાગે...
જસમતભાઈ નાના વરના દાદા વરરાજા
રેખાબાઈ માતાજીના નામ રે વરરાજા શરણાયું વાગે...
નવીયું હવેલીમાં ઉતર્યા વરરાજા
પાવઠડે પગ દઈ દઈ ચડો રે વરરાજા શરણાયું વાગે...
ક્યો રે નાના વરના કાકા વરરાજા
લેજો કાકાશ્રીની નામ રે વરરાજા શરણાયું વાગે
વિનુભાઈ નાના વરના કાકા વરરાજા
દર્શનાબાઈ કાકીશ્રીના નામ રે વરરાજા શરણાયું વાગે...
નવીયું હવેલીમાં ઉતર્યા વરરાજા.."



ઉત્સાહઘેલી બનેલી કન્યા જાનનો ઉતારો જાનને શોભે તે રીતે કરવાની દાદાને ભલામણ કરે છે. 'વરના જાનૈયાને દાદા ઓરડે ઉતારજો, મે'ડીના મો'લે રે વરરાજીયા..'તો વળી પાછી નવી હવેલીમાં વરના ઉતારાની વાત કરે છે. 'નવીયું હવેલીમાં ઉતર્યા વરરાજા.' અહીં નવી હવેલીમાં વરરાજાનો ઉતારો છે. આ નવી હવેલીમાં બેઠેલા અલબેલા વરરાજા રાજ કુંવરની જેમ શોભી રહ્યા છે.

જ્યારે રુપરુપના અંબાર સમી કન્યા ગોખે બેઠેલ રાજરમણી જેમ દીપી રહી છે. 'ગોખે તે બેઠી રાણી રાજરમણી બોલે, હે મને કોઇ મારગડો બતાવો રાજ બંગલા...'

શણગાર સજીને વરરાજીયા હવેલીના ઓરડેથી બહાર આવે છે ત્યારે જાનડિયું વરરાજાને બિરદાવતું પ્રસંગને અનુરૂપ ગીત ઉપાડે છે -

"નવીયું હવેલીમાં ઉતર્યા વરરાજા
પાવઠડે પગ દઈ દઈ ચડો રે વરરાજા શરણાયું વાગે..."

ગીત સાંભળવા આપણા કાન સરવા થઇ જાય છે. જાનના ઉતારેથી વરરાજાને ઘોડા પર બેસાડી વાજતે ગાજતે માંડવે લઇ જવા માટેની સાજનીયા દ્વારા તૈયારી ચાલી રહી છે. શણગારેલ ઘોડે ચડતા પહેલા શુકન જોવાતાં હોય છે : 'સકન જોઇ ઘોડલે ચડો રે વરરાજા...' વરયાત્રા શરૂ થાય છે. ગીતો દ્વારા વરરાજાને વધાવવામાં આવી રહ્યા છે, ઢોલ ધ્રુકી રહ્યા છે, શરણાઇના મધુરા સૂર રેલાઇ રહ્યા છે. 'સીતાને તોરણ રામ પધાર્યા લે જે પનોતી પે'લુ પોખણું...' વૈદેહીને વરવા જાણે રામચંદ્ર અયોધ્યાથી પધાર્યા હોય તેવો મૂરતીયો શોભી રહ્યો છે. 'વીર તો ગાલે ગોરા ને મુખ શામળા, વીર તો નેણે નીરખીયા નો જાય તોરણ આવ્યો મોરલો..."



રાયજગ રળિયામણો

સોનાની સળીયે માંડવો રે, રૂપાની સળીયે માંડવો રે
માંડવડે મળ્યા રે મોરાર, છપન કરોડે જાદવ મળ્યા રે
રેખાબેન તે જસમતભાઈને વિનવે રે
સ્વામી અમને રાયજગ દેખાડો, રાયજગ હોય રે રળિયામણો રે
જે'દિ આપણે રૂચિબે'ન પરણાવશું રે
તે'દિ રે રાયજગ દેખાડીયે, રાયજગ હોય રે રળિયામણો રે...
સોનાની સળીયે માંડવો રે, રૂપાની સળીયે માંડવો રે...

આંગણે લગ્નનો રૂડો અવસર હોય તેને લોકબોલીમાં રાયજગ માંડવો કે માંડ્યો એમ કહેવામાં આવે છે. પત્ની આ રાયજગ શબ્દથી અજ્ઞાત હોય તેવી ગીતમાં કલ્પના કરવામાં આવી છે. પતિ, પત્નીને આ રાયજગ કોને કહેવાય તે વિશે સમજ આપે છે. આ રાયજગ હંમેશા રળિયામણો હોય છે તેમ આ ગીત પણ ગવાય ત્યારે ઘણું રળિયામણું લાગે છે. (ગીત કંઠસ્થ : શ્રીમતી મુક્તાબેન વાલજીભાઇ પાનશેરીયા)

સીતા લખી કાગળ મોકલે...

"કંકુ છાંટીને લખજો કંકોતરી,
તેમાં લખજો બાળાવીરના નામ વીવા આવ્યા ઢૂંકડા
ગોરા રામચંદ્ર વન સિધાવીયા,
ઘેરે સીતાજી અન્ન નો ખાય વીવા આવ્યા ઢૂંકડા
ગોરા સીતાજી તે લખી કાગળ મોકલે
વે'લા વળજો લખમણજીના વીર વીવા આવ્યા ઢૂંકડા
તમો આવો તો તાળા કૂંચી ઊઘડે,
તમે આવો તો પડે પકવાન જમે જાડી જાન વીવા આવ્યા ઢૂંકડા
કંકુ છાંટીને લખજો કંકોતરી...

'રામ સીતા વરી ઘેર આવ્યાં, થાળ ભરી મોતીડે વધાવ્યાં' ભગવાન રામના લગ્ન પૂર્ણ થતાં આનંદ અનુભવતા તેઓ નવોઢા સીતાજીને તેડીને અયોધ્યામાં આવે છે પણ ત્યાં તો ભાગ્ય સંજોગે રામને વનમાં જવાનો યોગ ઊભો થાય છે. રામ, સીતાને નોધારી હાલતમાં એકલા મૂકીને પોતે વનમાં જાય છે. રામ વિના સીતાને કંઈ ચેન પડતું નથી! પ્રભુ વગર તેમના ગળે અન્ન પણ ઉતરતું નથી. રામના વિયોગમાં સીતા ઝૂરે છે. જો કે, આ પ્રસંગ આમ તો લક્ષ્મણ અને ઉર્મિલા સંબંધી છે.



રામ જ્યારે વનમાં ગયા ત્યારે સીતાજી તેમની સાથે જ હતાં એટલે અહીં સીતાજી એકલા હોવાની વાત કાલ્પનિક ભાવરૂપે છે. ગામડાંની બહેનોએ લગ્ન પ્રસંગે ગવાતા ગીતમાં આવું ભાવ નિરૂપણ કર્યું છે!

રામ-સીતાના લગ્નપ્રસંગને ગીતોમાં આવરી લેવા સાથે કવિની કલ્પના મ્હોરી

ઊઠી છે. અહીં કોઈ વાસ્તવિકતા ભલે ના હોય પણ એવી કલ્પના કરીને લોકકવિએ આપણને જીવનનો આનંદ લૂંટવા માટે પ્રેરણા આપી છેઃ ભગવાન રામચંદ્ર જાન જોડીને વૈદેહિને વરવા જનકપુરીમાં જાય છે.

'થંભે ચડીને સીતા જોઈ રહ્યાં, કેટલેક આવે છે જાન રે....'

આપણા પ્રાચીન પરંપરાગત રીતે ગવાતા લગ્નગીતોમાં પણ રામ-સીતાને એટલા જ વણી લેવામાં આવ્યાં છે. કોઈ પણ યુગલ પરણે ત્યારે તેમને પ્રથમ રામ-સીતા કલ્પીને ગીતો ગવાતાં હોય છે. અહીં જનકરાયની કુંવરી જાનકીના લગ્નનો રૂડો અવસર છે. જાન માટે સહુને આતુરતા છે. જાન કેટલે દૂર છે તે જોવા માટે સીતાજી એક ઊંચા થંભ પર ચઢયા છે ને નેજવા કરી નજરું માંડે છે :

'કોણ ઘોડે ને કોણ હાથીયે, કોણ તેજી અસવાર....'

થંભ પર ઊભા રહી સીતા કોણ ઘોડા ઉપર, કોણ હાથી અંબાડીએ ને કોણ તેજી ઘોડી પર અસવાર થયું હશે તેની મનોમન કલ્પના કરે છે ને પછી એ કલ્પનાને સાકાર સ્વરૂપ પણ પોતે જ આપે છે!

'રામ ઘોડે ને લક્ષ્મણ હાથીએ, શત્રુઘ્ન તેજી અસવાર....'

ભગવાન રામચંદ્ર વરરાજા બની, શણગાર સજી ઘોડા પર સવાર થયા છે. લક્ષ્મણે હાથીએ પલાણ નાખ્યા છે જ્યારે શત્રુઘ્ન તેજી ઘોડી પર અસવાર થયા છે, તો પછી રત્નજડિત પાલખીમાં કોણ બેઠું હશે, ક્યાં ચામર ઢોળાતો હશે? તો કહે છે :

'સીતા બેઠા રે રતન પાલખી, સોય દશ સમરો ઢોળાય,
સમરાને છાયા લાગે આકરી, ટીલડી તબકી લલાટ.'

ઢોળાતા ચામરથી મિથિલીનું મુખ ઢંકાઈ ગયું છે અને જેવો ચામર બાજુએ હટતા સીતાજીના ભાલે ચોડેલ ટીલડી ઝગારા મારતી દષ્ટિગોચર થાય છે અને એ કન્યા સીતા હોવાની એંધાણી આપે છે.

'સીતાને તોરણ રામ પધાર્યા, લે રે પનોતી પેલુ પોખણું....'

આમ વાજતે ગાજતે જાનકીને વરવા રામ જનકરાયના માંડવે આવે છે. માંડવે રામના પોખણાં થાય છે.

'જનરસે જગન આદર્યો, મળીયા મહીપતિ ભારે રે.
સીતાએ સાંચો મોડીયો, ચૂંદડી ઓઢી છે સારી રે.
તતખંડ તોરણ બાંધીયા, ચોરી ચોગઠી બાંધી રે.
વરઘોડીયા પધરાવીયા, સારા મૂરત સાધી રે.
આવી મંડપમાં ઊભા રીયા, રાજા જનકની કુંવરી રે.
કર રે જોડી સીતા કરગર્યા, સૂણો વાત મારી રે.
દસ રે અવતાર પ્રભુ તમ તણા, દાસી સવ રે તમારી રે.
હરિએ હથેવાળો મેળવ્યો, દાપુ દક્ષણ આપી રે.
કંસારનો વાલે ભર્યો કોળીયો, ઊઠયા અંતરજામી રે.
સીતાને તેડી ચાલીયા, તુલસીદાસના સ્વામી રે.'

કન્યા પધરાવો સાવધાન કહેતા સીતાજીને દોરીને સખીઓ લગ્નમંડપમાં આવે છે અને સીતા રામને વરમાળા પહેરાવે છે. સીતા હાથ જોડી પ્રભુને અરજ કરતી કહે છે કે, 'હે પ્રભુ! આ અવતારે જ નહિ પણ આપના બીજા દશેય અવતારે હું આપની દાસી થઈને આપના ચરણોમાં રહીશ.' (સીતાએ બબ્બેવાર વનમાં જવું પડયું છે અને અનેક કષ્ટો સહન કરવા પડયા છે. છતાં સીતાજી ડગ્યા નહોતા એટલું જ નહિ જન્મોજન્મ રામની અર્ધાંગિની થઈને રહેવાનું પસંદ કર્યું હતું) લગ્નપ્રસંગ ઉકલી જતા પ્રભુ સીતાને લઈને અયોધ્યા ભણી પ્રસ્થાન કરે છે. 'સીતાને તેડી ચાલ્યા તુલસીદાસના સ્વામી રે..'





"છેટાની કોયલ બોલે રળીયામણું, કોયલને આવવું આપણા દેશમાં
દેશ અજાણ્યો, સાસરું અજાણ્યું, કેમ કરી આવે આપણા દેશમાં
દેશ ઘોલવાડ ને સાસરું સુરત શે'ર, અંકિતા વોવ આવે આપણા દેશમાં
દાદા જસમતભાઈ, માતા રેખાબાઈ, અંકિતા વોવ આવે આપણા દેશમાં
છેટાની કોયલ બોલે રળીયામણું, કોયલને આવવું આપણા દેશમાં...
કાકા વિનુભાઈ, કાકી દર્શનાબાઈ, અંકિતા વોવ આવે આપણા દેશમાં"

[redacted]

"મંડપ ઉપર ચડંતી છે વેલ,
વેલે ઉઘડ્યાં ઝાઝા ફૂલડાં રે,
એક જ ફૂલડું રૂચિબેને સૂંઘ્યું
ત્યાં તો વિપુલ જમાઈના મન મોયા રે
પરણું તો પરણું જસમતભાઈની ઘેડી,
નહિતર તડકે બેસી તપ ધરું રે
મંડપ ઉપર ચડંતી છે વેલ,
વેલે ઉઘડ્યાં ઝાઝા ફૂલડાં રે
એક જ ફૂલડું રૂચિબેને સૂંઘ્યું,
ત્યાં તો વિપુલ જમાઈના મન મોયા રે
પરણું તો પરણું વિનુભાઈની ભત્રીજ,
નહિતર તડકે બેસી તપ ધરું રે.
મંડપ ઉપર ચડંતી છે વેલ,
વેલે ઉઘડ્યાં ઝાઝા ફૂલડાં રે
પરણું તો પરણું દેવાંગભાઈની બે'ની
નહિતર તડકે બેસી તપ ધરું રે..."

●

[redacted]

"સાંકડી શેરીમાં વીરા આરસ ઢળાવો, રમવા જાશો તો લપસી જાશો રે
દેવાંગભાઈ વીરા હજી રે કુંવારા,
દાદાના રાજમાં વીરા હસતા ને રમતા, સસરાની બોલડિયે બંધાણા રે
દેવાંગભાઈ વીરા હજી રે કુંવારા, સાંકડી શેરીમાં વીરા આરસ ઢળાવો
કાકાના રાજમાં વીરા હસતા ને રમતા, કાકાજીની બોલડિયે બંધાણા રે
દેવાંગભાઈ વીરા હજી રે કુંવારા
સાંકડી શેરીમાં વીરા આરસ ઢળાવો..."

બે'નીના વાંકડિયા વાળ

"ઊંચી પીપરડીના ઝૂમે ઝૂમે પાન,
બે'નીના વાંકડિયા વાળ
વાંકડિયા વાળ બે'નીના ગોરા ગોરા ગાલ,
બે'નીના હોઠડિયા લાલ
આવો ખુશીબે'ન વાળી લ્યો ખોબલીયા,
વીણી લ્યો ફૂલ
પેલી વિદાય તમારા દાદાને પ્રણામ,
બે'નીના વાંકડિયા વાળ
વાંકડિયા વાળ બે'નીના ગોરા ગોરા ગાલ
બે'નીના હોઠડિયા લાલ
ઊંચી પીપરડીના ઝૂમે ઝૂમે પાન,
બે'નીના વાંકડિયા વાળ
વાંકડિયા વાળ બે'નીના ગોરા ગોરા ગાલ
બે'નીના હોઠડિયા લાલ
બીજી વિદાય તમારા કાકાને પ્રણામ,
બે'નીના વાંકડિયા વાળ
વાંકડિયા વાળ બે'નીના ગોરા ગોરા ગાલ
બે'નીના હોઠડિયા લાલ...."

બાળપણમાં સરખી સૈયરું સાથે બથોડા લેતી, આંબલી પીપળીની રમત રમતી બે'ને યુવાનીને ઊંબરે ડગ માંડતા તેના લગ્ન લેવાયાં છે, ત્યારે સૈયરૂં તેને પેલી આંબલી પીપળીની યાદ અપાવે છે, અને સાથે બે'નના રૂપના વખાણ કરવાનું પણ ચૂકતી નથી! પીપર પીપળી કોઈ ફૂલ આપતું વૃક્ષ નથી, તે કોઈ ફૂલછોડ નથી કે તેના ફૂલડાં વીણી લેવાની વાત કરી છે. તે માત્ર મીંઢળબંધીના વાંકડિયા વાળના વખાણ માટેની કવિની કલ્પના

છે : 'ઊંચી પીપરડીના રૂમે ઝૂમે પાન બે'નીના વાંકડિયા વાળ...' યુવકને વાંકડિયા વાળ હોય શકે પણ યુવતીને નહિ અને હોય તો તે સારા પણ ન લાગે. આમ છતાં 'ઊંચી પીપરડીના રૂમે ઝૂમે પાન બે'નીના વાંકડિયા વાળ...' એમ કવિ ગીતમાં દર્શાવે છે, પણ અહીં વાંકડિયા વાળ સાથે તેના ગોરા ગોરા ગાલ અને લાલ-લાલ હોઠનું વર્ણન કરીને કવિએ કન્યાના રૂપનું પ્રમાણ આપવાનો પ્રયાસ કર્યો છે!



(ગીત કંઠસ્થ : શ્રીમતિ રમીલાબહેન જગદીશભાઈ કોટડિયા. આ ગીત પણ પ્રાચીન ન હોય તેમ લાગે છે છતાં અહીં વર્ણનાત્મક હોવાથી સમાવેશ કરાયો છે.)

"વીરનો માંડવો ઉમકીયાળો ફૂમકીયાળો
ફૂલડે દીહે છાયો રે
વીરને મંડપ કોણ કોણ આવે
દાદા લોભી નો આવે રે
દાદા લોભી લોભ નો કરજો
અવસર આવવું પડશે રે
અવસરીયાતો આજ વયા જાશે કાલ વયા જાશે
ભવના મે'ણાં રે'શે રે
વીરનો માંડવો ઉમકીયાળો ફૂમકીયાળો
ફૂલડે દીહે છાયો રે..."

(કાકા, વીરા, મામા વગેરેને સંબોધીને, ગીત લંબાવી શકાય છે.
ગીત કંઠસ્થ : ભારતીબહેન અશ્વિનભાઈ સાવલીયા)

અમરવાડીના ફૂલ

"ગૂંથો ગજરો ને ગૂંથો વેરણી રે લોલ
ગૂંથો મારે ખુશીબેનના હાર રાજ માળણી રે લોલ
અમરવાડીના ફૂલ લાવજો રે લોલ.....
ખુશીબેનના દાદા હોંશીલા રે લોલ
હોંશે હોંશે લગનીયા લખાય રાજ માળણી રે લોલ
અમરવાડીના ફૂલ લાવજો રે લોલ
ખુશીબેનના કાકા હોંશીલા રે લોલ
હોંશે હોંશે કુટુંબડા તેડાય રાજ માળણી રે લોલ
અમરવાડીના ફૂલ લાવજો રે લોલ
ખુશીબેનના વીરા હોંશીલા રે લોલ
હોંશે હોંશે જ્વતલીયા હોમાય રાજ માળણી રે લોલ
અમરવાડીના ફૂલ લાવજો રે લોલ
ગૂંથો ગજરો ને ગૂંથો વેરણી રે લોલ...."

માણસને અમર કરી દેનાર અમર ફળફૂલની વાતો ભલે કાલ્પનિક લાગે પણ પુરાણકાળથી તે થતી આવી છે. રાજા ભરથરીની કસોટી કરવા એકવાર અશ્વપાલે રાજાને અમરફળ અર્પણ કર્યું હતું. પરંતુ ભતૃહરિએ તે ફળ ખાવાને બદલે રાજની માનીતી નર્તકીને અમર કરી દેવા તેને આપી દીધું હતું! રાજા વગર અમર થઈને શું કરવું એમ માની નર્તકીએ એ અમરફળ પાછું રાજાને જ આપી દીધું. 'લાખો મરજો પણ લાખોનો પાલનહાર જીવજો' એવી નર્તકીની ઉદાત ભાવના હતી તેથી તેણે રાજાને અમર કીધા! જ્યારે કવિએ અહીં લગ્નગીતમાં અમરવાડીના અમર ફૂલની વાત કરી છે. આંગણે બે'નના લગ્ન છે તેથી હાર, વેણી અને ગજરો વગેરે અમરવાડીમાંથી મંગાવવાનું કવિ કહે છે. 'અમરવાડીના ફૂલ લાવજો રે લોલ...' અમર ફૂલ સૂંઘવાથી માણસ અમર થઈ જતો હશે તેવો ગૂઢ ભાવ અહીં છૂપાયેલો છે. અમરવાડીની આ એક માત્ર કલ્પના છે. જેમના લગ્ન થતાં હોય તેવું યુગલ સો વર્ષ જીવે એવું કોણ ન ઈચ્છે!

[illegible] મોતી ઝરે...

“મારે આંગણીયે તુલસીનો કયારો,
તુલસીને કયારે રૂડાં રામ રમે,
રૂડા રામ રમે તીયા સમરો ઢળે,
તીયા સમરો ઢળે, સાચા મોતી ઝરે
સાચા મોતી ઝરે, મોર મોતી ચણે,
મોર મોતી ચણે ઢેલ્યું ઢૂંગે વળે
ઢેલ્યું ઢૂંગે વળે ઈ તો સૌને ગમે,
સૌને ગમે ઈ તો જસમતભાઈને ગમે
જસમતભાઈને ગમે તેનો મોભી પરણે,
મારે આંગણીયે તુલસીનો કયારો...”

તુલસીને ક્યારે સાચા મોતી નીપજતાં હોય અને જ્યાં મોર સાચા મોતી ચણતા હોય તે ઘરઆંગણું બીજા કોઈનું નહિ પણ ભગવાન રામનું જ હોય શકે! કારણ આંગણામાં રૂડા રામ રમી રહ્યા છે. અહીં પ્રભુ બાળ સ્વરૂપે હોવાનો ભાવ દર્શાવ્યો છે. તુલસીનો મહિમા વધારવાની કવિની કલ્પના અદ્‌ભુત છે.

સાસરીયે નો સોરવે...

“દાદા લઈ ઘો ચોંછઠ પાનાની ચોપડી
ચોપડી વાંચીને કાઢવા દિવસ, સાસરીયે નો સોરવે
દીકરી દાદાના બંગલા શું કામના, દીકરી સાસરીયાની શૂળી ઉપર સુખ
જરૂર જાવું સાસરે
દાદા લઈ ઘો ચોંછઠ પાનાની ચોપડી, ભત્રીજ કાકાના બંગલા શું કામના
ભત્રીજ સાસરીયાની શૂળી ઉપર સુખ
જરૂર જાવું સાસરે...”

પિયર ગમે તેટલું સુખી સમૃદ્ધ હોય પણ દીકરી માટે તે શું કામનું. સાચુ સુખ પિયરનું નહિ પણ સાસરાનું માનવામાં આવ્યું છે. સાસરે દીકરી દુઃખી હોય તો પણ સાસરાના દુઃખમાં સુખી માનવામાં આવી છે! ‘સાસરાની શૂળી ઉપર સુખ, પિયરના બંગલા શું કામના’



"ડેલીની બા'ર મેં તો બાંધ્યા તોરણીયા,
લીલુડો રંગ ઊભરાય રે રંગ ઊભરાય રે
આજ મારે આંગણે વધામણાં....

કેસર દળાવી મેં તો કંકુ નીપજાવ્યાં,
કંકુ મારે રૂચિબેનને કાજ રે રૂચિબેનને કાજ રે
આજ મારે આંગણે વધામણાં....

ડેલીની બા'ર મેં તો બાંધ્યા તોરણીયા...
કમોદ સસરાવી મેં તો ચોખા નીપજાવ્યા,
ચોખા મારે રૂચિબેનને કાજ રે રૂચિબેનને કાજ રે
આજ મારે આંગણે વધામણાં....

ડેલીની બા'ર મેં તો બાંધ્યા તોરણીયા...
ત્રોફા તોડાવી મેં તો શ્રીફળ નીપજાવ્યા,
શ્રીફળ મારે રૂચિબેનને કાજ રે રૂચિબેનને કાજ રે
આજ મારે આંગણે વધામણાં..."





"આછા સાયલમાં વાય છે બે'નેને ટાઢ હો રંગ રસિયા
કંસારીયા જમજો રે બે'ની તારા લીલા માંડવડા હેઠ
બે'નના દાદાના એસા એસા નામ હો રંગ રસિયા,
કંસારીયા જમજો રે બે'ની તારા લીલા માંડવડા હેઠ
આછા સાયલમાં વાય છે બે'નને ટાઢ હો રંગ રસિયા...
બે'નના કાકાના એસા એસા નામ હો રંગ રસિયા
કંસારીયા જમજો રે બે'ની તારા લીલા માંડવડા હેઠ"

મારો સાથ સાસરીયાનો જાય...

"આલા લીલા વાંસની વાંસલડી એક વાંસલડી
ઈ તો શેરીએ વાજંતી જાય
દાદાને વા'લા એક રૂચિબે'ન એક રૂચિબે'ન,
ઈ તો પરણીને સાસરે જાય
એક દિન રહો મારા બે'ની રે, મારા બે'ની રે
તમને કાલે અપાવીશ વિદાય
હું કેમ રહું મારા દાદા રે મારા દાદા રે
મારો સાથ સાસરીયાનો જાય
આલા લીલા વાંસની વાંસલડી એક વાંસલડી
ઈ તો શેરીએ વાજંતી જાય..."

દીકરી માટે તો સાસરીયું જ સર્વસ્વ મનાય છે અને એ હકીકતનો દીકરી સહર્ષ સ્વીકાર કરે છે. વિદાય થતી દીકરીને એના દાદા, કાકા, ભાઈ વગેરે વિવેક ખાતર એક રાત રોકાય જવા આગ્રહ કરે છે. પરંતુ શાણી દીકરી સાચો સંગાથ તો સાસરીયાનો માને છે, અને એ સાથ ચાલ્યો જશે તો પછી પોતે પાછી કોની ભેળી સાસરે જશે એમ માની પિયરમાં હવે રોકાવાની ના પાડે છે : 'હું કેમ રહું મારા દાદા રે મારા દાદા રે મારો સાથ સાસરીયાનો જાય....'

(નોંધ : કદાચ આ ગીત પ્રાચીન ન હોય તેમ છતાં અહીં તે ભાવવાહી હોવાથી સમાવી લીધું છે.) (આ ગીત કાકા, વીરા વગેરેને ઉદ્દેશીને લંબાવી શકાય છે. કંઠસ્થ : નયનાબહેન નારણભાઈ સુહાગીયા)



મોસાળની પણ સંમતિ : કન્યા પધરાવો સાવધાન! એમ ગોર મહારાજે કહ્યા પછી કન્યાને દોરીને તેનાં મામા અથવા મામાનો દીકરો મંડપમાં લાવે છે. મામા કન્યાને પધરાવે છે એટલે કન્યાના આ લગ્નમાં મોસાળની પણ સંમતિ છે તેવો ભાવાર્થ છે.

રાખજો કુળની લાજ રે....

"સાસરું તમારું સાગર જેવું, રૂપલા સરખી પાળ રે
ઈ પાળે બેસીને બે'ની, રાખજો કુળની લાજ રે
સસરા તમારા દશરથ સરખા, સાસુજી કૌશલ્યા માત રે
સાસરું તમારું સાગર જેવું, રૂપલા સરખી પાળ રે
જેઠ તમારા રામચંદ્ર સરખા, જેઠાણી સીતા નાર રે
સાસરું તમારું સાગર જેવું, રૂપલા સરખી પાળ રે
દિયર તમારા લક્ષ્મણ સરખા, દેરાણી ઉર્મિલા નાર રે...."

સાગરના ઊંડાણનો તાગ મેળવી શકાતો નથી તેમ સાસરીયાના માનવીના મનને માપી શકાતાં નથી. સાસરાને ક્યાંક સરોવર સાથે તો ક્યાંક સાગર સાથે સરખાવવામાં આવ્યું છે, પણ આ તો નીવડ્યે વખાણ. સારું, નરસુ સાસરું એ તો દીકરીના ભાગ્યની વાત છે.

સાગરને ઉદાર માનવામાં આવ્યો છે. સાગર પોતાના પેટાળમાં બધુ જ સમાવી લે છે, તે કદી છીછરો બનતો નથી. જેનું દિલ વિશાળ છે, જે ઉદાર છે તેને દરિયાવ દીલો કહેવામાં આવે છે. આ દુનિયામાં મોટું કોણ તો કહે, સાગર. એટલે જ સાગર જેવડો સાથ એમ કહેવાયું છે.



દાદાએ દીકરી માટે સાસરું પણ સાગર જેવું શોધ્યું છે તેથી બે'નને સાગરમાં રહીને કુળની લાજ, ઈજ્જત, આબરૂ જાળવવા સલાહ અપાય છે. સાસરે જતી દીકરીને સસરા દશરથ સમાન, સાસુને કૌશલ્યા જેવા જયારે જેઠને રામચંદ્ર સરખા ગણીને સંસાર નિભાવવા અને સંસ્કાર દીપાવવા શીખામણ અપાય છે.

લાડડીએ લલચાણા જો....

"ઊંચી મેડી ઊગમણા, એની ચંદન સરખી કોર જો
કીયા ભાઈની ઘેડીએ મારા બાળાવીરને રોક્યા જો
રોક્યા કોયના રે'શે નય, એની લાડડીએ લલચાણા જો
લાડડીયે લલચાણા એની બોલડીયે બંધાણા જો
ઊંચી મેડી ઊગમણા, એની ચંદન સરખી કોર જો
કીયાભાઈની ભત્રીજીએ મારા બાળાવીરને રોક્યા જો
રોક્યા કોયના રે'શે નય, એની ભત્રીજીએ લલચાણા જો
ભત્રીજીએ લલચાણા, એની બોલડીયે બંધાણા જો
ઊંચી મેડી ઊગમણા, એની ચંદન સરખી કોર જો...."

સૂર્ય આયુષ્યદાતા દેવ છે. જે મનુષ્ય સવારે નિયમિત સૂર્યનારાયણને અર્ધ્ય અર્પી ભાવનાભરી સ્તુતિ કરે છે તે લાંબુ આયુષ્ય ભોગવે છે. સૂર્ય વિના માનવજીવનની કલ્પના અશક્ય છે. જીવસૃષ્ટિ માટે સૂર્ય પ્રેરણા શક્તિસ્ત્રોત છે. ઉગમણી દિશાએથી સૂર્યનો ઉદય થાય છે.

ઉક્તગીતની એક માત્ર પંક્તિમાં ઉગમણા શબ્દથી તે સૂર્ય હોવાનું સૂચન છે અને એને પૂરક બને છે ચંદન સરખી અર્થાત કેસરી કોર. આ સૂર્યદેવતાના ઉદય વેળાની તેની કળાની વાત છે. અહીં સૂર્યને અધ્યાહાર રાખી નિરક્ષર બહેનોએ સૂર્ય ઉદયનું કેવું સુંદર વર્ણન કર્યુ છે! આમ પ્રથમ પંક્તિમાં સૂર્યનો ક્યાંય ઉલ્લેખ નથી પરંતુ 'ઉગમણા' અને 'ચંદન કોર' પરથી તે સૂર્ય જ હોવાનું અનુમાન કરી શકાય છે! આ જ ખૂબી છે આપણા લગ્ન ગીતોની.



માણેસસ્થંભ : માણેકસ્થંભ રોપવો એટલે કોઈ સારા કાર્યનો પાયો નાખવો એવો અર્થ થાય છે. વર-કન્યાના ઘરે માંડવો નાખે ત્યારે માણેકસ્થંભ રોપાય છે. ઘરની ઓસરીના જમણી બાજુના ખુણામાં એક જગ્યાએ ખાડો ખોદી માણેકસ્થંભ રોપવામાં આવે છે. આ થાંભલીને શુકનવંતી માનવામાં આવે છે.

દરિયાના બેટમાં મોતી ઝબુક્યાં...

"દરિયાના બેટમાં મોતી ઝબુક્યાં, દરિયો આવે છે મોજાં મારતો
એક મોતીડું સવા રે લાખનું, તેનો ઘડાવ્યો રૂડો હારલો
હારલો પે'રીને બે'ની પાણીડાં ગ્યાતાં, સરખી સાહેલીએ પૂછીયું
દાદા જસમતભાઈ પરદેશ ગ્યાતા, ત્યાંથી ઘડાવ્યો રૂડો હારલો
હાર ને હાંસડી બે'નીને શોભતાં, વરમાળા પે'રી સવા લાખની
દરિયાના બેટમાં મોતી ઝબુક્યાં, દરિયો આવે છે મોજાં મારતો
એક મોતીડું સવા રે લાખનું, તેની મઢાવો બે'નની ચૂંદડી
ચૂંદડી ઓઢીને બે'ની પાણીડાં ગ્યાતાં, સરખી સાહેલીએ પૂછીયું,
કાકા ઘનશ્યામભાઈ પરદેશ ગ્યાતા, ત્યાંથી લઈ આવ્યા નવરંગ ચૂંદડી
સાડીને સેલા બે'નીને શોભતાં, પાનેતર પેર્યું સવા લાખનું
દરિયાના બેટમાં મોતી ઝબુક્યાં...."

લગ્નગીતોમાં મોતીને ગૂંથી લેવાયાં છે. કૃષ્ણની જેમ વરરાજીયાને પણ ઝીણા ઝીણા ચોખલીયા ને મોતીડાંથી વધાવાયા છે. પ્રાચીનકાળથી માનવ, દાનવ ને દેવોમાં રત્નોનો પ્રભાવ રહ્યો છે. મોતીને પણ ચંદ્રમાનું રત્ન માનવામાં આવ્યું છે. મોતીને અંગ પર ધારણ કરવાથી શાંતિ મળે છે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. આ કારણોસર જ મોતીના આભૂષણોનું માનવીને મન સૌથી વધુ આકર્ષણ રહ્યું છે. આપણા લોકકવિઓએ શ્રીકૃષ્ણને સાચા મોતીથી વધાવ્યા છે : 'થાળ ભરી શગ મોતીડે શ્રીકૃષ્ણને વધાવીયા..." કૃષ્ણે પણ યમુનાજીને કાંઠે મોતીનો છોડ વાવી, મોતીના વાવેતર કર્યા હોવાની કલ્પના કરવામાં આવી છે.

લગ્નગીતોમાં મોતીને બહેનોએ ભલે વણી લીધા હોય પણ આપણા લગ્નગીતો મોતીથી કંઇ કમ નથી. આપણે માટે તો એ મોતી છે! 'મોતીડાં વીણી લેજે રે તારે જાવું પારકા ઘેરે...' અરે, વિવાઈતા ઘરને આંગણે તો મોરને સાચા મોતી ચણતો કલ્પ્યો છે. ક્યાંક દરિયાના બેટ પર મોતી ઝબુક્યાની તો ક્યાંક માણેકચોકમાં મોતી વેરણાની ગીતમાં કલ્પના કરવામાં આવી છે : 'દરિયાના બેટમાં મોતી ઝબુક્યા, દરિયો આવે રે મોજાં મારતો...'

લગ્નગીતોમાં ફૂલનો મહિમા

લગ્નગીતોમાં ફૂલોનો ભરપુર ઉપયોગ થયો છે. ગીતોની રચના કરનાર આપણી અજ્ઞાત બહેનોએ ગીતોની પંક્તિએ પંક્તિએ ફૂલડાંને ગૂંથી ગીતોને વધુ રળીયામણાં બનાવવાનો પ્રયાસ કર્યો છે. અનાદિકાળથી માનવ ને દેવમાં ફૂલનો મહિમા ગવાતો આવ્યો છે. ફૂલ વગર શુભ અને ધાર્મિક અવસરો અધૂરા લાગે છે. કથા, પૂજાપાઠ, આદિ વિધિમાં ફૂલની આવશ્યકતા રહે છે. દેવ મંદિરોમાં ઠાકોરજીને અલંકારો ઉપરાંત ફૂલોના પણ શણગારથી સજાવવામાં આવે છે. પ્રભુને રત્નો, મોતી તથા સુવર્ણ અલંકારોથી ભલે વિભૂષિત કરવામાં આવતા હોય પણ પુષ્પોની ફોરમ પ્રસરાવતી માળા, ગજરા, તોરા, કલગી, પુષ્પગુચ્છ વગર શોભા અધુરી લાગે છે. એજ રીતે વર-કન્યા પણ ફૂલો વગર અધૂરા લાગે! 'માળણ જાજે માળવે રે લાવજે ગુલાબનું ફૂલ...' કવિએ લગ્ન પ્રસંગે ગુલાબના ફૂલ લેવા માળણને ઠેઠ માળવા મોકલવાની કલ્પના કરી છે!

તોરણ આવી જાન

"તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
શણગાર સજીને તૈયાર થાઓ રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તમારી માતાને પોંખવા મે'લો રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
શણગાર સજીને તૈયાર થાઓ રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તમારા કાકીને પોંખવા મે'લો રે રુચિબે'ન
માંડવે આવી રૂડી જાન
તોરણ આવ્યા વરરાજા રે રુચિબે'ન...."



લાડડી લખી કાગળ મોકલે

"સાંજી લાડડી તે લખી કાગળ મોકલે
વેવારીયા તમે રાયવર વે'લા આવો
ચતરભૂજ રવે ચઢયા
વોવના દાદાએ બંગલા ચણાવીયા
ઉતારા કરશે રે મારા દેવાંગભાઈની જાન
ચતરભૂજ રવે ચડ્યા
સાંજી લાડડી તે લખી કાગળ મોકલે
વેવારીયા તમે રાયવર વે'લા આવો
ચતરભૂજ રવે ચડ્યા
વોવના કાકાએ દાડમી રોપાવીયું
દાતણ કરશે રે મારે દેવાંગભાઈની જાન
ચતરભૂજ રવે રડ્યા
સાંજી લાડડી તે લખી કાગળ મોકલે....
વોવના વીરાએ ભોજનીયા બનાવીયા
ભોજન જમશે રે મારે દેવાંગભાઈની જાન
ચતરભૂજ રવે ચડ્યા
સાંજી લાડડી તે લખી કાગળ મોકલે...."

(નોંધ : ચતરભૂજ અપભ્રંશ શબ્દ છે ખરો શબ્દ ચતુર્ભુજ છે.)



હૈયું સિંચીને માએ આપી શિખામણ
જાળવજે પિયરીયાની લાજ રે હો બે'ની જાવું સાસરીયે
ચમકતા વાળ તારા સાસરે ઓળાવજે
ટીલડીનો રાખજે ઉદાસ રે હો બે'ની જાવું સાસરીયે
દાદા રોવરાવ્યા બે'ને માતા રોવરાવ્યા
રોવરાવ્યા લીલુડા ઝાડ રે હો બે'ની જાવું સાસરીયે
હૈયું સિંચીને માએ આપી શીખામણ....
કાકા રોવરાવ્યા બે'ને કાકી રોવરાવ્યાં
રોવરાવ્યા લીલુડા ઝાડ રે હો બે'ની જાવું સાસરીયે
હૈયું સિંચીને માએ આપી શિખામણ....

મીઠા પિયરની માયા છોડીને સાસરે પરવરતી દીકરીને પિયરના સંસ્કાર દીપાવવા માટે માતા શીખામણ આપે છે. સાથે સંપીને રહેવા અને સૌભાગ્યનું જતન કરવા પણ કહે છે. આ સૌભાગ્ય છે, ચૂડી ને ચાંદલો (ટીલડી).

દીકરીની વિદાય ખરેખર વસમી છે સહુ કોઈની આંખો સજળ બને છે. અરે, દીકરી વિદાય થતી હોય ત્યારે કઠણ હૈયારો માનવી જ નહિ પણ વનના ઝાડવા પણ આંસુડા સારે છે! 'રોવરાવ્યા લીલુડા ઝાડ હો બે'ની જાવું સાસરીયે...' (ગીત કંઠસ્થઃ શ્રીમતી લીલાબહેન બાવચંદભાઈ હીરપરા)



મોતીડાં બાંધી લે'જે રે તારે જાવું પારકા ઘેરે (૨)
સાસરીયામાં સંપીને રે'જે પિયરીમાં કોઈને નો કે'જે
વિદાય તારા દાદાની લે'જે શીખામણ માતાની લે'જે
મોતીડાં બાંધી લેજે રે તારે જાવું પારકા ઘેરે (૨)
સાસરીયામાં સંપીને રે'જે પિયરીયામાં કોઈને નો કે'જે
વિદાય તારા કાકાની લે'જે શીખામણ કાકીની લે'જે
મોતીડાં બાંધી લે'જે રે તારે જાવું પારકા ઘેરે..."

અણહરો માંડવ

"વાળી વાળી દાદા પૂછે વાત, આ માંડવ શેણે અણહરો રે
માંડવડામાં રૂચિબેનના રાજ, મે'લીને ચાલ્યા સાસરે રે
વાળી વાળી કાકા પૂછે વાત, આ માંડવ શેણે અણહરો રે
માંડવડામાં રૂચિબેનના રાજ, મે'લીને ચાલ્યા સાસરે રે
વાળી વાળી દાદા પૂછે વાત..."

મીંઢળબંધી કન્યા પોતાના લગ્ન માટે દાદાએ રચેલા રઢીયાળા માંડવા પ્રત્યે ગૌરવ અનુભવતી હોય છે. જે માંડવા હેઠ બેઘડી આનંદમંગળ છવાઈ ગયો હતો, લગ્નવિધિ સંપન્ન થઈ હતી અને માંડવેથી પરણી ઉતર્યા બાદ કન્યાને વિદાય અપાતા હર્યોભર્યો માંડવો અણહરો ભાસવા લાગે છે. જે માંડવડો જોઈ દાદા હરખાતા હતા તે સૂનો માંડવો જોઈને હવે દાદાનું હૈયું ભરાઈ આવે છે :

"માંડવડામાં રૂચિબેનના રાજ મે'લીને ચાલ્યા સાસરે રે..."

લીલી આડી ને પીળી થાંભલીનો માંડવો સહુ કોઈના મન હરી લે તેવો રળીયામણો દીસતો હતો. આ માન સરીખા માંડવા હેઠ હથેવાળો મેળવાયો હતો. બે'ને જ્યાં રાજ ભોગવ્યા હતા તે માંડવડો પરહરીને તેણે આજે સાસરીએ જવા પરીયાણ આદર્યા છે તેથી માંડવો હવે અણહરો લાગે છે. દીકરીની વિદાય બાદ તેને વળાવીને માતા, બહેન, ભાભી, કાકી વગેરે ઘરે આવી માંડવા હેઠ ઊભા રહી છેલ્લું ગીત ગાય છે ત્યારે તે સાંભળી આપણી આંખો ભીની થઈ જાય છે. કન્યા વિદાય પછીની દાદાની વેદનાને કવિએ અહીં તાદૃશ રીતે રજૂ કરી સહુ કોઈને લાગણીના પૂરમાં તણાવા પ્રેર્યા છે!



ઊંચી ઊંચી મેડી...

લગ્ન પ્રસંગે ઘર અને વરનું વિશેષ મહત્ત્વ આંકવામાં આવ્યું છે. લગ્ન પૂરતી વર સાથે ઘરની પણ મહત્તા વધી જતી હોય છે. વિવાઈતા ઘર માટેની કવિની કલ્પના પણ કેવી ઊંચી છે! આ ઘર કેવું તો કહે, ઊંચી મેડીવાળું! આવું ઊંચી મેડીવાળું મકાન એક જમાનામાં આકર્ષણરૂપ હતું. અગાઉ ગામડામાં બેઠા ઘાટના મકાનો હતાં તેમાં ભાગ્યે જ કોઈ મકાન માળવાળુ હતું. મેડીવાળુ મકાન ગામમાં મોભારૂપ લેખાતું. ગામના પટેલ કે મુખીને આવા મેડીવાળા મકાન હતાં જેથી મેડીએ બેસીને ગામનો કારભાર કરી શકે. પરિવાર માટે આવું મકાન ગૌરવરૂપ ગણાતું.

વિવાઈતા ઘર માટેની હવે જુઓ કલ્પના :

"ઊંચી ઊંચી મેડી મારા ઘર રે વિવાઈતા
તીયા ઢળાવો ભમર ઢોલીયો,
ઢોલીયે પોઢશે રે મારા દેવાંગભાઈ વીરા...."

રાયવર ઘોડે ચડીને પરણવા માટે આવી રહ્યો છે. આ વરરાજીયો રૂપે કેવો નમણો છે તે અલપજલપ નિહાળી લેવા કવિએ કન્યાને પ્રેરણા કરી છે :

"તમે ચડો રે રૂચિબેન મેડીએ, રાયવર આવ્યા દાદાજીની ડેલીએ..."

ઘરના વખાણ કરતા કવિ આગળ વધે છે :

"દાદા આઠ આઠ ઓરડાં ને નવ ગજ ઓસરી
દાદા વચલે ઓરડિયે કમાન, કમાને ઢાળ્યા ઢોલીયા..."

મકાનને આઠ ઓરડાં છે અને નવ ગજ લાંબી તો ઓસરી છે એટલું જ નહિ વચલે ઓરડે કમાન છે. અર્થાત વચલો ઓરડો કમાનવાળો છે અને એ ઓરડો વરવહુનો છે.

"ઘુઘરીયાળા ઝાંપલા રે, સાંકળીયાળલી વાડ..."

મકાનને ઘુઘરીવાળો ઝાંપો છે અને આ ઝાંપો ખોલતાની સાથે જ ઘુઘરી રણઝણી ઊઠે છે. મકાનની બારસાખ પાસે બે ગોખ છે તેમાં બેઠા પારેવાં ઘુઘવી રહ્યાં છે અને ટોડલે બે મોર બેઠા છે તે ટહુકા કરી રહ્યા છે! આંગણે મોટો માંડવો છે અને ડેલીએ ઢોલ ધડુકી રહ્યા છે, તે ઘર વિવાઈતું હોવાની શાખ પૂરે છે.

કોયલ જાજે દાદાજીના દેશ....



"કોયલ મારો સંદેશો લઈ જાજે જો..."

જો કે, કોયલ સંદેશાવાહક પક્ષી નથી આમ છતાં ગામનારીને કોયલ વધુ વહાલી હોવાથી સંદેશો લઈ જવાનું કામ તેને સોંપે છે. અહીં દુઃખીયારી દીકરી કોયલ મારફતે દાદાને સંદેશો પાઠવતી હોવાની કલ્પના ગીત દ્વારા વ્યકત કરવામાં આવી છે, એમ કરીને કવિએ ગીતને વધુ રસપ્રદ બનાવવાનો પ્રયાસ કર્યો છે. કોયલ દાદાને સંદેશો આપે છે. દીકરીને પડતાં દુઃખની વાત સાંભળીને દાદાનું હૃદય દ્રવી ઊઠે છે. માતાને સંદેશો કહેવાની દીકરી ના પાડે છે કારણ માયાળુ માતા દુઃખ સાંભળીને આંસુડાં વહાવશે.

ક્યારેક દીકરીને દૂરના મુલકમાં મુરતીઓ જોઈને વરાવી દેવામાં આવતી. સુખી સંસારના લાખ લાખ શમણાં સેવતી દીકરીને કરમ સંજોગે વઢકણી સાસુ, કાન ભંભેરણી કરનાર નણંદી ભટકાઈ જતી, પછી તો કહેવાનું જ શું બાકી રહે! "દીએ દળાવે મુને રાતલડી કંતાવે રે સઈ, પાછલી રાત્યુંના પાણીડાં મોકલે રે સઈ..."

અગાઉ ગામડામાં આજના જેવી પાણીની સગવડ નહોતી તેથી વહુવારુંએ દૂરના સીમાડે આવેલ કૂવા કે વાવડીના પાણી ભરવા જવું પડતું, પાણી સિંચી સિંચીને હાથ દુઃખી જતાં તો બીજી બાજુ માથે ભારે બેડાંથી માથું પણ દુઃખી જતું. પાણી સારી સારીને દીકરી લોથપોથ થઈ જતી હતી.

'ઊંડા કૂવા ને નીચા પાવઠા રે લોલ, કેમ કરી પાણીડાં ભરાય રે,
ભંમરીયા કૂવાને કાંઠડે...'

આ હતી તેની રોજની કરમ કથની!

અઘોર વન એટલે દૂરનો પ્રદેશ. આવી દૂરના પ્રદેશમાં દીધેલી દીકરી દાદાને ઠપકો આપતી કહે છે કે, 'હે, દાદા અમને દૂરના મૂલકમાં પરણાવી દીધાં પછી તમે અમારી કોઈ'દિ ભાળ પણ ન લીધી? દાદા તમે આવા

કઠોર કેમ બન્યા?' દુઃખીયારી દીકરી વેદના વ્યક્ત કરતા કહે છે :

'છેટી વાયના પાણી માથાડીયા દુઃખે માણારાજ..."

આવી દુઃખી દીકરી ઉડતી કોયલ મારફત દાદાને સંદેશો-સમાચાર મોકલે છે.

ઉક્ત ગીતમાં દીકરીના આળા હૈયાની વેદનાનો ભાવ કવિ દ્વારા અત્રે પ્રગટ કરવામાં આવ્યો છે.

"અઘોર વનમાં દીધી દાદા મારી ખબર્યું નો લીધી જો
છેટી વાયના પાણી માથડીયા દુઃખે માણારાજ
કોયલ જાજે, કોયલ જાજે મારો સંદેશો લઈ જાજે જો
જઈને ઉતરજે દાદાજીની ડેલીએ માણારાજ
દાદાને જઈ કે'જે કોયલ મારી માતાને નો કે'જે જો
માતાજી છે માયાળુ આંસુડાં લાવશે માણારાજ
અઘોર વનમાં દીધી દાદા મારી ખબર્યું નો લીધી જો...
છેટી વાયના પાણી માથડીયા દુઃખે માણારાજ
કોયલ જાજે, કોયલ જાજે, મારો સંદેશો લઈ જાજે
જઈને ઉતરજે કાકાની ડેલીએ માણારાજ
કાકાને જઈ કે'જે કોયલ મારી કાકીને નો કે'જે જો
કાકી છે માયાળુ આંસુડાં લાવજે માણારાજ
અઘોર વનમાં દીધી દાદા મારી ખબર્યું નો લીધી જો
છેટી વાયના પાણી માથડીયા દુઃખે માણારાજ
કોયલ જાજે, કોયલ જાજે, મારો સંદેશો લઈ જાજે જો
જઈને ઉતરજે વીરાની ડેલીએ માણારાજ
વીરાને જઈ કેજે કોયલ મારી ભાભીને નો કે'જે જો
ભાભી છે માયાળુ આંસુડાં લાવશે માણારાજ
અઘોર વનમાં દીધી દાદા મારી ખબર્યું નો લીધી જો..."



પતિનું પ્રમાણ

"એક ઈંટ પડે ને ગઢ નીપજે
નીપજે નીપજે રે કાંઈ ગોરડિયા ઘવ વધાવો મારે આવીયો...

હું તો મોય રે અંકિતાવોવ તમારી લાજને,
તમારી લાજે રે તમારો સાયબો દેખાડો વધાવો મારે આવીયો...

અમારા સાયબાની ડોકે સોના ટુપીયો
મારો સાયબો રે પાંચ ગામનો પટેલ, વધાવો મારે આવીયો...

એક ઈંટ પડે ને ગઢ નીપજે..."

સૌભાગ્યવતી સ્ત્રી માટે તો એનો પતિ જ સર્વસ્વ હોય છે. પતિના માન મરતબા કે પદ માટે સ્ત્રી ગૌરવ લે છે. કોઈપણ અવસરે સ્ત્રી પોતાના પતિને અન્યથી ચઢીયાતો, સવાયો માને છે, તેને બિરદાવતી ફરે છે.

પોતાનો પતિ કેવો છે તો તે અંગે તેનું પ્રમાણ આગળ ધરે છે :

"મારા સાયબાની ડોકે સોના ટુપીયો,
મારો સાયબો રે પાંચ ગામનો પટેલ..."

બીજી સ્ત્રીને ઉત્તર વાળતા ગૌરવભેર કહે છે કે, મારો પતિ તો પાંચ ગામનો પટેલ, મુખી છે. ગામનો કર્તાહર્તા છે, આગેવાન છે. તે પાંચ ગામમાં પૂજાય છે, એટલું જ નહિ તેની ડોકમાં સોનાનો ટુપીયો છે – એ ટુપીયો પતિએ નિભાવેલી ઉત્તમ લોકસેવા બદલના સન્માનનું પ્રતીક છે તેથી તે ધારણ કરેલું છે. આ છે મારા પતિની આગવી ઓળખ અને તેનું પ્રમાણ!

પતિ ભલે ભીને વાન હોય પણ એ એનો પતિ છે તેથી તે ક્યારેય સંકોચ નહિ અનુભવે અને કાળા ધોળાના વાદમાં નહિ પડે. પતિ રૂપે સાધારણ હશે તો પણ એને મનોમન નમણો નાજુક માની ગૌરવની અનુભૂતિ કરતી રહેશે. ઉલટાની પ્રભુ પાસે વરદાન માગતી કહેશે :

'મારી ચૂંકને અવિચળ રાખજો,
મારી ચૂડીનો ભંગ ન થાય, માગું વરદાનજી...."

ચૂંડી, ચૂંક અને ચાંદલો એ સૌભાગ્યના ચિહ્નો છે. દરેક સ્ત્રી ચૂડી-

ચાંદલો અમર રહે તેમ પ્રાર્થે છે, પ્રત્યેક પળે પતિનું દીર્ઘાષ્ય ઈચ્છે છેઃ

સીતાજીને પણ એકવાર પતિનું પ્રમાણ માગતી અનુભૂતિ થઈ હતી. રામ, સીતા અને લક્ષ્મણ વનમાં જઈ રહ્યાં હતાં. રસ્તામાં ગામનારીઓનું એક વૃંદ સામુ મળ્યું અને તેમણે સહજભાવે સીતાને પૂછ્યું :

"આવા રૂપાળા ને બે બટાવડા
સરખે સરખી જોડ, એમાં કીયો તમારો કંથ થઈ અમને હોડ...."

કંથ વિશેનો ઉત્તર વાળતા સીતાજીએ વિના સંકોચ ગૌરવ સાથે જણાવી દીધું કે :

"ગોરા છે તે મુજ દેરીડા, સ્વામી ભીને વાન,
નયણાં કેરી સાન કરી ઓળખાવ્યા શ્રી ભગવાન..."

ગોરા છે તે મારા દિયર લક્ષ્મણ છે જ્યારે ભીને વાને છે તે મારા સ્વામી (પતિ) રામચંદ્ર છે! ભીને વાન છે તે તેનું પ્રમાણ છે.

(ગીત કંઠસ્થ : સમજુબેન રવજીભાઇ અવૈયા)

•

વાનો રળિયામણો

"કસ્તુરીમાં કેસર ઘોળીયા
તેમાં ઘોળ્યા છે સોળે મજીઠ કે વાનો દીહે રળિયામણો
મારે વાને તે કોણ કોણ આવશે
કીયાભાઈના અર્જુન ભીમ કે વાનો દીહે રળિયામણો
મારે વાને તે જસમતભાઈ આવશે
વિનુભાઈના અર્જુન ભીમ કે વાનો દીહે રળિયામણો
કસ્તુરીમાં કેસર ઘોળીયા...."

કસ્તુરી મૃગની નાભિમાં પાકતી કસ્તુરી કેટલી દુર્લભ મનાય છે તે સમજી શકાય તેવી વાત છે. જ્યારે કાશ્મીરમાં પાકતું કેસર પણ હવે સસ્તુ નથી રહ્યું. આમ છતાં લગ્ન પ્રસંગને દીપાવવા બહેનોએ કસ્તુરીમાં કેસર ભેળવીને વાનો બનાવવાની કલ્પના કરી છે. (કંઠસ્થઃ ભાવનાબેન ધાનાણી તથા વનિતાબેન બોરડ)

વીરના રીસામણાં


"દાદા આઠ આઠ ઓરડાં ને નવગજ ઓસરી
દાદા વચલે ઓરડિયે કમાન
કમાને ઢાળ્યા ઢોલીયા

વીરા દેવાંગભાઈ તે સોડ તાણીને સૂઈ ગીયા
તેને કોણ મનાવવાને જાય
કુંવરીયા રીસાય ગીયા

વીર તો માગે છે વેઢ ને વીંટી વેવાઈયોની બેટી
તે ક્યાંથી લઈ આવશું
વીરના દાદા તે અમરથ હોય રીસામણાં ભાંગશે
લઈ આવશે વેઢ ને વીંટી વેવાઈયોની બેટી
તે કાલે પરણાવશું
દાદા આઠ આઠ ઓરડાં ને નવગજ ઓસરી..."

સ્ત્રી હઠ, બાળ હઠ અને પ્રાણીઓમાં અશ્વ હઠ સહજ મનાય છે. સ્ત્રી માનીતી વસ્તુ માટે હઠ કરે છે. બાળક પણ મનગમતી વસ્તુ માટે હઠે ચઢે છે અને રીસાય જાય છે. આંગણે જેના લગ્ન લેવાયા છે તેવા યુવાનને બહેનોએ તે નાનો બાળક હોવાનો કાલ્પનિક ભાવ ઉપરોક્ત ગીતમાં વ્યક્ત કર્યો છે : આ નાનો બાળક પોતાને માટે સોનાના વેઢ, વીંટી ઘડાવી આપવા ઉપરાંત પોતાના લગ્ન માટે માગણી કરે છે અને તે માટે તે રીસાયને દાદાના ઢોલીયા પર જઈ સોડ તાણીને સૂઈ જાય છે! માતા, બહેન તથા ભાભી તેને મનાવવા જાય છે છતાં તે માનતો નથી. વીરના દાદા સમર્થ છે તેથી તે સોનાના વેઢ, વીંટી તો ઘડાવી આપે પણ લગ્ન માટે કન્યા ક્યાં લેવા જવી?! છતાં દાદા ખમતીધર છે, પ્રભાવશાળી છે તેથી કોઈ વડોવડ સારા વેવાઈ ગોતી, તેની કન્યા સાથે સગપણ કરી રીસાયેલા દીકરાના વિવાહ કરાવી આપવાનું આશ્વાસન આપે છે અને કુંવર (દીકરો) માની જાય છે! **(ગીત કંઠસ્થઃ શ્રીમતિ માયાબહેન ભરતભાઈ ગોપાણી).**

લગ્નગીતોમાં આલેખાયેલા પક્ષીઓ



લોક કવિઓએ લગ્નગીતોમાં મોર (મોરલીયો), ઢેલ (ઢેલડીયું), કોયલ, પોપટ-સૂડલો, પારેવું, હંસ, બગલા, ચરકલડી વગેરેને વણી લીધા છે. લગ્નગીતોમાં મોરને તો વિશેષ સ્થાન મળ્યું છે, મોર ગીતોમાં સોળે કળાએ ખીલી ઊઠ્યો છે, એટલું જ નહિ મોર ખેપીયો કે લગ્નપત્રિકાનો નિમંત્રક પણ બન્યો છે.

"મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની પાંખ
સોનાની ચાંચે મોરલો મોતી ચણવા જાય
મોર જાજે ઉગમણે દેશ મોર જાજે આથમણે દેશ
વળતો જાજે રે વેવાયુંને માંડવે હો રાજ...."

•

દાદે વર જોયો વાડી માહ્યલો મોર રે
બે'ની કીયાબહેન કાચ કેરી પૂતળી રે

•

"વીર તો ગાલે ગોરાને મુખ શામળા
વીર તો તેણે નીરખીયા નો જાય
તોરણ આવ્યો મોરલો...."

•

"મોર બેઠો ગઢડાને ગોખ્ય
કોયલ બેઠી રે ગઢને કાંગરે હો રાજ..."

•

"ચૂંદડીએ કાંઈ ચોખલીયાળી ભાત્ય
કે ચારે છેડે મોરલા
મોરલીયા કાંઈ કરે રે કિલ્લોલ, ઢેલડીયું ઢૂંગે વળે.....

"આંબલીયા વનમાં કોયલ બોલે
સૂડલો બોલે રે સૂકે લાકડે..."

●

"લીલી વાડીમાં લીલો આંબલો રે
ન્યાં છે કોયલડીનો વાસ, કોયલ બોલે ટહુંકલે રે"

●

સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી
આવી રૂડી આંબલીયાની ડાળ
મે'લીને કોયલ ક્યાં ગઈ'તી



●

"કાળી તે કોયલ શબ્દે સોહામણી
હાલોને કોયલ આપણા દેશમાં
કેમ કરી કોયલ અયન વસીયા
કેમ કરી મોરલીયો રીઝાવીએ..."

મોર, ઢેલ, કોયલ અને સૂડા પછી હવે આવે છે, સંદેશાવાહક પારેવું (કબૂતર) "જૂનેગઢથી પારેવું ઉતર્યું છે મણારાજ આવી ઉતર્યું છોડવડિયોને ઓરડે છે મણારાજ!

"ગોખે પારેવડાં ઘૂઘવે રે
ટોલડે ટહુંકે છે ઝીણા મોર વાજંતર વાગે છે...."

હવે આવે છે શ્વેત હંસરાજ પણ અહીં કવિએ તેને લીલા હંસ તરીકે કલ્પ્યો છે:

"ગાગર ઉપર બેઠો લીલો હંસ રે
આ હંસ કોણે ઉડાડીયો રે..."

લગ્નમાં હાથી-ઘોડા ને ઊંટની જરૂર તો પડે ને? એટલે હવે આવે છે મોભાદાર પ્રાણીઓ:

હાથીડા આવે રે મલપતા (૨) નેજા ઢળકતા (૨)
કંકુવરણી રે હાથણી
હું તમને પૂછું રંજનબેન અવડાં નવલા શાં હેત (૨)
કંકુવરણી રે હાથણી-હાથીડા આવે રે....

●

"ઈ રે છાંયડીએ વા'લા વીરના, હાથીડા બંધાવો હો રાજ...."

●

"હું કેમ આવું એકલો રે મારે હાથીડે હલસાણું રે..."

●

"ઝીણા ઝીણા રે મોતીનો હેમર હાથીયો,
એના સોનેરી સામાન, એના પાતળીયો અસવાર"

●

"પાનસે પાળા બે'ની સોળશે ચડીયાતા
ઘોડાની ઘુમણે વર રાજીયા...."

●

"ટીલડી ઘોડીના પિતળીયા, પલાણ શીતળીયો ચાબખો..."

●

"સકન જોઈ ઘોડલે રે ચડો રે વરરાજા
સકને સોનીડો મળ્યો રે વરરાજા..."

●

"દરિયાના બેટમાં સાંઢડી ઝૂકારો મણારાજ
ઈ રે સાંઢડીએ સોનું મંગાવો મણારાજ..."

●

"ઊભો રે રે મરઘલડા વાતડ પૂછું,
તારી છાબલડીમાં શા શા રતન નિપજે"

●

"ડાબા ડુંગર હેઠ હરણી ને હરણો હળે જોડયા..."

આપણા લગ્નગીતોમાં ભમરો કવિના કેન્દ્રસ્થાને રહ્યો છે. ભમરા પ્રતિ

વિશેષ ભાવ દર્શાવવામાં આવ્યો છે. ક્યાંક તો 'ભમરજી' કહીને વર તરીકે કલ્પ્યો છે. ભમરાને કેન્દ્રમાં રાખીને કવિએ અનેક લગ્નગીતોની રચના કરી છે. વળી ભમરો લગ્નના નોતરા દેવા માટે નિમંત્રક પણ બન્યો છે:

"ભમરા આલાલીલા વાંસ વેડાવો
એની રૂડી વેલડીયું ઘડાવો
વે'લે બેસીને ભમરો નોતરાં દેવરાવે..."

હવે જુઓ કવિની કલ્પના: ભમરો નોતારા દેવા તો જાય પણ ગામનું નામ જાણતો નથી તેમ કોના ઘરે જવાનું છે તે જાણતો નથી. એટલે ભમરો કહે છે :

"લીલીપીળી પાંખનો ભમરો ભમીયો દેશ પરદેશ,
જાજે રે ભમરા નોતરે.."

ભમરા માટેની અજબ કલ્પના



લગ્નગીતમાં ભમરાની પણ અજબ કલ્પના કરવામાં આવી છે. ભમરો આમ તો નાનો જીવ છે છતાં એ વન, વન ભમતો રહેતો હોવાથી તે ભોમીયો છે, માર્ગનો જાણકર છે. એટલે બહેનોએ ભમરાને પણ લગ્નના નોતરા દેવા જવાની કામગીરી સોંપી છે :

"લીલી પીળી પાંખનો ભમરો ભમીયો દેશ પરદેશ,
જાજે રે ભમરા નોતરે...."



નોતરા દેવા ભમરાને કંઈ પાંખે ઊડીને જવાનું નથી પણ વે'લમાં બેસાડીને મોકલવામાં આવે છે. આ વે'લ પણ કેવી, આલા લીલા વાંસમાંથી ઘડાવેલ છે!

"ભમરા આલાલીલા વાંસ રે વેડાવો
એની રૂડી વેલડી ઘડાવો, વેલે બેસીને ભમરો નોતરાં દેવરાવે...."

તો વળી ક્યાંક કવિએ ભમરાને વર તરીકે પણ નવાજ્યો છે :

"ધૂબ પડે રંગ મો'લમાં રે, પડે નગારાની ઝાંચ ભ્રમર તારી જાનમાં રે..."



લગ્ન પ્રતીકો : માળણ-માળી

સોનીડો, દોશીડો, વાણીડો, ગાંધીડો, દરજીડો, સુતારીડો વગેરે લોકસંસ્કૃતિના પ્રતીકોના ઘડવૈયા છે. બદલામાં સમય અનુસાર તેઓ વસ્તુઓને નમણાં ઓપ આપતાં રહ્યાં છે. લગ્નપ્રસંગમાં માળીડા (માળી) વગર પણ કેમ ચાલે? માળી અને માલણ વર-કન્યા માટે હાર, ગજરો, વેણી, વીંઝણો ગૂંથતા હોય છે. ફૂલ લાવી માંડવો શણગારતા હોય છે. આ માળી દંપતિને કવિએ ગીતોમાં ગૂંથી લીધા છે:

"મારે આંગણ જાવંતરીનો છોડ રે માળીડો વિણે ફૂલડાં રે
નાના મોટા જાવંતરીના ફૂલ રે માળીડો ગૂંથે વીંજણો રે
માળણ પૂછે માળીડાને વાત રે આ વીંઝણો કોને ભેટ જોશે રે
આપણા તે ગામમાં જસમતભાઈ પટેલ રે
આ વીંઝણો એને ભેટ જોશે રે
દેવાંગભાઈ સૂતા ડેલીને દરબાર રે અંકિતા વહુ ઊભા વાહર ઢોળે રે
સૂતા જાગો રૂચિબેનના વીર રે માળણ ઊભી તપ ધરે રે
આપો આપો ગોરી હૈયા કેરા હાર રે માળણ જાશે મલપતી રે"

જાયફળ, જાવંતરી તથા એલચી તેજાના છે. તેના છોડને ભાગ્યે જ કોઈ સ્ત્રીએ જોયાં હશે. જાવંતરીના ફૂલનો વીંઝણો કેવી રીતે ગૂંથી શકાય? માન્યા ન આવે તેવી વાત છે. પરંતુ અહીં વર સાથે માળી-માળણનો મહિમા વધારવા માટે કવિએ આ ઉક્તિ કરી હોય તેમ જણાય છે.

"ફૂલડાની વાડી વેગળી રે કોણ ઘોડીનો અસવાર
અસવાર દેવાંગભાઈ પાતળા રે વેડે ડોલરીયાના ફૂલ
તેનો ગૂંથે રે માળણ ગજરો રે ગજરો દેવાંગભાઈને હાથ
દેવાંગભાઈ રૂડા ને ગજરો શોભતો રે જોજો
ડોલરીયાના રૂપ-ફૂલડાંની વાડી.....

વેડે ચંપેલીના ફૂલ તેનો ગૂંથે રે માળણ મોડીયો રે
મોડીયો અંકિતા વહુને હાથે અંકિતા વહુ રૂડાને મોડીયો શોભતો રે
જો જો લાખેણીના રૂપ



●

'એક માળણ જાજે રે માળવે રે
લાવજે ગુલાબનો છોડ
તેનો ગૂંથજે માળણ હારલો રે
હારલો નિલેશભાઈના હાથ...."

●

"વીરા મેં રે માળીડા તને વારીયો
રૂડા તોરા લઈ આવ, કુંવર ઘોડે ચઢ્યો રે...."

●





"જૂનેગઢથી રે માળણ વેગેથી આવે,
આવે ને લાવે માળણ ફૂલડાં
તારા ફૂલડાં રે માળણ કોણ જ લેશે
પટેલીયા ગામ સિધાવીયા
લેશે લેશે રે મારે રુચિબેનના દાદા
એના તે લગન ઉતાવળા
જૂનેગઢથી રે માળણ વેગેથી આવે...
લેશે લેશે રે મારે રુચિબેનના કાકા
એના તે લગન ઉતાવળા
જૂનેગઢથી રે માળણ વેગેથી આવે..."

(લાંબા ઢાળનું આ ગીત ખૂબ મધુરૂં છે. જૂનાગઢથી માળણ ફૂલડાં વેચવા આવતી હોવાની એક કલ્પના કરવામાં આવી છે. ઉતાવળા લગ્ન એટલે ઘડીયા લગ્ન.)

વડ પીપળાનો મહિમા



વૃક્ષોમાં પીપળાને પવિત્ર માનવામાં આવ્યો છે. પીપળામાં બધા દેવોનો વાસ છે, તેથી લગ્નગીતોમાં પીપળા વડલાને વણી લેવાનું ગામનારી ચૂકી નથી. અરે, કૃષ્ણના પ્રિય કદમ વૃક્ષને પણ ભૂલાયું નથી. તો ઉત્તમ કાષ્ટ સાગ-સીસમ પણ કેમ રહી જાય?

"વડલાના લીલાપીળા પાન
"રૂપાળા પાને વડલો શોભે રે મણારાજ"

●

આ દશ આદશ પીપળો આદ દશ દાદાના ખેતર

●

"વેલ્યું છૂટીયું વાડીના વડ હેઠ, સગરામ છૂટયા રે ઝાઝા જાંબુડા હેઠ"

●

"લીલીવાડીમાં લીલો આંબલો રે, ન્યાં છે કોયલડીનો વાસ કોયલ બોલે ટહુંકલે રે..."

●

"આવી રૂડી આંબલીયાની ડાળ, મે'લીને કોયલ ક્યાં ગઈ'તી..."

●

"આંબાની કોયલ આંબલે બોલે, પોપટ બોલે સૂકે લાકડે..."

●

"લાડડી તારા દેશમાં નથી આંબા આંબલી રે"

●

"ઊંચો આંબલીયો ઘેર્યો ગંભીર જો, ફૂલડે ને દીહે રે રળીયામણો..."

●

"કેરાળા ગામની સીમડીએ, આંબલીયાની ડાળ્યું ઘુઘરડે હો રાજ..."

●

"લીંબુડીના લટરપટર પાન (૨), પાનસરીખા ગઢના કાંગરા હો રાજ"

●

"ચોકમાં ચાંપલીયો રોપાવો રે જેઠાણી, ઊંચી ચડું ને નીચે ઉતરું રે...."

●

"જમુનાજીને કાંઠે કદમ ઝાડવું રે..."

●

"નદડીને કાંઠે ખજુરડી વનફળ લેરડે જાય..."

●

"ઊંચે ટીંબે કેવડીયો લેર્યું લેશે
ચાંપો મરવો ડોલરીયો રે ફોર્યું લેશે..."

●

"ઘાણી પીલે રે ઘોઘા ઘાંચી, માંય પીલે અમરો ને ડમરો..."

●

"ભમરા આલાલીલા વાંસ રે વેડાવો
એની રૂડી વેલડીયું ઘડાવો...."

●

"ભમરો ડુંગર કોરે ને ભમરો ઘર ચણે રે
ભમરો જઈ બેઠો નાળીયેરીના છોડવે..."



●

"બાગમાં છંટાવો કાજુ કેવડો રે
વાડીમાં વવરાવો નાગરવેલ...."

●

"હરીનો સાગ સીસમનો ઢોલીયો
એમાં અમરા ડમરાના વાણ રે
શામળીયાજી"



આપણે ત્યાં તુલસીનો મોટો મહિમા છે. તુલસી કૃષ્ણ પ્રિયા છે. તુલસીને પવિત્ર માનવામાં આવી છે. ગામમાં ઘરે ઘરે તુલસીના ક્યારા હોય છે અને તેની પૂજા થાય છે.

પ્રભાતિયામાં ગવાયું છે:

"દાતણ કરજો રે તુલસી ક્યારે, કે વાણલા ભલા વાયા રે..."

આમ પરંપરાગત ગીતોમાં આંબો, વડ, પીપળો, લીંબડુ, ચંપો, મીંઢોળી, કદમ, નાળિયેરી અને છોડમાં અમરો, ડમરો, મરવો, કેવડો, તુલસી વગેરેને વણી લેવામાં આવ્યા છે.

•

તેજાનાનો મહિમા

તજ, લવીંગ, એલચી, જાવંતરીનો ઉપયોગ મુખવાસ તરીકે થતો હોવાથી આ તેજાના અને સોપારીને પણ ગીતમાં સાંકળી લીધા છે.

"તજીયા લવીંગડા તમે ચાવો રે કીયા બહેન,
તમારા સસરાજીએ મોકલ્યા રે...."

•

"ગૂંજે ભરી એલચી રે લવીંગે ભર્યો રૂમાલ"
"કોરી રે ગાગરડીમાં સોપારીનો કટકો

•

પીઠી : લગ્ન પ્રસંગે વર-કન્યાને પીઠી ચોળવાનો રિવાજ છે. પીઠી ચોળવાથી શરીરનો વાન ખીલે છે. પીઠી થકી દેહ લાવણ્ય પ્રાપ્ત થાય છે. ભીનાવાનવાળા વર-કન્યા ઉજળા દીસે છે. પીઠી ચોળવાથી શરીરની લોહીની પરિભ્રમણ ક્રિયા વેગવંતી બને છે.

પિતરાણી : 'પીઠી ચોળે રે પિતરાણી...' પિતરાણી એટલે પિતરાઈ ભાઈની વહુ અર્થાત કાકાના દીકરાની વહુ. વરને પીઠી ચોળતી વેળા તેને પિતરાણી કહીને ગીતમાં સંબોધવામાં આવે છે.



"મારી આંખલડી ભીંજાય રે મારો નખ નમે રે
મારો ફરુકે છે ડાબા પગનો લાંક રે
કોણ કોણ સાજન આવશે રે
મારે જાદવભાઈ આવ્યાને દિપકભાઈ આવશે રે
હું તો ઝાઝી જોઉં છું ઘનશ્યામભાઈની વાટ રે
વિનુભાઈ આવે કે અજવાળા
મારી આંખલડી ભીંજાય રે મારો નખ નમે રે
મારો ફરુકે છે દાબા પગનો લાંક રે
કોણ કોણ વહુવારું આવશે રે
મારે વસંતવહુ આવ્યા ને શતિલ વહુ આવશે રે
હું તો ઝાઝી જોઉં છું હર્ષાવહુની વાટ રે
દર્શનાવહુ આવે રે રંગ રે'શે રે
મારી આંખલડી ભીંજાય રે મારો નખ નમે રે....



"સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી
આવી રૂડી આંબલીયાની છાંય,
સરોવરીયા પાળ મેલીને કોયલ ક્યાં ગઈ'તી
મોભી પરણે રે જસમતભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી...
ભત્રીજ પરણે રે વિનુભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી....
ભાણેજ પરણે રે નરેશભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી...."

ગાગર ઉપરનો લીલો હંસ

"ગાગર ઉપર બેઠો લીલો હંસ રે, આ હંસ કોણે ઉડાડીયો રે કયો હંસરાજા ક્યાં તમારો વાસ રે. આ ક્યાં તમારા બેસણાં રે આંબા ડાળે છે અમારો વાસ રે. આ સરવર પાળે બેસણાં રે કયો હંસરાજા કેમ કરી જાશો પરદેશ રે, આ કેમ કરી દરીયો ડોળશું રે પાંખે ઊડી જાશું પરદેશ રે, આ ચાંચે દરીયો ડોળશું રે..."

લગ્નગીતમાં લીલા હંસની કલ્પના કરવામાં આવી છે. હંસ તો શ્વેત હોય છે. હંસ કદી લીલા રંગનો હોય નહિ આમ છતાં અહીં હંસ લીલો કલ્પાયો છે! પાણી ભરેલુ બેડું, હેલ કે ગાગરને શુકનવંતી માનવામાં આવી છે. લીલો હંસ જાણે આંબા ડાળે નહિ પણ ગાગર ઉપર બેઠો છે. ગાગર અહીં સરોવરના અર્થમાં છે. ઘરની ગાગર એ અહીં સરોવર છે. જ્યારે હંસના બેસણાં પણ સરોવર તીરે છે. ગામનારીની લીલા રંગની ઉપમા, ગૂંથણી અને કલ્પના ખરેખર અદ્ભૂત છે! લીલો રંગ મનમોહક છે : હંસ લીલો છે, વરના વાઘા લીલા છે, વરનો માંડવો પણ લીલો છે, એટલુ નહિ વરની જાન પણ લીલી કલ્પી છે. આ લીલો હંસ એટલે આપણો વરરાજીઓ! કન્યાએ ઓઢેલું પાનેતર પણ લીલુ છે, એની ચૂંદડી પણ લીલી છે. અહીં ગાગર એટલે નવોઢા.



નવીસવી વહુવારું પ્રથમ હેલ લઈને પાણી ભરવા માટે પાણી શેરડે જાય છે. હંસ એ વરરાજા છે. જ્યારે ગાગર એ વહુ છે. ગાગર ઉપર હંસ શોભી રહ્યો છે. તેમ વર-વહુ ઘરને આંગણે શોભી રહ્યા છે. લીલો હંસ યૌવનનું સૂચન કરે છે. લીલો વર એટલે યુવાન. આમ ગીતમાં વરને હંસની ઉપમા આપવામાં આવી છે. આમેય લીલો રંગ સમૃદ્ધિનું પ્રતીક છે. લીલો રંગ શાંતિનો પણ મનભાવન રંગ છે. ઘર પરિવારમાં શાંતિ, સમૃદ્ધિ એટલે આપણે કલ્પેલો પેલો લીલો હંસ! 'લીલેરો હંસલો બેઠો આજ મારી ગાગરીયે...' આ હંસ રૂપી વરના અહીં લગ્ન છે.

જોગીદાસ ખુમાણોની સીમ...

"કીયા રે દરબારોની સીમ સોનેગઢ
કીયા રે દરબારોની સીમ
આ કીયાભાઈ બાજંતા ઘોડા ખેલવે (૨)
કીયાભાઈનો કળાયેલ મોર સોનેગઢ
કીયાભાઈનો કળાયેલ મોર
આ કીયા રે વેવાયનો ડોલર માંડવો (૨)
કય બાઈ ફૂલંવતીનો જનમેલ સોનેગઢ
કઈ બાઈ સુડાળીનો વીર
કય બાઈ ફૂલવંતીનો જનમેલ
આ કય રે મેશાળી વીરને પોંખશે (૨)
કય બાઈ સુડાળીનો વીર સોનેગઢ
કઈ બાઈ ચોટલાળી વીરને પરણશે (૨)
કીયા રે દરબારોની સીમ સોનેગઢ
કીયા રે દરબારોની સીમ....
આ જોગીદાસ ખુમાણોની સીમ સોનેગઢ
આ જોગીદાર ખુમાણોની સીમ"



રાજાશાહી યુગમાં સાવરકુંડલાના ધણી જોગીદાસ ખુમાણને ગામ ગરાસ માટે ખટપટ થતાં તેઓ ભાવનગર મહારાજા વજેસંગ બાપુ સામે બહારવટે ચઢ્યા હતા. એ અરસામાં તેમની ભારે હાંક હતી. જોગીદાસ નેક ટેકવાળા હતા. તેઓ કદી કોઈ બહેન દીકરીને રંઝાડતાં નહિ. ઉલટાનું તેમનું રક્ષણ કરતા હતા. આથી બહેનોએ જોગીદાસ ખુમાણની આણ અને તેમની પ્રવર્તતી હકુમતને લગ્નગીતમાં વણી લઈને બિરદાવી છે. સો વર્ષ પહેલા આ ગીતની રચના થઇ હોવાનું અનુમાન છે.

●

લંકાગઢનું રહસ્ય

"લંકા તે ગઢના ચોકમાં રસીયા સોનાના સ્તંભ
સ્તંભે ચઢીને સીતા જોઈ રહ્યા, જોવે એની જાનુની વાટ રે
કોણ ઘોડે ને કોણ હાથીએ કોણ તેજી અસવાર રે
કોણ બેસે રે રતન પાલખી, સોય દશ ચમરો ઢળાય રે
રામ ઘોડે ને લક્ષ્મણ હાથીએ, શત્રુઘ્ન તેજી અસવાર રે
સીતા બેઠાં રે રતન પાલખી, સોય દશ ચમરો ઢળાય રે
ચમરાને છાયા લાગે આકરી રે, ટીલડી તબકી લલાટ રે"

ભગવાન રામે લંકાને જીતી લીધી હતી અને તેનું રાજ વિભીષણને અર્પણ કરી દીધું હતું. લંકાનું મહત્ત્વ વધારવા માટે આપણી બહેનોએ સીતાના લગ્ન લંકામાં થયાં હોવાની કલ્પના કરી છે! વાસ્તવમાં સીતાજીના લગ્ન લંકામાં નહિ પણ જનકરાજાની મિથિલાનગરીમાં થયાં હતાં. રામની જાન લંકાગઢના ચોકમાં નહિ પણ મિથિલાના ચોકમાં જઈને ઊભી રહી હતી. લંકાગઢના ચોકમાં સોનાના થંભની વાત કરી છે. અરે, સોનાના થંભ જ નહિ પણ આખી લંકા સોનાની હતી! અહીં વરની જાન લંકાનગરીમાં ગઈ હતી અને કન્યા સોનાના થંભે ચડીને જાનની વાટ જોતી હોવાની કલ્પના કરી, બહેનોએ વરની જાનનું મહત્ત્વ વધારવાનો પ્રયાસ કર્યો છે : 'લંકાગઢના ચોકમાં રસીયા સોનાના સ્તંભ રે થંભે ચડીને સીતાજી જોઈ રહ્યા...' લંકા એક રમણીય નગરી હતી. તેને બાવન બજાર ને ચોરાસી ચૌટા હતા. લંકાગઢ એ કાળનું સમૃદ્ધિથી છલકાતું નગર હતું. અહીં વૈભવની છાકમછોળો ઊડતી હતી. લંકા સોનાની હતી તેમ કહેવાય છે. લંકામાં સોનું સાવ સસ્તું મળતું હતું એટલે તો કહેવત પડી કે મફતનું સોનું લેવા કઈ લંકા થોડું જવાય! જો કે મફતમાં સોનું મળવાની વાતમાં સત્યાંશ નથી પણ લંકામાં સોનાની રેલમછેલ હશે એમ પુરાણમાં મળતાં ઉલ્લેખો પરથી માની શકાય છે. પુરાણકથાને આધારે જ સોનાની લંકાનું રહસ્ય જાણવા મળે છે. કથા અનુસાર દક્ષિણ મહાસાગરની પેલે પાર ત્રિકુટ પવર્ત પર લંકાનગરી વસી હતી. પર્વતના શિખરો સોનાના હતાં અને દૂરથી તે ચમકતા હતા.

નેણલે નાહોલીયો રીઝવીયો...

આપણા લગ્નગીતોમાં વણી લેવાયેલ પક્ષીઓમાં મોરની જેમ કોયલને પણ વિશેષ માન અને સ્થાન પ્રાપ્ત થયું છે. ગીતમાં મોરને 'વર' તરીકે જ્યારે કોયલને એક 'વહુ' તરીકે કલ્પવામાં આવી છે. કદાચ તેથી કોયલને 'કોયલરાણી'નું બિરૂદ મળ્યું હશે!

કોયલ કવિને ખૂબ ગમી છે તેથી તેના પર તે વારી ગયો છે. કોયલ રંગે ભલે ભીને વાન રહી પણ તેના ટહૂકા-શબ્દ થકી તે અતિ સોહામણી લાગે છે. વર્ષાઋતુમાં મોર, કોયલના કલશોરથી વાતાવરણ પ્રફૂલ્લિત બની જાય છે. આ નૈસર્ગિક સંગીતથી આખો વગડો ગૂંજી ઊઠે છે. કોયલનો મધુરો નાદ આપણા મનને બે ઘડી ભરી દે છે. ઘરની નવી આવનાર વહુવારું પણ સરવા સાદની ને સોહામણી હોય તો તે કોને ન ગમે?

આમ, તો કોયલ એક પક્ષી છે પણ લગ્નગીતમાં બહેનોએ તે જાણે સ્ત્રી રૂપે હોય તેવો મનોભાવ વ્યક્ત કર્યો છે. અહીં લગ્ન પ્રસંગમાં સૂડો (પોપટ) એક વરરાજા છે જ્યારે કોયલ એ વહુરાણી છે. હવે જુઓ એ ગીતની શબ્દ ગૂંથણી :



"કાળી તે કોયલ શબ્દે સોહામણી,
હાલોને કોયલ આપણા દેશમાં
કેમ કરી કોયલ આ વન વસીયાં
કેમ કરી સૂડો રાણો રીઝવીયો
આંબા આંબલીયે આ વન વસીયાં
ટૌકેને સૂડો રાણો રીઝવીયો"

અહીં કોયલને કેન્દ્રસ્થાને રાખીને કવિ હવે પોતાની વાત રજૂ કરી છે:

"કેમ કરી બે'ની આ ઘર વસીયાં, કેમ કરી નાહોલીયો રીઝવીયો
દીકરા દીકરીએ આ ઘર વસીયાં, નેણલે નાહોલીયો રીઝવીયો..."

કોયલને અહીં સ્ત્રી રૂપે આલેખવામાં આવી છે. ઘરે લગ્નનો અવસર છે, તેથી શ્રીફળ, સોપારી, ચોખા ને કંકુની જરૂર પડે. કવિએ કોયલને બાગ-બગીચામાંથી શ્રીફળ, સોપારી વગેરે લઇ આવવાની કપરી કામગીરી સોંપી છે.

"કોયલ જાજે બાગ બગીચામાં ફરવા
પે'લુ વનફળ, શ્રીફળ વેડીને વે'લી વળજે,
ઈ શ્રીફળ મારે રૂચિબેનના માંડવે વપરાય
કોયલ જાજે બાગ બગીચામાં ફરવા..."

'જૂનેગઢથી પારેવું ઉતર્યું છે મણારાજ...' જૂનાગઢથી પારેવું (કબૂતર) જો વહુ માટે હસ્તીદંતનો ચૂડલો લઈને તેના ઓરડે આવીને ઉતરતું હોય તો પછી લગ્ન માટે શ્રીફળ, સોપારી, ચોખા અને કંકુ લઈ આવવાનું કાર્ય કોયલને શા માટે ન સોંપી શકાય? બહેનો કોયલને કંકુ ચોખા લેવા બાગબગીચે મોકલે છે. કેવો સુંદર મનોભવ વ્યક્ત કર્યો છે. ગામડાની બહેનો ભલે નિરક્ષર રહી પણ કોઠાસૂઝ વડે તે ખરેખર સાચા અર્થમાં કવિ છે : 'નેણલે નાહોલીયો રીઝવીયો..' આંખના પલકારે પતિને વશ કરી દીધો છે, પોતાનો કરી દીધો છે. દાંપત્યજીવનની આજ ખરી મઝા છે!



"સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી
આવી રૂડી આંબલીયાની ડાળ,
સરોવરીયા પાળ મેલીને કોયલ ક્યાં ગઈ'તી
મોભી પરણે રે જસમતભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી...
ભત્રીજ પરણે રે વિનુભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી
ભાણેજ પરણે રે નરેશભાઈ તણો
રૂપૈયાની ઊડે છાક્કમછોળ હરખેથી જોવા હું ગઈ'તી
સૂડલો પૂછે રે કોયલ ક્યાં ગઈ'તી..."



પંખીડાં જાજે પ્રિતમજીના દેશ...

લગ્ન પ્રસંગે કોઈ એક વ્યક્તિ ઘરનો બધો જ કાર્યભાર ઉપાડી શકવા માટે સમર્થ હોતી નથી તેથી ઘર કુટુંબની કે પરિચિત વ્યક્તિઓને જુદા જુદા કામોની સોંપણી કરી દેવામાં આવતી હોય છે. લગ્નના કામમાં કોઈ ખામી રહી ન જાય, કામ ચોક્કસાઈ અને સરળતાથી પાર પડે તે માટે આવી વહેંચણી આવશ્યક છે.

લગ્ન મહાલવા અને પ્રસંગના કામકાજનું ધ્યાન રાખવા સગા સંબંધીયોને નિમંત્રવામાં આવે છે જ્યારે આપણી ઉત્સાહઘેલી બહેનોએ તો ઘરના કામકાજને દીપાવવા પંખીડાંને નોતરી દઈ તેમને કેટલીક ખાસ કામગીરી સોંપી દીધી છે!

લગ્ન અવસરમાં કોઈ કમી ન રહે તે માટે મોર, હંસ, કોયલ અને પારેવાને વિશેષ કામગીરી સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી છે : ઘર આંગણે મોતી ચણતા રૂડા મોરને ખેપીયા તરીકેનું કામ સોંપ્યું છે, મોરને વેવાઈને ત્યાં નિમંત્રણ આપવા જવાની કામગીરી સોંપાઈ છે. કોયલે શ્રીફળ, સોપારી લાવવાનું કાર્ય નિભાવવાનું છે. જ્યારે ગોખે ઘુઘવતા પારેવાને નવી વહુવારુ માટે હાથીદાંતનો ચૂડલો લઈ માળવાનું કામ સોંપાયું છે. કબૂતર સંદેશાવાહક પંખી છે તે હકીકત ગામડાંની બહેન દીકરી સારી રીતે જાણે છે તેથી તેને જણસો લાવવા માટે કહેવાયું છે :

"પંખીડા જાજે, પારેવડા જાજે પ્રિતમજીના દેશમાં..."

લગ્ન પછી પતિ પરદેશ કમાવા માટે જાય છે. પરદેશ ગયેલા એ ડોલરીયાની યાદ આવતા પ્રિયતમા સંદેશો કોની મારફત મોકલાવે ! તો એની મીઠી મૂંઝવણનો ઉકેલ છે આપણી 'કુંજલરાણી'. વિરહિણી નારી વિદેશ વસતા પ્રિયતમને અવનીએ ઊડતાં કુંજ મારફતે સંદેશો પાઠવે છે. આમ ગીત રચનાર બહેન દીકરી કલ્પનાની પાંખે ઊડે છે!

"કુંજલડી રે સંદેશો મારો, જઈને વાલમજીને કહેજે હોજી રે કુંજલડી..."

કુંજ વિરહિણીને કહે છે : અમે કંઈ માનવ થોડા છીએ કે તારો સંદેશો મુખ વડે બોલીને આપીએ, તારે જે કંઈ કહેવું હોય તે અમારી પાંખ

ઉપર લખી નાખ...! સ્ત્રીના અંતરની આરઝૂ સ્ત્રી જ સમજી શકે. કુંજલડી પણ અંતે તો એક સ્ત્રી જ છે ને!

"માનવી હોય તો મુખોમુખ બોલીયે,
લખો અમારી પાંખલડી હોજી રે કુંજલડી..."

અમે તો પરાયા પંખી કહેવાઈએ ઊડીને આ કાંઠે આવી તમારા મુલકના મહેમાન બન્યાં છીએ, કાલે ઊડી જાશું પરદેશ.

"ઓલ્યા કાંઠાના અમે રે પંખીડાં, ઊડી ઊડી આ કાંઠે આવ્યાં જીરે..."

પ્રકૃતિ પરાયણ ગામકન્યાના આ મનોભાવ છે.

સામૈયા વેળા

"ઊંચા ઊંચા રે દાદા ગઢડા ચણાવો,
એથી ઊંચા રે ગઢના કાંગરા
કાંગરે ચડીને રૂચિ બહેન જોશે
કેટલેક આવે રે વરરાજીઆ
પાનશે પાળા રે બે'ની સોળસે ચડીયાતા,
ઘોડાની ઘુમણે રે વરરાજીઆ
શાં શાં સામૈયા દાદા, વરના જાનૈયા,
શાં શાં સામૈયે વરરાજીઆ
ઢોલને ધબકારે બે'ની વરના જાનૈયા
શરણાઈના સૂર વરરાજીઆ
શાં શાં ઉતારા દાદા વરના જાનૈયા,
શાં શાં ઉતારે વરરાજીઆ
ઓરડા ઓસરીયે બે'ની વરના જાનૈયા
મેડીના મો'લે રે વરરાજીઆ
કોઠીયુંના ઘઉં રે બે'ની તારી જાને ખુટવાડયા,
તો યે ન રીઝયા વરરાજીઆ
કંકુ ને કન્યા દાદે રૂચિબહેન દીધા,
ધમકે ને રીઝયા વરરાજીઆ"

(નોંધ : નાવણિયાં, પોઢણિયાં, ભોજનીયાં વગેરેને ઉમેરીને પણ ગીત લંબાવી શકાય છે.)

ગીતમાં પણ તત્ત્વજ્ઞાન!

"કોરી ગાગરડીમાં સોપારીનો કડકો,
પારકે માંડવડે વેવાણ આવડો શો લટકો,
વિવા વિતશે કાઢી મેલશે, પછી ચડશે ચટકો,
હળવા હળવા હાલો તમારે સાડલે પડશે ઝઈડકો,
તમારા ગામમાં સઈ નથી કોણ ભરશે ઝઈડકો!"



લગ્ન મંડપમાં વરની માતાને ઉદ્દેશીને ગવાતાં ઉક્ત ગીતને જો રૂપક તરીકે કલ્પી લઈએ તો તે ગીત ભારોભાર તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે : કોરી ગાગરનો અર્થ અહીં સુંદર અને નિર્મળ શરીર થાય છે જ્યારે આ ગાગરરૂપી શરીરમાં સોપારીના નાના કટકા જેવડો જીવ વિચરી રહ્યો છે! 'પારકે માંડવડે આટલો શું લટકો' એનો અર્થ છે : જગતના માંડવા હેઠ હરતું ફરતું આ શરીર આપણું નથી, પારકું છે તેથી તેના પર શા માટે અભિમાન રાખવું જોઈએ! 'વિવાહ વિતશે કાઢી મૂકશે' એનો મર્મ છે : આ જિંદગી પૂરી થશે એટલે ફાની દુનિયા છોડીને જવું પડશે ત્યારે ચટકો ચઢશે-દુઃખ થશે. ગીતમાં ઝઈડકાનો અર્થ છે ચીરો પડવો-ફાટી જવું અર્થાત્ સાડલારૂપી શરીરને ઝઈડકા પડશે ત્યારે તેને સાંધનાર કોઈ દરજી નથી! તારા દુઃખડાં ઓછા કરનાર કોઈ વૈદડા નથી, માટે હે, અહંકારી વેવાણ (જીવ) ઈશ્વરના આ માંડવામાં પ્રમાણિક અને નિરાભિમાની બની જીવન જીવી લે, ઈશ્વરને ભજી લે છે તેથી ઝઈડકા (દુઃખ) ઓછા પડે! આમ આ ગીત દ્વિઅર્થી હોય તેમ લાગે છે.

આ જગતમાં સર્વ જીવોમાં મનુષ્ય દેહ શ્રેષ્ઠ મનાયો છે. માનવદેહનું ચોક્કસ લક્ષ્ય છે, ઈશ્વરની શરણાગતિ. આ મિથ્યા જગતમાં ઈશ્વર જ સહુના તારણહાર છે. ઈશ્વરે બક્ષેલા આ દુર્લભ શરીરનું માનવીએ અભિમાન ન કરવું જોઈએ કારણ શરીર તો ક્ષણ ભંગુર અને નાશવંત છે તેથી સુંદર રૂપ અને એ શરીર પર અહંકાર શા માટે આણવો જોઈએ!

"કાયા ને માયા કામ નહિ આવે, પડી રહેશે કાયા કેરો કટકો..."

ભલુ પાટણ ભલુ ધોળકું

"ભલુ રે પાટણ ભલુ ધોળકું રે, કોઈ અમદાવાદ જાય રે
જાશે રાજેશભાઈ પાતળા સાયલ હોર્યા બે-ચાર રે
હોરી ચૂંટીને ઘેર આવીયા પૂછે માતાને વાત રે
પે'લુ રે સાયલ માતા કોને આલુ રૂપિયા ખર્ચ્યા હજાર રે
પે'લુ સાયલ આલો ચંદ્રિકાવોવને પહેરી માંડવે મહાલે રે
બીજું સાયલ આલો ઉર્વશીબે'નને પહેરી સાસરીયે જાય રે
ચંદ્રિકાવોવની હાલ ઉતાવળી સાયલ ઝૈડકે જાય રે
ઉર્વશીબેન કાચની પૂતળી સાયલ જાળવી જાણે રે
ભલુ રે પાટણ ભલુ ધોળકું....

ભાવાર્થ : દીકરીને સાસરે વળાવવાની તૈયારી થવા માંડે ત્યારે માતાને તે વધુ વહાલી લાગે છે. દીકરીના વખાણ કરતા તે કહેશે : દીકરી તો કાચની પૂતળી જેવી છે, સમજુ છે, શાણી છે. તેથી તે કિંમતી વસ્ત્રો, દાગીના વગેરેનું સારી પેટે જતન કરશે પણ ઘરની વહુ તો ઉતાવળી છે, અધીરી છે, બેપરવા છે તેથી તેનું સાયલ જલદી ફાટી જશે! આમ ગીતમાં દીકરીને ચઢીયાતી જ્યારે વહુવારુને ઉતરતી ગણી છે, જો કે, આ તો માત્ર ગીતમાં વણેલી કલ્પના છે.



ઉકરડી નોતરવી : અગાઉ લગ્ન પ્રસંગે ઉકરડી દેવીની સ્થાપના કરવામાં આવતી હતી! જો કે, હવે આવી પ્રથા ભાગ્યે જ જોવા મળે છે. ઉકરડી સ્થાપનાનો ઉદ્દેશ એ છે કે, લગ્નમાં કોઈના નાના દાગીના પડી જાય કે તૂટી જાય અથવા ખોવાઈ જાય તો તે કચરા ભેગા જવાની પૂરી શક્યતા રહેલી છે અને તે કચરામાંથી સહેલાઈથી મળી જાય. આમ ઉકરડી નોતરવી, સ્થાપવી અને ઉકરડી ઉઠાડવી એવી ત્રણ વિધિ છે. જો કે આ કોઇ શાસ્ત્રોક્ત વિધિ નથી. ઉકરડીનો અર્થ છે નકામો કચરો નાખવાની જગ્યા - ઉકરડો.

હરખ નો માંય હૈયામાં



"હું તો ડેલીએ તે મેલશ દીવડો રે
હું તો વેવાયોને જોવા જાશ રે
વેવાયો હરખ નો માંય મારા હૈડામાં રે
મારે કીયાભાઈ વરસે સાચા મોતીયે રે
મારે કીયાભાઈ રૂપૈયાની વેલ્યું રે
વેવાયો હરખ નો માંય મારા હૈડામાં રે
મારે જસમતભાઈ વરસે સાચા મોતીયે
મારે વિનુભાઈ રૂપૈયાની વેલ્યુ રે
વેવાયો હરખ નો માંય મારા હૈડામાં રે
હું તો ડેલીએ તે મેલશ દીવડો રે..."

(શબ્દાર્થ : મેલશ એટલે મેલવું, મૂકવું. વેવાય એટલે વેવાઈ. વેવાઈ ખમતીધર કે વડોવડ છે કે કેમ તે જોવા માટે દીવો લઈને શોધવા જવું એવો ગીતનો ભાવ છે.)

•

કોઈ અમને લંકા દેખાડો

"આંબલીયો કાંય થડ રે થોડેરો ડાળે ડાળે અત ઘણો રે
તેને થડ મારે રામચંદ્ર ઊભા લંકા સામુ જોય રયા રે
કોઈ અમને લંકા દેખાડો સીતાજીને નિરખવા રે
કોણ તારો સગો ને કોણ સાબદો રે
કોણ તારે માડી જાયો વીર સીતાજીને નિરખવા રે
હનુમાન મારે સગો ને સાબદો રે
લખમણ મારે માડી જાયો વીર સીતાજીને નિરખવા રે"

(રાવણ, સીતાજીનું હરણ કરી લંકાગઢ લઈ ગયો હતો. સીતા વિયોગે ઝૂરતા રામ તેને મળવા અતિ ઉત્સુક બન્યા હતા. આખરે હનુમાનજીએ સીતાજીની ભાળ મેળવી હતી. 'સીતા હરણ'ના પ્રસંગને વર્ણવતું ઉક્ત ગીત જેમને ત્યાં લગ્ન હોય તેના નામોલ્લેખ સાથે ગાઈ શકાય છે.)

વીરો મારો ને સાયબો તારો

"લાડડી કેસરમાં કંકુ ઘોળજે, મારા વીરાને ચરણે ઢોળજે
લાડડી વીરો મારો ને સાયબો તારો રે
લાડડી તારા દાદાને કે'જે રે
અમને મે'ડીએ ઉતારા આપે રે
લાડડી મેડીના બેસનારા દેવાંગભાઈ આવીયા
લાડડી કેસરમાં કંકુ ઘોળજે, મારા વીરાને ચરણે ઢોળજે
લાડડી તારા કાકાને કે'જે રે, અમને દાતણીયા અપાવે રે
લાડડી દાતણીયા કરનારા દેવાંગભાઈ આવીયા
લાડડી કેસરમાં કંકુ ઘોળજે, મારા વીરાને ચરણે ઢોળજે
લાડડી વીરો મારો ને સાયબો તારો રે."

(નોંધ : ગામમાં જાન આવે ત્યારે જાનડિયું ઉતારા, દાંતણ, નાવણ, ભોજન અને પોઢણની માગણી કરે છે. ગીતમાં વીરા અને સાયબા પર ખાસ ભાર મૂક્યો છે. ગીત કંઠસ્થ : શ્રીમતી ભાનુબહેન રસીકભાઈ વાગડિયા)

•

દેવકી વધાવે સાચા મોતીએ...

"લગન આવ્યા રે ઉજળી નોમના વરધ્યું આવી છે વીસ રે
લગન લઈને રે બ્રાહ્મણ આવીયા, આવીયા દેવકીજીને મોલ રે
દેવકી વધાવે સાચા મોતીએ, વાસુદેવે ઘણા દીધા માન રે
લગન આવ્યા ઉજળી નોમના...
લગન લઈને રે બ્રાહ્મણ આવીયા, આવીયા કીયાબાઈને મોલ રે
કીયાબાઈ વધાવે સાચા મોતીએ, કીયાભાઈએ ઘણા દીધા માન રે
રેખાબાઈ વધાવે સાચા મોતીએ, જસમતભાઈએ ઘણા દીધા માન રે
લગન આવ્યા ઉજળી નોમ...'

(નોંધ : ગીતમાં લગ્ન કોના છે તે અધાહાર છે. પણ દેવકી અને વાસુદેવ લગ્ન વધાવતા હોય તો તે લગ્ન શ્રીકૃષ્ણના જ હોઈ શકે. લન માટે ઉજળી-અંજવાળી નોમની તિથિને ઉત્તમ ગણવામાં આવી છે.)

સાસરીયાને દેશ જો...

"જાવું પડશે જાવું પડશે સાસરીયાને દેશ જો
એવા માયાળુ માતાએ ખોળે સરીફળ નાખ્યા રે રૂચિબે'ન
દાદા છોડે તો બે'ની મારી રહ રહ રૂએ જો
માતા છોડે તો આંસુડાંની ધારું રે રૂચિબે'ન
આંસુડાં આવે તો બે'ની ઝટ લૂછી નાખજો
હીબકે ચડો તો પાણીડાં પીજો રે રૂચિબે'ન
દાદા સાંભરે તો બે'ની સસરા સામું જોજો
માતા સાંભરે તો બે'ની સાસુ સામું જોજો રે રૂચિબે'ન
જાવું પડશે જાવું પડશે સાસરીયાને દેશ જો..."

(ભાવાર્થ : સાસરે ગયા પછી માતા-પિતા યાદ આવે તો સાસુ-સસરાને માતા-પિતા સમાન ગણી સંસાર નિભાવજે એવી શીખામણ ગીત દ્વારા વ્યક્ત કરાઈ છે. સરીફળ એટલે શ્રીફળ, નાળીયેર)

•

વાલેરા સગા આવશે

"અડદા દળાવો બે'ની અડદા દળાવો
પાપડ વણાવો જાનુ આવશે
કેટલેકથી આવશે બે'ની વાલેરા સગા
કેટલેકથી આવશે વર રાજીયા
મુંબઈથી આવશે બે'ની વાલેરા સગા
સુરતથી આવશે વર રાજીયા
અડદા દળાવો બે'ની અડદા દળાવો
પાપડ વણાવો જાનુ આવશે
અમદાવાદથી આવશે બે'ની વાલેરા સગા
સુરતથી આવશે વર રાજીયા
અડદા દળાવો બે'ની અડદા દળાવો..."



(નોંધ : અડદા એટલે અડદ, વાલેરા એટલે વહાલા)

મોટાના પૂરા નય પડે...

"વા'લા સગા મેં તમને કાનજી વેવાય વારીયા
વા'લા સગા નો જાજો વીરડિયાની શેરીયે,
જસમતભાઈની મેડીએ, મોટાના પૂરા નય પડે
વા'લા સગા એનો મોભી છે બંવ લાડકો
વા'લા સગા માગે છે ચોરસીની જોડ
મોટાના પૂરા નય પડે
વા'લા સગા મેં તમને કાનજી વેવાય વારીયા
વા'લા સગા નો જાજો વીરડિયાની શેરીયે,
ઘનશ્યામભાઈની મેડીએ, મોટાના પૂરા નય પડે
વા'લા સગા એનો ભત્રીજ છે બવ લાડકો
વા'લા સગા માગે છે હારલાની જોડ
મોટાના પૂરા નય પડે..."

(શબ્દાર્થ : વાલા એટલે વહાલા, બવ એટલે બહુ, ચોરસી એટલે ગળામાં પહેરવાનું ઘરેણું)

•

બે'ની હજી રે કુંવારા

"બાગુમાં ફરજો બે'ની બગીચામાં ફરજો
ફૂલડાંની સોડમ તમે લેજો રુચિતાબે'ન હજી રે કુંવારા
હજી રે કુંવારા બે'ન બાળકુંવારા
દાદાના રાજમાં બે'ની હસતા ને રમતા
તૈયાર થઈને સાસરે જાજો રુચિતાબે'ન હજી રે કુંવારા
બાગુમાં ફરજો બે'ની બગીચામાં ફરજો
ફૂલડાંની સોડમ તમે લેજો રુચિતાબે'ન હજી રે કુંવારા
કાકાના રાજમાં બે'ની હસતા ને રમતા
તૈયાર થઈને સાસરે જાજો રુચિતાબે'ન હજી રે કુંવારા
બાગુમાં ફરજો બે'ની બગીચામાં ફરજો..."

કરેણના ફૂલ વીણવા

"હું તો ગઈ'તી સરોવર પાળે કરેણની ડાળે
કરેણના ફૂલ વીણવા
હું તો જોવ રે આગળ કોઈ આવે પાછળ કોઈ આવે
કરેણના ફૂલ વીણવા
હું તો જોવ રે આગળ દાદા આવે પાછળ માતા આવે
કરેણના ફૂલ વીણવા
હું તો ગઈ'તી સરોવર પાળે કરેણની ડાળે
કરેણના ફૂલ વીણવા
હું તો જોવ રે આગળ કોઈ આવે પાછળ કોઈ આવે
કરેણના ફૂલ વીણવા
હું તો જોવ રે આગળ કાકા આવે પાછળ કાકી આવે
કરેણના ફૂલ વીણવા
હું તો ગઈ'તી સરોવર પાળે કરેણની ડાળે
કરેણના ફૂલ વીણવા..."

(ગીત કંઠસ્થ : શ્રીમતી રંજનબહેન બાવચંદભાઈ ગેવરીયા - નેસડીવાળા)

વનરાઈમાં પાકી બોરડી

દાદા વનરાયમાં પાકી એક બોરડી
તેની વાળી છે જસમતભાઈએ ડાળ રૂચિબે'ન ખોળા ધરે
દીકરી ખોળડીયા મત ધરો ભીંજાય તમારી ચૂંદડી
દાદા ભીંજાય તો ભીંજાવા દેજો ચૂંદડી પાકા રંગની
કાકા વનરાયમાં પાકી એક બોરડી...
તેની વાળી છે વિનુભાઈએ ડાળ રૂચિબે'ન ખોળા ધરે
ભત્રીજ ખોળડીયા મત ધરો ભીંજાય તમારી ચૂંદડી
કાકા ભીંજાય તો ભીંજાવા દેજો ચૂંદડી પાકા રંગની
દાદા વનરાયમાં પાકી એક બોરડી...

(નોંધ : ગીતમાં ભાઈ-બહેનનો પ્રેમ દર્શાવાયો છે.)

ખીલંતું ફૂલ જાય...

"સૈયરની શેરીથી મૈયરની મેડીથી ખીલંતું ફૂલ જાય
જો જો મારા રૂચિબેનની કળી નો કરમાય...
દાદાના લાડકવાયા માતાના લાડકવાયા બે'ની સાસરે જાય
જો જો મારા રૂચિબે'નની કળી નો કરમાય
સૈયરની શેરીથી મૈયરની મેડીથી ખીલંતુ ફૂલ જાય
જો જો મારા રૂચિબે'નની કળી નો કરમાય
કાકાના લાડકવાયા કાકીના લાડકવાયા ભત્રીજ સાસરે જાય
જો જો મારા રૂચિબે'નની કળી નો કરમાય..."

(નોંધઃ આ વિદાય ગીત વીરા-ભાભી, માતા-મામીના ઉલ્લેખ સાથે લંબાવી શકાય.)

ઝવેરીના બેસણાં

"જી રે સરસરતા સામીને વિનવું રે
ગુણપત લાગું છું પાય જો જો ઝવેરીના બેસણાં
મારે જસમતભાઈ તે દરબાર ચાલીયા
એને દરબારે દીધા ઘણા માન જો જો ઝવેરીના બેસણાં
એને બેસંતા નાખ્યા ચાકળા
એને ઊઠંતા ભરી રે સલામ જો જો ઝવેરીના બેસણાં
જી રે સરસરતા સામીને વિનવું રે...
મારે કાનજીભાઈ તે દરબાર ચાલીયા
એને દરબારે નો દીધા માન જો જો વેવાયુના બેસણાં
એને બેસંતા નો નાખ્યા ચાકળા
એને ઊઠંતા મારી લપાટ જો જો વેવાયુના બેસણાં
જી રે સરસરતા સામીને વિનવું રે..."

(નોંધ : રાજ દરબારમાં કોના કેટલા માનસન્માન છે, કેટલુ વર્ચસ્વ છે, કેવો પ્રભાવ છે તેનો ભેદ ગીતમાં દર્શાવાયો છે. ફટાણાં પ્રકારનું આ ગીત છે. ગીત કંઠસ્થ : રંજનબહેન ગેવરીયા, લલીતાબહેન અરવિંદભાઈ ગેવરીયા)

રામની વાડીમાં કાજુ કેવડો

"રામની વાડીમાં વાવ્યો રે કાજુ કેવડો રે
દેવાંગભાઈ કેવડો લેજો સાથ સાસરીયે નય મળે રે
તીયા ચાર માસ શીયાળુ ઠંડી બવ પડે રે
સાથે શાલ્યું લેશું ચાર શીયાળો વહી જશે રે
રામની વાડીમાં વાવ્યો રે કાજુ કેવડો રે...
તીયા ચાર માસ ઉનાળુ ગરમી બવ પડે રે
સાથે વીંઝણા લેશું ચાર ઉનાળો વહી જશે રે
રામની વાડીમાં વાવ્યો રે કાજુ કેવડો રે...
તીયા ચાર માસ ચોમાસુ વરસાદ બવ પડે રે
સાથે લેશું છત્રી ચાર ચોમાસુ વહી જશે રે
રામની વાડીમાં વાવ્યો રે કાજુ કેવડો રે..."

(નોંધ : ગીતમાં શીયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ ઋતુને મૂલવવામાં આવી છે. આ નાનકડું લગ્નગીત માનવજીવનની કેટલી મોટી ફિલસૂફી વ્યક્ત કરે છે. ગમે તેવી મુશ્કેલીમાં પણ માર્ગ કઈ રીતે કાઢવો તેની કોઠાસૂઝ જૂના જમાનાના લોકોમાં કેવી અદ્‌ભૂત હતી તે દર્શાવાયું છે! ગીત કંઠસ્થ : શ્રીમતિ રંજનબહેન બાવચંદભાઈ ગેવરીયા)

ટોડે પગરણ આદર્યા રે

"માંડવડામાં વેળુડી પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે
વેળુ ઉપર જાઝમ પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે
જાઝમ ઉપર ચોપાટ પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે
રમશે રમશે કીયાભાઈના મોભી મેં તો ટોડે પગરણ આદર્યા રે
સામી રમશે કીયા વેવાયની ઘેડી મેં તો ટોડે પગરણ આદર્યા રે
માંડવડામાં વેળુડી પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે
વેળુ ઉપર જાઝમ પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે
જાઝમ ઉપર ચોપાટ પથરાવો મેં તો ટોડે પગરણ આદર્યા રે"

(નોંધ : ભાઈ, કાકા, મામા વગેરેના ઉલ્લેખ સાથે ગીત લંબાવી શકાય.)

બે'ની તારા ઊંચા રે મંડપ

"ઊંચા રે મંડપ બે'ની તમારા રોપ્યા (૨)
બે'ની તારો વીરો વસે પરદેશ રે
માડીના જાયા વેલેરો વળજે
વીરા આપણે બાળાપણની પ્રિત્યુ તુ સંભાર રે
માડીના જાયા વેલેરો વળજે
વીરા આપણે લોહીની સગાયું ભૂલી નો જાજે રે
માડીના જાયા વેલેરો વળજે
દાદા ને માતા રે બે'ની તારે છોડવા જોશે
છોડવો જોશે મોટાબાનો સાથ, છોડવો જોશે મોટાબાનો સાથ રે
માડીના જાયા વેલેરો વળજે
ઊંચા રે મંડપ બે'ની તમારા રોપ્યા (૨)
બે'ની તારો વીરો વસે પરદેશ રે
માડીના જાયા વેલેરો વળજે
કાકા ને કાકી રે બે'ની તારે છોડવા જોશે
છોડવો જોશે ફઈબાનો સાથ, છોડવો જોશે ફઈબાનો સાથ રે
માડીના જાયા વેલેરો વળજે
ઊંચા રે મંડપ બે'ની તમારા રોપ્યા (૨)

(નોંધ : ઉક્ત ગીત ત્રીસેક વર્ષ પૂર્વેનું હોય તેમ લાગે છે. આમ છતાં તે રળિયામણું ને ભાવવાહિ હોવાથી અહીં સમાવી લીધું છે. ગીત કંઠસ્થ શ્રીમતી ગીતાબહેન જયંતિભાઈ કાકડિયા)

આભાર દર્શન

નોંધ : જેમનું ગામમાં જ પિયરીયું અને ગામમાં જ સાસરીયું છે એવા નેસડીવાળા શ્રીમતી રંજનબહેન બાવચંદભાઈ ગેવરીયા પાસેથી અમને ઘણા અપ્રગટ પ્રાચીન લગ્નગીતો પ્રાપ્ત થયાં છે. એ માટે અમે રંજનબહેન તથા મોલડીવાળા શ્રીમતી મુક્તાબહેન રમેશભાઈ સાવલીયાનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સોગઠડી સોળે સોનાની...

"સોગઠડી સોળે સોનાની પાહા ઢાળ્યા મોતીયે
હાથલડી તારલો કંથ, હાથી કેમ દુબળો
દિવસડે દરબાર ઝુલવા જાય, રાતે રે સોના સાંકળે
સોગઠડી સોળે સોનાની પાહા ઢાવ્યા મોતીયે
પોપટડી તારલો કંથ, પોપટ કેમ દુબળો
દિવસડે વન વેડવા જાય, રાતે રે પોપટ પાંજરે
સોગઠડી સોળે સોનાની પાહા ઢાળ્યા મોતીયે
કીયાવોવ તારલો કંથ, કીયાભાઈ કેમ પાતળા
દિવસડે ઘોડા ખેલવા જાય, રાતે રે પોઢે ઢોલીયે
સોગઠડી સોળે સોનાની પાહા ઢાળ્યા મોતીએ
કીયાબેન તારલા કંથ, કીયા જમાઈ કેમ દુબળા
દિવસડે દાબડો વાઢવા જાય, રાતે રે વાઢે સૂંથીયા
સોગઠડી સોળે સોનાની પાહા ઢાળ્યા મોતીએ...."

માંડવ હાલુ મલપતી રે....

"ઊંચી મેડી ઉગમણા દરબાર, તીયા ઘીના દીવા શગ બળે રે
રેખાબાઈ તે જસમતભાઈને વિનવે રે, એના સ્વામી હારલો લઈ આવો તો
માંડવ હાલુ મલપતી રે, અસકાળી મસકાળી નાર રે
સોનીડો તારો ભાય નથી રે, ઊંચી મેડી ઉગમણા દરબાર
તીયા ઘીના દીવા શગ બળે રે, રેખાબાઈ તે જસમતભાઈને વિનવે રે
એના સ્વામી ચૂંદડી લઈ આવો તો, માંડવ હાલુ મલપતી રે
અસકાળી મસકાળી નાર રે, દોશીડો તારો ભાય નથી રે
ઊંચી મેડી ઉગમણા દરબાર...."

(નોંધ : ફટાણાં પ્રકારનું આ ગીત છે. શબ્દાર્થ : અસકાળી-અતિકાળી, મશકાળી-મેશ જેવી કાળી)

ગોળ માળવીયો ચોખા સૂરતી

"દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે
દાદા આવશે આવશે મોટા ઘરની જાન રે
આવીને ઉતારા માગશે રે
દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે
દાદા આવશે આવશે મોટા ઘરની જાન રે
આવીને દાતણ માગશે રે
દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે
દાદા આવશે આવશે મોટા ઘરની જાન રે
આવીને નાવણ માગશે રે
દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે
દાદા આવશે આવશે મોટા ઘરની જાન રે
આવીને ભોજન માગશે રે
દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે
દાદા આવશે આવશે મોટા ઘરની જાન રે
આવીને પોઢણ માગશે રે
દાદા ગોળ રે માળવીયો ચોખા સૂરતી રે..."

(નોંધ : જાન માટે ઉતારા, દાતણ, નાવણ, ભોજન અને પોઢણની ક્રિયા મહત્ત્વની માનવામાં આવી છે.)

"લાડો લાડી જમે રે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે,
નાખી માંહી ઘી કેરી ધાર, સંસાર પાયો ફળ્યો લાગે રે"

(પત્નીને અર્ધાંગ્નિ કહેવામાં આવે છે. પત્ની, પતિનું અર્ધુ અંગ ગણાય છે. પતિ-પત્ની લગ્ન મંડપમાં અગ્નિની શાખે પ્રતિજ્ઞા લે છે કે ગમે તેવા સુખ-દુ:ખમાં પણ અમે બંને એક સાથે એક થઈને રહીશું, એક સાથે જમીશું. લગ્ન મંપડમાં કંસાર પીરસવો એ પ્રતિજ્ઞારૂપ છે. પતિ-પત્ની સંપથી રહે તો કંસારની જેમ સંસાર પણ ગળ્યો લાગે છે!

નવલા વેવાઈ લાખના રે...

"મેં જાણ્યું કે નવલા વેવાય લાખના રે લોલ
નીકળ્યા સવા લાખના રે, તોયર કાંઠે રૂડો કેવડો રે લોલ
મેં જાણ્યું કે ચૂંદડી લાવ્યા લાખની રે લોલ
ચૂંદડી સવા લાખની રે, તોયર કાંઠે રૂડો કેવડો રે લોલ
મેં જાણ્યું કે નવલા વેવાય લાખના રે લોલ...
મેં જાણ્યું કે હારલો લાવ્યા લાખનો રે લોલ
હારલો સવા લાખનો રે, તોયર કાંઠે રૂડો કેવડો રે લોલ
મેં જાણ્યું કે નવલા વેવાય લાખના રે લોલ...
મેં જાણ્યું કે હાંસડી લાવ્યા લાખની રે લોલ
હાંસડી સવા લાખની રે, તોયર કાંઠે રૂડો કેવડો રે લોલ

(નોંધ : 'તોયર' કોઈ વિસ્તારનું નામ હોય તેમ લાગે છે. ગીત કંઠસ્થ : ઈલાબહેન સુતરીયા, રમીલાબહેન કોટડિયા તથા નયનાબહેન સુહાગીયા)

•

ડુંગર દૂજે છે ગવરી

"ડુંગર દૂજે છે ગવરી, ડુંગર દૂજે છે ગવરી
તેના થકી દૂધડિયા રે મંગાવો (૨)
વરમાડી પગ ધોયણું માગે (૨)
કન્યામાડી સૂતલડા રે નો જાગે (૨)
જાગે છે પણ છેટા છેટા ભાગે છે (૨)
ડુંગર દૂજે છે ગવરી તેના થકી દૂધડિયા રે મંગાવો
વરકાકી પગ ધોયણું માગે (૨)
કન્યાકાકી સૂતલડા રે નો જાગે (૨)
જાગે છે પણ છેટા છેટા ભાગે છે (૨)
ડુંગર દૂજે છે ગવરી (૨) .... "

(શબ્દાર્થ : ગવરી એટલે ગાય. વરમાડી-વરની માતા, કન્યામાડી - કન્યાની માતા, પગ ધોણ્યુ - પગ ધોવા, પખાળવા, સૂતલડા - સૂતા, સૂતેલા)

શ્રીકૃષ્ણ પરણે રૂક્ષ્મણિ રે...

"દુવારકામાં ઠાકોરવાજાં વાગીયાં રે,
મથુરામાં પડે એની જાંય રે
શ્રીકૃષ્ણ પરણે રૂક્ષમણિ રે
ગામના જોષીડા વીરા વે'લો આવજે રે,
મારે માંડવડે સારા શુકન લઈ આવ્ય રે
શ્રીકૃષ્ણ પરણે રૂક્ષમણિ રે
દુવારકામાં ઠાકોરવાજાં વાગીયાં રે...
ગામના સોનીડા વીરા વે'લો આવજે રે,
મારે માંડવડે સારા હારલા લઈ આવ્ય રે
શ્રીકૃષ્ણ પરણે રૂક્ષમણિ રે
દુવારકામાં ઠાકોરવાજાં વાગીયાં રે...
ગામના કસુંબી વીરા વે'લો આવજે રે
મારે માંડવડે સારી ચૂંદડી લઈ આવ્ય રે
શ્રીકૃષ્ણ પરણે રૂક્ષમણિ રે
દુવારકામાં ઠાકોરવાજાં વાગીયાં રે..."

(ભાવાર્થ : કૃષ્ણના વિવાહ રૂક્ષ્મણિ સાથે થઈ રહ્યા હોવાનો ભાવ વ્યક્ત કરાયો છે.)

•

રતન રમી વળ્યા રે...

"વેવાય તારો માંડવડો સંભાળ, માંડવડે રતન રમી વળ્યા રે
રમે રમે મોર ને ઢેલ, માંડવડે રતન રમી વળ્યા રે
જીત્યો જીત્યો જસમતભાઈનો મોર રે, માંડવડે રતન રમી વળ્યા રે
જીત્યાના વગડાવો જાંગી ઢોલ રે, માંડવડે રતન રમી વળ્યા રે
હાર્યાના વગડાવો ઢીલા ઢોલ રે, માંડવડે રતન રમી વળ્યા રે
વેવાય તારો માંડવડો સંભાળ, માંડવડે રતન રમી વળ્યા રે...."

(નોંધ : ગીતમાં વરને રતન તથા મોરની ઉપમા આપી છે.)

સવાસો હાથી રે વીરા...

"સવાસો હાથી રે વીરા તારી જાનમાં
બાણું લાખ ઘોડાની રમઝટ
વીરડિયા કુટુંબના કુંવર ચાલ્યા પરણવા
દાદા આવ્યા ને માતા આવશે
ઝાઝી જોવ છું મોટાબાની વાટ
વીરડિયા કુટુંબના કુંવર ચાલ્યા પરણવા
સવાસો હાથી રે વીરા તારી જાનમાં...
કાકા આવ્યા ને કાકી આવશે
ઝાઝી જોવ છું ફઈબાની વાટ
વીરડિયા કુટુંબના મોભી ચાલ્યા પરણવા
સવાસો હાથી રે વીરા તારી જાનમાં..."

(ભાવાર્થ : કુટુંબના મોભીના લગ્ન છે અને તેના લગ્નમાં સવાસો હાથી અને બાણું લાખ ઘોડાની કલ્પના કરવામાં આવી છે.)

•

ઊભા છબીલીની વાટે

"આંબલીયાની ડાળે સરોવર પાળે, ઊભા દેવાંગભાઈ છબીલીની વાટે
છબીલીએ પૂછ્યું, કોણ તારા દાદા કોણ તારી માતા
કોણ તારે સાક્ષી કોણ છે સદાશી, જસમતભાઈ દાદા રેખાબાઈ માતા
ચંદ્ર મારે સાક્ષી, સૂર્ય છે સદાશી, આંબલીયાની ડાળે સરોવર પાળે...
છબીલીએ પૂછ્યું, કોણ તારા કાકા કોણ તારી કાકી
કોણ તારે સાક્ષી કોણ છે સદાશી, વિનુભાઈ કાકા દર્શનાબાઈ કાકી
ચંદ્ર મારે સાક્ષી, સૂર્ય છે સદાશી, આંબલીયાની ડાળે સરોવર પાળે..."

(ભાવાર્થ : આ જગતમાં મોટામાં મોટી શાખ હોય તો તે ચંદ્ર-સૂરજની માનવામાં આવી છે. આવી સાક્ષીએ યુવક-યુવતીના વિવાહ સંપન્ન થાય છે.)

આંબો આવ્યો રાજમાં...

"આંબલે લળી રે કોયલડી, ટોલડે ટહૂકે છે મોર
આંબો આવ્યો રે રાજમાં (૨)
કીયો રે નાના વીરનો દેહડો, લેજો ગામડિયેના નામ
આંબો આવ્યો રે રાજમાં
કાઠીયાવાડ નાના વીરનો દેહડો (૨)
સુરત ગામડિયેના નામ, આંબો આવ્યો રાજમાં
આંબલે લળી રે કોયલડી, ટોડલે ટહૂકે છે મોર
આંબો આવ્યો રે રાજમાં
કીયા રે નાના વીરના દાદલા, લેજો માતાજીના નામ
આંબો આવ્યો રે રાજમાં
જસમતભાઈ નાના વીરના દાદલા રેખાબાઈ માતાજીના નામ
આંબો આવ્યો રે રાજમાં..."

(ગીત કંઠસ્થ : હંસાબહેન કિશોરભાઈ પટોળીયા તથા લાભુબહેન પુનાભાઈ પટોળીયા)

•

વરસે અષાઢીના મેઘ

"રુચિબે'ન ડુંગરડાની કરણે ઝબૂકે વીજળી રે
રુચિબે'ન વરસે અષાઢીના મેઘ રે, મોટાના છોરું ડાયા થઈ રે'જો
બે'ની ડુંગરડાની કરણે ઝબૂકે વીજળી રે...
બે'ની સસરાજીને દાદા કય બોલાવજો રે,
બે'ની સાસુજીના દૂધે ધોજો પગ રે, મોટાના છોરું ડાયા થઈ રે'જો
રુચિબે'ન ડુંગરડાની કરણે ઝબૂકે વીજળી રે..."

(ભાવાર્થ : દીકરીને વળાવતી વેળા ગીત ગવાય છે. સાસરે જતી દીકરીને ડાહ્યા થઈને તથા સંપીને રહેવા ઉપરાંત સસરાને પિતા તુલ્ય ગણી બોલાવવા જ્યારે સાસુના દૂધે ધોજો પગ અર્થાત તેમની સેવા કરજો, એવી શીખ અપાય છે. શબ્દાર્થ : ડુંગરડાની કરણે એટલે ડુંગરની ધાર ઉપર)

ઓઢાડો અમ ચૂંદડી રે લોલ...

"સાયબા મારી કોરી ચૂંદલડીની કોર
ઓઢાડો અમ ચૂંદડી રે લોલ
ગોરી મોરી છોડો પિયરીયાનો સાથ
ઓઢાડું તમ ચૂંદડી રે લોલ
સાયબા મને પિયરીયુ અત્ય વા'લુ
સાસરીયે કેમ ગોઠશે રે લાલ
ગોરી મોરી સાચુ સમજો તો સમજાય
સાચી કહું છું વાતડી રે લોલ
સાયબા મારા કોરી ચૂંદલડીની કોર
ઓઢાડો અમ ચૂંદડી રે લોલ
સાયબા મારા દાદાના ખૂંદેલ ખોળલા
માતાને કેમ વિસરું રે લોલ
સાયબા મારી કોરી ચૂંદડીની કોર
ઓઢાડો અમ ચૂંદડીની રે લોલ
સાયબા મારા કાકાના ખૂંદેલ ખોળલા
કાકીને કેમ વિસરું રે લોલ
સાયબા મારી કોરી ચૂંદલડીની કોર
ઓઢાડો અમ ચૂંદડી રે લોલ..."



અશ્મારોહણ વિધિ : લગ્ન મંડપમાં એક પથ્થર કે ક્ષેત્રપાળને અંગૂઠાથી સ્પર્શ કરવો એવી એક વિધિ છે, તેને અશ્મારોહણ કહે છે. વર-કન્યા ચોથે ફેરે જમણા પગના અંગૂઠાને પથ્થર (અશ્મ)ને અડાડી મનમાં પર્વત પર ચઢતા હોવાનો ભાવ વ્યક્ત કરે છે. પર્વત પર ચઢાણ કરવામાં જેટલી મુશ્કેલી પડે છે તેટલી મુશ્કેલી સંસારમાં પ્રવેશ્યા પછી પડવાની છે. આવો એનો અર્થ છે.

વીરાજી વે'લા આવજો...

"કંકવે છાંટીને લખજો કંકોતરી
ભેળી લખજો બાળા પિયર વેલ, વીરાજી વે'લા આવજો
મારા સસરાને કાજે લાવજો પાઘડી
મારી સાસુજીને સાડલાની જોડ, વીરાજી વે'લા આવજો
મારા જેઠ માટે લાવજો પાંભરી
મારા જેઠાણીને ચૂંદડીની જોડ, વીરાજી વેલા આવજો
મારા દેર કાજે લાવજો પાંભરી
મારી દેરાણીને સેલાની જોડ, વીરાજી વે'લા આવજો
વીરા મારે માટે નવસેરો હાર, વીરાજી વેલા આવજો
વીરા પરણ્યા માટે લાવજો ઘોડલા
વીરા એટલી સંપત હોય તો આવજો
વીરા પાદરમાં ઝબુકે છે વીજળી
મેં જાણ્યું રે મારા આવેલા વીર, વીરાજી વે'લા આવજો..."

(ગીત કંઠસ્થ : વિદ્યાબહેન ધીરૂભાઈ વોરા)

•

કેસર વાટકડે ઘોળાય રે...

"કેસર હાટડિયે વેચાય રે ત્રાજવડે તોળાય રે
વાટકડે ઘોળાય રે કેસર જોશે છાંટણે રે (૨)
જેમ રે વેચાય તેમ લ્યો રે જસમતભાઈ દાદા આપણે (૨)
જુગતે જમાયોને, વિગતે વેવાયોને ઘરના જાનૈયાને છાંટણે (૨)
કેસર હાટડિયે વેચાય રે ત્રાવવડે તોળાય રે
વાટકડે ઘોળાય રે કેસર જોશે છાંટણે (૨)"
જેમ રે વેચાય તેમ લ્યો રે વિનુભાઈ કાકા આપણે (૨)
જુગતે જમાયોને, વિગતે વેવાયોને ઘરના જાનૈયાને છાંટણે
કેસર હાટડિયે વેચાય રે ત્રાજવડે તોળાય રે...

લાલ બાજોઠે રે..

“લાલ બાજોઠે રે લીલી રજાયે પરણે કીયાબેન
મોડીયો ને ચૂંદડી રે ટીલડીની લેરે પરણે કીયાબેન
લાલ બાજોઠે રે લીલી રજાયે પરણે કીયાબેન
હાર ને હાંસડી રે વરમાળાની લેરે પરણે કીયાબેન
લાલ બાજોઠે રે લીલી રજાયે પરણે કીયા બેન
સાડી ને સેલા રે પાનેતરની લેરે પરણે કીયાબેન
લાલ બાજોઠે રે લીલી રજાયે પરણે કીયાબેન
પોંચો ને પોંચી રે મીંઢળને લેરે પરણે કીયાબેન”



અંદન ચંદનની કુંડી....

“અંદન ચંદનની કુંડી રે મોરીયાલાલ, લાલજી રે કાંય
લીલા વનનો ઘુંઘટો રે જણના લાલ
આછે ગળણે ગળજો રે મોરીયાલાલ, લાલજી રે કાંય
કોરે ગળણે ગળજો જણના લાલ
બે’નીબાને પાજો રે મોરીયાલાલ, લાલજી રે કાંય
રૂચિતાબેનને પાજો જણના લાલ
કીયાભાઈની ઘેડી રે મોરીયાલાલ, લાલજી રે કાંય
કીયાબાઈની જનમેલ જણના લાલ
અંદનની ચંદનની કુંડી રે મોરીયાલાલ, લાલજી રે કાંય
લીલા વનનો ઘુંઘટો જણના લાલ

(નોંધ : કાકા, મામાના ઉલ્લેખ સાથે ગીત લંબાવી શકાય છે.)

સુરત નગરીનો રાજા

"સૂરત નગરીનો રાજા આવ્યો પરણવા
સો સો ઘોડા રે બે'ની તારી જાનમાં
હાથીડાની બોલે છે રમઝટ રે (૨)
સૂરત નગરીનો રાજા આવ્યો પરણવા.....
દાદા ને માતા બે'ની તારે માંડવે
મોટાબાને હરખ નો માંય રે (૨)
સૂરત નગરીનો રાજા આવ્યો પરણવા
સો સો ઘોડા રે બે'ની તારી જાનમાં
હાથીડાની બોલે રમઝટ રે
સૂરત નગરીનો રાજા આવ્યો પરણવા
કાકા ને કાકી બે'ની તારે માંડવે
ફઈબાનો હરખ નો માંય રે (૨)
સૂરત નગરીનો રાજા આવ્યો પરણવા...."

લીલી દાંડીનો ઝમરખ દીવડો

"હા હા રે લીલી દાંડીનો ઝમરખ દીવડો
હા હા રે રમઝમ કરતા સોનલ વહુ આવીયા
હા હા રે વણ તેડ્યા ગોરી શીદને આવીયા
હા હા રે કેડ રે પાતળીયાને નીરખવા આવીયા"

વર્ષો પહેલા ગામડામાં વીજળી નહોતી ત્યારે રાત્રે નર્યો અંધકાર છવાઈ જતો હતો. માત્ર વાટવાળા કે દીવેટવાળા તેલના ટમટમીયાં દીવા હતા. લગ્ન પ્રસંગ હોય ત્યારે રાત્રે મશાલનો ઉપયોગ થતો હતો. લીલા લાકડાની દાંડીની મશાલ બનાવાતી હતી. તેને લીલી દાંડીનો ઝમરખ દીવડો કહેવાતો. ગીતમાં 'ઝરમરીયા ઝાલા' એવો શબ્દ પ્રયોગ થયો છે તે ખોટો છે. ખરો શબ્દ 'ઝરઝરીયા ઝાલ્યા' છે અર્થાત્ હાથમાં દીવો પકડ્યો છે.

દાદા લાડડી પરણાવો



ગેડી દડે રમતા વીર, ગેડી દડે રમતા વીર
તલવાડીને તીરે નાળીયેર ઝીલ્યા માણારાજ
ઘેરે આવીને ઝગડો માંડયો વીર (૨)

દાદા અમને લાડડી પરણાવો માણારાજ
દાદાએ હાથીડા છોડયા વીર (૨)

જઈ ઝુકાવ્યા મુંબઈ શેરને ચોક માણારાજ
સોનલાની સાંકળે વીર (૨)

હીરલાની દોરીએ હાથીડા બાંધ્યા માણારાજ
વેવાઈના હાથી દુબળા વીર (૨)

જસમતભાઈના હાથી હમચી ખૂંદે માણારાજ
ગેડી દડે રમતા વીર, ગેડી દડે રમતા વીર
તલવાડીને તીરે નારીયેર ઝીલ્યા માણારાજ...''

(ભાવાર્થ : ગેડી દડે રમી રહેલા બાળકને અચાનક લગ્ન માટેની લગની લાગતા તે ઘેર આવે છે અને પોતાના દાદાની સમક્ષ પોતાના લગ્ન માટેનો પ્રસ્તાવ રજૂ કરે છે. દાદા, પુત્રની વાતને હસતા હસતા વધાવી લે છે અને કુંવરને પરણાવવા માટે હાથી, ઘોડા સાથે શે'રમાં જાય છે! કેવી ઊંચી કલ્પના છે. ગીત કંઠસ્થ : શ્રીમતી રમીલાબહેન જગદીશભાઈ કોટડિયા)

ઋણ સ્વીકાર

નોંધ : લગ્નગીતો રક્ષવાના અમારા અભિયાનમાં જેમનો અમને પૂર્ણ સહયોગ સાંપડ્યો છે એવા સુરગપુરાવાળા શ્રીમતી ઈલાબહેન ભરતભાઈ સુતરીયા, વાવેરાવાળા શ્રીમતી રમીલાબહેન જગદીશભાઈ કોટડિયા તથા પીઠવડીવાળા શ્રીમતી નયનાબહેન નારણભાઈ સુહાગીયાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

મોભી ઘોડા ખેલવે

"લાંબી તે લાંબી નગરશેરની બજાર રે
વાજંતો ઘોડા ખેલવે રે
વાજંતો છે અંકિતાવોવનો કંથ રે
દેવાંગભાઈ ઘોડા ખેલવે રે....
આપણા તે ગામમાં જસમતભાઈ ઘેરે અવસર
આ મોભી ઘોડા ખેલવે રે
લાંબી તે લાંબી નગરશેરની બજાર રે....
આપણા તે ગામમાં ઘનશ્યામભાઈ ઘેરે અવસર
આ ભત્રીજ ઘોડા ખેલવે રે...
લાંબી તે લાંબી નગરશેરની બજાર રે....
આપણાં તે ગામનાં નરેશભાઈ ઘેરે અવસર
આ ભાણેજ ઘોડા ખેલવે રે....

•

રાયજાદે ઘેર્યો માંડવો

"ખેડયા ખેતરની વઢાવો ખીજડી રે
તેનો ઘડાવો માણેકથંભ, રાયજાદે ઘેર્યો માંડવો રે
કીયા વેવાયની પરણે બેટડી રે
કીયા વેવાયની આવે જાન, રાયજાદે ઘેર્યો માંડવો રે
કાનજી વેવાયની પરણે બેટડી રે
જસમતભાઈ વેવાયની આવે જાન, રાયજાદે ઘેર્યો માંડવો રે
ખેડયા ખેતરની વઢાવો ખીજડી રે...
કીયા બાંધવની પરણે બેનડી રે
કીયા વેવાયની આવે જાન, રાયજાદે ઘેર્યો માંડવો રે
નરેશ બાંધવની પરણે બેનડી રે
વિનુ વેવાયની આવે જાન, રાયજાદે ઘેર્યો માંડવો રે..."

બે'ની તારો ઊંચો મંડપ

"ઊંચો મંડપ બે'ની લાગે રળિયામણો (૨)
માંડવે બોલે મેના પોપટ મોર રે રુચિતાબે'ન
સોળ વરસના તમે વરઘોડિયા (૨)
દાદા છોડે તો બે'ની ઓછું રે લાગે (૨)
માતા છોડે આંસુધાર રે રુચિતાબેન
સોળ વરસના તમે વરઘોડિયા (૨)
ઊંચો મંડપ બે'ની લાગે રળિયામણો (૨)
કાકા છોડે તો બે'ની ઓછું રે લાગે (૨)
કાકી છોડે આંસુધાર રે રુચિતાબે'ન
સોળ વરસના તમે વરઘોડિયા (૨)
ઊંચો મંડપ બે'ની લાગે રળિયામણો (૨)
માંડવે બોલે મેના પોપટ મોર રે રુચિતાબે'ન
સોળ વરસના તમે વરઘોડિયા (૨)"

(નોંધ : અગાઉ બાળલગ્ન થતાં હતાં. હવે આવા લગ્ન પર પ્રતિબંધ છે. ગીતમાં પરણી ઉતરેલ વરઘોડિયા સોળ વર્ષના કલ્પવામાં આવ્યા છે. ગીત કંઠસ્થ : શ્રીમતિ ઈલાબહેન ભરતભાઈ સુતરીયા)

●

અણવર અધરાયો...

"તુ થોડું થોડું જમજે રે કે અણવર અધરાયો
તારા પેટડામાં દુ:ખશે રે અણવર અધરાયો..."

(માણસે વધારે પડતું ખાવું જોઈએ નહિ અને વધારે ખાવાથી પેટમાં દુ:ખે કે અન્ય કોઈ મુશ્કેલી ઊભી થાય છે. આવા પ્રસંગે દેશી ઉપચાર તરીકે આંકડો, લીમડો, લસણ વગેરે ઉપયોગી પુરવાર થાય છે એવો ઉક્ત વિનોદ ગીતનો ભાવાર્થ છે.)

મીઠા બોલી નાર

"જીરે ભમરી તે ભમરાને વિનવે રે
જીરે આવી રૂડી આંબલીયાની છાય રે
મેલીને ભમરા ક્યાં ગ્યો' તો રે
જીરે હું રે ગ્યો' તો જીવણ વેવાઈને માંડવે રે
જીરે એના ઘેરે હાલાતુલી નાર રે
બોલે ને મોઢે લાળુ ઝરે રે
જીરે ભમરી તે ભમરાને વિનવે રે....
જીરે હું રે ગ્યો' તો જસમતભાઈને માંડવે રે
જીરે એના ઘેરે મીઠા બોલી નાર રે
બોલે ને મુખે અમી ઝરે રે
જીરે ભમરી તે ભમરાને વિનવે રે..."

(ગીત કંઠસ્થ : કાંતાબહેન ભૂપતભાઈ માંગુકિયા)

•

સુખડનો મંડપ હીરે જડેલો

"સુખડનો મંડપ હીરે જડેલો, ફરતી ટંકાવો સોના ઘુઘરી
માંડવડે પરણશે રૂચિતાબા બે'ની, બે'નીને જાવું સાયલ સાસરે
જસમતભાઈ દાદા ને રેખાબાઈ માતા, રૂચિતાબેન પરણે મોટા માંડવે
સુખડનો મંડપ હીરે જડેલો, ફરતી ટંકાવો સોના ઘુઘરી
માંડવડે બેસશે રૂચિતાબા બે'ની, બે'નીને જાવું સાયલ સાસરે
વિનુભાઈ કાકા ને દર્શનાબાઈ કાકી, રૂચિતાબેન પરણે મોટા માંડવે
સુખડનો મંડપ હીરે જડેલો, ફરતી ટંકાવો સોના ઘુઘરી...."

(નોંધ : દીકરીના લગ્ન છે, કોને આનંદ ન થાય! લગ્નનો મંડપ સુખડનો કલ્પવામાં આવ્યો છે એટલું જ નહિ તે હીરે જડેલો છે અને તેને ફરતી સોનાની ઘુઘરી ટાંકવામાં આવી છે. આ દુર્લભ મંડપ હેઠ બે'નીના લગ્ન થઈ રહ્યા છે! ગીત કંઠસ્થ : શ્રીમતિ મંજુબેન કનુભાઈ રૂપારેલીયા)

બેનીબાને સૂતા સપનું આવ્યું

"બે'નીબાને સૂતા તે સપનું આવ્યું રે, આવી આવી જાદવકૂળની જાન રે
જાનમાં આવ્યા અર્જુન ને અભેમાન રે, પેલુ પેલુ મંગળીયું વરતાય રે
પેલે મંગળ શેના તે દાન દેવાય રે, પેલે મંગળ સોનાના દાન દેવાય રે
એવી રીતે પેલા મંગળ પૂરા થાય રે, ઈ રે દાન કૈલાસમાં સંભળાય રે
બે'ની બાને સૂતા તે સપનુ આવ્યુ રે...., બીજું બીજું મંગળીયું વરતાય રે
બીજે મંગળ શેના તે દાન દેવાય રે, બીજે મંગળ ભૂમિના દાન દેવાય રે
એવી રીતે બીજા મંગળ પૂરા થાય રે, ઈ રે દાન વૈકુંઠમાં સંભળાય રે
બે'નીબાને સૂતા તે સપનુ આવ્યું રે...., ત્રીજું ત્રીજું મંગળીયું વરતાય રે
ત્રીજે મંગળ શેના તે દાન દેવાય રે, ત્રીજે મંગળ ગાયોના દાન દેવાય રે
એવી રીતે ત્રીજા મંગળ પૂરા થાય રે, ઈ રે દાન કૈલાસમાં સંભળાય રે
બે'નીબાને સૂતા તે સપનુ આવ્યું રે..., ચોથું ચોથું મંગળીયું વરતાય રે
ચોથા મંગળ શેના તે દાન દેવાય રે, ચોથે મંગળ કન્યાના દાન દેવાય રે
એવી રીતે ચોથા મંગળ પૂરા થાય રે, ઈ રે દાન વૈકુંઠમાં સંભળાય રે
બે'ની બાને સૂતા તે સપનું આવ્યું રે...."



માળણ ઊભી તપ ધરે....

"માળણ લાવે જાવંતરીના ફૂલ રે, માળીડો ગૂંથે વીંઝણો રે
માળણ પૂછે માળીડાને વાત રે, આ વીંઝણલો કીયા ભેટ જાશે રે
આ નગરીમાં રુચિતાબેનના રાજ રે, વીંઝણલો તીયા ભેટ જાશે રે
સૂતા જાગો રે રુચિતાબેનના કંથ રે, આ માળણ ઊભી તપ ધરે રે
આપીશ આપીશ હૈયા કેરો હાર રે, માળણ જાશે રે મલપતી રે
માળણ લાવે જાવંતરીના ફૂલ રે, માળીડો ગૂંથે વીંઝણો રે...."

(ગીત કંઠસ્થ : કાંતાબહેન ભૂપતભાઈ માંગુકિયા)

તોરણ મોતીના નીપજે

"આંબલીયા ડાળે ને સરોવરીયા પાળે
આ તોરણ મોતીના નીપજે
ગામને પટેલીયે એમ કરી પૂછીયું
આ તોરણ કોને માંડવ બાંધશું
જસમતભાઈ દાદા દીકરી પરણાવે
આ તોરણ એને માંડવ બાંધશું
આંબલીયા ડાળે ને સરોવરીયા પાળે
આ તોરણ મોતીના નીપજે
ગામને પટેલીયે એમ કરી પૂછીયું
આ તોરણ કોને માંડવ બાંધશું
વિનુભાઈ કાકા ભત્રીજ પરણાવે
આ તોરણ એને માંડવ બાંધશું
આંબલીયા ડાળે ને સરોવરીયા પાળે...
દેવાંગભાઈ વીરા બે'ની પરણાવે
આ તોરણ એને માંડવ બાંધશું
આંબલીયા ડાળે ને સરોવરીયા પાળે..."



(ગીત કંઠસ્થ : શ્રીમતિ રંજનબહેન કાંતિભાઈ વેકરીયા, મહુવાવાળા)

•

"દાદા અમે રે ગોરા ને રાયવર શામળા
બેની એના નો કરજો ઓરતા, બેની દુવારકામાં રણછોડરાય શામળા..."

(શ્રીકૃષ્ણ કે રણછોડરાય શ્યામવર્ણા છે, શામળા છે છતાં તે તેજમૂર્તિ છે, સ્વરૂપવાન છે અને ગુણીયલ છે. તેમ વર જો ભીનેવાન હોય તો તેના રૂપની નહિ પણ ગુણની મૂલવણી કરવી જોઈએ. ગોરી વ્યક્તિ હંમેશા મિથ્યાભિમાની હશે અને એવી વ્યક્તિ સાથે પનારો કઈ રીતે પડે? એવો ઉક્ત ગીતનો ભાવાર્થ છે.)

પ્રતીકો ને ઉપાદાનો

લગ્નગીતોમાં સોના-ચાંદીના અલંકારો, વિવિધ વસ્ત્રો, વાહનો, વિવિધ પ્રતીકો, શુકન માટેના લલીત દ્રવ્યો મેવા, શોભાનાં ઉપકરણો તથા વાંજીત્રો વગેરેને પણ લોકકવિએ ગીતોમાં સાંકળી લીધા છે.

- **અલંકારો** : તાત, ટીલડી, ઝુંમણા, દામણી, સોરસી, ઘુઘરી, પોંચી, સાંકળા, કાંબી-કડલા, વીંટી, દોરો તથા ચૂંડલી-ચૂડલો વગેરે ઘરેણાં ગીતોમાં વણાયેલા રહ્યાં છે પરંતુ હવે આમાંના મોટા ભાગના ઘરેણાં કોઈ પહેરતું નથી.
- **વસ્ત્રો** : ચીર, ચૂંદડી, ઘરચોળું, પટોળા, પામરી, સાફો, સાડી, ઓઢણી, સાયલ વગેરે.
- **પ્રતીકો** : કંકાવટી, બાજોઠ-બાજોઠી, ઢોલીયા-ઢોલણી, મિંઢોળ, મજુડા, માણેકસ્થંભ, મોડીયો, માંડવો, ચોરી, લોટા, ઝારી, કળશ, વીંઝણો, રામણ દીવડો, રજાઈ, ધડકી.
- **સુશોભન** : ચાંકળા, ચંદરવા, તોરણ.
- **લલીત દ્રવ્યો** : કેસર, કંકુ, અબીલ-ગુલાલ, હીંગળો, હળદર
- **મેવા** : ખારેક, કોપરાં, ખાંડ, પતાસા, દ્રાક્ષ, સાકર, દૂધ-મધ, ઘી-ગોળ, સુખડી, લાડવા, લાપસી, કંસાર, કલવો. જ્યારે શુકન માટે સોપારી-શ્રીફળ, નાગરવેલના પાન, નાડાછડી વગેરે.
- **પોંખણું** : સાંબેલુ, ઘોંસરી, રવાઈ, ગોળી, રેંટીયો, તરાક તથા ઈંડી-પીંડી.
- **વાજીંત્રો** : ઢોલ, શરણાઈ.

  ઉપરાંત ઉતારા તો ઓરડાં મેડીના મો'લ. નહાવા તો ત્રાંબાકુંડી. બેસવા હીંડોળા ખાટ. રમવા તો ચોપાટ, સોગઠા, કોડીયું, મોતી, કેવડો વગેરે.
- **તિથિ તોરણ** : કયું ઘર વિવાઈતું છે, ક્યાં ઘરે લગ્ન છે તે દર્શાવવા માટે આંબા કે આસોપાલવના પાનના તોરણ બાંધવામાં આવે છે. તોરણ શુકન અને સુશોભનની વસ્તુ છે. વર તોરણ આવે એટલે માંડવે આવે એવો અર્થ થાય છે. તોરણ એટલે વર સત્કારનું સ્થળ. તોરણ બાંધવું એટલે હદ નક્કી કરવી એવો પણ અર્થ સમાયેલો છે. 'ડેલીની બા'ર મેં તો બંધ્યા તોરણીયા.....'

ડોલરીયાના ફૂલ





"ફૂલ ખીલ્યાં ફૂલવાડીએ રે લોલ,'

રુચિબેન ફૂલડાં વીણવા આવો

ડોલરીએ ફૂલ ઘણા રે લોલ,

દાદાને મળશું બે'ની બેઘડી રે લોલ

માતા મારે આવ્યું સાસરીયાનું તેડું,

સાસરવેલ તેડી જાશે રે લોલ

ફૂલ ઉઘડયાં ફૂલવાડીએ રે લોલ,

રુચિબેન ફૂલડાં વીણવા આવો



ડોલરીએ ફૂલ ઘણા રે લોલ,

કાકાને મળશું બે'ની બેઘડી રે લોલ

કાકી મારે આવ્યું સાસરીયાનું તેડું,

સાસરવેલ તેડી જાશે રે લોલ

ફૂલ ઉઘડયાં ફૂલવાડીએ રે લોલ,

વીરાને મળશું બેની બેઘડી રે લોલ

ભાભી મારે આવ્યું સાસરીયાનું તેડું,

સાસરવેલ સામે ઊભી રે લોલ..."

પ્રાચીન લગનગીત વિશ્લેષણ

મીંઢળબંધા સૂર

ચિ. રૂચિના
શુભ વિવાહના અવસરે
સપ્રેમ...

પ્રેરણા
શ્રીમતી રેખાબહેન જસમતભાઇ વીડિયા
શ્રીમતી દર્શનાબહેન વિનુભાઇ વીડિયા
શ્રીમતી હર્ષાબહેન ઘનશ્યામભાઇ વીડિયા
શ્રીમતી અંકિતાબહેન દેવાંગભાઇ વીડિયા

• વિતરણ •
શ્રીમતી મુક્તાબહેન બાલુભાઇ છોડવડિયા

